# मुहूर्तमार्तण्ड

(सं०टी०भाषाटीकासहित)

श्रीः ।

# मुहूर्त मार्तण्डः ।

(અન્વય તથા અન્વયાર્થયુક્ત ગુજરાતી ભાષાન્તર સહિત)

ભાષાન્તર કરી છપાવી પ્રસિદ્ધ કર્તા,

**જ્યોતિર્વિદ્ ગિરિજાશંકર છગનલાલ વ્યાસ**

ભુલેશ્વર—મુંબઈ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૨૦૦.

અમદાવાદઃ શાહપુર નવીપોળમાં આવેલા
શ્રી પ્રજાહિતાર્થ મુદ્રાલય—પ્રેસમાં
ડાહ્યાભાઈ દલપતરામ પટેલે છાપ્યું.

શક ૧૮૩૭. સંવત ૧૯૭૨. સન ૧૯૧૬.

મૂલ્ય રૂ. ૩—૦—૦

# પ્રસ્તાવના.

સર્વત્ર સુપ્રસિદ્ધ આ ગ્રન્થની પ્રસ્તાવના લખવી તે દીપકથી સૂર્યને દેખાડવા જેવું છે પરંતુ શિષ્ટ પુરૂષોનું વચન છે કે કોઈ પણ ગ્રંથના આદિ ભાગમાં પ્રસ્તાવના લખવી જોઇએ, એ નિયમને અનુસરી પ્રસ્તાવના લખવાની યત્કિંચિત્ સ્ફુરણા થાય એ સ્વભાવિક છે.

આ સમસ્ત બ્રહ્માંડ, કાળના અમોઘ પ્રવાહમાં અનાદિકાળથી તણાતું આવે છે, તેનો સૂક્ષ્મ વિચાર કરવા જતાં તે ક્યારે કેવી રીતે કયા પદાર્થમાંથી અને કઇ સત્તાની પ્રેરણાથી બનેલું છે, તેનો નિર્ણય પરમ કૃપાળુ પરમેશ્વરે વેદદ્વારા કરેલો છે તે પરથી સિદ્ધ થાય છે કે આ દ્રશ્યમાન્ જગત્ જડ તથા ચૈતન્ય એ બેઉના સંયોગથી બનેલું છે, પૃથ્વી જળ તેજ વાયુ તથા આકાશ એ પાંચ ભૂતોથી બનેલું સર્વ જડ છે, અને તેમાં જે ક્રિયા કરનાર તે ચૈતન્ય છે, આ બેઉનો અધિષ્ઠાતા તે પરમાત્મા છે તેની દ્રષ્ટિ માત્રથીજ અવ્યક્ત અવસ્થામાં રહેલું વિશ્વ વ્યક્ત રૂપે માયામાં જણાય છે, માયામાં વ્યક્ત થયેલા વિશ્વમાં વસનારા મનુષ્યોને સર્વ જ્ઞાન સંપાદન કરવાનું મુખ્ય સાધન વેદ છે પહેલા એકજ વેદ હતો પરંતુ પાછળથી તેના ઋગ્વેદ યજુર્વેદ સામવેદ અને અથર્વ વેદ એ પ્રમાણે ચાર વિભાગ થએલા છે. છન્દ શાસ્ત્ર, કલ્પશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, નિરૂક્તશાસ્ત્ર, શિક્ષાશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર એ વેદનાં મુખ્ય છ અંગો ગણાય છે. યોગીશ્વર યાજ્ઞવલ્કય મુનિ શિક્ષામાં લખે છે કે ' छन्दः पादौतुवेदस्यहस्तौ कल्पोऽथ पठ्यते ॥ ज्योतिषामयनंचक्षुर्निरूक्तंश्रोत्रमुच्यते ॥ शिक्षाघ्राणन्तुवेदस्यमुखंव्याकरणंस्मृतम् ॥

છન્દશાસ્ત્ર પગ, કલ્પશાસ્ત્ર હાથ, જ્યોતિષશાસ્ત્ર નેત્ર, નિરૂક્તશાસ્ત્ર કાન, શિક્ષાશાસ્ત્ર નાક અને વ્યાકરણ શાસ્ત્ર એ વેદનું મુખ કહેવાય છે સર્વ અંગોમાં જેમ નેત્ર ઉત્તમ છે તેમ સર્વ શાસ્ત્રમાં જ્યોતિષશાસ્ત્ર ઉત્તમ છે કારણ કે તે વર્ષ, અયન, ઋતુ, માસ પક્ષ તિથિ વાર નક્ષત્ર યોગ કારણ ઘટી પળ વિપળ તેમજ નિમેષ વિગેરે અવયવોથી યુક્ત ભૂત ભવિષ્ય તથા વર્તમાન એ પ્રમાણે ત્રણ રૂપમાં પ્રવર્તતા કાળને યથાર્થ બતાવે છે, જ્યોતિષના અનેક પ્રકારના ભેદો છે, છતાં તેના મુ-

ખ્ય ગણિત ફલિત અને મુહૂર્ત એ પ્રમાણે ત્રણ ભેદો મહર્ષિઓએ બતાવેલા છે. આ દુનિયામાં મનુષ્યોને કોઈ પણ કાર્યમાં દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ પ્રિય હોય એ સ્વાભાવિક છે તેથી કાર્યના આરંભ થયા પૂર્વે કાલનો નિર્ણય કરવો એ અતિ આવશ્યક છે તે જાણ્યાવિના અશુભ કાલમાં કાર્યનો આરંભ થઇ જવાથી તેમાં અનેક વિઘ્નો આવી પડે છે અને તેથી તે કાર્ય પૂર્ણ થઇ શકતું નથી. કાર્ય નિર્વિઘ્ન પૂર્ણ થવા માટે શુભ મુહૂર્ત જોઇ કાર્યનો આરંભ કરવાની શાસ્ત્રકારોએ આજ્ઞા કરી છે અને તે માટે મુહૂર્ત વિષયમાં ઘણા ગ્રન્થો ગીર્વાણ ભાષામાં તેઓએ રચેલા છે તે સર્વમાં માર્તંડ પ્રધાનપદ ભોગવે છે. પરંતુ ગીર્વાણ ભાષામાં લખાએલા આ ગ્રન્થનું રહસ્ય ખાસ કરી જેઓ સંસ્કૃતનું તથા જ્યોતિષનું ઉત્તમ જ્ઞાન ધરાવતા હોય તેઓજ સમજે અને સમજાવી શકે, તે શિવાયના સર્વ મનુષ્યોને સરખી રીતે આ ગ્રન્થ ઉપયોગી થઇ પડે તે કારણથી તેનું અન્વય–અન્વયાર્થ તથા ભાવાર્થ સાથે શુદ્ધ ગુજરાતી ભાષાન્તર કરવામાં આવ્યું છે, તેથી જો તેઓને આ વાંચવાથી સંતોષ થશે તો આ વિષે લીધેલો શ્રમ વિસરી જઇ ઇશ્વરેચ્છાએ અત્યાનંદ માની ભાષાન્તર કરવાની સાફલ્યતા માનીશ.

છેવટે મને જણાવવાની અગત્ય છે કે આ ગ્રન્થનું ભાષાન્તર કરવામાં જો કે પુરતુ ધ્યાન આપવામાં આવ્યું છે છતાં પણ દોષ એ હૃદયનું અણધાર્યું અહિત ચિન્હ છે કે જેની પ્રબળ સત્તાને આધીન અખીલ વિશ્વ છે તો હું તેમાંથી બચી શકયો હોઉં એ અસંભવિત છે તેમજ પુસ્તક સંબંધી મારો પ્રથમ વિષય હોવાથી તેમાં કંઇ દોષ વિદ્વાનોને જણાય તો તેઓએ જણાવવાથી ઉપકાર માની દ્વિતીયાવૃત્તિમાં સુધારો કરીશું.

માઘ શુકલ ૧૧ }
સંવત ૧૯૭૨ } ભાષાન્તર કર્તા.

૧

# અનુક્રમણિકા.

# ભાષાન્તરકર્તાને જ્યોતિષ સંબંધીના ઉત્તમ કામોના મળેલા સંખ્યાબંધમાંના કેટલાક અભિપ્રાયો.

BOMBAY, 15th March 1915.

This is to certify that Joshi GIRJASHANKER CHHAGANLAL Tintoiwala is known to me for the last five years and to the best of my knowledge he is well versed in the science of Astrology and bears a good moral character. He is very regular and his calculations are admirably correct.

**P. G. Vaidya.**
Assistant superintendent.
General Department,
Secretariat Bombay.

---

Picket road, Bombay,
Dated 9th February 1914.

I have great pleasure in certifying that Joshi GIRJASHANKER CHHAGANLAL is a very good astrologer and he is very accurate in his mathematical calculation also in Fala lish. He has prepared my daughter's horroscope which is very satisfactory and he has prophesed things which have come to be true. This Gentleman is certainly deserves encouragement I hope that those who are interested in Astrology will consult him & I have no doubt that they would be fully satisfied. In time due course of him. I think he would make one of the best astrologers of India.

**Balubhai. T. Desai.**
High court Pleader.

વૉર્ડનરોડ, ડૉ. એદલજીનો બંગલો મુંબઈ,
તા. ૧૪–૧૧–૧૯૧૩ કારતક વદી ૧ શુક્ર,

રા. રા. શ્રી—

**જોશી ગીરજાશંકર છગનલાલ જોગ.**

આજના આધુનિક સમયમાં કેટલાક સ્વાર્થપરાયણ અને આડંબરી જ્યોતિષિઓથી, નિરાશ થવા પછી આપની મને અચાનક મુલાકાત થઇ. આપે મારા પુછેલા પ્રશ્નોના મને સંતોષકારક ખુલાસા આપી મારી જ્યોતિષ વિષે મૃતક પામેલી " શ્રદ્ધા " પાછી સજીવન કરી છે. વળી મારા વિશેષ અનુભવથી હું જણાવું છું કે, આપ હાલની લઘુવયમાં " જ્યોતિષ વિદ્યામાં " ઘણા કુશળ છો, જેને માટે હું આપને ધન્યવાદ આપું છું, અને ઇચ્છું છું કે અન્ય જ્યોતિષના શોખિનો પોતાને જ્યોતિષ સંબંધ ઉદ્‌ભવેલા પ્રશ્નોનું સમાધાન આપની પાસેથી સંતોષકારક મેળવશે.

**લી૦ મોહનલાલ જયશંકર.**
શ્રી દરબાર શિરસ્તેદાર, **રાજ્ય ઈડર.**

---

Bombay 2nd February, 1916.

I have known Joshi Girjashanker Chhaganlal for three years. He has prepared horoscopes for my children & friends & I am satisfied with his work.

His predictions as to future events and Statements as to past events have turned out to be correct. I found him to be a consciensious worker and I can safely recommend him to every one interested in Astrology.

He is well versed in the Science of astrology & shall be much pleased to hear his future advancement.

Sd/ **Motilal I. Gandhi.**
L. C. E.

ज्योतिःशास्त्रंवेदचक्षुरतएववर्तमान भूतभविष्यवर्तनायां सर्वेभ्यः शास्त्रेभ्योऽधिकतमम् । यद्यपिवर्तमानाऽत्रमरे सद्गुरु पठनपाठन महदायासाभ्यासादिविरहेणसम्यक् फलाऽश्रवणेनच । तदुपरीह्यधुनातनैर्जनैरश्रद्धा समुत्पादि । तदनुसृत्यकेचनजनाएवंवदन्ति ज्योतिःशास्त्रं विफलमसत्यंसाररहितंचेति । नैतावताज्योतिःशास्त्रं सार रहितं विफल मसत्यमितिदुष्यति । परं च दैवज्ञस्याभ्यासमान्द्यं सद्गुरु सेवना भावः परिक्षेतॄणांश्रद्धा समीक्षा विरहश्च तत्र कारणम् ॥ मानुषशेमुषीभ्रमप्रमादं कालवैपरीत्यादि कमनालोक्य सर्वथाशास्त्र निन्दनं नोचितम् । एवं च निर्मत्सराः सुधियः साधवः सम्यगवलोक्य सानुभवं वदन्तु " नहिगतानुगतिकोलोकः " इति वाक्यानुसारेणवर्तन्तामितिमेऽभ्यर्थना । ज्योतिर्विदयं " गिरिजाशंकरनामा " मयाज्योतिः शास्त्रे विविधैः प्रश्नैः परिपृष्टः । ज्योतिःशास्त्रेकृतभूयः परिश्रमेण तेन सप्रमाणं निवेदिताः प्रश्नाः। ममजन्मर्क्षदिननिर्णयोनास्तीतथापि ज्योतिः शास्त्रानुसारेण जन्मपत्रिव्यरचिफलंच सम्यगभ्यधायितेन । इत्येतेन ममानुभवेनानुभूतंतदेववच्मि "फलादेशविषयेऽयं कृत परिश्रमइतिनिर्विवादम् ॥ यद्यपितस्यवयोन्यूनमपि " विद्यावतांवयोविविक्षा नापेक्षितेति क्षितिवासिनांविदितमेव किमतिवक्तव्येनेतिशम् ।

काशीस्थ राजकीय प्रधान संस्कृत शालायां दत्त मध्यम परीक्षः श्री हर्षसूनु हीरजी शर्मा संमति स्वर्गस्थश्रेष्ठि देवीदास लल्लुभाई.

संस्कृत शालाध्यापकः

गुलालवाटिका मोहमयी

१९७० कार्तिक कृष्णपक्षदशम्यांतिथौ रविवासरे दत्तमिदम् ॥

મુંબઇ વાલકેશ્વર ગવ્હરમેન્ટ હાઉસ રોડ.

ના. ૬૨ તા. ૧૭ મા એપ્રિલ, સને ૧૯૧૬.

જત જણાવવાને મને ઘણી ખુશી ઉપજે છે કે, જોશી ગીરજાશંકર છગનલાલ ટીંટોઇવાલા કે જેઓ મારા કુટુંબનું જ્યોતિષ વિદ્યાને લગતું દરેક કામ લગભગ ૪ (ચાર) વર્ષથી કરે છે, તે સાચું માલુમ પડયું છે. એમનાં કેટલાંક કામોથી મને સંતોષ પ્રાપ્ત થયો છે. હજુ એમની ઉમર જોકે ન્હાની છે; પરંતુ આગળ જતાં તે સારા વિદ્વાન તરીકેની ખ્યાતિ મેળવે એવા ચંચળ બાહોશ અને મહેનતુ છે.

**લી. બાબુ અમીચંદ પનાલાલ.**

---

It gives me great Pleasure to certify that the Astrologer Mr. Girjashanker Chhagnlal Joshi Tintoiwala was Introduced to me about one year ago by a friend of mine who knows astrology and who was satisfied with the work of Mr. Girjashanker Chhaganlal Joshi on many occasions during the above period I have consulted him. He used to tell me true future either good or bad. His mathematical knowledge of astrology appears to be sound. I shall be glad to hear of his future advancement.

Sd/ **Ambalal J. Joshi.**

Ry. Dy. Station master.

**Bardoli. 20-11-13.**

---

Bombay 7-12-13

Oriental Translatiors Office

Secretariates

From the questions put to him by me I find that Joshi Girjashanker Chhaganlal seems to have

acquired knowledge of the Science of Astrology. In these days of prevelance of sharpers & swindlers in the name of fortune-tellers, I can heartily recommend him to the interested public as a man who may be consulted in point of astrological matters without any fear of being duper.

Sd/. **H. M. Soochak.**
B. A.

---

Hornby Road,
Bombay, 13th October 1913.

This to certify that Joshi Girjashanker Chhaganlal Titoiwala is thoroughly competant astrologer looking to his age and he has convinced me in every respect of his abilities and Science. He is a reliable hand in ( વર્ષફળ ) and horoscope and his interpretations are no doubt convincing I did not believe so much in astrology and I am glad that he has made me a believer in that Science to some instant. I hope he would be an excellent astrologer when his knowledge will be combined with his experience. I have great pleasure in recommending him to any gentleman.

**(Sd.) B. S. Pitale**
B. A.

---

॥ श्रीः ॥



# ॥ मुहूर्त मार्तण्डः ॥

( અન્વય-અન્વયાર્થ અને ભાવાર્થ સહિત )

ॐ

॥ श्री गणेशायनमः ॥

મંગલાચરણ.

पार्श्वे गुर्जरदेशईडरपुरष्टींटोइवासीद्विज-।
स्वौदिच्याभिधजातिकौशिककुलेऽभूद्वेणिरामः सुधीः ॥
तत्पुत्रः श्रुतिनेत्रविच्छगनइत्याख्योऽभवत्तत्सुतो ।
ज्योतिर्विद्गिरिजादिशंकरइतिश्रीमोहमय्यांस्थितः ॥ १ ॥

**અર્થ**—ગુજરાતમાં આવેલા ઈડર સ્ટેટમાં **ટીંટોઈ** નામના ગામમાં વસનાર, બ્રાહ્મણ જાતિમાં ઉત્તમ ગણાતી **ઔદિચ્ય** સહસ્ત્ર જ્ઞાતિના કૌશિક ગોત્રમાં ઉત્પન્ન થયેલા, **વેણીરામ** નામે પંડિત હતા, તેમના પુત્ર જ્યોતિઃશાસ્ત્ર જાણનાર **છગનલાલ** નામે થયા, તેમનો પુત્ર જ્યોતિઃશાસ્ત્ર જાણનાર, હાલ મુંબઈમાં રહેનાર **ગિરિજાશંકર** નામનો હું—॥૧॥

त्रिस्कन्ध ज्योतिषज्ञेश्वर हरि गणपाम्बोष्णरश्म्यादि खेटान् ।
स्वाचार्यं मातरं स्वां पितरमतिनतेनैवमूर्ध्ना प्रणम्य ॥
कुर्वे नाना मुहूर्ता मलगणयुतमार्तण्डटीकामतीवा-।
यासाद्भावान्वयार्थैं स्पष्टु जन मुदे गुर्जरी वाक्प्रबन्धैः ॥ २ ॥

**અર્થ**—જ્યોતિઃશાસ્ત્રકર્તાઓ, શંકર, વિષ્ણુ, ગણપતિ, સરસ્વતી

સૂર્યાદિ નવ ગ્રહો, ગુરૂ, તેમજ માતા, પિતા એ સર્વેને સાષ્ટાંગ નમસ્કાર કરી સંસ્કૃત ભાષા નહિ જાણનાર મનુષ્યોના હિત માટે મુહૂર્ત વિષયમાં ઉત્તમ મુહૂર્ત માર્તણ્ડ નામના ગ્રન્થની ટીકા અન્વય, અન્વયાર્થ તથા ભાવાર્થ સાથે ગુજરાતી ભાષામાં રચું છું. ॥૨॥

ગ્રન્થકર્તા—શ્રીમાન્ નારાયણ દૈવજ્ઞ ગ્રન્થ નિર્વિઘ્ન સમાપ્ત થવા માટે મંગલાચરણ કરે છે.

**सिंदूरोल्लसितमिभेंद्रवक्त्रमंबां श्रीविष्णुं वियतिचरान् गुरून्प्रणम्य ॥ बह्वर्थं विबुधमुदे लघुं मुहूर्तमार्तंडं सुगमहं तनोमि सिद्धयै॥१॥**

**अन्वयः—सिंदूरोल्लसितम् इभेंद्रवक्त्रम्, अंबाम्, श्री विष्णुम्, वियतिचरान् गुरून् प्रणम्य, अहम् (नारायणः) विबुधमुदे लघुम् बह्वर्थम् सुगमम् मुहूर्त्त मार्तण्डम् सिद्धयै तनोमि ॥ १ ॥**

अन्वयार्थः-**सिंदूरोल्लसितम्** સિંદૂરથી શોભાયમાન એવા **इभेंद्रवक्त्रम्** ગજાનન **अंबाम्** સરસ્વતી **श्रीविष्णुम्** વિષ્ણું **वियतिचरान्** ગ્રહો **गुरून्** ગુરૂને **प्रणम्य** નમસ્કાર કરીને **अहम्** ( **नारायणः** ) હું નારાયણ **विबुधमुदे** પંડિતોના હર્ષને માટે **लघुम्** ટુંકમાં **बह्वर्थम्** ઘણા અર્થે યુક્ત એવો **सुगमम्** સુગમ **मुहूर्तमार्तण्डम्** મુહૂર્ત માર્તણ્ડ **सिद्धयै** કાર્ય સાધનાર્થે **तनोमि** રચું છું. ॥૧॥

**ભાવાર્થ**—સિંદૂરના લેપથી મનોહર જણાતા શ્રીમાન્ ગજાનન ( ગણપતિ ) અંબા ( સરસ્વતી ) તેમજ શ્રી વિષ્ણુ અને સૂર્યાદિ નવગ્રહો તથા શ્રી સદ્‌ગુરૂ આદિને નમસ્કાર કરી પંડિતોને હર્ષ ઉત્પન્ન થાય તે હેતુથી ટુંકમાં છતાં પણ મહાન્ અર્થોથી ભરપૂર અને સુગમ ( સારી રીતે સમજાય તેવો ) **મુહૂર્ત માર્તણ્ડ** નામનો ગ્રન્થ સર્વ મુહૂર્તાદિકનો નિર્ણય યથાર્થ થવા માટે હું [ નારાયણ દૈવજ્ઞ ] રચું છું. ॥ ૧ ॥

**यामार्धं कुलिकं दिनर्द्धिमवमं पूर्वं दलं पारिघं विष्टिं वैधृतिपातसंक्रमगणं गंडांतमेकार्गलम् ॥ कृष्णानंगचतुर्दिनं रविशशिक्रांत्योः समत्वं खर्जां होरां रात्रिदिनार्धके क्षयदिनं पित्रोर्जनन्यार्तवम् ॥ २ ॥**

## ॥ अथ त्याज्य प्रकरणम् ॥ १ ॥

### શુભ કાર્યમાં ત્યાગ કરવા વિષે.

अन्वयः–यामार्द्धम्, कुलिकम्, दिनार्द्धिम्, अवमम्, पारिघं पूर्वदलम्, विष्टिम्, वैधृति–पात–संक्रमगणम्, गंडांतम्, एकार्गलम्, कृष्णानंग चतुर्दिनम्, रविशशिक्रांत्योःसमत्वम्, खलांहोराम्, रात्रिदिनार्द्धके (संधौ उभयतः विंशति पलानि), पित्रोः क्षयदिनम्, जनन्यार्तवम् ॥२॥

अन्वयार्थः–**यामार्द्धम्** યામાર્દ્ધ **कुलिकम्** કુલિક **दिनार्द्धिम्** વૃદ્ધિ પામેલી તિથિ **अवमम्** ક્ષય તિથિ **पारिघंपूर्वदलम्** પરિઘ યોગનું પૂર્વાર્દ્ધ **विष्टिम्** વિષ્ટિ **वैधृति** વૈધૃતિ **पात** વ્યતિપાત **संक्रम गणम्** સૂર્યાદિનાં રાશિ સંક્રમણ **गंडांतम्** ગંડાંત **एकार्गलम्** એકાર્ગલ **कृष्ण** કૃષ્ણપક્ષની **अनंग** ત્રયોદશીથી **चतुर्दिनम्** ચાર દિવસ **रवि शशि क्रांत्योः समत्वम्** સૂર્ય ચંદ્રને ક્રાન્તિ સામ્ય **खलांहोराम्** પાપગ્રહોની હોરા **रात्रिदिनार्द्धके** રાત્ર્યર્દ્ધ અને દિનાર્દ્ધની ( **संधौ** સંધિઓની **उभयतः** આગળ પાછળની મળી **विंशतिपलानि**) વિશ, વિશ, પલ **पित्रोः क्षयदिनम्** માતા પિતાને શ્રાદ્ધદિવસ **जनन्यार्तवम्** માતા રજસ્વલા હોય તે દિવસે. ॥ ૨ ॥

**ભાવાર્થ**—યામાર્દ્ધ ×કુલિક વૃદ્ધિ પામેલી તિથિ ( ૬૦ ઘટીની તિથિ ) ક્ષય તિથિ (એક દિવસમાં ત્રણ તિથિઓ ભોગવાની હોય ત્યારે તેમાંની વચલી તિથિ તે ક્ષય) *પરિઘયોગનું પૂર્વાર્ધ, વિષ્ટિ, વૈધૃતિયોગ, વ્યતિપાત યોગ, સૂર્યાદિ [2]ગ્રહોનું રાશિ સંક્રમણ, ત્રણ પ્રકારના ગંડાંત ૩ એકાર્ગલ યોગ, કૃષ્ણપક્ષની (વદી) ૧૩ થી, સુદી એકમ સુધીની તિથિઓ, સૂર્ય ચંદ્રને [4]ક્રાંતિ સામ્ય, [5]પાપગ્રહની હોરા, મધ્યાન્હની (દિવસના ૧૨ વાગે તે વખતની) ૧૦ પલ આગળની અને ૧૦ પલ પાછળની

---

× યામાર્દ્ધ અને કુલિક વિવાહ પ્રકરણના શ્લોક ૨૦ માં બતાવ્યા છે. * પરિઘ વૈધૃતિ–વ્યતિપાત આ યોગો પંચાંગમાં લખેલા હોય છે. વિષ્ટિ વિ૦ પ્ર૦ શ્લોક ૧૮ માં બતાવી છે. ૨ રાશિ સંક્રમણની ત્યાગ કરવાની ઘટીઓ વિ૦ પ્ર૦ શ્લોક ૧૭ માં કહી છે. ૩ ગંડાંત અને એકાર્ગલ યોગ વિ૦ પ્ર૦ શ્લોક ૧૯ માં બતાવ્યો છે. ૪ ક્રાંતિ સામ્ય ગણિતથી જોવો. ૫ વિ૦ પ્ર૦ શ્લોક ૩૨ માં બતાવી છે

તેવી રીતે અડધી રાતની ( રાત્રિના ૧૨ વાગ્યાની ) આગળ પાછળની ૧૦-૧૦ પલ, માતા પિતાનો શ્રાદ્ધ દિવસ, માતા રજસ્વલા હોય તે દીવસો અને-॥ ૨ ॥

**વૃદ્ધિ તિથિનું ઉદાહરણ**—શકે ૧૮૩૭ ના આસો વદી ૧ ને શનિવાર છે હવે તે દિવસે સૂર્યોદયથી એકમ ૫૮ ઘટી ને ૫૬ પલ છે તે પછી બીજ બેસે છે. તે તેજ દિવસે એટલે શનિવારે ૧ ઘટી ને ૪ પલ રહે છે, તે પછી બીજે દિવસે એટલે રવિવારે બીજ ૬૦ ઘટી છે ને ત્રીજે દિવસે એટલે સોમવારે ઘટી ૩ ને પલ ૧ છે માટે તે બીજ તિથિ ત્રણ દિવસ ભોગવાઈ તેથી તે તિથિ વૃદ્ધિ થઇ તેમાં જે દિવસ ૬૦ ઘટી ભોગવાઇ તે દિવસ એટલે રવિવારનો દિવસ ત્યાગ કરવો. તે તિથિ કેટલી ઘટીની થઇ તે જાણવા માટે-શનિવારે ૧ ઘટી ને ૪ પલ છે તેમાં રવિવારની ૬૦ ઘટી ઉમેરી તો ૬૧ ઘટી ૪ પલ થઇ ને સોમવારે પણ ૩ ઘટી ને ૧ પલ છે તે ઉમેરતાં ૬૪ ઘટી ને ૫, પલની તે તિથિ થઈ. **ક્ષયતિથિનું ઉદાહરણ**—શકે ૧૮૩૭ ના કારતક સુદી ૨ ને મંગલવાર છે તે દિવસ એટલે મંગલવારે ૫૪ ઘડી ને ૭ પલ સુધી છે અને તે પછી ચોથ શરૂ થાય છે તે મંગલવારે ૦ ઘટી ને ૧૩ પલ સુધી રહે છે તેથી એક દિવસમાં ત્રણ તિથિઓ ભોગવાઇ ત્યારે તેમાંની વચલી તિથિ કે જે ત્રીજ તે ક્ષય જાણવી. **ક્ષયતિથિ**—પંચાંગમાં લખવામાં આવતી નથી અને વૃદ્ધિ પામેલી તિથિ બે દિવસ લખેલી હોય છે.

**मासाद्यं जनिसंभवं ग्रहणभं चंडायुधं दुःक्षणं ज्येष्ठ पूर्वभवस्य पापयुगितैष्यर्क्षाणिविध्धं च भम् ॥ ऊनाख्याधिकमासकौ युतिषु विष्या-शूवगंडांतिषु त्र्यंकार्थाकरसर्तुपूर्वघटिका भानां विषाख्या घटीः ॥ ३ ॥**

अन्वयः—**जनि संभवं मासाद्यम्, ग्रहणद्यम्, चंडायुधम्, दुःक्षणम्, पूर्वभवस्यज्येष्ठम्, पापयुगितैष्यर्णाणि चविध्धंभम्, ऊनाख्याधिकमासकौ, विष्याशूवयुतिषु गंडांतिषु (क्रमात्) त्र्यंकार्था करसर्तु पूर्वघटिकाः, भानां विषाख्या घटीः ॥ ३ ॥**

अन्वयार्थः—**जनि संभवं मासाद्यम्** જન્મનાં માસાદિક, **ग्रहणभम्** ગ્રહણનક્ષત્ર **चंडायुधम्** ચંડાયુધ **दुःक्षणम्** દુષ્ટ મુહૂર્ત **पूर्वभवस्य ज्येष्ठम्** પ્રથમ સંતાનને જયેષ્ટમાસ **पापयुगि तैष्यर्क्षाणि** ( **पाप युक्** પાપગ્રહ

યુક્ત हृतं ગત एष्य આવનાર ऋक्षाण નક્ષત્ર) પાપગ્રહોથી યુકત પાપ ગ્રહોએ ભોગવેલું અને ભોગવવાનું નક્ષત્ર च અને विद्धंभम् વિદ્ધ નક્ષત્ર ऊनाख्याधिकमासकौ ક્ષયમાસ અધિમાસ वि વિશકુંભ व्या વ્યાઘાત शू શૂલ व વજ્ર युतिषु એ યુકત गंड ગણ્ડ अति અતિગણ્ડ एषु એ યોગોમાં ( क्रमात् ) અનુક્રમથી त्रि ૩ अंक ૯ अर्थ ૫ अंक ૯ रस ૬ ऋतु ૬ पूर्वघटिकाः પ્રથમની ઘટીઓ અને भानां અશ્વિન્યાદિ નક્ષત્રોની विषाख्याघटीः વિષઘટિઓ. ॥ ૩ ॥

ભાવાર્થ—જન્મમાસ જન્મતિથિ જન્મનક્ષત્રાદિક, ગ્રહણુ નક્ષત્ર, [1]ચંડા યુધનક્ષત્ર, [2]દુષ્ટમુહૂર્ત, પ્રથમ સંતાનને જ્યેષ્ટમાસ [3]પાપગ્રહોએ ભોગવેલું અને ભોગવવાનું તથા જે નક્ષત્ર ઉપર પાપગ્રહ હોય તે નક્ષત્ર અને પાપગ્રહોના વેધવાળુ નક્ષત્ર, ક્ષયમાસ, [4]અધિમાસ, વિશકુંભની ૩ ઘટી, વ્યાઘાતની ૯, શૂલની ૫, વજ્રની ૯, ગણ્ડની ૬, અતિગણ્ડની ૬, એ યોગોમાં પ્રથમની ઘટીઓ. અશ્વિનીથી રેવતી સુધીના નક્ષત્રોની [5]વિષઘટીઓ અને—॥ ૩ ॥

**लत्तापंचकपापवर्गमशुभं चंद्रं दशारिष्टकं जन्मेशेज्यसितास्तमंगशशिनोः क्रूरोद्भवां कर्तरीम् ॥ रिष्टं गोचरसंभवं ग्रहजनिमांतोद्भवं सूतकं दुश्चिह्नानि मनोविभंगमपि च व्याधिं शुभे संत्यजेत् ॥ ४ ॥**

अन्वयः—**लत्ता—पंचक—पापवर्गम्, अशुभचंद्रम्, दशारिष्टकम्, जन्मेशे शेज्य सितास्तम्, अंगशशिनोः क्रूरोद्भवाम् कर्तरीम्, गोचर संभवं रिष्टम्, ग्रह जनिमांत्तोद्भवं सूतकम्, दुश्चिन्हानि, मनो विभंगम् व्याधिम् अपि ( च पूर्वोक्तम् ) शुभे संत्यजेत् ॥ ४ ॥**

अन्वयार्थः—लत्ता લત્તા पंचक પંચક पापवर्गम् પાપગ્રહનો વર્ગ अशुभंचंद्रम् અશુભચંદ્ર दशारिष्टकम् દશારિષ્ટ जन्मेशेज्यसितास्तम् (जन्मेशः રાશિનો સ્વામી ईज्यः ગુરૂ सितः શુક્ર अस्तम् અસ્ત) રાશિના સ્વામીનો ગુરૂનો અને શુક્રનો અસ્ત अंग शशिनोः લગ્ન અને ચંદ્રનો क्रूरोद्भवाम्

---

૧ વિ૦ પ્ર૦ શ્લોક ૧૮ માં બતાવ્યું છે ૨ વિ૦ પ્ર૦ શ્લોક ૨૧ માં છે. ૩ આ નક્ષત્રો કેવી રીતે જોવાં તે વિ૦ પ્ર૦ શ્લોક ૧૪ ની ટીકામાં ઉદાહરણ સાથે સમજાવ્યાં છે. ૪ ક્ષયમાસ તથા અધિમાસ સંક્રાંતિ પ્રકરણ શ્લોક ૨ માં બતાવ્યા છે. ૫ વિ૦ પ્ર૦ શ્લોક ૨૨ માં છે.

પાપગ્રહોથી ઉત્પન્ન થયેલો **कर्तरीम्** કર્તરી યોગ **गोचरसंभवरिष्टम्** ગોચરમાં દુષ્ટ ગ્રહની આધિક્યતા **ग्रह** ગ્રહણથી **जनि** જન્મથી **प्रांत** મરણથી **उत्पन्नम्** ઉત્પન્ન થયેલું **सूतकम्** સૂતક **दुश्चिन्हानि** દુષ્ટ ચિન્હ **मनोविभंगम्** મનનો ભંગ **व्याधिम्** જ્વરાદિકરોગ **अपि** તે પણ ( **च पूर्वोक्तम्** ) અને પ્રથમ કહેલું સર્વ **शुभे** શુભ કાર્યમાં **संत्यजेत्** ત્યાગ કરવું. ॥ ૪ ॥

ભાવાર્થ—લત્તા[1], પંચક, *પાપગ્રહનો વર્ગ, [2]અશુભચંદ્ર, રિષ્ટ દશા, [3]રાશિના સ્વામીનો ગુરૂનો અને શુક્રનો અસ્ત. લગ્ન અને ચંદ્રનો પાપગ્રહથી ઉત્પન્ન થયેલો [4]કર્તરી યોગ, ગોચરમાં દુષ્ટ (અશુભ ફળ આપનાર) [5]ગ્રહ બળવાન હોય તે, ગ્રહણ સૂતક, જન્મ સૂતક, મરણ સૂતક, કાર્યના આરંભમાં ખરાબ ચિન્હ જેવાં કે છિંક અથવા ખરાબ વચન સાંભળવામાં આવે વિગેરે, તેમજ જે કામમાં અંતઃકરણ ખુશી ન હોય તે તથા જ્વરાદિક રોગ થયો હોય તો તે અને પ્રથમ કહેલું સર્વ શુભ કામમાં ત્યજવું. ॥ ૪ ॥

**नो कुर्याद्रविभादगेंद्रघृतितो युग्मेषु पंचाशयोः स्वर्गात्पंचसु शोभनानि तनुयादेषूग्रशस्त्रादिकम् ॥ मासत्वीयनवारयोगतिथिभादीनां च सिद्धाभिधा ज्ञातव्याः पुनरुक्तिरस्ति कुहचित्सा तत्स्मृतिप्राप्तये ॥५॥**

**इति मुहूर्तमार्तंडे त्याज्यप्रकरणम् ॥ १ ॥**

अन्वयः—**रविभात् अगेंद्र घृतितो युग्मेषु पंचाशयोः स्वर्गात् पंचसु शोभनानि नो कुर्यात्, एषु उग्र शस्त्रादिकम् तनुयात्, मासत्वीयनवार योग तिथि भादीनाम् (संज्ञाः) सिद्धाभिधाः ज्ञातव्याः, इह कुहचित् पुनरुक्तिः नदोषः सा तत्स्मृति प्राप्तये ॥ ५ ॥**

---

૧ વિ૦ પ્ર૦ શ્લોક .૧૬ માં છે. પંચક વિ૦ પ્ર૦ શ્લોક ૨૯ માં બતાવ્યાં છે *( હોરાદિ ષડ્વર્ગ ) વિ૦ પ્ર૦ શ્લોક ૩૫ માં છે. ૨ ગોચર પ્રકરણ શ્લોક ૧ માં છે તે પ્રમાણે જોવા. ૩ રાશિઓના સ્વામી વિ૦ પ્ર૦ શ્લોક ૪ માં છે. દરેક ગ્રહનો અસ્ત પંચાંગમાં લખવામાં આવે છે તે પ્રમાણે જોવો. ૪ કેમ જોવો તે વિ૦ પ્ર૦ શ્લોક ૩૮ માં છે. ૫ ગોચર પ્રકરણ શ્લોક ૧ માં બતાવ્યા છે.

अन्वयार्थः-रविभात् સૂર્ય નક્ષત્રથી अग ૭ इंद्र ૧૪ धृति तः ૧૮ ( તે અને ) તેઓનાથી युग्मेषु બીજું નક્ષત્ર ( ૭ થી ૮, ૧૪ થી ૧૫, ૧૮ થી ૧૯ ) पंचाशयोः ૫-૧૦ અને स्वर्गात् ૨૧ થી पंचसु ૫ એ નક્ષત્રોમાં शोभनानि શુભ કર્મ नोकुर्यात् ન કરવું, एषु એ નક્ષત્રોમાં उग्रशस्त्रादिकम् શસ્ત્ર ઘાતાદિક ઉગ્ર કર્મ तनुयात् કરવું. मास માસ ऋतु ઋતુ अयन અયન वाराः વાર योग યોગ तिथि તિથિઓ भ નક્ષત્ર आदीनाम् કરણ રાશિ ભાવાદિની ( संज्ञाः ) સંજ્ઞાઓ सिद्धाभिधाः જે ગ્રંથમાં કહેલી હોય ત્યાંથી ज्ञातव्याः જાણવી इह આ ગ્રંથને વિષે कुहचित् કેટલેક ઠેકાણે पुनरुक्तिः ફરીથી પણ કહ્યું છે તેનો नद्दोषः દોષ જાણવો નહિ કેમકે मा તે પ્રથમ કહેલું છેટે હોવાથી तत्स्मृति प्राप्तये તેનું તેજ વખતે સ્મરણ થાય માટે જ ફરી કહ્યું છે. ॥ ૫ ॥

ભાવાર્થ—સૂર્યના નક્ષત્રથી ૭, ૮, ૧૪, ૧૫, ૧૮, ૧૯, ૫, ૧૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, આ નક્ષત્રોમાં શુભકામ કરવું નહિ, એ નક્ષત્રોમાં શસ્ત્રાદિક ઉગ્રકર્મ કરવું.

ચૈત્રાદિમાસ, વસંતાદિઋતુ, અયન, સૂર્યાદિવાર, વિશ્કુંભાદિયોગ, પ્રતિપદાદિ તિથિઓ, અશ્વિન્યાદિ નક્ષત્રો, તથા કરણ રાશિ ભાવાદિકની સંજ્ઞાઓ જે ગ્રંથમાં કહેલી છે ત્યાંથી જાણી લેવી તથા આ ગ્રંથમાં કેટલેક ઠેકાણે પુનરૂક્તિ ( ફરી કહેવાનો ) દોષ છે તે દોષ તરીકે નહિં ગણાતાં તે બાબતની બરાબર સ્મૃતિ [ યાદી ] રહે એટલા માટે ગુણ રૂપ છે. ॥ ૫ ॥

# માસ ઋતુ અને વાર કોષ્ટક.

| |
|---|
| માસ ૧૨ છે—૧ ચૈત્ર ૨ વૈશાખ ૩ જ્યેષ્ટ ૪ આશાડ ૫ શ્રાવણ ૬ ભાદ્રપદ ૭ આશ્વિન ૮ કાર્તિક ૯ માગશર ૧૦ પૌષ ૧૧ માઘ ૧૨ ફાગણ |
| ઋતુ ૬ છે—૧ વસંત ૨ ગ્રીષ્મ ૩ વર્ષા ૪ શરદ ૫ હેમંત ૬ શિશિર કઇ ઋતુ કયે વખતે આવે તે વિવાહ પ્રકરણ શ્લોક ૧૮ ની ટીપમાં બતાવ્યુંછે. |
| વાર ૭ છે-૧ રવિ ૨ સોમ ૩ મંગળ ૪ બુધ ૫ ગુરૂ ૬ શુક્ર ૭ શનિ |

**અયન બે છે—ઉત્તરાયન અને દક્ષિણાયન.** મકર રાશિના સૂર્યના આરંભથી તે મિથુનના અંત સુધી **ઉત્તરાયન** અને કર્કના સૂર્યથી ધનના અંત સુધીની ૬ રાશિના સૂર્યમાં **દક્ષિણાયન** છે.

## યોગ-તિથિ અને નક્ષત્રોનું કોષ્ટક.

| યોગ | તિથિ | નક્ષત્ર |
|---|---|---|
| યોગ ૨૭ છે. | તિથિઓ ૧૫ છે | નક્ષત્રો ૨૭ છે |
| ૧ વિશ્કુંભ ૧૫ વજ્ર | ૧ એકમ | ૧ અશ્વિની ૧૫ સ્વાતી |
| ૨ પ્રીતિ ૧૬ સિદ્ધિ | ૨ બીજ | ૨ ભરણી ૧૬ વિશાખા |
| ૩ આયુષ્માન્ ૧૭ વ્યતિપાત | ૩ ત્રીજ | ૩ કૃત્તિકા ૧૭ અનુરાધા |
| ૪ સૌભાગ્ય ૧૮ વરિયાણુ | ૪ ચોથ | ૪ રોહિણી ૧૮ જ્યેષ્ઠા |
| ૫ શોભન ૧૯ પરિઘ | ૫ પાંચમ | ૫ મૃગશિર્ષ ૧૯ મૂલ |
| ૬ અતિગણ્ડ ૨૦ શિવ | ૬ છઠ | ૬ આર્દ્રા ૨૦ પૂર્વાષાઢા |
| ૭ સુકર્મા ૨૧ સિદ્ધિ | ૭ સાતમ | ૭ પુનર્વસુ ૨૧ ઉત્તરાષાઢા |
| ૮ ધૃતિ ૨૨ સાધ્ય | ૮ આઠમ | ૮ પુષ્ય અભિજીત |
| ૯ શૂલ ૨૩ શુભ | ૯ નોમ | ૯ આશ્લેષા ૨૨ શ્રવણ |
| ૧૦ ગણ્ડ ૨૪ શુકલ | ૧૦ દશમ | ૧૦ મઘા ૨૩ ધનિષ્ટા |
| ૧૧ વૃદ્ધિ ૨૫ બ્રહ્મા | ૧૧ અગીયારશ | ૧૧ પૂર્વાફાલ્ગુની ૨૪ શતભિષા |
| ૧૨ ધ્રુવ ૨૬ ઐન્દ્ર | ૧૨ બારશ | ૧૨ ઉત્તરા ફાલ્ગુની ૨૫ પૂર્વાભાદ્રપદ |
| ૧૩ વ્યાઘાત ૨૭ વૈધૃતિ | ૧૩ તેરશ | ૧૩ હસ્ત ૨૬ ઉત્તરાભાદ્રપદ |
| ૧૪ હર્ષણ | ૧૪ ચૌદશ | ૧૪ ચિત્રા ૨૭ રેવતી |
| | ૧૫ પુનમ સુદી | |
| | ૩૦ અમાસ વદી | |

**इति श्रीमच्छगनात्मजं गिरिजाशंकर विरचितायां मुहूर्तमार्तण्डस्य गुर्जर टीकायां त्याज्य प्रकरणम् ॥ १ ॥**

## ॥ अथ नक्षत्र प्रकरणम् ॥ २ ॥

**भेशा दस्रयमाग्निकेंदुगिरिशाः प्रोक्ता अदित्यगिराः सर्पाः कव्यभुजो भगोर्यमरवी त्वष्टा समीरः क्रमात् ॥ इंद्राग्नी त्वथ मित्र इंद्रनिर्ऋतिर्नीरंच विश्वे विधिर्वैकुंठो वसुपाश्यजैकचरणाहिर्बुध्न्यपूषाभिधाः १**

અન્વયાર્થઃ—**भेशाः** અશ્વિન્યાદિ નક્ષત્રોના સ્વામીઓ **क्रमात्** અનુક્રમથી (**बुधैः**) પંડિતોએ **प्रोक्ताः** કહ્યા છે **दस्र** દસ્ર **यम** યમ **अग्नि** અગ્નિ **क** બ્રહ્મા **इंदु** ચંદ્રમા **गिरिशः** મહાદેવ **अदिति** અદિતિ **अंगिराः** ગુરૂ **सर्पाः** સર્પ **कव्यभुजः** પિતૃ **भगः** ભગ **अर्यमा** અર્યમા **रवि** સૂર્ય **त्वष्टा** ત્વષ્ટા **समीरः** વાયુ **इंद्राग्नी** ઈંદ્ર અને અગ્નિ **मित्र** મિત્ર **इंद्र** ઈંદ્ર **निर्ऋतिः** રાક્ષસ **नीर** જલ **विश्वे** વિશ્વે દેવ **विधिः** બ્રહ્મા **वैकुंठो** વિષ્ણુ **वसु** વસુ **पाशी** વરૂણ **अजैकचरण** અજૈક ચરણ **अहिर्बुध्न्य** અહિર્બુધ્ન્ય અને **पूषाभिधाः** પૂષા એ પ્રમાણે તેઓની સંજ્ઞા [ નામ જાણવાની રીતિ ] છે. ॥ ૧ ॥

ભાવાર્થ—અશ્વિન્યાદિ નક્ષત્રોના સ્વામીઓ અનુક્રમે દસ્ર [અશ્વિની કુમાર]—યમ—અગ્નિ—બ્રહ્મા—ચંદ્રમા—મહાદેવ—અદિતિ—ગુરૂ—સર્પ—પિતૃ—ભગ અર્યમા—સૂર્ય—ત્વષ્ટા—વાયુ—ઈંદ્ર અને અગ્નિ—મિત્ર—ઈંદ્ર—રાક્ષસ—જલ—વિશ્વેદેવ બ્રહ્મા—વિષ્ણુ—વસુ—વરૂણ—અજૈકચરણ—અહિર્બુધ્ન્ય—અને પૂષા એ પ્રમાણે પંડિતોએ કહ્યા છે. તે નિચેનું કોષ્ટક જોવાથી સ્પષ્ટ સમજાશે નક્ષત્રના સ્વામીઓ નક્ષત્ર જાણવા માટે તથા શાંત્યાદિકમાં દેવપૂજનના અર્થે બતાવ્યા છે. ॥૧॥

# નક્ષત્રો અને તેઓના સ્વામીઓ.

| નક્ષત્ર | અ. | ભ. | કૃ. | રો. | મૃ. | આ. | પુ. | પુ. | આ. | મ. | પૂ. | ઉ. | હ. | ચિ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્વામીઓ | દસ્ર | યમ | અગ્નિ | બ્રહ્મા | ચંદ્ર | મહાદેવ | અદિતિ | ગુરૂ | સર્પ | પિતૃ | ભગ | અર્યમા | સૂર્ય | ત્વષ્ટા |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્વા. | વિ. | અ. | જ્યે. | મૂ. | પૂ. | ઉ. | અ. | શ્ર. | ધ. | શ. | પૂ. | ઉ. | રે. |
| વાયુ | ઈંદ્ર અગ્નિ | મિત્ર | ઈંદ્ર | રાક્ષસ | જલ | વિશ્વેદેવ | બ્રહ્મા | વિષ્ણુ | વસુ | વરૂણ | અજૈકચરણ | અહિર્બુધ્ન્ય | પૂષા |

**ब्राह्मं त्र्युत्तरयुग् ध्रुवं स्थिरमथो पूर्वा मघा याम्यभं क्रूरोग्रं श्रवणत्रयादितियुता स्वाती चराख्या चला ॥ दस्त्रार्काभिजिदीज्यभं लघु तथा क्षिप्रं च मैत्रांतिमेंदुत्वाष्ट्रं मृदु मैत्रमग्निभविशे मिश्रे च साधारणे ॥ २ ॥**

**अन्वयः–ब्राह्मम् त्र्युत्तरयुक् ध्रुवं स्थिरम् ( इति अभिधान द्वयं मुनींद्रैः स्मृतम्, अथ पूर्वा मघा याम्यभम् क्रूरोग्रम्(प्रोक्तम्), श्रवण त्रयादितियुता स्वातीचराख्या चला (प्रोक्ता),दस्त्रार्काभिजिदीज्याभम् लघु तथा क्षिप्रम् ( प्रोक्तम् ), मैत्रांतिमेन्दुत्वाष्ट्रम् मृदुमैत्रम् ( प्रोक्तम् ), अग्निभविशे ( एते ) मिश्रे च साधारणे ( प्रोक्ते ) ॥ २ ॥**

अन्वयार्थः–**ब्राह्मम्** રોહિણી **त्र्युत्तरयुक्** ત્રણ ઉત્તરા ( એનક્ષત્રોની ) **ध्रुवं स्थिरम्** ધ્રુવ અને સ્થિર **( इति अभिधान द्वयं मुनींद्रैः स्मृतम् )** એમ બે સંજ્ઞાઓ પંડિતોએ કહી છે, **अथ** અથ તે પછી **पूर्वा** ત્રણ પૂર્વા **मघा** મઘા **याम्यभम्** ભરણી ( એ નક્ષત્રોની ) **क्रूरोग्रम्** ક્રૂર અને ઉગ્ર સંજ્ઞા **प्रोक्तम्** કહી છે **श्रवणत्रयम्** શ્રવણથી ત્રણ **अदिति** પુનર્વસુ તે વડે **युता** યુક્ત **स्वाती** સ્વાતી [ એ નક્ષત્રોની ] **चराख्या चला** ચર અને ચલ સંજ્ઞા ( **प्रोक्ता** ) કહી છે, **दस्त्र** અશ્વિની **अर्क** હસ્ત **अभिजित्** અભિજિત **इज्यभम्** પુષ્ય એ નક્ષત્રોની **लघु तथा क्षिप्रम्** લઘુ તથા ક્ષિપ્ર સંજ્ઞા ( **प्रोक्तम्** ) કહી છે, **मैत्र** અનુરાધા **अंतिम** રેવતી **इंदु** મૃગશીર્ષ **त्वाष्ट्रम्** ચિત્રા ( એ નક્ષત્રોની ) **मृदुमैत्रम्** મૃદુ અને મૈત્રસંજ્ઞા (**प्रोक्तम्**) કહી છે, **अग्निभम्** કૃત્તિકા **विशे** વિશાખા ( **एते** ) એ નક્ષત્રોની **मिश्रे च साधारणे** મિશ્ર અને સાધારણ સંજ્ઞા ( **प्रोक्ते** ) કહી છે. ॥ ૨ ॥

**ભાવાર્થ**—રોહિણી, ત્રણ ઉત્તરા, એ નક્ષત્રોની ધ્રુવ તથા **સ્થિર** સંજ્ઞા છે. ત્રણ પૂર્વા મઘા અને ભરણી એ નક્ષત્રોની ક્રૂર અને **ઉગ્ર સંજ્ઞા** છે, શ્રવણથી ત્રણ [ શ્રવણ–ધનિષ્ટા–શતભિષા ) પુનર્વસુ અને સ્વાતી એ નક્ષત્રોની **ચર** તથા **ચલ** સંજ્ઞા **છે.** અશ્વની હસ્ત અભિજિત્ અને પુષ્ય એ નક્ષત્રોની લઘુ તથા **ક્ષિપ્ર** સંજ્ઞા છે, અનુરાધા રેવતી મૃગશીર્ષ અને ચિત્રા એ નક્ષત્રોની મૃદુ અને **મૈત્ર** સંજ્ઞા છે, કૃતિકા વિશાખા એ બે નક્ષત્રોની **મિશ્ર અને સાધારણ** સંજ્ઞા છે. ॥ ૨ ॥

5343



मूलाहींद्रशिवं च दारुणमदस्तीक्ष्णं मुनींद्रैः स्मृतं संज्ञातुल्यमिहाचरंति सुधियः कार्यं हि संसिद्धये ॥ सूर्याद्याः स्थिर चंचलोग्रमिलिताः क्षिप्रोमृदुर्दारुणः क्षीणेंद्वर्कयमार राहु शिखिनः पापा बुध स्तैर्युतः ।३।

अन्वयः–मूलाहींद्र शिवम् ( एतत् ) दारुणं अदः तीक्ष्णम् मुनींद्रैः स्मृतम्, इह संज्ञा तुल्यं कार्यम् संसिद्धये सुधियः आचरंति, सूर्याद्याः ( क्रमात् ) स्थिर चंचलोग्रमिलिताः क्षिप्रो मृदुः दारुणः (संज्ञाप्रोक्ता) क्षीणेंदुः अर्क यमार राहु शिखिनः ( एते ) पापाः, तैः युतः बुधः ( पापः स्यात् ) ॥ ३ ॥

अन्वयार्थः–मूल મૂલ अहिः આશ્લેષા इंद्र જ્યેષ્ટા शिवं આર્દ્રા ( एतत् ) એ નક્ષત્રોની दारुणं अदः तीक्ष्णम् દારૂણ અને તીક્ષ્ણ સંજ્ઞા मुनींद्रैः પંડિતોએ स्मृतम् કહી છે, इह એ ધ્રુવાદિ સંજ્ઞાઓના નક્ષત્રોમાં संज्ञातुल्यं कार्यम् સંજ્ઞા તુલ્ય કાર્ય संसिद्धये સિદ્ધિના અર્થે सुधियः પંડિતોએ आचरंति આચરવું सूर्याद्याः સૂર્યાદિ ગ્રહોની ( क्रमात् ) અનુક્રમથી स्थिरः સ્થિર चंचलः ચંચલ उग्र ઉગ્ર मिलितः મિશ્ર क्षिप्रः ક્ષિપ્ર मृदुः મૃદુ दारुणः દારૂણ ( संज्ञा प्रोक्ता ) સંજ્ઞાઓ કહી છે, क्षीणेंदुः ક્ષીણ ચંદ્ર अर्कः સૂર્ય यमः શનિ आर મંગળ राहु રાહુ शिखिनः કેતુ ( एते ) એ સર્વે पापाः પાપગ્રહો હોય, तैः તે પાપગ્રહોએ युतः યુક્ત बुधः બુધ (पापः स्यात् ) પાપ હોય. ॥ ૨ ॥

ભાવાર્થ–મૂલ–આશ્લેષા–જ્યેષ્ટા–આર્દ્રા એ નક્ષત્રોની દારૂણ અને તીક્ષ્ણ સંજ્ઞા પંડિતોએ કહી છે, એ ધ્રુવાદિ સંજ્ઞાઓના નક્ષત્રોમાં સંજ્ઞા તુલ્ય કાર્ય કરવાથી કાર્યની સિદ્ધિ થાય છે, જેમકે સ્થિર નક્ષત્રોમાં સ્તંભ પ્રતિષ્ઠાદિક સ્થિર કાર્ય કરવું. સૂર્યાદિ ગ્રહોની સ્થિરાદિ સંજ્ઞા–સૂર્ય સ્થિર ગ્રહ છે, ચંદ્રમા ચંચલ છે, મંગલ ઉગ્ર છે, બુધ મિશ્ર છે, ગુરૂ ક્ષિપ્ર છે. શુક્ર મૃદુ છે અને શનિ દારૂણ છે.

કૃષ્ણ પક્ષની ૮ થી શુક્લ પક્ષની ૧ સુધી ચંદ્રમા ક્ષીણ હોય છે તે ક્ષીણ ચંદ્રમા અને સૂર્ય, શનિ, મંગલ, કેતુ એ સર્વ પાપગ્રહો છે, બુધ પાપગ્રહોથી યુક્ત હોય તો તેને પણ પાપગ્રહ જાણવો. ગુરૂ શુક્ર અને ક્ષીણદેહ વિનાનો ચંદ્રમા તે શુભગ્રહો છે શુભગ્રહ યુકત બુધને તેમજ એકલા બુધને શુભ જાણવો. ક્રૂરકર્મમાં ક્રૂરગ્રહ લેવા અને શુભ ગ્રહોના દિવસોમાં શુભકર્મ કરવું. ॥ ૩ ॥

अह्नः स्यु शिवसार्पमित्रपितरो वस्वंबुविश्वेभिजित्केंद्रेंद्राग्निनिशाचरा अपि जलाधीशोर्यमाख्यो भगः । रात्रेः स्युः स्मरहा त्रयोऽजचरणात्पंचाश्वितोऽथोदितिर्जीवो विष्णु रिनास्त्रय स्तिथि लवाः कर्मेषु-भोक्तं स्मृतम् ॥ ४ ॥

॥ इति मुहूर्तमार्तण्डे नक्षत्र प्रकरणम् ॥ २ ॥

अन्वयः-( दिवसस्य ) तिथिलवाः ( मुहूर्ताः स्युः ), शिव सार्प मित्र पितरो वसुः अंबु विश्वेभिजित् क इंद्र इंद्राग्नी निशाचरः जलाधीशः अर्यमाख्यः भगः ( क्रमात् ) अन्हः ( मुहूर्ताः स्युः ), अपि स्मरहा अजचरणात्रयः अश्वितः पंच अथ अदितिः जीवः विष्णुः इना त्रयः ( क्रमात् ) रात्रेः ( मुहूर्ताः स्युः ), एषु भोक्तं कर्म ( मुनींद्रैः स्मृतम् ) ॥ ४ ॥

अन्वयार्थः-( दिवसस्य ) દિવસના तिथिलवाः ૧૫ મા ભાગ પ્રમાણે ( मुहूर्ताःस्युः ) મુહુર્તો હોય, शिव શિવ सार्प સર્પ मित्र મિત્ર पितरः પિતા वसुः વસુ अंबु અંબુ विश्वे વિશ્વે अभिजित् અભિજિત્ क બ્રહ્મા इंद्र ઇન્દ્ર इंद्राग्नी ઇન્દ્રાગ્ની निशाचरः નિશાચર जलाधीशः વરૂણ अर्यमाख्यः અર્યમા भगः ભગ એ ( क्रमात् ) અનુક્રમથી अन्हः દિવસનાં ( मु हूर्ताः स्युः ) મુહુર્તો હોય, अपि અને स्मरहा શિવ अजचरणात्रयः અજચરણથી ત્રણ अश्वितः पंच દસ્ત્રથી પાંચ अथ તે પછી अदिति અદિતિ जीवः ગુરૂ विष्णुः વિષ્ણુ इनाः त्रयः રવિથી ત્રણ (એ) ( क्रमात् ) અનુક્રમથી रात्रेः રાત્રિના ( मुहूर्ताः स्युः ) મુહુર્તો હોય, एषु એ મુહુર્તોમાં भोक्तंकर्म નક્ષત્રોક્ત કર્મ કરવાનું ( मुनींद्रैः ) પંડિતોએ स्मृतम् કહ્યું છે. ॥ ૪ ॥

**ભાવાર્થ**-દિનમાનના અને રાત્રિ માનના પંદરમા ભાગનું નામ મુહૂર્ત છે. દિવસના પંદર ભાગમાં અનુક્રમે શિવ-સર્પ-મિત્ર-પિતા-વસુ અંબુ-વિશ્વે-અભિજિત્-બ્રહ્મા-ઇન્દ્ર-ઇન્દ્રાગ્ની--નિશાચર-વરૂણ—અર્યમા અને ભગ એ (૧૫) પંદર મુહૂર્તો છે તેજ પ્રમાણે રાત્રિના પંદર ભાગમાં અનુક્રમે શિવ-અજચરણ-અહિર્બુધ્ન્ય-પૂષા-દસ્ત્ર-યમ-અગ્નિ-બ્રહ્મા-ચંદ્ર-અદિતિ-ગુરૂ—વિષ્ણુ-સૂર્ય-ત્વષ્ટા અને વાયુ એ પંદર (૧૫) મુહૂર્તો

છે તે નિચેનું કોષ્ટક જોવાથી સમજાશે. એ **મુહૂર્તોમાં** નક્ષત્રોમાં કહેલાં કર્મ કરવાં **જેમકે** શિવ મુહુર્તમાં આર્દ્રા નક્ષત્રમાં કહેલું કર્મ કરવું સાર્પ મુહુર્તમાં આશ્લેષામાં કહેલું કર્મ કરવું મિત્ર મુહુર્તમાં અનુરાધામાં કહેલું કર્મ કરવું તે પ્રમાણે દરેકને માટે જાણી લેવું. ॥ ૪ ॥

**ઉદાહરણ**--દિનમાન ઘટયાદિ ૩૦-૦ છે તેનો ૧૫ મો ભાગ ૨ ઘટી થઇ તો સૂર્યોદયથી ૨ ઘટી સુધી શિવ મુહુર્ત જાણવું. તે પછીની ૨ ઘડીમાં સર્પ તેમ અનુક્રમે દરેક મુહૂર્તો જાણી લેવાં તેમજ રાત્રિમાન ઘટયાદિ ૩૦—૦ નો ૧૫ મો ભાગ ૨ ઘટી થઇ તો સૂર્યાસ્તથી ૨ ઘટી સુધી શિવ મુહુર્ત અને તે પછીની ૨ ઘડીમાં અજચરણ તે પછીની ૨ ઘટીમાં અહિર્બુધ્ન્ય એમ દરેક જાણી લેવું.

## દિવસનાં મુહૂર્તો.

| ભાગ. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|---|
| મુહૂર્તનાં નામ | શિવ | સર્પ | મિત્ર | પિતા | વસુ | અંબુ | વિશ્વે | અભિજીત |

| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
|---|---|---|---|---|---|---|
| બ્રહ્મા | ઇન્દ્ર | ઇન્દ્રાગ્ની | નિશાચર. | વરૂણ | અર્યમા | ભગ |

## રાત્રિનાં મુહૂર્તો.

| ભાગ. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|---|
| મુહૂર્તનાં નામ | શિવ | અજચરણ. | અહિર્બુધ્ન્ય. | પૂષા | દસ્ત્ર | યમ | અગ્નિ |

| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
|---|---|---|---|---|---|---|---|
| બ્રહ્મા | ચંદ્ર | અદિતિ | ગુરૂ | વિષ્ણુ | સૂર્ય | ત્વષ્ટા | વાયુ |

**इति श्रीपचङ्गनात्मज गिरिजाशंकर विरचितायां मुहूर्तमार्तण्डस्य गुर्जर टीकायां नक्षत्र प्रकरणम् ॥ २ ॥**

## अथ गर्भाधानादि संस्कार प्रकरणम् ॥ ३ ॥

आद्यर्तौ पौषशुक्रोर्जमधुशुचिनभस्याः कुयुक्पापवारा रिक्तामार्काष्टषष्ठ्यः परगृहकुपदे रात्रिसंध्यापराह्णाः ॥ मिश्रोग्रामूलतीक्ष्णं त्रिवरमनरुणाल्पाधिकास्रं गराष्टोत्पातः पापस्य लग्नं न सद्रुणजरभील चित्रांबरं च ॥ १ ॥

अन्वयः-आद्यर्तौ पौष शुक्रोर्ज मधु शुचि नभस्याः ( मासाः ) ( नशुभाः ), कुयुक् ( नशुभाः ), पापवाराः ( नशुभाः ), रिक्तामार्काष्टषष्ठ्यः ( एताः तिथयः नशुभाः ), परगृहकुपदे ( नशुभे ), रात्रि संध्यापराह्णाः ( एते काला नशुभाः ), मिश्रोग्रामूल तीक्ष्णम् (एतानि नशुभानि ), ( तिथिभादीनाम् ) त्रिवरम् ( नशुभम् ), अनरुणाल्पाधिकास्रम् ( नसत् स्यात् ), गराष्ट ( करणानि ) ( नशुभानि स्युः ), उत्पातः ( सत् न स्यात् ), पापस्य लग्नम् ( नसत् स्यात् ), अरुण जरभील चित्रांबरम् नसत्स्यात् ॥ १ ॥

अन्वयार्थः-आद्यर्तौ પ્રથમ ઋતુમાં पौषः પોષ शुक्रः જ્યેષ્ઠ ऊर्जः કાર્તિક मधुः ચૈત્ર शुचिः આષાઢ नभस्यः ભાદ્રપદ ( मासाः ) એ માસો ( नशुभाः ) અશુભ છે, कुयुक् દુષ્ટ યોગ ( नशुभाः ) અશુભ છે, पापवाराः પાપગ્રહોના વાર ( नशुभाः ) અશુભ છે, रिक्ता ૪—૯—૧૪ अमा ૩૦ अर्क ૧૨ अष्ट ૮ षष्ठ्यः ૬ ( एताः तिथयः नशुभाः ) એ તિથિઓ અશુભ છે, परगृह પતિશિવાયનું બીજાનું ઘર कुपदे ખરાબ સ્થાન ( नशुभे ) અશુભ છે. रात्रि રાત્રિ संध्या બે સંધ્યાઓ अपराह्णः અપરાન્હ ( एते काला नशुभाः ) એ સમય અશુભ. છે, मिश्र મિશ્ર उग्र ઉગ્ર अमूल तीक्ष्णम् મૂલ રહિત તીક્ષ્ણ ( एतानि नशुभानि ) એ નક્ષત્રો અશુભ છે, ( तिथिभादीनाम् त्रिवरम् ) તિથિ અને નક્ષત્રાદિકની ત્રિર સંધિ ( नशुभम् ) અશુભ છે, अनरुणम् લાલાશ વગરનું अल्पम् થોડુ अधिकम् ઘણું ( એવું ) अस्रम् રૂધિર ( नसत् स्यात् ) અશુભછે. गराष्ट (करणानि ) ગરથી ૮ કરણ निशुभानि स्युः) અશુભ છે, उत्पातः ત્રણ પ્રકારના ઉત્પાત ( सत् न स्यात् ) શુભ ન હોય, पापस्य लग्नम्

પાપ ગ્રહનું લગ્ન ( **नसत् स्यात्** ) અશુભ છે, **अरुणम्** લાલ **जरत्** જુનું **नील** કાળુ **चित्रम्** નાના પ્રકારના રંગથી ચિત્રેલુ **अंबरम्** વસ્ત્ર **नसत् स्यात्** અશુભ છે. ॥ ૧ ॥

**ભાવાર્થ—પ્રથમ ઋતુનું ફલ**—પૌષ-જ્યેષ્ટ-કાર્તિક-ચૈત્ર-આષાઢ એ **માસ** અને **દુષ્ટ યોગ** ( વિશકુંભ-અતિગણ્ડ શૂલ-વ્યાઘાત-વજ્ર-વ્યતિપાત-પરિઘ અને વૈધૃતિ ), ૪, ૯, ૧૪, ૩૦, ૧૨, ૮, ૬ એ **તિથિઓ**, બીજાનું ઘર અર્થાત પતિના ઘરથી બહાર, ખરાબ સ્થાન. રાત્રિ, સંધ્યા ( દિવસ અને રાત્રિની બે સંધ્યાઓ ), દિવસનો છેલ્લો ત્રીજો ભાગ, **મિશ્ર** ( કૃત્તિકા—વિશાખા ) **ઉગ્ર** ( ત્રણ પૂર્વા-ભરણી-મઘા ) અને મૂલ રહિત **તીક્ષ્ણ** ( આશ્લેષા-જ્યેષ્ટા આર્દ્રા ) એ **નક્ષત્રો** તિથિ નક્ષત્રાદિકની **સંધિ**, રૂધિરનો રંગ લાલાશ વિનાનો તેમ રૂધિર થોડું અથવા ઘણું, ગરથી ૮ **કરણ** (ગર—વણીજ—વિષ્ટિ—શકુની—ચતુષ્પદ—નાગ—કિંસ્તુઘ્ન અને બવ, ) ત્રણ પ્રકારનો ઉત્પાત, પાપગ્રહોનું લગ્ન, લાલ, જુનુ, કાળુ અને નાના પ્રકારના રંગથી ચિત્રેલું એવું સ્ત્રીએ પહેરેલું વસ્ત્ર એ સર્વે આદ્ય ઋતુમાં (સ્ત્રીના પ્રથમ દૂર બેસવામાં) અશુભ છે તે શિવાય શુભ છે. ॥ ૧ ॥

**प्रायश्चंद्रं त्यजांत्याष्टमरिपुतनुगं भांशकौ मूढनाथौ क्रूरेंद्राप्तौ खलांशं मृतिगतखचरं मृत्युतत्पौ तनुस्थो ॥ सौम्याः केंद्रत्रिकोणेष्वरिभवसहजेष्वन्यखेटाः प्रशस्ताः सर्वत्रैतत्प्रयोज्यं प्रकरणपठितांस्तद्विशेषान्विदित्वा ॥ २ ॥**

अन्वयः—**प्रायः अंत्याष्टमं रिपुतनुगं चंद्रं त्यज, मूढनाथौ भांशकौ ( त्यज ), क्रूरेंद्राप्तौ ( भांशकौ त्यज ), तथा खलांशम्( त्यज ), तथामृतिगत खचरम् ( त्यज ), ( जन्मराशि जन्मलग्नाभ्याम् ) मृत्यु तत्पौ तनुस्थौ ( त्यज ), सौम्याः केंद्र त्रिकोणेषु ( प्रशस्ताः स्युः ), अन्यखेटाः अरिभवसहजेषु प्रशस्ताः स्युः, एतत् सर्वत्र प्रयोज्यम् प्रकरण पठितान् तद्विशेषान् विदित्वा ॥ २ ॥**

**अन्वयार्थः—प्रायः** ઘણાઓના મતથી **अंत्य** ૧૨ **अष्टमं** ૮ **रिपु** ૬

( અને ) **तनुगं** લગ્નમાં રહેલો **चंद्रं** ચંદ્રમા **त्यज** ત્યાગ કરવો, **मूढनाथौ** અસ્તગ્રહનું **भांशकौ** લગ્ન અને નવમાંશ બેઉ ( **त्यज** ) ત્યજવાં, **क्रूरेंद्वाप्तौ** પાપગ્રહથી અને ચંદ્રમાથી યુક્ત ( **भांशकौत्यज** ) લગ્ન અને નવમાંશ બેઉ ત્યજવાં, **तथा** તે પ્રકારે **खलांशम्** પાપગ્રહના નવમાંશનું (લગ્ન પણ) ( **त्यज** ) તજવું, **तथा** તે પ્રકારે **मृतिगत खचरम** ૮ મે રહેલો ગ્રહ ( **त्यज** ) તજવો, ( **जन्मराशि जन्मलग्नाभ्यां** ) જન્મ રાશિ અને જન્મ લગ્નથી **मृत्यु** ૮ મુ લગ્ન ( અને ) **तत्पौ** તેનો સ્વામી **तनुस्थौ** લગ્નમાં રહેલો ( **त्यज** ) તજવો, **सौम्याः** શુભગ્રહો **केंद्रत्रिकोणेषु** કેન્દ્ર-ત્રિકોણમાં [ **प्रशस्ताः स्युः** ] શુભ હોય, **अन्यखेटाः** પાપગ્રહો **अरि ६ भव ११ सहजेषु ३** એ સ્થાનોમાં **प्रशस्ताः स्युः** શુભ હોય, **एतत्** આ કહ્યું તે **सर्वत्र** સર્વ કર્મમાં **प्रयोज्यम्** જોવું ( પરન્તુ ) **प्रकरण पठितान्** ( દરેક ) પ્રકરણમાં કહેલું હોય **तत्विशेषान्** તે વિશેષ **विदित्वा** જાણીને. ॥ ૩ ॥

**ભાવાર્થ—સાધારણ લગ્ન બળ**—૧૨, ૮, ૬, ૧ એ સ્થાનોમાં **ચંદ્રમા** હોય તો અશુભ છે, **અસ્તગ્રહનું** લગ્ન અને નવમાંશ અશુભ છે, લગ્ન અને લગ્નનો નવમાંશ **પાપગ્રહથી** અને **ચંદ્રથી** યુક્ત હોય તો લેવો નહિ, પાપગ્રહના નવમાંશનું લગ્ન પણ તજવું લગ્નથી ૮ મે ગ્રહ લેવો નહિ. જન્મરાશિ અને જન્મ લગ્નથી ૮ મું લગ્ન તજવું તેમજ જન્મ લગ્ન તથા જન્મરાશિથી આઠમાસ્થાનનો સ્વામી લગ્નમાં લેવો નહિ ૧, ૪, ૭, ૧૦, ૯, ૫ એ સ્થાનોમાં **શુભગ્રહો** હોય તો શુભ છે, ૬, ૧૧, ૩ એ સ્થાનોમાં **પાપગ્રહો** હોય તો શુભ છે. આ જે કહેલું છે તે સર્વ કર્મમાં જોવું પણ પ્રકરણમાં કહેલું હોય તે વિશેષ જાણીને અર્થાત્ ગર્ભાધાનાદિમાં વિશેષ લગ્નબલ કહ્યું હોય તે પણ જોવું. ॥ ૩ ॥

**स्वर्क्षांप्राङ्न्रचतुष्कासमदिनविवरश्राद्धतत्प्राग्दिनानित्यक्त्वामूलंमघांत्येवसुकलिजनिभाहानि पर्वाणि चर्तौ ॥ याहीज्यार्केंदुलग्नेविंषम-भवक्षोरुद्रलेभोः सुतार्थिन् व्यस्तैरेतैरिहैवायुगहनि मुदितः कन्यके-न्द्रो मुचंद्रे ॥ ४ ॥**

अन्वयः—**भोः सुतार्थिन् ? ऋतौ मुदितःसन् प्राङ्न्र चतुष्का समद्दिन विवर श्राद्ध तत्प्राग्दिनानि, मूलम् मघांत्ये, वसुकलिजनि-**

**भाहानि च पर्वाणि ( एतान् ) त्यक्त्वा, ईज्यार्केंदुलग्नैः विषमभलवगैः उद्बलैः, स्वस्त्रीं याहि, भोः कन्यकेच्छो इहैव अयुगहनि एतैः व्यस्तैः सुचन्द्रे ( सति ) ( स्वस्त्रीं याहि ) ॥ ३ ॥**

अन्वयार्थः—**भोः सूतार्थिन्** હે પુત્રની ઇચ્છા રાખનાર પુરૂષ ! **ऋतौ** ઋતુકાલ પ્રાપ્ત થાય ત્યારે **मुदितः सन्** હર્ષયુક્ત થઇ અને ( સ્ત્રીને ઋતુ આવે ત્યાંથી લઇ **प्राक्निट्चतुष्क** પહેલી ચાર રાત્રિ **असमदिन** વિષમ (એકી) દિવસ **विवर** દિવસ રાત્રિ તિથિ અને નક્ષત્રાદિકની સંધિ **श्राद्धतत्प्राग्दिनानि** માતા પિતાનો શ્રાદ્ધ દિવસ અને તે પહેલાનો દિવસ, **मूलम्** મૂળ **मघान्त्ये** મઘા તથા રેવતી **वसु ८ कालि १४ जनिभम्** જન્મ નક્ષત્ર **अहः** દિવસ **च** અને **पर्वाणि** પર્વ દિવસો ( **एतान्** ) ઇત્યાદિકનો **त्यक्त्वा** ત્યાગ કરી, **ईज्य** ગુરૂ **अर्क** સૂર્ય **इन्दु** ચંન્દ્ર ( અને ) **लग्नैः** લગ્ન તે **विषमभ** વિષમ રાશિ ( તથા વિષમ ) **लवगैः** નવમાંશમાં રહેલ હોય અને **उद्बलैः** બળવાન્ હોય ત્યારે, **स्वस्त्रीं** પોતાની સ્ત્રી સાથે **याहि** સમાગમ કર. **भोः कन्यकेच्छो** હે કન્યાની ઇચ્છા રાખનાર ! **इहैव** ઉપર જણાવેલી ત્યાજ્ય બાબતોનો ત્યાગ કરી **अयुगहनि** એકી દિવસોમાં **एतैः** ગુરૂ ચન્દ્ર અને લગ્ન જ્યારે **व्यस्तैः** પ્રથમ જણાવેલી રિતિથી વિપરીત હોય અને **सुचन्द्रे** સારો ચન્દ્રમા ( **सति** ) હોય ત્યારે **स्वस्त्रीं** પોતાની સ્ત્રી સાથે **याहि** ગમન કર. ॥ ૩ ॥

**ભાવાર્થ**—પુત્રની ઇચ્છા રાખનાર પુરૂષે [૧]ઋતુ પ્રાપ્ત થાય ત્યારે [×]હર્ષ યુક્ત થઇ ઋતુથી પહેલી ચાર રાત્રિ, એકી દિવસ, દિવસ રાત્રિ તિથિ અને નક્ષત્રાદિની સંધિ, માતા પિતાનો શ્રાદ્ધ દિવસ તથા તે પહેલાંનો દિવસ, મૂલ—મઘા અને રેવતી એ નક્ષત્ર, ૮, ૧૪ એ તિથિ, તેમજ જન્મ નક્ષત્ર, દિવસ, અને પર્વ દિવસો ( અમાસ—પુનમ—વ્યતિપાત—વૈધૃતિ—સંક્રાંતિ—મહાપાત વિગેરે ) ઇત્યાદિકનો ત્યાગ કરી ગુરૂ—સૂર્ય ચંદ્ર તેમજ લગ્ન વિષમ ( એકી ) રાશિ તથા વિષમ નવમાંશમાં હોય અને બળવાન્ હોય ત્યારે પોતાની સ્ત્રી સાથે સમાગમ કરવો. અને કન્યાની ઇચ્છા રાખનારે, ઉપર કહેલી તજી દેવાની બાબતોનો ત્યાગ કરી

---

૧ ઋતુકાલ રજોદર્શનથી ૧૬ રાત્રિ સુધી જાણવો.
× સ્ત્રી પણ હર્ષવાળી હોવી જોઇએ.

એકી દિવસોમાં ગુરૂ સૂર્ય ચંદ્ર અને લગ્ન જ્યારે સમ રાશિમાં તથા સમ નવમાંશમાં હોય તેમજ પોતાની રાશિથી ગણતાં ગોચરમાં ચંદ્રમા જ્યારે ઉત્તમ આવતો હોય ત્યારે પોતાની સ્ત્રી સાથે સમાગમ કરવો. ॥ ૩ ॥

**पुंभेऽर्केज्यारवारे विमिथुनविषमांगांशयोः पुंसवं स्यात्सीमंताख्यं च सत्सुव्ययसुतगृहयोः पर्वरिक्तोनतिथ्याम् ॥ मासे द्वित्रिप्रसंख्ये प्रथमकमपरं तुर्यषष्ठाष्टमेषु प्रोक्तं पुंगर्भलग्नं ग्रहबलमनयोर्योज्यमाद्यश्च पक्षः ॥ ४ ॥**

अन्वयः—**पुंभे अर्केज्यारवारे विमिथुन विषमांगांशयोः पुंसवं च सीमंताख्यं सत्स्यात्, सुव्ययसुतगृहयोः ( सतोः ) पर्वरिक्तोनतिथ्याम् ( गर्भाधानात् ) द्वित्रिप्रसंख्येमासि प्रथमकं ( सत्स्यात् ), (यत्) पुंगर्भ लग्नं ग्रहबलम् प्रोक्तम् ( तत् ) अनयोः योज्यम् च आद्यःपक्षः ( योज्यः ) ॥ ४ ॥**

अन्वयार्थः—**पुंभे** પુરૂષ નક્ષત્રમાં **अर्केज्यारवारे** ( **अर्क** રવિ **इज्य** ગુરૂ **आर** મંગલ ) રવિ ગુરૂ અને મંગળવારમાં **विमिथुन** મિથુન રહિત **विषमांगांशयोः** વિષમ લગ્ન અને વિષમ નવમાંશમાં **पुंसवम्** પુંસવન **च** અને **सीमंताख्यम्** સીમંત **सत्स्यात्** શુભ હોય, **सु** પાપગ્રહ રહિત **व्यय १२ सुत ५ गृहयोः** એ સ્થાનો ( **सतोः** ) હોય ( તેમજ ) **पर्व रिक्तोनतिथ्याम्** ( **पर्व १५-३० रिक्ता ४-९-१४** તેથી **उन** રહિત ) ૧૫-૩૦ ૪-૯-૧૪ એ રહિત તિથિઓમાં ( **गर्भाधानात्** ) ગર્ભાધાનથી **द्वित्रिप्रसंख्येमासि** બીજા અથવા ત્રીજા માસમાં **प्रथमकम्** પુંસવન ( **सत्स्यात्** ) શુભ હોય, ( **गर्भात्** ) ગર્ભથી **तुर्यषष्ठाष्टमेषु** ( **मासेषु** ) ચોથા છઠ્ઠા વા આઠમા માસમાં **अपरम्** સીમંત ( **सत्स्यात्** ) શુભ હોય, ( **यत** ) જે પ્રમાણે **पुंगर्भलग्नं ग्रहबलम्** પુરૂષ ગર્ભનું લગ્ન અને ગ્રહબલ **प्रोक्तम्** કહ્યું છે ( **तत्** ) તે પ્રમાણે **अनयोः** પુંસવન અને સીમંતમાં **योज्यम्** જોવું **च** અને **आद्यः पक्षः** શુક્લપક્ષ **योज्यः** લેવો. ॥ ૪ ॥

**ભાવાર્થ—પુંસવન અને સીમંતનું** મુહૂર્ત—પુરૂષ નક્ષત્ર ( પુષ્ય—હસ્ત—પુનર્વસુ—અભિજિત્—પૂર્વાભાદ્રપદ—અનુરાધા અને અશ્વિની ), રવિવાર મંગળવાર અને ગુરૂવાર, મિથુન રહિત વિષમ લગ્ન અને વિષમ

નવમાંશ હોય, અને ૧૨ મે તથા ૫ મે પાપગ્રહ ન હોય, તથા ૧૫, ૩૦, ૪, ૯, ૧૪ એ તિથિઓ વિનાની તિથિઓમાં ગર્ભથી બીજા અથવા ત્રીજા માસમાં પુંસવન અને ગર્ભથી ૪, ૬ કે ૮ એ માસોમાં **સીમંતોન્નયન** કરવું શુભ છે, જેમ ગર્ભાધાનમાં પુરૂષ ગર્ભનું લગ્ન બલ કહ્યું છે તેજ પ્રમાણે પુંસવન અને સીમંતમાં જોવું, અને તેમાં શુક્લ પક્ષ લેવો. ॥ ૪ ॥

**सूतौ जातं विदध्यादपि जनिमरणाशौचके वा तदंते क्षिप्रैर्ब्राह्मोत्तराभिश्चरमृदुभिरथो नाम वर्णा विदध्युः ॥ सूतेः सूर्याष्टिविंशाकृतिमितदिवसे जातभैर्वा चरांगं रिक्ताष्टम्यारमंदान्व्ययगतखचरं प्रोज्झ्य रात्रिं पराह्णम् ॥ ५ ॥**

अन्वयः—**सूतौ जातं विदध्यात् जनिमरणाशौचकेपि ( कुर्यात् ) वा तदंते क्षिप्रैः ब्राह्मोत्तराभिः चरमृदुभिः ( नक्षत्रैः कुर्यात् ), अथ ( ब्राह्मणादयः ) वर्णाः ( क्रमेण ) सूतेः सूर्याष्टिविंशाकृतिमितदिवसे नाम विदध्युः, वा जातभैः ( कार्यम् ), चरांगम् रिक्ताष्टम्यार मंदान् व्ययगत खचरम् रात्रिः अपराह्णम् ( एतान् ) प्रोज्झ्य ॥ ५ ॥**

अन्वयार्थः—**सूतौ** પ્રસૂતિ સમયે ( બાળકને ) **जातम्** જાત કર્મ **विदध्यात्** કરવું ( જન્મ વખતે ) **जनि मरणाशौचकेपि** જન્મનું અને મરણનું સૂતક હોય તો પણ ( **कुर्यात्** ) કરવું **वा** અથવા **तदंते** સૂતકના અંતમાં **क्षिप्रैः** ક્ષિપ્ર **ब्राह्मं** રોહિણી **उत्तराभिः** ત્રણ ઉતરા **चर** ચર **मृदुभिः** મૃદુ ( **नक्षत्रैः** ) એ નક્ષત્રોમાં ( **कुर्यात्** ) કરવું. **अथ** તે પછી ( **ब्राह्मणादयः** ) **वर्णाः** બ્રાહ્મણાદિક વર્ણન **क्रमेण** અનુક્રમે **सूतेः** પ્રસવથી **सूर्य** ૧૨ **अष्टि** ૧૬ **विंश** ૨૦ **आकृति** ૨૨ **मितदिवसे** એ દિવસોમાં **नामविदध्युः** નામ ધારણ કરવું. **वा** અથવા **जातभैः** જાત કર્મના નક્ષત્રોમાં ( **कार्यम्** ) કરવું **चरांगम्** ચર લગ્ન **रिक्त** ૪-૯-૧૪ **अष्टमी** ૮ **आर** મંગલવાર **मंदः** શનિ, **तान्** તે ( અને ) **व्ययगतखचरम्** ૧૨ મે રહેલો ગ્રહ **रात्रि** રાત્રિ **अपराह्णम्** દિવસનો છેલ્લો ત્રીજો ભાગ ( **एतान्** ) એ સર્વેનો **प्रोज्झ्य** ત્યાગ કરવો. ॥ ૫ ॥

**ભાવાર્થ—જાત કર્મનું મુહૂર્ત—બાળકના જન્મ સમયે જાતકર્મ**

કરવું જો તે વખતે મરણ સૂતક કે જન્મ સૂતક હોય તો પણ કરવું અથવા સૂતકના અંતમાં કરવું જો સૂતકના અંતમાં કરે તો તેમાં ક્ષિપ્ર ( અશ્વિની-હસ્ત—અભિજિત્—પુષ્ય, રોહિણી, ત્રણ ઉત્તરા–ચર (શ્રવણ—ધનિષ્ટા—શતભિષા— પુનર્વસુ-સ્વાતી ), મૃદુ ( અનુરાધા—રેવતી-મૃગશિર્ષ-ચિત્રા ), એ નક્ષત્રોમાં કરવું. **નામકર્મ**—બ્રાહ્મણનો જન્મ હોય તો જન્મથી ૧૨ મે દિવસ જન્મેલાનું ( પુત્ર કે કન્યાનું ) નામ ધારણ કરવું. ક્ષત્રિને ૧૬ મે દિવસે વૈશ્યને ૨૦ મે દિવસે અને શુદ્રને જન્મથી ૨૨ મે દિવસ નામ પાડવું. કાલાતીત જાય તો ઉક્ત ક્રમોક્ત નક્ષત્રોમાં એટલે ક્ષિપ્રાદિ ઉપર કહ્યાં છે તેમાં કરવું તેમાં ચર લગ્ન ( ૧, ૪, ૭, ૧૦ ) અશુભ છે ૪, ૯, ૧૪, ૮ એ તિથિ, અને મંગલવાર શનિવાર અશુભ છે. લગ્ન કુંડળીમાં બારમા સ્થાનમાં કોઈ ગ્રહ લેવો નહિ, રાત્રિ અને દિવસનો ત્રીજો ભાગ પણ અશુભ છે માટે તેમાં નામ પાડવું નહિ. ॥ ૫ ॥

**जन्माहाद्द्वादशेऽह्नि ध्रुवमृदुलघुभैर्वा न्यसेत्पालकेऽर्भं सौम्याश्वीज्यध्रुवेंद्रैर्भुवि शुभदिवसे पंचमे मासि दध्यात्॥ एकत्रिंशे दिने वाऽशननिगदितभैः कंबुना योज्यमर्भे ऽयग्वाशास्ये पयोऽथास्यगमवदुदितो निष्क्रमो मासि तुर्ये ॥ ६ ॥**

**अन्वयः—जन्माहात् द्वादशेन्हि पालके अर्भंन्यसेत् वा ध्रुवमृदुलघुभैः ( निदध्यात् ), सौम्याश्वीज्यध्रुवेंद्रैः ( एभिः नक्षत्रैः ) शुभ दिवसे ( जन्मतः ) पंचमे मासि भुवि अर्भं निदध्यात्, एकत्रिंशे दिने ( अर्भे ) कंबुना पयः योज्यम् वा अशननिगदितभैः ऽयग्वाशास्ये, अथ तुर्यमासि अस्य निष्क्रमः गमवत् उदितः ॥ ६ ॥**

अन्वयार्थः—**जन्माहात्** જન્મ દિવસથી **द्वादशेन्हि** ૧૨ મે દિવસે **पालके** પારણામાં **अर्भं** બાળકને **न्यसेत्** સુવાડવું **वा** અથવા **ध्रुव** ધ્રુવ **मृदु** મૃદુ **लघुभैः** લઘુ એ નક્ષત્રોમાં ( **निदध्यात्** ) સુવાડવું, **सौम्यः** મૃગશિર્ષ **अश्विः** અશ્વિની **इज्यः** પુષ્ય **ध्रुवः** ધ્રુવ **इंद्रः** જ્યેષ્ટા ( **एभिः** ) **नक्षत्रैः** એ નક્ષત્રોમાં **शुभदिवसे** શુભ દિવસમાં ( **जन्मतः** ) જન્મથી **पंचमे मासि** પાંચમા માસમાં **भुवि** પૃથ્વી ઉપર **अर्भं निदध्यात्** બાળકને બેસાડવું, **एकत्रिंशेदिने** ૩૧ મે દિવસે ( **अर्भे** ) બાળકને **कंबुना** શંખવડે

पयः દુધ योज्यम् પાવું वा અથવા अन्नप्राशननिगदितभैः અન્ન પ્રાશનમાં કહેલાં નક્ષત્રાદિકમાં ( પાવું ) च्यवाशास्ये ( અને તે સમયે ) રાહુની દિશામાં બાળકનું મુખ ન રાખવું, अथ ત્યાર પછી तुर्येमासि ચોથા માસમાં अस्य બાળકને निष्क्रमः ઘરમાંથી બહાર કાઢવાનું गमवत् યાત્રા પ્રમાણે उदितः કહ્યું છે. ॥ ૬ ॥

ભાવાર્થ—જન્મ દિવસથી ૧૨ મે દિવસ બાળકને પારણામાં સુવાડવું શુભ છે, જો ૧૨ મે દિવસ ન કરે તો ધ્રુવ–મૃદુ–લઘુ એ નક્ષત્રોમાં સુવાડવું શુભ છે, મૃગશિર્ષ–અશ્વિની–પુષ્ય–ધ્રુવ અને જયેષ્ઠા એ નક્ષત્રોમાં શુભ દિવસમાં ( રિકતાદિ વર્જીત ) જન્મથી પાંચમા માસમાં બાળકને જમીનપર બેસાડવું શુભ છે. ૩૧ મે દિવસે બાળકને શંખવડે દુધ પાવું શુભ છે પણ જો તેની માતાને દુધ થોડું આવતું હોય અથવા ન આવતું હોય તો અન્ન પ્રાશનમાં કહેલા નક્ષત્રાદિકમાં બાળકને શંખવડે દુધ પાવું શુભ છે, તે વખતે [1]રાહુની દિશામાં બાળકનું મુખ રાખવું નહિ. ચોથા માસમાં યાત્રાના મુહૂર્તમાં બાળકને ઘરમાંથી બહાર કાઢવાનું શુભ છે, ॥ ૬ ॥

**मैत्रैः क्षिप्रैः स्थिरभचरभैर्व्यानिलाभःपकर्क्षैश्चैकाफापौष्विनशनिकुजर्क्षांशवारानपास्य ॥ रिक्तापर्वेश्वरवसुतिथीन् रात्रिसंध्ये समाब्दं पुंस्त्रीकर्णौ सविधि पटुना दक्षवामादि वेध्यौ ॥ ७ ॥**

**अन्वयः—व्यानिलाभः पकर्क्षैः मैत्रैः क्षिप्रैः स्थिरभचरभैः चैकाफापौषु ( शुभः ), इनशनिकुजर्क्षांशवारान्, रिक्ता पर्वेश्वरवसुतिथीन् रात्रि संध्ये समाब्दम् एतान अपास्य पुंस्त्रीकर्णौ पटुना सविधि दक्षवामादि वेध्यौ ॥ ७ ॥**

* બીજા પ્રકરણના શ્લોકમાં છે.

૧ राहुलक्षणम्–गुरुभान्वो वसेत् प्राच्या ॥ मिन्दौ शुक्रे च याम्ये काल राहुः कुजे प्रत्य गुत्तरे बुध मंदयोः ॥ १ ॥ ભાવાર્થ—ગુરૂ અને રવિના દિવસે રાહુ પૂર્વમાં રહે છે. ચંદ્ર શુક્રના દિવસે દક્ષિણમાં, મંગળવારના દિવસે પશ્ચિમમાં અને બુધ શનિવારના દિવસમાં ઉત્તરમાં રાહુ રહે છે. તેમ અહિંયાં રૂદ્ર તથા યોગિની પણ જે દિશામાં હોય તે દિશાનો ત્યાગ કરવો.

अन्वयार्थः— व्यानिलांभ. पकर्क्षैः ( विगतः રહિત अनिल સ્વાતી अंभः पः શતતારા कर्क्ष રોહિણી ) સ્વાતી શતતારકા અને રોહીણી એ નક્ષત્રો રહિત मैत्रैः મૈત્ર क्षिप्रैः ક્ષિપ્ર स्थिरभ સ્થિર નક્ષત્ર चरभैः ચર નક્ષત્રો અને चै ચૈત્ર का કાર્તિક फा ફાલ્ગુન पौषु પૌષ એ માસો शुभाः) શુભ છે, इनशनिकुजर्क्षांशवारान ( इन રવિ शनि શનિ कुज મંગલનું ऋक्षं લગ્ન अंश નવમાંશ वारान् વાર ) રવિ, શનિ અને મંગલની રાશિનું લગ્ન, નવમાંશ અને વાર रिक्ता ४, ९, १४ पर्व १५, ३० ईश्वर ११ वसु ८ तिथीन् એ તિથિઓ रात्रि રાત્રિ संध्ये રાત્રિ દિવસની સંધિઓ समाब्दम् સમવર્ષ एतान् એ સર્વનો अपास्य ત્યાગ કરી पुंस्त्रीकर्णौ પુરૂષ અને સ્ત્રીના કાન पटुना કુશલ પુરૂષે सविधि વિધિ પ્રમાણે दक्षवामादि ( પુરૂષનો ) પહેલો જમણો ( સ્ત્રીનો ) પહેલો ડાબો એ પ્રમાણે वेध्यौं વિંધવા. ॥ ૮ ॥

ભાવાર્થ—કાનવિંધવાનું મુહૂર્ત—અનુરાધા—રેવતી—મૃગશિર્ષ—ચિત્રા અશ્વિની—હસ્ત—અભિજિત—પુષ્ય—ત્રણ ઉત્તરા—શ્રવણ—ધનિષ્ટા—પુનર્વસુ એ નક્ષત્રો, અને કાર્તિક ચૈત્ર ફાગણ પૌષ એ માસ શુભ છે, રવિ શનિ અને મંગલની રાશિનું લગ્ન નવમાંશ અને તેઓનાવાર અશુભ છે, ૪, ૯, ૧૪, ૧૫, ૩૦, ૧૧, ૮ એ તિથિઓ અશુભ છે રાત્રિ, અને દિવસ રાત્રિની સંધિ અને સમવર્ષ અશુભ છે પુરૂષનો પ્રથમ જમણો કાન અને સ્ત્રીનો પ્રથમ ડાબોકાન એ પ્રમાણે કુશળ પુરૂષે વિધિ પ્રમાણે તેઓના કાન વિંધવા. ॥ ૧૭ ॥

**मासे षष्ठेऽष्टमे नुर्निगदितमशनं पंचमे सप्तमे वा भीरोरुज्झंति नंदाहरिवसुरजनीरिक्तकाः स्वर्क्षमेके ॥ सदृक्कांशाह्वयचांद्रेव्ध्रमृदुचर भक्षिप्रभेऽजालिमीनो नांगेकेंद्रत्रिकोणान्त्यमृतिषुविमलास्विन्दुरिष्टोऽखिलेऽगे ॥ ८ ॥**

**अन्वयः—(जन्मतः) षष्ठेऽष्टमेमासे नुः अशनं-निगदितम्, भीरोः पंचमे वा सप्तमे ( मासे ) ( अशनं मोक्तम् ), अत्र नंदा हरि-वसु-रजनि-रिक्तकाः ( उज्झंति ), च एके स्वर्क्षं अत्र उज्झंति, अथान्द्रे-**

**सद्दृक्कांशान्हि, ध्रुवमृदु चरभं क्षिप्रभे, अजालिमीनोनांगे, केंद्रत्रिकोणांत्य मृतिषु विमलासु ( सतीषु ) अखिलः इंदुः अंगे ( सति ) ( अत्र अन्न प्राशने ) इष्टः स्यात् ॥ ८ ॥**

अन्वयार्थः—( **जन्मतः** જન્મથી ) **षष्टेऽष्टमे मासे** છઠ્ઠા વા આઠમા માસમાં **नुः** પુરૂષને **अशनम्** અન્નપ્રાશન **निगदितम्** કહ્યું છે; **नीरोः** કન્યાને **पंचमेवासप्तमे** ( **मासे** ) પાંચમા અથવા સાતમા માસમાં ( **अशनं प्रोक्तम्** ) અન્ન પ્રાશન કહ્યું છે **अत्र** એમાં **नंदा** ૧–૬–૧૧ **हरि** ૧૨ **वसु** ૮ **रजनि** રાત્રિ **रिक्तकाः** રિકતા ( ૪–૯–૧૪ ) એ સર્વ (**उज्झंति**) ત્યાગ કરવાં, **च** અને **एके** કેટલાક આચાર્યો **स्वर्क्षम्** જન્મનક્ષત્ર **अत्र** અહિં **उज्झंति** તજવાનું કહે છે, **अचान्द्रेसद्दृक्कांशान्हि** ( **अचान्द्रे** ક્ષીણ ચંદ્ર વિના **सद्** શુભ ગ્રહનો **दृक्** દ્રેષ્કાણ **अंश** નવાંશ **अन्हि** દિવસ ક્ષીણ ચંદ્ર વિના શુભ ગ્રહનો દ્રેષ્કાણ નવમાંશ અને દિવસ **ध्रुव** ધ્રુવ **मृदु** મૃદુ **चरभम्** ચર નક્ષત્ર **क्षिप्रभे** ક્ષિપ્ર નક્ષત્ર **अजालिमीनोनांगे** ( **अजमेष अलि** વૃશ્ચિક **मीन** મીન **ऊन** રહિત **अंगे** લગ્ન ) મેષ વૃશ્ચિક અને મીન લગ્ન રહિત લગ્ન **केंद्र** ૧, ૪, ૭, ૧૦ **त्रिकोण** ૫, ૯ **अंत्य** ૧૨ **मृतिषु** ૮ એ સ્થાનોમાં **विमलासु** ( **सतीषु** ) પાપગ્રહો ન હોય **अखिलः इंदुः** પૂર્ણ ચંદ્ર **अंगे** ( **सति** ) લગ્નમાં હોય તો ( **अत्रअन्नप्राशने** ) આ અન્ન પ્રાશનમાં **इष्ट स्यात्** શુભ હોય. ॥ ૮ ॥

**ભાવાર્થ—અન્નપ્રાશનનું** મુહૂર્ત–પુરૂષને જન્મથી છઠ્ઠે અથવા આઠમે મહિને અન્નપ્રાશન કરાવવું કન્યાને જન્મથી પાંચમે અથવા સાતમે મહિને અન્નપ્રાશન કરાવવું એમાં ૧–૬–૧૧–૧૨–૮—૪–૯–૧૪ એ તિથિઓ અને રાત્રિ અશુભ છે કેટલાક આચાર્યો જન્મ ×નક્ષત્ર અશુભ કહે છે, શુભગ્રહનો દ્રેષ્કાણ અને નવમાંશ અને દિવસ ( વાર ) શુભ છે ક્ષીણ ચંદ્રમાનો દ્રેષ્કાણ, નવમાંશ અને દિવસ અશુભ છે. ધ્રુવ—મૃદુ—ચર—ક્ષિપ્ર–આ નક્ષત્રો શુભ છે મેષ વૃશ્ચિક મીન ( ૧, ૮, ૧૨ ) એ લગ્ન અશુભ છે અર્થાત્ બાકીના લગ્ન શુભ જાણવાં અને લગ્નથી ૧, ૪, ૭, ૧૦, ૫, ૯, ૧૨, ૮ એ સ્થાનોમાં પાપગ્રહ હોય તો અશુભ છે.

અહિં પૂર્ણચંદ્રમા લગ્નમાં હોય તો શુભ છે. ॥ ૮ ॥

---

× ઘણા આચાર્યો જન્મ નક્ષત્ર લેવાનું કહે છે આગળ લીધેલું પણ છે વિ० પ્ર० શ્લોક ૫૫ માં.

**गर्भाद्यन्नाशनांतेषु न गुरुसितयोर्बाल्यवार्ध्ये च मौढ्यं जह्यात्काऌस्य रोधाद्धरिगुरुमयनं याम्यमूनाधिमासौ ॥ एतच्चौलादिषूज्झेदथ गुरुसितयोर्बाल्यवार्ध्ये नगाहे चाथो शाखेशमौढ्ये व्रतमपि निगमारंभमार्यो न कुर्यात् ॥ ९ ॥**

अन्वयः—**गर्भाद्यन्नाशनांतेषु गुरुसितयोः बाल्यवार्द्धये च मौढ्यं न जह्यात्, ( कस्माद्धेतोः ) कालस्यरोधात्, हरिगुरुम् याम्यं अयनम् ऊनाधिमासौ ( न त्यजेत् ), एतत् चौलादिषु ऊज्झेत्, अथ गुरुसितयोः बाल्यवार्द्धये नगाहे, अथ शाखेश मौढ्ये ( सति ) व्रतम् च निगमारंभम् अपि आर्यः न कुर्यात् ॥ ९ ॥**

अन्वयार्थः—**गर्भाद्यन्नाशनांतेषु** ગર્ભાધાનથી અન્નપ્રાશન સુધીમાં **गुरुसितयोः** ગુરૂ શુક્રનો **बाल्य** બાલત્વ **वार्द्धये** વૃદ્ધત્વ **च** અને **मौढ्यं** અસ્ત **न जह्यात्** ન ત્યાગ કરવો, ( **कस्माद्धेतोः** ) શા કારણથી **कालस्यरोधात्** કાલનો રોધ થાય તે માટે **हरि** હરિ સિંહ રાશિનો **गुरुम्** બૃહસ્પતી **याम्यंअयनम्** દક્ષિણાયન **ऊनाधिमासौ** ક્ષય માસ અધિમાસ ( પણ ) ( **न त्यजेत्** ) ન ત્યાગ કરવા, **एतत्** એ ગુરૂ શુક્રનો અસ્તાદિક **चौलादिषु** ચૌલાદિક કર્મમાં **उज्झेत्** ત્યાગ કરવો, **अथ** તે પછી **गुरुसितयोः** ગુરૂ શુક્રનું **बाल्य** બાલત્વ **वार्द्धये** વૃદ્ધત્વ **नगाहे** સાત દિવસ સુધી જાણવું. **अथ** ત્યાર પછી **शाखेश** શાખાનો સ્વામી **मौढ्ये** ( **सति** ) અસ્તનો હોય તો **व्रतं** વ્રતબંધ **च** અને **निगमारंभम्** વેદારંભ **अपि** પણ **आर्यः** શ્રેષ્ટ પુરૂષે **न कुर्यात्** ન કરવો. ॥ ૯ ॥

**ભાવાર્થ**—ગર્ભાધાનથી અન્નપ્રાશન સુધી ગુરૂ શુક્રનો *બાલત્વ વૃદ્ધત્વ દોષ અને અસ્તનો ત્યાગ ન કરવો કારણ કે તે કર્મનો કાલ વિતિ જાય માટે તેમજ સિંહ રાશિનો ગુરૂ, દક્ષિણાયન, અધિમાસ, અને ક્ષય માસનો પણ તેમાં ત્યાગ ન કરવો અર્થાત્ તેનો દોષ નથી ગુરૂ

* ગુરૂ કે શુક્રનો ઉદય થાય તે પછીના ૭ દિવસ બાલત્વના છે અને ગુરૂ કે શુક્રનો જે દિવસે અસ્ત થાય તે પહેલાના ૭ દિવસ વૃદ્ધત્વના જાણવા.

શુક્રનો અસ્તાદિક દોષ ચૌલાદિક કર્મમાં ત્યાગ કરવો ગુરૂ શુક્રનો બાલત્વ વૃદ્ધત્વ દોષ ૭ દિવસ સુધી જાણવો. શાખા (વેદ )પતિ અસ્તનો હોય તો શ્રેષ્ટ પુરૂષે યજ્ઞોપવિત કરવું નહિ અને વેદારંભ પણ કરવો નહિ. ॥૯॥

**चौलं माघादिपंचस्वमधुषु गदितं द्वित्रिपंचोन्मितेऽब्दे स्वाचाराद्वा सगर्भा यदि भवति जनन्यत्र नो कार्यमेतत् ॥ साकं यत्रोपनीत्या क्रियत इह तदाऽयं निरोधो न हि स्याज्जह्यादंबार्तवेऽद्ो व्रतमुपयमनं चाविशुद्धेः शुभार्थी ॥ १० ॥**

**अन्वयः—अमधुषु माघादि पंचसु ( मासेषु ) चौलम् गदितम्, द्वित्रिपंचोन्मितेऽब्दे वा स्वाचारात् ( कार्यम् ), अत्र जननी यदि सगर्भा भवति एतत् नो कार्यम्, यत्र उपनीत्या साकम् क्रियते तदा इह यन्निरोधो न स्यात्, अंबार्तवे अदः व्रतम् च उपयमनम् आविशुद्धेः शुभार्थी ( नरः ) ( एतत्त्रयम् ) जह्यात् ॥ १० ॥**

अन्वयार्थः—**अमधुषु** ચૈત્ર રહિત **माघादि पंचसु ( मासेषु )** માઘાદિ પાંચ માસમાં **चौलम्** ચૌલકર્મ **गदितम्** કહ્યું છે **द्वित्रिपंचोन्मितेऽब्दे** ૨–૩ કે પાંચમા વર્ષમાં **वा** અથવા **स्वाचारात्** પોતાના કુલાચારથી **(कार्यम्)** કરવું, **अत्र** એ વર્ષોમાં **जननी** બાલકની માતા **यदि** જો **सगर्भा भवति** ગર્ભવતી હોય તો **एतत्** ચૌલ કર્મ **नोकार्यम्** ન કરવું **यत्र** જો **उपनीत्यासाकम्** ઉપનયન સાથે **क्रियते** કરે **तदा** તો **इह** ચૌલમાં **यन्निरोधो** ચૈત્રમાસ અને માતા ગર્ભવતી હોય તેનો દોષ **न स्यात्** નથી **अंबार्तवे** માતા રજસ્વલા હોય ત્યારે **अदः** ચૌલ **व्रतम्** વ્રત બંધ **च** અને **उपयमनम्** વિવાહ **आविशुद्धेः** શુદ્ધિ પર્યંત **शुभार्थी [ नरः ]** શુભ ઇચ્છનાર પુરૂષે **[ एतत्त्रयम् ]** એ ત્રણે કર્મનો **जह्यात्** ત્યાગ કરવો. ॥ ૧૦ ॥

**ભાવાર્થ—ચૌલનું**+ મુહૂર્ત—માઘ ફાગણ વૈશાખ જ્યેષ્ટ એ માસોમાં તેમજ ૨, ૩, કે ૫ એ વર્ષમાં ચૌલ કરવું અથવા પોતાના કુલાચારથી કરવું એ વર્ષો ( ૨, ૩, ૫ ) માં બાલકની માતા ગર્ભવતી હોય તો ન કરવું જો ૫ વર્ષ ઉપર માતા ગર્ભવતી હોય તોપણ કરવું. વ્રતબંધની સાથે કરે તો ચૈત્ર માસ અને માતા ગર્ભિણી હોય તો પણ

+ બાલકને પ્રથમ બાધા ઉતરાવે છે તેને ચૌલ કહે છે.

કરવું એ વખતે તેનો દોષ નથી બાલકની માતા રજસ્વલા હોય તો ચૌલ વ્રતબંધ અને વિવાહ કરવો નહિ શુદ્ધિ પછીથી સઘળું કરવું. ॥૧૦॥

**कार्यं वर्णैरिनारार्किशनिषु निखिलैर्ज्ञत्रये शुक्रसोमे द्व्यंत्यद्व्यादित्यश क्रेंदुभिरिनहरितस्त्रित्रिभैश्चौलकर्म ॥ घूनेऽर्कारार्किशुक्रा गतकविनिखिला मृत्युगा मृत्युदाः स्युर्व्यब्जाःसंतोंऽत्य इष्टास्त्यज गुरुशशिनौ रात्रिरंध्रे च रिक्ताः ॥ ११ ॥**

अन्वयः—( विप्रादिभिः ) वर्णैः (क्रमेण) इनारार्किशनिषु चौलकर्म कार्यम्, निखिलैः ( वर्णैः ) ज्ञत्रये शुक्र सोमे ( कार्यम् ) द्व्यंत्यद्व्यादित्यश क्रेंदुभिः इन हरितः त्रित्रिभैः ( कार्यम् ), घूनेऽर्कारार्कि शुक्राः अत्र (मृत्युदाः स्युः ) गतकविनिखिलाः मृत्युगाः मृत्युदाः स्युः व्यब्जाः संतोंऽत्ये इष्टाः स्युः गुरु शशिनौ रात्रि रंध्रे च रिक्ताः (एतान् ) त्यज ॥ ११ ॥

अन्वयार्थः—( विप्रादिभिः ) वर्णैः બ્રાહ્મણાદિ વર્ણને ( क्रमेण ) અનુક્રમે इन રવિ आर મંગલ आर्कि શનિ शनिषु શનિએ વારોમાં चौलकर्म ચૌલકર્મ कार्यं કરવું निखिलैः ( वर्णैः ) સર્વ વર્ણને ज्ञत्रये બુધથી ત્રણ ( અને ) शुक्रसोमे શુક્લ પક્ષના સોમવારે ( कार्यम् ) કરવું, द्व्यंत्यम् રેવતીથી બે द्व्यादित्यम् પુનર્વસુથી બે शाक्रम् જયેષ્ઠા इंदुभि મૃગશિર્ષ એ નક્ષત્રોમાં ( અને ) इन હસ્તથી ( અને ) हरितः શ્રવણથી त्रित्रिभैः ત્રણ ત્રણ નક્ષત્રોમાં ( कार्यम् ) કરવું, घूने સપ્તમ સ્થાને अर्कः સૂર્ય आरः મંગલ आर्किः શનિ शुक्रः શુક્ર એ સર્વ अत्र ચૌલમાં ( मृत्युदाः स्युः ) મરણ દાયક હોય. गतकवि શુક્ર રહિત निखिलाः સર્વે मृत्युगाः અષ્ટમ સ્થાને રહેલા मृत्युदाः स्युः મરણ દાયક હોય, व्यब्जाः ચંદ્ર રહિત એવા संतः શુભ ગ્રહો अंत्ये બારમે इष्टाः स्युः શુભ હોય गुरु ६ शशिनौ ૧૫ रात्रिः રાત્રિ रंध्रे ૯ સંખ્યાઓ च અને रिक्ता ૪; ૯; ૧૪ (एतान्) એ સર્વ त्यज ત્યાગ કરવાં. ॥ ૧૧ ॥

ભાવાર્થ—બ્રાહ્મણ રવિવારે ક્ષત્રિ મંગલવારે વૈશ્ય અને શુદ્ર શનિવારે, તેમજ બ્રાહ્મણાદિ સર્વ વર્ણ બુધ—ગુરૂ—શુક્રવારોમાં તથા

શુકલ[1] પક્ષના સોમવારમાં ચૌલ કરેતો શુભ છે. તેમાં રેવતી–અશ્વિની–પુનર્વસુ—પુષ્ય–જ્યેષ્ઠા–મૃગશિર્ષ—હસ્ત–ચિત્રા–સ્વાતી—શ્રવણુ— ધનિષ્ટા—શતભિષા એ નક્ષત્રો શુભ છે. લગ્ન શુદ્ધિ–સાતમે સૂર્ય–મંગલ–શનિ અને શુક્ર હોય તો મરણુ કરે છે. અને શુક્ર વિના સર્વ ગ્રહ ૮ મે મૃત્યુ દાયક છે ચંદ્ર વિના શુભ ગ્રહો બારમે શુભ છે ૬, ૧૫, ૪, ૯, ૧૪ એ તિથિઓ રાત્રિ અને બે સંધ્યાઓ અશુભ છે. ॥ ૧૧ ॥

भुक्ताभ्यक्तोपवासीश्वरजनयुवतिप्राग्वयस्काश्च योगी यात्रायुद्धोन्मुखा ये कृतदिनविधयोऽस्त्यंबकास्ते न मुंड्याः ॥ सीमंतोर्ध्वं न पत्युर्नखकचलवनं दूरदेशप्रयाणं वृक्षच्छेदः समुद्रप्लुतिमृतहरणे स्यादृतेऽवश्यकार्यात् ॥ १२ ॥

अन्वयः—भुक्ताभ्यक्तोपवासीश्वरजनयुवति प्राग्वयस्काः योगी यात्रा युद्धोन्मुखाः कृतदिनविधयः अस्त्यंबकाः ते (अवश्यकार्यादृते) मुंड्याः न [भवंति], सीमंतोर्ध्वम् पत्युः नखकचलवनम् दूर देशप्रयाणम् वृक्षच्छेदः समुद्राप्लुतिमृतहरणे अवश्य कार्यादृते नस्यातम् ॥ १२ ॥

अन्वयार्थः—भुक्तः ભોજન કરી રહેલો अभ्यक्तः તેલ ચોળી રહેલો उपवासी ઉપવાસ કરનાર ईश्वरजनः રાજસેવક વા સમર્થ युवतिः સૌભાગ્યવતી સ્ત્રી प्राग्वयस्काः પ્રથમ વયવાળો योगी રાજયોગી यात्रायुद्धोन्मुखाः ( यात्रा પ્રયાણુ युद्धम् યુદ્ધ તરફ उन्मुखाः પ્રવર્તિત ) પ્રયાણમાં અને લડાઇમાં જનાર कृतदिनविधयः નિત્ય કર્મથી રહિત अस्त्यंबकाः જેના પિતા જીવતા છે ते તેઓએ ( अवश्य कार्यादृते ) અવશ્ય કાર્ય વિના मुंड्याः મુંડન न (भवंति) ન કરાવવું, (सीमंतोर्ध्वम् સીમંત થયા પછી पत्युः પતિએ नखकचलवनम् ) नख નખ कच કેશનુ लवनम् છેદન ) નખ અને કેશનું છેદન दूरदेश દૂરદેશ તરફ प्रयाणम् પ્રયાણુ वृक्षच्छेदः ઝાડનું છેદન समुद्राप्लुतिः સમુદ્રમાં સ્નાન मृतहरणम् પ્રેતાનું ગમન ઇત્યાદિ अवश्यकार्यादृते અવશ્ય કાર્ય વિના नस्यात् ન કરવું. ૧૨

---

૧ કૃષ્ણુપક્ષમાં ચંદ્રમાં ક્ષીણુ હોવાથી તે અશુભ છે માટે શુકલપક્ષને હોય તો લેવો.

**ભાવાર્થ**—ભોજન કરી રહેલો, તેલ લગાડી રહેલો, ઉપવાસ કરનાર, રાજ સેવક વા સમર્થ. સૌભાગ્યવતી સ્ત્રી, પહેલી વયનો મનુષ્ય, રાજયોગી યાત્રાએ જનાર, યુદ્ધમાં જનાર, નિત્યકર્મ કરી રહેલો, જેના પિતા વિદ્યમાન ( જીવતો) હોય, એ સર્વેએ અવશ્ય કાર્ય વિના **મુંડન** એટલે હજામત કરાવવી નહિ **ગર્ભવતી સ્ત્રીના પતિએ** સીમંત સંસ્કાર થયા પછી નખ અને કેશનું છેદન કરવું નહિ, ઝાડ કાપવું નહિ, દૂર દેશ જવું નહિ, સમુદ્રમાં સ્નાન કરવું નહિ અને મડદા સાથે જવું નહિ, પણ અવશ્ય કાર્યમાં તેનો દોષ નથી. **જેમકે** સીમંત થયા પછી તેના પતિને કેશનું છેદન કરવું નહિ તેમ કહ્યું છે પણ તે વખતે પિતાનું મરણ થયું હોય તો મુંડન કરાવવું, તેમજ દૂર દેશમાં પ્રયાણ કરવાની મના છે છતાં પણ કોઈ કારણને લેઇ દેશ વિપ્લવ ( દેશપર ભય) આવ્યો હોય તો બીજા દેશમાં જવું માટે તેના અવશ્ય કાર્યમાં દોષ નથી.

**क्षौरं चौलोक्तभादौ गदितमथ रविक्षेत्रगंगाध्वराग्न्याधाने पित्रोर्विनाशे द्विजनृपकथने सर्वदा क्षौरमिष्टम् ॥ मित्रत्र्यर्कादितींद्रांतिमहरितुरगैः पंचमेऽब्दे व्रतात्प्राग्विद्यारंभोक्तकालेऽक्षरविधिरघटे सौम्यसंज्ञेऽयनेऽर्के ॥ १३ ॥**

अन्वयः—**चौलोक्तभादौ क्षौरम् गदितम्, अथ रविक्षेत्रम् गंगाध्वराग्न्याधाने पित्रोः विनाशे द्विज नृपकथने सर्वदा क्षौरम् इष्टम् स्यात्, मित्रत्र्यर्कादितींद्रांतिमहरितुरगैः ( एभिः नक्षत्रैः ), ( जन्मतः ) पंचमेऽब्दे व्रतात्प्राक् विद्यारंभोक्तकाले अघटे सौम्यसंज्ञे अयने अर्के सौम्यसंज्ञे अयने अर्के ( सति ) अक्षर विधिः ( शुभः स्यात् )॥१३॥**

अन्वयार्थः—**चौलोक्तभादौ** ચૌલમાં કહેલા નક્ષત્રાદિકમાં **क्षौरम्** ક્ષૌર **गदितम्** કહ્યું છે **अथ** તે પછી **रविक्षेत्रम्** ભાસ્કર ક્ષેત્રમાં **गंगा** ગંગામાં **अध्वरः** યજ્ઞમાં **अग्न्याधाने** અગ્નિ હોત્રમાં **पित्रोः विनाशे** માતા પિતાનાં મરણમાં ( તેમજ ) **द्विजनृपकथने** બ્રાહ્મણ અને રાજાની આજ્ઞાથી **सर्वदा** હમ્મેશાં **क्षौरम्** ક્ષૌર **इष्टम् स्यात्** ઇષ્ટ છે, **मित्र** અનુરાધા **त्र्यर्कम्** હસ્તથી ત્રણ **अदितिः** પુનર્વસુ **इंद्रः** જ્યેષ્ટા **अंतिमं** રેવતી **हरिः** શ્રવણ **तुरगः** અશ્વિની ( **एभिःनक्षत्रैः** ) એ નક્ષત્રોમાં ( **जन्मतः** ) જન્મથી **पंचमेऽब्दे**

પાંચમે વર્ષે **व्रतात् प्राक्** વ્રતબંધથી પહેલાં **विद्यारंभोक्तकाले** વિદ્યારંભમાં કહેલા સમયમાં **अघटे** કુંભ રહિત એવા **सौम्यसंज्ञे अयने अर्के (सति)** ઉત્તરાયનના સૂર્યમાં **अक्षरविधिः** અક્ષર વિધિ ( **शुभ स्यात्** ) શુભ હોય. ॥ ૧૩ ॥

**ભાવાર્થ**—ચૌલ કર્મમાં કહેલાં નક્ષત્રાદિકમાં **ક્ષૌર કરાવવું** અને ભાસ્કર ક્ષેત્રમાં, ગંગાપર, યજ્ઞમાં, અગ્નિહોત્રમાં, માતા પિતાના મરણ પ્રસંગે તેમજ બ્રાહ્મણની આજ્ઞાથી, અને રાજાની આજ્ઞાથી સદૈવ (હમેશાં) ક્ષૌર કરાવવું એટલે તેમાં નક્ષત્રાદિક જોવાની જરૂર નથી. અનુરાધા—હસ્ત–ચિત્રા–સ્વાતી–પુનર્વસુ–જ્યેષ્ટા–રેવતી–શ્રવણ–અશ્વિની એ નક્ષત્રોમાં જન્મથી પાંચમા વર્ષમાં વ્રતબંધથી પહેલાં વિદ્યારંભના ×મુહૂર્તમાં કુંભ સંક્રાંતિ વિના ઉત્તરાયનના સૂર્યમાં **બાળકને અક્ષરનો આરંભ** કરાવવો શ્રેષ્ટ છે. ॥ ૧૩ ॥

**विप्रादेर्गर्भतोऽब्देऽष्टशिवरविमिते जन्मतो वा व्रतं स्यादत्रानिष्टेऽपि जीवेऽनिमिषरविमधौ कार्यमब्दस्य दाढ्यात् ॥ स्वाब्दादूर्ध्वं क्रमाद्द्विगुणितशरदो निघ्रमब्दक्रमेण पंचाष्टांकाब्दतो वा मपठनरुचितः शस्तमेषां तदाहुः ॥ १४ ॥**

अन्वयः—**विप्रादेः गर्भतः वा जन्मतः अष्ट शिवरविमितेऽब्दे व्रतं स्यात्, अत्र जीवे अनिष्टे ( सति ) अपि अनिमिषरविः मधौ (सति) अब्दस्यदाढ्यात् ( व्रतं कार्यं ), स्वाब्दात् उर्ध्वं क्रमात् अद्विगुणित शरदः अब्दक्रमेण निघ्रम्, वा मपठनरुचितः पंचाष्टांकाब्दतः एषां तत् ( मुनयः ) शस्तं आहुः ॥ १४ ॥**

अन्वयार्थः—**विप्रादेः** બ્રાહ્મણાદિકને **गर्भतः** ગર્ભથી **वा** અથવા **जन्मतः** જન્મથી **अष्ट** ૮ **शिव** ૧૧ **रविमितेऽब्दे** ૧૨ એ વર્ષોમાં **व्रतं** વ્રતબંધ **स्यात्** હોય, **अत्र** એ વર્ષોમાં **जीवे** ગુરૂ **अनिष्टे** ( **सति** ) અશુભ હોય **अपि** તો પણ **अनिमिषरविः** જો મીન રાશિનો સૂર્ય **मधौ** ( **सति** ) ચૈત્રમાં હોય તો **अब्दस्यदाढ्यात्** વર્ષ બળથી ( **व्रतंकार्य** ) વ્રતબંધ કરવું

× આજ પ્રકરણના શ્લોક ૧૮ માં છે.

**स्वाब्दात्** પોતાના વર્ષથી **ऊर्ध्वं** ઉપર **क्रमात्** અનુક્રમથી **आह्निगुणितशरदः** પોતપોતાના બમણા વર્ષ સુધીમાં **अब्दक्रमेण** વર્ષના અનુક્રમથી ઉત્તરોત્તર વર્ષો **नियम्** નિંદિત છે. **वा** પણ જો બાળકને **प्रपठनरुचितः** ભણવાની તીવ્ર ઈચ્છા હોય તો **पंचाष्टांकाब्दतः** ( **पंच ५ अष्ट ८ अंक ९** ) ૫ મે ૮ મે ૯ મે વર્ષે **एषां** વિપ્રાદિને **तत्** વ્રતબંધ ( **मुनयः** ) મુનિઓ **शस्तं** શુભ **आहुः** કહે છે. ॥ ૧૪ ॥

**ભાવાર્થ—વ્રતબંધનું મુહૂર્ત—**બ્રાહ્મણ-ક્ષત્રીય અને વૈસ્યને જન્મથી અથવા ગર્ભથી અનુક્રમે ૮, ૧૧, ૧૨ એ વર્ષોમાં ઉપવિત આપવું એ વર્ષોમાં ગુરૂ અનિષ્ટ હોય તો પણ જો મીનનો સૂર્ય ચૈત્ર માસમાં હોય તો વર્ષબલથી વ્રતબંધ શુભ છે, પોતપોતાના કહેલાં વર્ષોથી બમણાં એટલે કે બ્રાહ્મણને ૮ થી ૧૬ વર્ષ સુધી, ક્ષત્રીને ૧૧ થી ૨૨ અને વૈસ્યને ૧૨ થી ૨૪ સુધીનાં વર્ષો એક પછી એક વર્ષ નિંદિત છે જેમકે બ્રાહ્મણને ૮ પછીનું ૯ મું નિંદિત છે અને ૯ પછીનું ૧૦ મું તેથી પણ વધારે નિંદિત છે તેમ એક પછી એક વર્ષ વધુ નિંદિત છે એવી રીતે ક્ષત્રિ વૈસ્યને માટે પણ જાણવું. તે પછી એટલે બ્રાહ્મણને ૧૬ વર્ષ પછી ક્ષત્રીને ૨૨ પછી અને વૈસ્યને ૨૪ પછી ઉપવિતનો અધિકાર નથી.

બાલકને ભણવાની ( વેદાદિક ) તીવ્ર ઇચ્છા હોય તો બ્રાહ્મણને ૫ મે વર્ષે, ક્ષત્રીયને ૮ મે વર્ષે અને વૈસ્યને ૯ મે વર્ષે ઉપવિત શુભ છે એ પ્રમાણે મુનિઓ કહે છે. ॥ ૧૪ ॥

**राशेः षट्त्र्यायखस्थो गुरुरिह शुभदः पूजया स्यात्तथापि मां-स्त्योंऽबुस्थोऽष्टमो नो यदि निजगृहगस्तुंगगोऽत्रापि शस्तः॥एवं कन्य-र्क्षतः स्यादतितरगुणिनो लब्धये वाऽतिकालेऽनिष्टोऽपीह द्विरर्च्योऽष्ट-मभवनगतः शोभनः स्यात्त्रिरर्च्यः ॥ १५ ॥**

**अन्वयः—( जन्म ) राशेः षट्त्र्यायखस्थो गुरुः इह पूजया शुभदः स्यात्, मांत्योंबुस्थोऽष्टमो तथापि नो ( शुभदः स्यात् ), (सः) यदि निज गृहगः वा तुंगगः अत्रापि शस्तः स्यात्, एवं कन्यर्क्षतः स्यात्, अतितरगुणिनो (वरस्य) लब्धये वा अतिकाले अनिष्टोपि**

**इह द्विरर्च्यः ( शोभनः स्यात् ), अष्टमभवनगतः त्रिरर्च्यः शोभनः स्यात् ॥ १५ ॥**

अन्वयार्थः—( **जन्म** ) **राशेः** જન્મ રાશિથી **षट्** ૬ ઠ્ઠે **त्रि** ૩ જે **आद्य** ૧ લે ( અને ) **खस्थः** ૧૦ મે રહેલો **गुरुः** ગુરૂ **इह** વ્રતબંધમાં **पूजया** પૂજન કરવાથી **शुभदः स्यात्** શુભફળ આપનાર હોય, **प्रांत्यः** ૧૨ મે **अंबु** ૪ થે ( અને ) **अष्टमस्थः** ૮ મે રહેલો **तथापि** પૂજન કરવાથી પણ **नो** ( **शुभद स्यात्** ) શુભફળ આપનાર ન હોય, ( **सः** ) ગુરૂ **यदि** જો **निजगृहगः** સ્વરાશિમાં રહેલો **वा** અથવા **तुगगः** ઉચ્ચમાં રહેલો હોય તો **अत्रापि** અશુભસ્થાનોમાં પણ **शस्तःस्यात्** શુભ હોય, **एवं** એજ પ્રમાણે **कन्यर्क्षतः** કન્યાની રાશિથી પણ **स्यात्** હોય, **अतितर गुणिनो** ઘણા ગુણવડે યુક્ત ( **वरस्य** ) વર **लब्धये** પ્રાપ્ત થયે **वा** અથવા **अतिकाले** કન્યાકાલ વિતિ જતો હોય તો **अनिष्टोपि** અશુભ સ્થાનોમાં રહેલો ગુરૂ પણ **इह** અહિંઆં **द्विरर्च्यःधि** ગુણ પૂજા કરવાથી ( **शोभन.स्यात्** ) શભ હોય, **अष्टमभवनगत** ૮ મા સ્થાનમાં રહેલો **त्रिरर्च्यः** ત્રણ ગણું પૂજન કરવાથી **शोभनः स्यात्** શુભ હોય. ॥ ૧૫ ॥

**ભાવાર્થ**—ગુરૂનું બલ-જન્મ રાશિથી ૩, ૬, ૧, ૧૦ એ [1]સ્થાનોમાં ગુરૂ હોય તો અહિંયાં વ્રતબંધમાં [2]પૂજન કરવાથી તે શુભ થાય છે અને ૧૨, ૪, ૮ એ સ્થાનોમાં ગુરૂ હોય તો પૂજાથી પણ શુભ થતો નથી પણ જો તે ૪, ૮, ૧૨ મે રહેલો ગુરૂ, ધન કે મીન રાશિનો અથવા કર્ક રાશિનો હોય તો શુભ જાણવો. એ પ્રમાણે કન્યાની જન્મ રાશિથી પણ લગ્ન સમયે ગુરૂનું બલ જોવું, ઘણા ગુણવાળા વરની પ્રાપ્તિને લીધે અથવા કન્યાની ઉમ્મર વિતિ જતી હોય તો ૪ થે અને ૧૨ મે રહેલા ગુરૂની બમણી પૂજા કરવાથી તે શુભ થાય છે અને ૮ મે રહેલા ગુરૂનું ત્રણ ગણું પૂજન કરવાથી તે શુભ થાય છે. ॥ ૧૫ ॥

---

૧ ગોચરમાં રહેલો ગુરૂ જોવો જેમકે પોતાની જન્મરાશિ મિથુન છે અને ચાલુ વ્રતબંધના સમય વખતે ( ગોચરમાં ) ગુરૂ તુલા રાશિનો છે તો મિથુન રાશિથી ગણતાં ૫ મો થયો તો તે શુભ જાણવો.

૨ તેનું પૂજન એકગણું કરવું.

द्वीष्वायागांकसंस्थो व्ययजलनिधनत्र्यभ्रगैश्चेन्न विद्धः शस्तोऽनिष्टोऽपि वामं शुभ इह खचरैर्वेधितो नोऽष्टमस्थः ॥ शुक्रे माघादिपंचस्विनशुभदिवसे प्राग्दलेऽह्नो व्रतं सत्त्यक्त्वानध्यायरिक्तातिथिमुनिमदनांश्चंद्रभागं प्रदोषम् ॥ १६ ॥

अन्वयः—द्वीष्वायागांक संस्थो [ गुरुः ] शुभः स्यात् ( तदा कदा यदि ) व्ययजल निधनत्र्यभ्रगैः खचरैः नोविद्धः [ स्यात्तदा ] शस्तः स्यात्, अनिष्टोपि [ व्ययजलनिधनत्र्यभ्रगोपि ] वामंविद्धः सन् [ द्वीष्वायागांकसंस्थैः खचरैः वेधितः सन् ] इह शुभः स्यात्, अष्टमस्थः वेधितः न ( शुभदः स्यात् ), शुक्रे माघादिपंचसु ( मासेषु ) इन शुभ दिवसे अन्हः प्राग्दले व्रतम् सत्स्यात्, अनध्यायरिक्ता तिथिमुनि मदनान् चंद्रभागम् प्रदोषम् [ एतान् ] त्यक्त्वा. ॥ १६ ॥

अन्वयर्थः—द्वि २ इषु ५ आय ११ अग ७ अंक ९ એ સ્થાનોમાં संस्थः રહેલો ( गुरुः ) ગુરૂ शुभःस्यात् શુભ હોય, ( तदाकदा ) તે કયારે કે ( यदि ) જો व्यय १२ जल ४ निधन ८ त्रि ३ अभ्र १० એ સ્થાનોમાં गैः રહેલા चचरैः ગ્રહોથી नो विद्धः ( स्यात्तदा ) વિદ્ધન હોય ત્યારે शस्तःस्यात् શુભ હોય अनिष्टोपि ( व्ययजलनिधनत्र्यभ्रगोपि ) १२, ४, ८. ३, १० એ સ્થાનોમાં રહેલો અશુભ પણ वामंविद्धःसन ( द्वीष्वायागांक संस्थैः २, ५, ११, ७, ९ એ સ્થાનોમાં રહેલા खचरैः ગ્રહોથી वेधितःसन् વિદ્ધ હોય તો ) વામવેધથી इह વ્રતબંધમાં કે વિવાહમાં शुभः स्यात् શુભ હોય अष्टमस्थः ૮ મે રહેલો वेधितः વામવેધથી પણ न ( शुभदः स्यात् ) શુભફળ આપનાર ન હોય, शुक्रे શુકલપક્ષમાં माघादिपंचसु ( मासेषु ) માઘથી પાંચ માસમાં इन રવિ शुभदिवसे શુભ ગ્રહના દિવસે अन्हः प्राग्दले દિવસના પૂર્વાર્દ્ધમાં व्रतम् વ્રતબંધ सत्स्यात् શુભ હોય, अनध्याया: અનધ્યાયો रिक्तातिथि ४–९–१४ मुनि ७ मदन १३ एतान् એ તિથિઓ चंद्रभागम् કર્કનો નવમાંશ प्रदोषम् પ્રદોષ ( एतान् ) એ સર્વે त्यक्त्वा ત્યાગ કરવાં. ॥ १६ ॥

ભાવાર્થ—ગુરૂનો વામવેધ-૨, ૫, ૧૧, ૭, ૯ એ સ્થાનોમાં ગુરૂ હોય તો શુભ છે પરન્તુ ૧૨, ૪, ૮. ૩, ૧૦ એ સ્થાનોમાં રહેલા

ગ્રહનો વેધ ન હોય તો શુભ છે અર્થાત્ દ્વાદશાદિ સ્થાનોમાં કોઈ ગ્રહ ન હોય તો દ્વિતિયાદિ સ્થાનોમાં ગુરૂ શુભ છે, અને ૧૨, ૪, ૮, ૩, ૧૦, એ સ્થાનોમાં રહેલો ગુરૂ અશુભ છે પણ જો ૨, ૫, ૧૧, ૭, ૯ એ સ્થાનોમાં ગ્રહ હોય તો વામવેધ થાય છે તેવો વામવેધ થયો હોય તો દ્વાદશાદિ સ્થાનોમાં રહેલો ગુરૂ અશુભ છે તો પણ શુભ જાણવો તેમાં પણ જો ગુરૂ ૮ મે રહેલો હોય તો વામવેધથી પણ શુભ થતો નથી. પણ કન્યાકાળ વિતિ જતો હોય તો ત્રિગુણ પૂજાથી શુભ છે આ વામવેધ વ્રતબંધ અને વિવાહમાં જોવો.

**ઉપનયન**—શુકલપક્ષમાં અને માહાથી જેઠ સુધીના પાંચ માસમાં રવિ-બુધ-ગુરૂ-શુક્ર અને પૂર્ણ ચન્દ્રના વારમાં તેમજ દિવસના પૂર્વાર્દ્ધ-માં **વ્રતબંધ કરવું શુભ છે.** અનધ્યાયો[1] ૪, ૯, ૧૪, ૭, ૧૩ એ તિથિઓ કર્કનો નવમાંશ અને પ્રદોષ એ સર્વેનો વ્રતબંધમાં ત્યાગ કરવો. ॥ ૧૬ ॥

ઉદાહરણ—ગોચરમાં ગુરૂ મકર રાશિનો છે કન્યાની જન્મરાશિ કુંભ છે તો કુંભથી મકર સુધી ગણતાં ૧૨ થયા તેથી ૧૨ મે સ્થાને ગુરૂ રહ્યો છે તેમ જાણવું હવે ૧૨ મા સ્થાનમાં રહેલો ગુરૂ અશુભ છે પરંતુ તેનો વામવેધ થયો હોય તો તે શુભ છે **વામવેધ** કેમ જોવો ? કન્યાની રાશિ ( કુંભ ) થી ૨, ૫, ૭, ૯, ૧૧ એ સ્થાનોમાં ( એટલે મીન મિથુન સિંહ તુલા અને ધન ) એ રાશિનો કોઇ પણ ગ્રહ ગોચ-રમાં હોય તો તે વામવેધ થયો જાણવો.

**शस्तो द्वीशाग्निशाक्रांतकपितृरहितैः सर्वभैर्मौंजिबंधो वेदेशे ज्ञे बलाढ्ये गुरुसितकुजवित्संज्ञका वेदपाः स्युः ॥ स्वर्क्षोच्चांशेषु सौम्याः श्रुतिपतिरपि चेत्केंद्रकोणस्थिताः स्युर्वर्णी वेदार्थवेत्ता पशुगृहधनवानत्र मंदेऽस्त्यसेवी ॥ १७ ॥**

अन्वयः—**द्वीशाग्निशाक्रांतकपितृरहितैः सर्वभैः मौंजिबंधः शस्तः, वेदेशे ज्ञे बलाढ्ये ( सति ), गुरुसितकुजवित्संज्ञकाः ( क्रमात् ) वे-दपाः स्युः सौम्याः स्वर्क्षोच्चांशेषु श्रुतिपतिः अपि ( स्वर्क्षोच्चांशे ) चे-**

---

૧ શાંતિ પ્રકરણમાં બતાવી છે.

**यदि केंद्रकोणस्थिताः स्युः ( तदा ) वर्णी वेदार्थवेत्ता च पशुधन गृहवान् स्यात् अत्र मंदे ( सति ) ( वर्णी ) अंत्यसेवी स्यात् ॥१७॥**

अन्वयार्थः-**द्वीशम्** વિશાખા **अग्नि** કૃત્તિકા **शाक्र** જ્યેષ્ઠા **अंतक** ભરણી **पितृ** મઘા ( **एभिः** ) **रहितैः** શુભ છે. **सर्वभैः** સર્વ નક્ષત્રોમાં **मौंजिबंधः** ઉપનયન **शस्तः** એ નક્ષત્રો રહિત **वेदेशे** વેદનો સ્વામી ( અને ) **ज्ञे** બુધ **बलाढ्ये** ( **सति** ) બળવાન હોય, **गुरु** ગુરૂ **सित** શુક્ર **कुज** મંગળ **वित्** બુધ **संज्ञकाः** ઈત્યાદિ ગ્રહો ( **क्रमात्** ) અનુક્રમથી **वेदपाःस्युः** વેદના સ્વામીઓ હોય, **सौम्याः** શુભ ગ્રહો **स्वर्क्षोच्चांशेषु** ( **स्वर्क्ष** સ્વરાશિ **उच्च** ઉચ્ચરાશિ **अंश** નવમાંશ ] સ્વરાશિના ઉચ્ચના કે સ્વનવમાંશમાં હોય **श्रुतिपति** વેદપતિ **अपि** પણ ( **स्वर्क्षोच्चांशे** ) સ્વરાશિનો ઉચ્ચનો કે સ્વનવમાંશમાં **चेद्यदि** હોય અને તે સર્વે **केंद्रकोणस्थिताःस्युः** કેન્દ્ર ત્રિકોણમાં રહ્યા હોય [ **तदा** ] ત્યારે **वर्णी** બ્રહ્મચારી **वेदार्थवेत्ता** વેદાર્થવેત્તા **च** અને **पशुधनगृहवान्** પશુ, ધન, અને ઘરવાળો **स्यात्** થાય **अत्र** કેન્દ્રત્રિકોણમાં **मंदे** ( **सति** ) શનિ હોય તો ( **वर्णी** ) બ્રહ્મચારી **अंत्यसेवी स्यात्** નીચ સેવક થાય. ॥ ૧૭ ॥

**ભાવાર્થ**—વિશાખા-કૃતિકા—જ્યેષ્ઠા—ભરણી—મઘા એ નક્ષત્રો વિના બાકીનાં સર્વે નક્ષત્રો **વ્રતબંધમાં** શુભ છે. વેદનો સ્વામી અને બુધ બળવાન હોય તો શુભ છે, **વેદના સ્વામીઓ**—ઋગ્વેદનો સ્વામી ગુરૂ છે, યજુર્વેદનો સ્વામી શુક્ર છે, સામવેદનો મંગળ, અને અથર્વ વેદનો સ્વામી બુધ છે. શુભ ગ્રહો તથા વેદનો સ્વામી સ્વરાશિના, ઉચ્ચના કે સ્વનવમાંશના થઈ ૧, ૪, ૭, ૧૦, ૯, ૫ એ સ્થાનોમાં હોય તો **બ્રહ્મચારી** વેદાર્થવેત્તા (વેદના અર્થ જાણનાર ) થાય, અને પશુવાન્ ધનવાન્ તથા ઘરવાળો થાય અને જો કેન્દ્ર ત્રિકોણમાં ( ૧, ૪, ૭, ૧૦, ૯, ૫ એ સ્થાનોમાં શનિ હોય તો બ્રહ્મચારી **નિચસેવક** થાય છે. ૧૭

**चंद्रक्रूराविलग्ने शशि सिततनुपाः षष्ठगेहे सितोऽन्त्ये सर्वेरंध्रे बद्धाः कचतनुग इनः श्रेष्ठ उर्व्यंदुरेके ॥ विद्यां मौंज्युक्तकाले स्थिरचरहरिज्ज्युत्तरब्राह्महीने मौंज्या ऊर्ध्वं गणेशं गिरमपि विधिवत्पूजयित्वारभेत ॥ १८ ॥**

**अन्वयः—चंद्रः क्रूराः विलग्ने, शशिसित तनुपाः षष्ठगेहे, सितोऽ-**

**स्ये, सर्वेरंध्रे बटुघ्नाः ( भवंति ), क्व तनुगः इनः श्रेष्ठः, एके (मुनयः) उच्चेंदुः (तनुगः श्रेष्ठः इति वदंति), मौंज्याऊर्ध्वम् मौंज्युक्तकाले गणेशम् गिरमपि विधिवत् पूजयित्वा, स्थिरचरहरिजत्र्युत्तरब्राह्मम् ( एभिः ) हीने विद्यां आरभेत ॥ १८ ॥**

अन्वयार्थः—**चंद्रः क्रूराः** ચંદ્ર અને પાપગ્રહો **विलग्ने** લગ્નમાં, **शशी** ચંદ્ર **सितः** શુક્ર ( અને ) **तनुपः** લગ્નપતિ **षष्ठगेहे** છઠ્ઠા ઘરમાં, **सितः** શુક્ર **अंत्ये** ૧૨ મે **सर्वे** બધાગ્રહ **रंध्रे** ૮ મે **बटुघ्नाः ( भवंति )** બ્રહ્મચારીને મારક જાણવા, **क्व** કવચિત્ બીજા લગ્નના અભાવે **तनुगः** લગ્નમાં રહેલો **इनः** સૂર્ય **श्रेष्ट** શ્રેષ્ટ છે **एके ( मुनयः )** કેટલાક મુનિઓ **वच्चेंदुः** ઉચ્ચનો ચંદ્ર ( **तनुगः श्रेष्टः** લગ્નમાં શુભ છે **इति** એ પ્રકારે **वदंति** કહે છે ). **मौंज्याऊर्ध्वम्** વ્રતબંધ પછી **मौंज्युक्तकाले** વ્રતબંધનાં મુહૂર્તમાં, **गणेशम्** ગણપતિનું અને **गिरंअपि** સરસ્વતીનું પણ **विधिवत्** વિધિપૂર્વક **पूजयित्वा** પૂજન કરીને, **स्थिर** સ્થિર ( અને ) **चर** ચર **हरिजम्** લગ્ન ( તથા ) **त्र्युत्तरम्** ત્રણ ઉત્તરા **ब्राह्मम्** રોહિણી ( **एभिः** ) **हीने** એ સર્વેનો ત્યાગ કરી **विद्यां आरभेत** વિદ્યાનો આરંભ કરવો ૧૮.

ભાવાર્થ—**વ્રતબંધના લગ્નનો ભંગ**—ચંદ્ર અને ક્રૂર ગ્રહો લગ્નમાં હોય ચંદ્ર, શુક્ર અને લગ્નનો સ્વામી છઠ્ઠા ઘરમાં હોય, શુક્ર ૧૨ મે હોય અને ૮ મે કોઇ પણ ગ્રહ બ્રહ્મચારીને મારક (મારનાર) થાય છે, અને બીજા લગ્નનો અભાવ હોય તો લગ્નમાં રવિ શુભ છે અને કેટલાક મુનિઓ વૃષભનો ચંદ્ર લગ્નમાં શુભ કહે છે. **વિદ્યારંભનું મુહૂર્ત**-ગણપતિ અને સરસ્વતીનું વિધિ પૂર્વક પૂજન કરીને વ્રતબંધના મુહૂર્તમાં વ્રતબંધ થઇ ગયા પછી વિદ્યાનો આરંભ કરવો શ્રેષ્ટ છે તેમાં સ્થિર ( ૨, ૫, ૮, ૧૧ ) અને ચર લગ્ન ( ૧, ૪, ૭, ૧૦ ) ત્રણ ઉત્તરા અને રોહિણી અશુભ છે. ॥ ૧૮ ॥

**केशांतं चौलवत्स्यान्नृपमितशरदीत्याहुरार्या व्रतोक्ते काले मौंजीविमोक्षंगुरुबलमनयोर्नावलोक्यं सुधीभिः ॥ शूद्राणां मौंज्यभावात्तदुदिततिथिभेऽनस्तभौमेज्यशुक्रे ऽप्यारे वारे क्षवे मास्युपयमविहितेच्छूरिकाबंधमाहुः ॥ १९ ॥**

## इति मुहूर्त मार्तण्डे संस्कार प्रकरणम् ॥ ३ ॥

अन्वयः—**केशांतम् नृपमित शरदि चौलवत् स्यात् इति आर्याः आहुः, व्रतोक्तेकाले मौंजी विमोक्षम्, अनयोः गुरुबलम् सुधीभिः नावलोक्यम्, शूद्राणाम् मौंज्यभावात् तदुदिततिथिभे, अनस्तभौमेज्यशुक्रे, व्यारेवारे लवे उपयमविहितेमासि ( कटिप्रदेशे ) च्छूरिका बंधम् आहुः ॥ १९ ॥**

अन्वयार्थः-**केशांतम्** કેશાંત કર્મ **नृपमितशरदि** ૧૬ મે વર્ષે **चौलवत्** ચૌલ પ્રમાણે **स्यात्** હોય **इति** એ પ્રકારે **आर्याः** આચાર્યો **आहुः** કહેછે, **व्रतोक्तेकाले** વ્રતબંધમાં કહેલા સમયે **मौंजीविमोक्षम्** મૌંજી ત્યાગ કરવું, **अनयोः** એ બેઉમાં **गुरुबलम्** ગુરૂનું બલ **सुधीभिः** પંડિતોએ **नावलोक्यम्** ન જોવું **शूद्राणाम्** શૂદ્રોને **मौंज्यभावात्** મૌંજીના અભાવથી **तदुदिततिथिभे** મૌંજીમાં કહેલા તિથિ નક્ષત્રમાં **अनस्तभौमेज्ये** મંગલ ગુરૂ અને શુક્ર અસ્તના ન હોય ( તેમજ ) **व्यारे वारेलवे** મંગલનો વાર તથા નવાંશ ન હોય ત્યારે **उपयमविहिते मासि** વિવાહના માસમાં (**कटिप्रदेशे**) કમરના ભાગમાં **च्छुरिकाबंधम्** છુરિકા બંધન **आहुः** કહ્યું છે. ॥ ૧૯ ॥

**ભાવાર્થ—કેશાંત અને મૌંજી ત્યાગનું** મુહુર્ત-કેશાંત કર્મ ૧૬ મે ×વર્ષે ચૌલના મુહૂર્તમાં કરવું. વ્રતબંધના મુહૂર્તમાં મૌંજી ત્યાગ કરવું, એ બેઉમાં ( કેશાંત કર્મમાં અને મૌંજી ત્યાગ કરવામાં ) ગુરૂનું બલ જોવું નહિ. શૂદ્રોને મૌંજીનો અભાવ છે માટે તેઓને મૌંજીના તિથિ નક્ષત્રમાં તેમજ મંગલ, ગુરૂ, શુક્ર એ ગ્રહ ઉદયના હોય અને મંગલવારનો વાર તથા મંગલના નવમાંશનું લગ્ન ન હોય ત્યારે વિવાહના માસમાં કેડના ભાગમાં છૂરિકા બંધન ( શસ્ત્ર બંધન ) શુભ છે. ॥૧૯॥

**इति श्रीमच्छगनात्मज गिरिजाशंकर विरचितायां मुहूर्तमार्तण्डस्य गुर्जर टीकायां संस्कार प्रकरणम् ॥ ३ ॥**

---

× કેશાંત કર્મ બ્રાહ્મણને ૧૬ મે વર્ષે, ક્ષત્રિને ૨૨ મે વર્ષે અને વૈશ્યને ૨૪ મે વર્ષે કરવું એમ મનુનું કહેવું છે.

# अथ विवाह प्रकरणम् ॥४॥

शुद्धां गोत्रकुलादिभिर्गुणयुतां कांतां वरश्चोद्वहेद्वर्णोवश्य भयोनिखेचरगणाः कूटं च नाडी क्रमात् ॥ वर्णाद्या बलिनो यथोत्तरमहींदूर्ध्वं गुणैक्यं शुभं वर्णा विप्रमुखा झषादिह वरो वर्णोत्तमःस्याच्छुभः॥१।

अन्वयः–वरः गोत्रकुलादिभिः शुद्धाम् गुणयुताम् कांताम् उद्वहेत्, च ( कन्यापि एवं विधम् वरं उद्वहेत्), वर्णः वश्यभयोनिखेचरगणाः कूटम् च नाडी क्रमात् ( घटितानि स्युः ), वर्णाद्याः ( घटित भेदाः) यथोत्तरम् बलिनः स्युः, गुणैक्यम् अहींदूर्ध्वंसत् शुभंस्यात्, झषात् ( राशेः ) क्रमात् विप्रमुखाः वर्णाः स्युः, इह वरः वर्णोत्तमः सन् शुभः स्यात् ॥ १ ॥

अन्वयार्थः—वरः વરે गोत्रकुलादिभिः ગોત્રકૂલાદિકથી शुद्धाम् શુદ્ધ ( તથા ) गुणयुताम् ગુણ વડે યુક્ત कांताम् કન્યા સાથે उद्वहेत् વિવાહ કરવો, च અને ( कन्यापि કન્યાએ પણ एवंविधम् એ પ્રકારના वरम् વર સાથે उद्वहेत् લગ્ન કરવું ), वर्गः १ वश्यम् २ भम् ३ योनिः ४ खेचरः ५ गणः ६ कूटम् ७ च અને नाडी ८ क्रमात् અનુક્રમથી (घटितानि स्युः ) ઘટિત છે, वर्णाद्याः વર્ણાદિક ( घटितभेदाः ) ઘટિતના ભેદો यथोत्तरम् ઉત્તરોત્તર बलिनः स्युः બળવાન છે, गुणैक्यम् ગુણકનું ઐક્ય अहींदूर्ध्वंसत् १८ થી અધિક હોય તો शुभंस्यात् શુભ છે, झषात् (राशेः) મીન રાશિથી क्रमात् અનુક્રમે विप्रमुखाः બ્રાહ્મણાદિક वर्णाः स्युः વર્ણો હોય, इह રાશિ મેલનમાં वरः વર वर्णोत्तमः सन् ઉત્તમ વર્ણનો હોય તો शुभः स्यात् શુભ છે. ॥ ૧ ॥

ભાવાર્થ—ગોત્ર કુળ આદિથી ઉત્તમ અને ગુણવતી ( ગુણવાળી ) કન્યા સાથે પુરૂષે +વિવાહ કરવો, તેમજ કન્યાએ પણ વરનું ગોત્ર

---

+ અહિ સગપણ ને વિવાહ નહિ ગણતાં લગ્નને વિવાહ જાણવો, માટે જે જે ઠેકાણે વિવાહ એવું આવે ત્યાં લગ્ન જાણવું.

કુળ આદિ જોઇ ગુણવાન્ વર સાથે લગ્ન કરવું. *વર્ણ ૧, વશ્ય ૨, ભ ૩, યોનિ ૪, ખેચર ૫, ગણ ૬, કૂટ ૭ અને નાડી ૮ તે ઘટિત કહેવાય છે, અને તેઓ ઉત્તરોત્તર અર્થાત્ વર્ણથી વશ્ય, અને વશ્યથી ભ, એ પ્રમાણે એક બીજાથી બળવાન ગણાય છે. ×ગુણનું ઐક્ય ૧૮ થી વધારે આવે તો શુભ છે. **મીન રાશિથી** આરંભી દરેક રાશિઓનો અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, તથા શૂદ્ર વર્ણ કહેવાય છે, વિવાહમાં ( રાશિ મેલાપકમાં ) કન્યાથી ઉત્તમ વર્ણનો વર શુભ ગણાય છે, અર્થાત્ વરથી કન્યાનો વર્ણ નીચો જોઇએ. ॥ ૧ ॥

## રાશિ પ્રમાણે વર્ણ જોવાનું કોષ્ટક.

| રાશિ | મેષ | વૃષભ | મિથુન | કર્ક | સિંહ | કન્યા |
|---|---|---|---|---|---|---|
| વર્ણ | ક્ષત્રી | વૈશ્ય | શૂદ્ર | બ્રાહ્મણ | ક્ષત્રી | વૈશ્ય |

| તુલા | વૃશ્ચિક | ધન | મકર | કુંભ | મીન |
|---|---|---|---|---|---|
| શૂદ્ર | બ્રાહ્મણ | ક્ષત્રી | વૈશ્ય | શૂદ્ર | બ્રાહ્મણ |

**नुर्भक्ष्या जलजा वशा विहरयो वश्या विकौप्यां हरेरस्यालिर्न शुभो नुरजहरयो नेष्टाः स्युरन्यज्जात् ॥ भे गण्येऽकहृते मिथस्त्र्यगन्नराः शेषं न सन्नाश्विभादश्वेभाव्यहिमोगिनः श्वाहृकश्वखलपाखुभुग्गु दुराः२**

**अन्वयः–नुः जलजाः ( राशयः ) भक्ष्याः स्युः, ( नुः ) विहरयः ( सर्वे राशयः ) वशाः स्युः, हरेः विकौप्याः ( सर्वे राशयः ) वश्याः स्युः, अस्य अलिः शुभः नस्यात्, नुः अजहरयः ( राशयः ) नेष्टाः**

* વરકન્યાનો મેળાપક જોવાની રીત અહિંથી શરૂ થાય છે.

× ગુણકની રીત હવે પછી આવશે.

स्युः, अन्यत् जनात् ज्ञेयम्, मिथः भेगण्ये अंकहृतेसति शेषमृत्र्यगशराः ( भवति तदा ) सत् न स्यात्, अश्विभात् ( नक्षत्राणाम् ) अश्वेभाव्यहिभोगिनः श्वव्रृषभुक् मेषाखुभुक् ख्युंदुराः ॥ २ ॥

अन्वयार्थः—नुः મનુષ્ય રાશિને जलजाः ( राशयः ) જલચર રાશિઓ भक्ष्याः ( स्युः ) ભક્ષ છે, ( नुः ) મનુષ્ય રાશિને विहरयः સિંહ રહિત ( सर्वे राशयः ) સર્વે રાશિઓ वशाः स्युः વસ્ય છે, हरे સિંહ રાશિને विकोर्प्याः વૃશ્ચિક વિના ( सर्वे राशयः ) સર્વે રાશિઓ वश्याः स्युः વસ્ય છે, अस्य એ સિંહરાશિને अलिः વૃશ્ચિક शुभः नस्यात् શુભ ન હોય ( વૈરી છે ), नुः મનુષ્ય રાશિને अब्जहरयः ( राशयः ) જલચર અને સિંહ રાશિઓ नेष्टाः स्युः નેષ્ટ છે, अन्यत् બીજુ ભક્ષાદિક जनात् લોકોથી ज्ञेयम् જાણવું, मिथः પરસ્પર भेगण्ये નક્ષત્ર ગણી अंकहृतेसति નવવડે ભાગવાથી शेषम् શેષ त्र्यगशराः ( त्रि ३ अग ७ शरः ५ ) ૩-૭-૫ ( भवति तदा ) હોય તો सत् શુભ न स्यात् ન હોય, अश्विभात् ( नक्षत्राणाम् ) અશ્વિન્યાદિ નક્ષત્રોની अश्व અશ્વ इभ ગજ अवि મેષ अहि સર્પ भोगिनः સર્પ श्व શ્વાન वृषभुक् માર્જાર मेष મેષ आखुभुक् માર્જાર इयुंदुराः બે ઉંદર. ॥ ૨ ॥

**ભાવાર્થ**—*વશ્યવિચાર-મનુષ્ય રાશિને જલચર રાશિ ભક્ષ, અને સિંહ વિના સર્વે રાશિઓ ÷વસ્ય છે, સિંહ રાશિને વૃશ્ચિક વિના સર્વે રાશિઓ વસ્ય છે અને સિંહ રાશિને વૃશ્ચિક રાશિ શત્રુ છે, મનુષ્ય રાશિની સાથે જલચર રાશિનો અને સિંહ રાશિનો મેલાપ નેષ્ટ (અશુભ) છે, અર્થાત્ વર કન્યાને પરસ્પર ( એક બીજાને ) શત્રુ રાશિ લેવી

---

* ધન રાશિનો પાછલો ભાગ ( ૧૫ અંશ ઉપર. ) મેષ, વૃષભ, અને મકરનો પૂર્વ ભાગ ( ૧૫ અંશ સુધી ) એ રાશિઓની **ચતુષ્પદ** સંજ્ઞા છે. કન્યા, મિથુન, કુંભ, તુલા, અને ધનનો પહેલો ભાગ ( ૧૫ અંશ સુધી ) એ રાશિઓની **દ્વિપદ** ( મનુષ્ય ) સંજ્ઞા છે. મકરનો પાછલો ભાગ ( ૧૫ અંશ ઉપર ), મીન, અને કર્ક એ **જળચર** રાશિઓ છે. સિંહ રાશિ **વનચર**, અને વૃશ્ચિક રાશિ **કીટ** છે.

÷ વૃશ્ચિક રાશિ માણુસને વસ્ય છે છતાં સારી જાણવી નહિ.

नहि, બાકીનું +લોક **પ્રચારથી** જાણી લેવું. **ભ** ( તારા ) વિચાર— વરના જન્મ નક્ષત્રથી કન્યાના જન્મ નક્ષત્ર સુધી અભિજિત્ શિવાય ગણતાં જેટલી નક્ષત્ર સંખ્યા થાય તેને નવ ( ૯ ) થી ભાગતાં જે શેષ વધે તેને તારા કહે છે, ને તેટલામી તારા **વરની** જાણવી, અને કન્યાના જન્મ નક્ષત્રથી વરના જન્મ નક્ષત્ર સુધી ગણતાં જે સંખ્યા થાય તેને ૯ થી ભાગતાં શેષ રહે તેટલામી તારા **કન્યાની** જાણવી.

**ઉદાહરણ**—વરના જન્મ નક્ષત્ર મઘાથી કન્યાના જન્મ નક્ષત્ર મૂલ સુધી ગણતાં નક્ષત્રની સંખ્યા ૧૦ થઇ તેને ૯ થી ભાગતાં શેષ ૧ તે **વરની તારા** થઇ, અને કન્યાના નક્ષત્ર મૂલથી વરના નક્ષત્ર મઘા સુધી ગણતાં ૧૯ થયા તેને ૯ થી ભાગતાં શેષ ૧, તે **કન્યાની તારા** જાણવી.

એ રીતે આવેલી તારાઓમાંથી જેની **તારા** ૩, ૫, ૭ હોય તેની **અશુભ** અને બાકીની ( ૧, ૨, ૪, ૬, ૮, ૦ ) **શુભ** જાણવી.

**યોનિ** વિચાર—અશ્વિની આદિ નક્ષત્રોની અનુક્રમે અશ્વ, ગજ, મેષ, સર્પ, સર્પ, શ્વાન, માર્જાર, મેષ, માર્જાર. એ ઉંદર, ॥ ૨ ॥ ( આનો સંબંધ ૩ જા શ્લોક સાથે છે. )

**गौ कालीपशुभुङ्महिष्यथपशुद्विड्द्वौमृगौश्वाकपिर्द्वौ बभ्रू कपिसिंहवाजिहरिगोनागाः क्रमाद्योनयः ॥ सिंहेभं महिषाश्वमोतुखनकं श्वैणं च कीशावि गोव्याघ्रं बभ्रुफणीति भीरुवरयोः प्रेष्येशयोश्च त्यजेत्॥३॥**

अन्वयः—**गौः काली पशुभुक् महिषी अथ पशुद्विट् द्वौ मृगौ श्वा कपिः द्वौ बभ्रू कपिसिंहवाजि हरिगोनागाः क्रमात् योनयः स्युः, सिंहेभम्, महिषाश्वम्, ओतुखनकम्, श्वैणम्, कीशावि, गो व्याघ्रम्, बभ्रु फणि, (वैरंस्यात्), इति भिरुवरयोः च प्रेष्येशयोः त्यजेत् ॥३॥**

अन्वयार्थः—**गौः** ગાય **काली** ભેંસ **पशुभुक** વ્યાઘ્ર **महिषी** ભેંસ **अथ**

---

+ જેમકે પુરૂષને ગાય વશ્ય છે તેને પરસ્પર મિત્રતા છે તેથી તે મેલન શુભ છે પણ તે મ્લેચ્છ જાતીને અશુભ છે કેમકે મ્લેચ્છ જાતીને ગાય ભક્ષ્ય છે એ પ્રમાણે લોક પ્રચારનો વિચાર પોતાની બુદ્ધિથી કરી લેવો.

ત્યાર પછી **पशुद्विट्** વ્યાઘ્ર **द्वौमृगौ** બે મૃગ **श्वा** શ્વાન **कपिः** વાનર **द्वौ-बभ्रू** બે નકુલ **कपिः** વાનર **सिंहः** સિંહ **वाजी** અશ્વ **हरिः** સિંહ **गौः** ગાય **नागः** હાથી **क्रमात्** અનુક્રમથી **योनयः स्युः** યોનિઓ છે. **सिंहेभम्** સિંહ અને હાથીને **महिषाश्वम्** ભેંસ અને ઘોડાને **ओतुखनकम्** માર્જાર અને ઉંદરને **श्वैणम्** શ્વાન અને મૃગને **कीशाविं** વાનર અને મેષને **गो व्याघ्रम्** ગાય અને વાઘને **बभ्रुफणि** નકુલ અને સર્પને ( **वैरं स्यात्** ) વૈર છે **इति** એ શત્રુતા **भिरुवरयोः** કન્યા અને વરને **च** અને **प्रेष्येशयोः** નોકર અને શેઠને **त्यजेत्** ત્યાગ કરવી. ॥ ૩ ॥

**ભાવાર્થ**—ગાય, ભેંસ, વાઘ, ભેંસ, વાઘ, બે મૃગ, શ્વાન, વાનર, બેનકુલ, વાનર, સિંહ, અશ્વ, સિંહ, ગાય, હસ્તી એ **યોનિઓ છે.** તે તે નીચેનું કોષ્ટક જોવાથી સમજાશે. તે યોનિઓમાં સિંહ અને હાથીને ભેંસ અને ઘોડાને, બિલાડી અને ઉંદરને, કુતરા અને હરણને, વાંદરા અને બકરાને, ગાય અને વાઘને, સાપ અને નોળિયાને, **પરસ્પર વેર** છે એટલે એ યોનિઓવાળાં એક બીજાનાં **વૈરી** ( શત્રુ ) જાણવાં. એવી રીતે **વર** અને **કન્યાની** યોનિમાં **વૈર** આવતું હોય તો તે **સારૂ નહિ,** તેમજ **શેઠ** અને **નોકરને** પણ તેવું વૈર આવતું હોય તો તે **નુકશાન** કારક જાણવું.

**દાખલો**—કન્યાનું જન્મ નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની છે તો તેની ગાય-ની યોનિ થઇ અને વરનું નક્ષત્ર ચિત્રા તેની વાઘની યોનિ થઇ હવે તે બેઉને (ગાય અને વાઘને) **શત્રુતા** હોવાથી તે સારૂ નહિ તે **પ્રમાણે** જોવું.

## યોનિ ચક્ર.

| નક્ષત્ર | અ. | ભ. | કૃ. | રો. | મૃ. | આ | પુ. | પુ. | આ | મ. | પૂ. | ઉ. | હ. | ચિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યોનિ. | ઘોડો | હાથી | બકરો | સાપ | સાપ | કુતરો | બિલાડી | બકરો | બિલાડી | ઉંદર | ઉંદર | ગાય | ભેંસ | વાઘ |
| વૈર. | ભેંસ | સિંહ | વાંદર | નોળીઓ | નોળીઓ | હરણ | ઉંદર | વાંદર | ઉંદર | બિલાડી | બિલાડી | વાઘ | ઘોડો | ગાય |

| નક્ષત્ર | સ્વા | વિ. | અ. | જ્યે | મૂ. | પૂ. | ઉ. | અ. | શ્ર. | ધ. | શ. | પૂ. | ઉ. | રે. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યોનિ. | ભેંસ | વાઘ | હરણ | હરણ | કૂતરો | વાંદરો | નોળિયો | નોળિયો | વાંદરો | સિંહ | ઘોડો | સિંહ | ગાય | હાથી |
| વૈર. | ઘોડો | ગાય | કૂતરો | કૂતરો | હરણ | મેંઢો | સાપ | સાપ | મેંઢો | હાથી | ભેંસ | હાથી | વાઘ | સિંહ |

**भेशामंशुबुचंरबूशुमगुशाः शोगुः क्रियात्स्यूरवेर्मित्राणीज्यकुजेंद-वः शनिसितौ शत्रू विधोर्नो रिपुः ॥ मित्रे सूर्यबुधौ कुजस्य विदरिः सूर्येंदुजीवा हिता ज्ञस्यार्कास्फुजितौ हितौ विधुररिः सूरेः सितज्ञावरी ४**

अन्वयः—**क्रियात् मंशुबुचं रबू शुमगुशाः शः गुः इमे क्रमात् भेशाः स्युः, रवेः ईज्य कुजेंदवः मित्राणिस्युः, शनिसितौ शत्रूस्याताम्, विधोः रिपुः नो स्यात् सूर्य बुधौ मित्रे स्याताम्, कुजस्यवित् अरिः स्यात् सूर्येंदुजीवाः हिताः स्युः, ज्ञस्य अर्कास्फुजितौ हितौ स्याताम् विधुः अरिः स्यात्, सूरेः सितज्ञौ अरी स्याताम् ॥ ४ ॥**

अन्वयार्थः—**क्रियात्** મેષથી **मं** મંગલ **शु** શુક્ર **बु** બુધ **चं** ચંદ્ર **र** રવિ **बु** બુધ **शु** શુક્ર **मं** મંગલ **गु** ગુરૂ **शः** શનિ **शः** શનિ **गुः** ગુરૂ **इमे** એ **क्रमात्** અનુક્રમે **भेशाः स्युः** રાશિઓના સ્વામીઓ છે. **रवेः** સૂર્યના **ईज्य-कुजेंदवः** ( **ईज्यः** ગુરૂ **कुजः** મંગલ **इंदुः** ચંદ્ર ) ગુરૂ, મંગલ, ચંદ્ર **मित्राणि स्युः** મિત્ર છે **शनिसितौ** શનિ શુક્ર **शत्रू स्याताम्** શત્રુ છે, **विधोः** ચંદ્રને **रिपुः** શત્રુ **नोस्यात्** ન હોય **सूर्यबुधौ** સૂર્ય, બુધ **मित्रे स्याताम्** મિત્ર છે, **कुजस्य** મંગલનો **वित्** બુધ **अरिः स्यात्** શત્રુ છે **सूर्येंदुजीवाः** ( **सूर्यः** સૂર્ય **इंदुः** ચંદ્ર **जीवः** ગુરૂ ) સૂર્ય, ચંદ્ર, ગુરૂ **हिताः स्युः** મિત્ર છે, **ज्ञस्य** બુધના **अर्कास्फुजितौ** ( **अर्कः** સૂર્ય **आस्फुजित्** શુક્ર ) સૂર્ય શુક્ર **हितौ स्याताम्** મિત્ર છે **विधुः** ચંદ્ર **अरिः स्यात्** શત્રુ છે, **सूरेः** ગુરૂના **सितज्ञौ** શુક્ર બુધ **अरीस्याताम्** શત્રુ છે. ॥ ૪ ॥

**ભાવાર્થ**—મેષ રાશિનો સ્વામી મંગલ છે, વૃષભનો સ્વામી શુક્ર છે, મિથુનનો બુધ, કર્કનો ચંદ્ર, સિંહનો સૂર્ય, કન્યાનો બુધ, તુલાનો શુક્ર, વૃશ્ચિકનો મંગલ, ધનનો ગુરૂ, મકરનો શનિ, કુંભનો શનિ અને મીનનો ગુરૂ એ પ્રમાણે મેષાદિ બારે **રાશિઓના સ્વામી** છે.

**રાશિઓ અને તેના સ્વામી જોવાનું કોષ્ટક.**

| રાશિઓ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્વામીગ્રહો | મં. | શુ. | બુ. | ચં. | સૂ. | બુ. | શુ. | મં. | ગુ. | શ. | શ | ગુ. |

**ગ્રહોનાં મૈત્રી**—સૂર્યના ગુરૂ, મંગલ, ચંદ્ર, મિત્ર છે. અને શનિ શુક્ર શત્રુ છે* **ચંદ્રનો** કોઇ ગ્રહ શત્રુ નથી અને સૂર્ય, બુધ, મિત્ર છે, **મંગલનો** બુધ શત્રુ છે અને રવિ, ચંદ્ર, ગુરૂ, મિત્ર છે, **બુધના** સૂર્ય શુક્ર મિત્ર છે, અને ચંદ્ર શત્રુ છે, **ગુરૂના** શુક્ર, બુધ શત્રુ છે. ॥ ૪ ॥

[ આનો સંબંધ ૫ મા શ્લોક સાથે છે. ]

**मित्राण्यर्ककुजेंदवोऽथ भृगुजस्यारी रवींदू हितौ मंदज्ञौ च शनेः कुजेंदुरवयो नेष्टाः सितज्ञौ हितौ ॥ पूर्वाद्रींतककोत्तरं नरि सुरेऽर्कात्या-दितीज्यानिलेंदुश्रुत्यश्विनि मित्रमन्यदसुरे दैत्यैर्नृणां स्यान्मृतिः ॥५॥**

अन्वयः—**अर्क कुजेंदवः मित्राणि स्युः, अथ भृगुजस्य रवींदू अरी स्याताम् मंदज्ञौ हितौ स्याताम्, शनेः कुजेंदुरवयः नेष्टाः स्युः सितज्ञौ हितौ स्याताम्, पूर्वाद्रींतककोत्तरम् नरि ( भवति ), अर्का-त्यादितीज्यानिलेंदुश्रुत्यश्विनिमित्रम् सुरे ( भवति ), अन्यत् असुरे ( भवति ), दैत्यैःसहनृणाम् मृतिः स्यात् ॥ ५ ॥**

अन्वयार्थः—**अर्ककुजेंदवः** ( **अर्कः** સૂર્ય **कुजः** મંગલ **इंदुः** ચંદ્ર ) સૂર્ય, મંગલ, ચંદ્ર **मित्राणिस्युः** મિત્ર છે **अथ** ત્યાર પછી **भृगुजस्य** શુક્રના

---

* દરેક ગ્રહના મિત્ર શત્રુ બતાવ્યા છે તો બાકી રહ્યા તે તે ગ્રહ તેઓના **સમ** જાણવા.

**रवींदू** રવિ, ચંદ્ર **अरी स्याताम्** શત્રુ છે **मंदज्ञौ** શનિ, બુધ **हितौ स्याताम्** મિત્ર છે, **शनेः** શનિના **कुजेंदुरवयः** ( **कुजः** મંગલ **इंदुः** ચંદ્ર **रविः** રવિ ) મંગલ, ચંદ્ર, રવિ **नेष्टाः स्युः** શત્રુ છે, **सितज्ञौ** શુક્ર, બુધ **हितौ स्याताम्** મિત્ર છે. **पूर्वा** ત્રણ પૂર્વા **आर्द्रा** આર્દ્રા **अंतकम्** ભરણી **कः** રોહિણી **उत्तरा** ત્રણ ઉતરા ( એ નક્ષત્રો ) **नरि** ( **भवति** ) મનુષ્ય ગણનાં છે. **अर्कः** હસ્ત **अंत्यम्** રેવતી **अदितिः** પુનર્વસુ **इज्यः** પુષ્ય **अनिलम्** સ્વાતી **इंदुः** મૃગશિર્ષ **श्रुतिः** શ્રવણ **अश्विनी** અશ્વિની **मित्रम्** અનુરાધા ( એ નક્ષત્રો ) **सुरे** ( **भवति** ) દેવ ગણનાં છે. **अन्यत्** બાકીનાં નક્ષત્રો **असुरे** (**भवति** ) રાક્ષસ ગણનાં છે, **दैत्यैः** **मनुजानाम्** રાક્ષસ ગણ વાળા સાથે મનુષ્ય ગણ વાળાનું **मृतिः स्यात्** મરણ થાય.

ભાવાર્થ—રવિ, મંગલ, ચંદ્ર મિત્ર છે. શુક્રના રવિ, ચંદ્ર શત્રુ છે અને શનિ, બુધ, મિત્ર છે. શનિના મંગલ, ચંદ્ર, રવિ, શત્રુ છે અને શુક્ર, બુધ, મિત્ર છે. વર અને કન્યાની જન્મ રાશિના સ્વામીઓ એક બીજાના શત્રુ હોય તો તે અશુભ છે.

# મૈત્રી ચક્ર.

| સૂ. | ચં. | મં. | બુ. | ગુ. | શુ. | શ. | ગ્રહો. |
|---|---|---|---|---|---|---|---|
| ચં. મં. ગુ. | સૂ. બુ. | સૂ. ચં. ગુ. | સૂ. શુ. | સૂ. ચં. મં. | બુ. શ. | બુ, શુ. | મિત્ર |
| બુ. | મં. ગુ. શુ. શ. | શુ. શ. | મં. ગુ. શુ. | શ. | મં. ગુ. | ગુ. | સમ |
| શુ. શ. | ૦ | બુ. | ચં. | બુ. શુ. | સૂ. ચં. | સૂ. ચં. મં. | શત્રુ |

ગુણ બાબત—ત્રણ પૂર્વા, આર્દ્રા, ભરણી, રોહિણી, ત્રણ ઉતરા એ ( ૯ ) નવ નક્ષત્રોની મનુષ્ય ગણની સંજ્ઞા છે. હસ્ત, રેવતી, પુનર્વસુ, પુષ્ય, સ્વાતી. મૃગશિર્ષ, શ્રવણ, અશ્વિની, અને અનુરાધા એ ૯ નક્ષત્રો દેવ ગણના છે. કૃતિકા, આસ્લેષા, મઘા, ચિત્રા, વિશાખા, જ્યેષ્ટા, મૂલ, ધનિષ્ટા, શતભિષા એ ૯ નક્ષત્રો રાક્ષસ ગણનાં છે. જે નક્ષત્રમાં

જન્મ થયો હોય તે નક્ષત્રનો જ ગણ હોય તે ગણ જન્મનારનો જાણ- વો. વર કન્યા બેઉમાં એકનો રાક્ષસ ગણ હોય અને એકનો મનુષ્ય ગણ હોય તો તેમાં રાક્ષસ ગણ મનુષ્ય ગણ વાળાનું મરણ કરે છે. ૫

## ગણનું કોષ્ટક.

| ભરણી | રોહણી | આર્દ્રા | પૂ. ફા. | ઉ૦ફા. | પૂ૦ષા. | ઉ૦ષા. | પૂ.ભા. | ઉ.ભા. | મનુષ્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અશ્વિની | મૃગશિ. | પુન. | પુષ્ય | હસ્ત. | સ્વાતી. | અનુરાધા. | શ્રવણ | રેવતી | દેવ |
| કૃત્તિકા | અશ્લે. | મઘા | ચિત્રા | વિશાખા | જ્યેષ્ઠા | મૂળ | ધનિષ્ઠા | શતભિષા | રાક્ષસ |

स्याद्देवासुरयोः कलिर्नृसुरयोर्मध्यं स्वयोः सौहृदं नैस्व्यं द्विद्व्य- यके षडष्टसु विपद्वैपुत्र्यमर्थांकके ॥ शेषेऽर्था विविधा विभैकचरणे भिन्नर्क्षराश्यैककं भिन्नांद्ध्येकभमेतयोर्गणखगौ नाडी नृदूरं न च ॥६॥

अन्वयः—देवासुरयोः कलिः स्यात्, नृसुरयोः मध्यंस्यात्, स्वयोः सौहृदं स्यात्, द्विव्ययके नैःस्व्यंस्यात्, षडष्टसु विपत् स्यात्, अ- र्थांकके वैपुत्र्यंस्यात्, शेषे ( तृतीयैकादशे, चतुर्थ दशमे, उभय स- प्तमे ) विभैकचरणे ( एकर्क्षे राशिकूटे ) विविधाः अर्थाः स्युः, भि- न्नर्क्षराश्यैककम् भिन्नांघ्र्यैकभम् एतयोः गणखगौ नाडी च नृदूरम् नस्यात् ॥ ६ ॥

अन्वयार्थः—देवासुरयोः દેવ અને રાક્ષસને कलिः स्यात् કલેશ થાય, नृसुरयोः મનુષ્ય અને દેવને मध्यंस्यात् મધ્ય છે, स्वयोः બેઉના એક ગણ હોય તો सौहृदंस्यात् મિત્રતા હોય, द्विव्ययके ૨-૧૨ થી नैः स्व्यं स्या ! નિર્ધનતા થાય, षडष्टसु ૬-૮ થી विपत् स्यात् વિપત ( મરણ ) હોય अर्थांकके ૫-૯ થી वैपुत्र्यंस्यात् સંતાન રહિત હોય शेषे શેષ રહ્યાં તે એટલે ( तृतीयैकादशे ૩-૧૧ માં चतुर्थदशमे ૪-૧૦ માં उभय सप्तमे બેઉ સાતમાં ) × विभैक चरणे રહિત છે. નક્ષત્રનું એક ચરણ એવી

( **एकर्क्षे** બેઉની એક રાશિ હોય એવા **राशिकूटे** રાશિ કૂટમાં ) **विविधाः** નાના પ્રકારનાં **अर्थाः स्युः** સુખો મળે છે, **भिन्नर्क्षराश्यैकक्रम्** નક્ષત્ર જુદાં હોય અને રાશિ એક હોય **भिन्नांघ्र्येकभम्** નક્ષત્ર એક હોય અને ચરણ જુદાં હોય **एतयोः** એમાં **गणखगौ** ગણ અને ગ્રહ **नाडी** નાડી **च** અને **नृदूरम्** નૃદૂરનો ( દોષ ) **न स्यात्** ન હોય. ॥ ૬ ॥

**ભાવાર્થ**—એકનો દેવગણ હોય અને બીજાનો રાક્ષસ ગણ હોયતો **કલેશ** થાય, દેવ અને મનુષ્યનો મેલાપક **મધ્યમ** છે, વર કન્યા બેઉનો એક ગણ હોય તો **પ્રીતિ** રહે, *કૂટ બાબત—વર કન્યાની એક બીજા-ની રાશિથી ગણતાં બીજી અને બારમી ( ૨–૧૨ ) રાશિ હોય તો **નિર્ધન** થાય. છટ્ટી આઠમી ( ૬–૮ ) રાશિ હોય તો વિપત્ ( મરણ ) થાય. અને નવમી પાંચમી ( ૯–૫ ) રાશિ હોય તો **સંતાન થાય નહિ** બાકી રહીને ૩। ૧૧, ૪। ૧૦, ૭। ૭ અને રહિત છે +નક્ષત્રનું એક ચરણ એવી બેઉની **એક રાશિ** હોય તો, એ **શુભ** કૂટ જાણવું અને તે નાના પ્રકારનું સુખ આપે છે.

બેઉનાં નક્ષત્ર જુદાં અને રાશિ **એક** હોય અથવા તો નક્ષત્ર એક અને **રાશિ જુદી** હોય, તેમજ રાશિ એક નક્ષત્ર એક અને **ચરણ જુદાં** હોય તો તેમાં મૈત્રી, ગણ, નાડી અને ×નૃદૂર જોવાની જરૂર નથી એટલે તે ખરાબ હોવા છતાં શુભ જાણવાં. ॥ ૬ ॥

**षट्काष्टे समभंच षष्ठ सहितंचेच्छोभनंस्यात्समभंद्विद्वादशके द्वितीय सहितं श्रेष्ठंस्त्रियायुग्घरिः ॥ मूलेंद्रार्कभपाश्कयजैचरणादित्यार्यमेशाश्विभैर्याम्येंद्वीज्यभमित्र भाग्यवसुभ त्वाष्ट्राब्जहिर्बुध्न्यभैः ॥७॥**

---

* કૂટ એટલે માગતું લેણું. વર કન્યા પાસે અને કન્યા વર પાસે કેટલા વસા માગે છે તેને કૂટ કહે છે.

+ એક નક્ષત્રના ચાર ભેદ છે. જેવાકે ૧ બેઉની રાશિ એક હોય અને નક્ષત્ર જુદાં હોય, ૨ બેઉનાં નક્ષત્ર એક હોય અને રાશિ જુદી હોય, ૩ બેઉની રાશિ એક હોય નક્ષત્ર એક હોય પણ તેનાં ચરણ જુદાં હોય ૪ બેઉ જણની રાશિ એક હોય નક્ષત્ર એક હોય અને ચરણ પણ એક હોય એવી રીતના ચાર ( ૪ ) ભેદ છે તેમાં છેલ્લો ૪ થો ભેદ **અશુભ છે**, બાકીના ત્રણ શુભ છે.

**अन्वयः—षट्काष्टेसति समभम्, षष्ठ सहितम् (चेत्तर्हि) शोभनं स्यात्, द्विर्द्वादशके सति समभम्, द्वितियसहितम्, (चेत्तर्हि) श्रेष्ठं स्यात्, हरिः स्त्रियायुक् श्रेष्ठः स्यात्, मूलेंद्रार्कभपाश्यजैकचरणादित्यार्यमेशाश्विभैःयाम्येंदुीज्यभमित्रभाग्यवसुभस्त्वाष्ट्रां ब्वहिर्बुध्न्यभैः॥७॥**

अन्वयार्थः—**षट्काष्टेसति** ષડાષ્ટકમાં (જો) **समभम्** સમ રાશિ **षष्ठ सहितम्** ૭ યુકત ( **चेत्तर्हि** ) હોય તો **शोभनंस्यात्** શુભ છે, **द्विर्द्वाशकेसति** ૨–૧૨ માં **समभम्** સમરાશિ **द्वितीयसहितम्** બે યુકત ( **चेत्तर्हि** ) હોય તો **श्रेष्ठंस्यात्** શુભ છે, **हरिः** સિંહ **स्त्रियायुक्** કન્યા યુકત હોય તો **श्रेष्ठः स्यात्** શુભ છે, **मूलम्** મૂલ **इंद्रः** જ્યેષ્ટા **अर्कभम्** હસ્ત **पाशी** શત તારકા **अजैकचरणम्** પુર્વાભાદ્રપદ **आदित्यम्** પુનર્વસુ **अर्यमाः** ઉત્તરાફાલ્ગુની **ईशः** આર્દ્રા **अश्विभैः** અશ્વિની એ નક્ષત્રોની, ( અને ) **याम्यम्** ભરણી **इंदुः** મૃગશિર્ષ **इज्यभम्** પુષ્ય **मित्रम्** અનુરાધા **भाग्यम्** પૂર્વાફાલ્ગુની **वसुभम्** ધનિષ્ટા **त्वाष्ट्रम्** ચિત્રા **अंबु** પૂર્વાષાઢા **अहिर्बुध्न्यभैः** ઉત્તરા ભાદ્રપદ એ નક્ષત્રોની ॥ ૭ ॥ આનો સંબંધ ૮ મા શ્લોક સાથે છે.

**ભાવાર્થ**—ષડાષ્ટક ( ૬–૮ ) માં, જો સમરાશિ ૭ ( ૬ ) માગનાર હોય તો શુભ છે, **જેમકે** વૃષભ રાશિને, અને તુલા રાશિને ષડાષ્ટ છે, પણ તેમાં સમ ( વૃષભ ) રાશિ ૭ માગનાર છે અને વિષમ (તુલા) રાશિ ૮ માગનાર છે તેથી તેવું ષડાષ્ટક હોય તો તે **શુભ** જાણવું. **દ્વિદ્વાદશ** ( ૨–૧૨ )માં જો સમરાશિ ( બે ) માગનાર હોય તો તેનો દોષ નથી. સિંહ ને માટે **વિશેષ** કહે છે કે સિંહ વિષમ રાશિ છે, છતાં તેનો કન્યા રાશિ સાથે દ્વિર્દ્વાદશક ( ૨–૧૨ ) નો દોષ નથી, એટલે તે **શુભ** છે. મૂલ–જ્યેષ્ટા–હસ્ત—શતભિષા–પૂર્વા ભાદ્રપદ–પુનર્વસુ–ઉત્તરાફાલ્ગુની–અશ્વિની એ નવ (૯) નક્ષત્રોની આદ્ય ( પહેલી ) **નાડી** છે. ભરણી—મૃગશિર–પુષ્ય—અનુરાધા–પૂર્વાફાલ્ગુની–ધનિષ્ટા–ચિત્રા—પૂર્વાષાઢા—ઉત્તરભાદ્રપદ એ નવ નક્ષત્રોની મધ્ય ( બીજી ) નાડી છે. ॥૭॥

**अन्त्यैर्नाड्य इहैकनाडिनवके स्यात्तां द्विभे चेन्मृतिर्मैदादक्षिणतः कश्चिन्नृपसुखे पार्श्वैकनाडी हिता ॥ मैञ्याद्दिग्व्ययमर्थनंदमपि सत्षट्का-**

× નૃદૂર હવે પછી કહેવામાં આવશે.

ष्टकं वश्यतः षड्भिः स्त्री नृगणा वरोऽस्त्रगणः सत्कूटमैत्र्योस्तदा ॥८॥

अन्वयः—अन्यैः (क्रमात् आदि मध्यांत्य) नाड्यः स्युः इह एक नाडी नवके द्विभे स्याताम् (तर्हि) मृतिः स्यात्, क्वचित् (अन्यकन्यायाः अलाभेसति) गोदा दक्षिणतः ( सर्व वर्णे ) च (सर्वदेशस्थे) नृपमुखे पार्श्वैकनाडी हिता स्यात्, द्विव्ययम्, अर्थनंदम् अपि ग्रहमैत्र्या सत् स्यात्, षट्काष्टकम् वश्यतः षड्भिः(घटितैः युतंसत् शोभनं स्यात्), यदा स्त्री नृगणा, वरः अस्त्रगणः तदा सत्कूट मैत्र्योः शुभंस्यात् ॥ ८ ॥

अन्वयार्थः—**अन्यैः** બાકી રહ્યાં તે નક્ષત્રોની ( **क्रमात्** અનુક્રમે **आदि आद्य मध्य** મધ્ય **अंत्य** અંત્ય ) **नाड्यः** નાડીઓ **स्युः** છે, **इह** વિવાહ વિષયમાં **एकनाडीनवके** એક નાડીના નવ નક્ષત્રોમાં **द्विभे स्याताम्** બેઉનાં નક્ષત્રો હોય ( **तर्हि** ) ત્યારે **मृतिः** મરણ **स्यात्** થાય **क्वचित्** કદાચજ એટલે ( **अन्यकन्यायाः अलाभेसति** ) બીજી કન્યા ન મળતી હોય ત્યારે **गोदा** ગૌતમીથી **दक्षिणतः** દક્ષિણ દેશમાં ( **सर्ववर्णे** ) સર્વ વર્ણને ( **च** ) અને ( **सर्वदेशस्थे** ) સર્વ દેશમાં **नृपमुखे** ક્ષત્રિયાદિને **पार्श्वैकनाडी** આદ્ય અને અંત્ય નાડી **हिता स्यात्** શુભ છે, **द्विव्ययम्** ૨–૧૨ **अर्थनंदम्** ૫–૯ **अपि** એ પણ **ग्रहमैत्र्या** ગ્રહની મિત્રતાથી **सत्स्यात्** શુભ છે, **षट्काष्टकम्** ૬–૮ પણ **वश्यतः** વશ્યાદિ **षड्भिः** ૭ ( **घटितैः युतंसत्** ) શુભ ઘટિતોથી યુકત હોય તો ( **शोभनंस्यात्** ) શુભ છે, **यदा** જો **स्त्रीनृगणा** સ્ત્રી મનુષ્ય ગણની ( અને ) **वरः** વર **अस्त्रगणः** રાક્ષસ ગણનો હોય **तदा** ત્યારે **सत्कूट मैत्र्यो** શુભકૂટ અને ગ્રહની મિત્રતાથી **शुभंस्यात्** શુભ છે. ॥ ૮ ॥

**ભાવાર્થ**—શેષ રહેલાં નક્ષત્રો ( કૃતિકા—રોહિણી-આશ્લેષા—મઘા-સ્વાતી—વિશાખા,—ઉત્તરાષાઢા-શ્રવણ—રેવતી )ની **અંત્ય** (ત્રીજી) **નાડી** છે. વિવાહમાં સ્ત્રી પુરૂષનું નક્ષત્ર એક નાડીમાં હોય તો **મરણ** થાય, પણ બીજી કન્યા ન મલતી હોય તો ગૌતમી નદીના દક્ષિણ ભાગમાં રહેનારા **સર્વવર્ણને** અને સર્વ દેશમાં **ક્ષત્રિયાદિઓને** મધ્ય નાડી વિના બેઉ જણની એક નાડી **શુભ** છે. વરકન્યાની રાશિના સ્વામીઓ-

ની પરસ્પર મિત્રતા હોય તો દ્વિદ્વાદશક ( ૨–૧૨ ) અને નવપંચક ( ૯—૫ ) એ અશુભ કૂટ પણ શુભ છે અને *વશ્યાદિ છએ ઘટિત શુભ હોય તો ષડાષ્ટક ( ૬—૮ ) પણ શુભ છે. સ્ત્રી મનુષ્ય ગણની હોય અને વર રાક્ષસ ગણનો હોય તો સત્કૂટ અને ગ્રહની મિત્રતાથી તે પણ શુભ છે. ॥ ૮ ॥

**रक्षःस्त्री नृपुमान्यदा वशमुखैः षड्भिर्युतं शोभनं स्त्रीभान्ना निकटे नृदूरमशुभं खेटोडुमैत्र्योः शुभम् ॥ द्व्यर्के ताम्रसुवर्णमष्टरिपुके गोयुग्ममर्थाङ्कके रौप्यं कांस्यमथैकनाडियुजि गोस्वर्णादि दत्त्वोद्वहेत् ॥९॥**

अन्वयः—यदा रक्षः स्त्री नृपुमान् स्यात् (तदा) वशमुखैः षड्भिः (घटितैः युतं सत्) शोभनं स्यात् स्त्री भात् ना निकटे सति नृदूरं स्यात् (तत्) अशुभम् (अपि) खेटोडु मैत्र्योः (सत्योः) शुभंस्यात्, द्व्यर्के ताम्र सुवर्णम् [ दत्वा उद्वहेत् ], अष्टरिपुके गोयुग्मम् ( दत्वा उद्वहेत् ), अर्थांकके रौप्यम् च कां स्यम् ( दत्वा उद्वहेत् ) अथ एक नाडियुजि गोस्वर्णादि दत्वा उद्वहेत् ( अत्रोक्तं दानादिकं संकटे योज्यम् ) ॥ ९ ॥

अन्वयार्थः—यदा જો रक्षः રાક્ષસ ગણની स्त्री સ્ત્રી ( અને ) नृ મનુષ્ય ગણનો पुमान् स्यात् પુરૂષ હોય ( तदा ) ત્યારે वशमुखैः વશ્યાદિ षड्भिः છ એ ( घटितैः युतंसत् ) ઘટિતો સારાં હોય તો शोभनं स्यात् શુભ છે स्त्रीभात् સ્ત્રીના નક્ષત્રથી ना પુરૂષનું નક્ષત્ર निकटे ( सति ) સમીપ હોય તો नृदूरं स्यात् નૃદૂર હોય (तत्) તે अशुभम् અશુભછે (अपि) તો પણ खेटोडुमैत्र्योः ( सत्योः ) ગ્રહની અને યોનિની મિત્રતા હોય તો शुभं स्यात् શુભ છે, द्व्यर्के ૨–૧૨ માં ताम्रसुवर्णम् તાંબુ અને સોનું ( दत्वा उद्वहेत् ) આપી લગ્ન કરવું, अष्टरिपुके ૮–૬ માં गोयुग्मम् બે ગાયો ( दत्वा उद्वहेत् ) આપી લગ્ન કરવું, अर्थांकके ૫–૯ માં रौप्यम् રૂપુ ( च ) અને कांस्यम् કાંસુ ( दत्वा उद्वहेत् ) આપીલગ્નકરવું.

---

* વશ્ય—તારા—યોની—ગ્રહમૈત્રી—ગણ અને નાડી તે છએ શુભ જોઇએ.

अथ ત્યાર પછી एकनाडियुजि એક નાડીના યોગથી गो स्वर्णादि ગાય અને સુવર્ણાદિકનું ( દાન ) दत्त्वा આપી उद्वहेत् લગ્ન કરવું (अत्रोक्तंदानादिकं संकटेयोज्यम् ) અહિ કહેલું દાનાદિક સંકટ હોય ત્યારે ઉપયોગમાં લેવું. ॥ ૯ ॥

**ભાવાર્થ**--**રાક્ષસ ગણુની** સ્ત્રી હોય અને **મનુષ્ય ગણુને** પુરૂષ હોય પણ જો વશ્યથી નાડી સુધીનાં છ એ ઘટિત શુભ હોય તો તેને ને **દોષ** નથી. સ્ત્રીના ( જન્મ ) નક્ષત્રથી પુરૂષનું ( જન્મ ) નક્ષત્ર નછક હોય તો તેને **નૃદૂર** કહે છે ને તે અશુભ છે, પણ જો વર અને કન્યાની રાશિના સ્વામીઓ **મિત્ર** હોય અને એઉની યોનિઓ મિત્રતાવાળી હોય તો તે નૃદૂર અશુભ છતાં પણ શુભ જાણવું. **સંકટ** હોય તો દુષ્ટ કૂટાદિકનું દાન કરી લગ્ન કરવું તે વિષે–બીજુ અને બારમું કૂટ હોય તો તાંબુ અને સોનાનું દાન આપી લગ્ન કરવું. **ષડાષ્ટક** (૬–૮ ) હોય તો બે ( ૨ ) ગાયોનું દાન આપી લગ્ન કરવું. **નવપંચક** ( ૯–૫ ) હોય તો રૂપુ અને કાંસાનું દાન આપી લગ્ન કરવું અને એઉની એક નાડી હોય તો ગાય અને સોનાને આદિ લેઈ બીજાં કેટલાંક સારાં દાન આપીને લગ્ન કરવું. ॥ ૯ ॥

**भूर्वर्णैक्यवरोत्तमेऽथ वशभक्ष्येऽर्धं द्वयं मित्रयोः खं वैराशनके धराविशकेऽथो सद्धयोरग्नयः ॥ मिश्रेतच्छकलं त्वथातिसुहृदोर्वेदा-स्त्रयो मित्रयोरेकः स्याद्द्विषतोः स्वभावगुणयोर्द्वौ खं महावैरिणोः॥१०॥**

अन्वयः—**वर्णैक्य वरोत्तमे भूः (गुणः). अथ वशभक्ष्ये अर्द्धम्. मित्रयोः द्वयम्, वैराशनके खम्, अरिवशके धरा, अथ सद्धयोः अग्नयः [गुणाः], मिश्रे तच्छकलम्, अथ अतिसुहृदोः वेदाः (गुणाः) मित्रयोः त्रयः, (गुणाः) द्विषतोः एकः [गुणः], स्वभावगुणयोः द्वौ (गुणौ), महद्वैरिणोः खं स्यात् . ॥ १० ॥**

अन्वयार्थः—**वर्णैक्य** એઉનો એકવર્ણુ ( અથવા ) **वरोत्तमे** વરના ઉત્તમવર્ણથી **भूः** એક ( गुणः ) ગુણુક, **अथ** ત્યાર પછી **वशभक्ष्ये** વશ ભક્ષ્યથી **अर्द्धम्** અડધો ૦।। ગુણુક, **मित्रयोः** મિત્રથી **द्वयम्** બે ( ૨ ) ગુણુક, **वैराशनके** શત્રુ ભક્ષ્યથી **खम्** શૂન્ય ( ૦ ) ગુણુક, **अरिवशके** શત્રુ

વશ્યથી **વરા** એક ( ૧ ) ગુણક, **अथ** ત્યાર પછી **सद्भयोः** બેઉની શુભ-તારાથી **अमयः ( गुणाः )** ત્રણ ( ૩ ) ગુણક, **मिश्रे** મિશ્રથી **तच्छकलम्** દોઢ ( ૧॥ ) ગુણક, **अथ** ત્યાર પછી **अतिसुहृदोः** ઘણી મિત્રતાથી **वेदाः ( गुणाः )** ચાર ( ૪ ) ગુણક. **मित्रयोः** સાધારણ મિત્રતાથી **त्रयः ( गुणाः )** ત્રણ ( ૩ ) ગુણક, **द्विषतोः** શત્રુતાથી **एकः ( गुणः )** એક ( ૧ ) ગુણક, **स्वभावगुणयोः** સ્વભાવગુણથી **द्वौ ( गुणौ )** બે ( ૨ ) ગુણક, **महद्वैरिणोः** ઘણા વેરથી **खं स्यात्** શૂન્ય ( ૦ ) ગુણક હોય. ૧૦

**ભાવાર્થ—વર્ણના ગુણક**—જો વર ઉત્તમ વર્ણનો હોય, અથવા બેઉનો એકજ વર્ણ હોય તો ૧ ગુણક, વર નીચ વર્ણનો હોય તો ૦ ગુણક જાણવો, **વશ્યના ગુણક**—[૧]વશભક્ષ્યથી ૦॥ ગુણક, [૨]મિત્રતાથી અથવા એકજ રાશિથી ૨ ગુણક, [૩]શત્રુભક્ષ્યથી ૦ ગુણક, [૪]શત્રુ વશ્યથી ૧ ગુણક. **તારાના ગુણક**—બેઉની શુભ તારાથી ૩ ગુણક, એકની શુભ અને બીજાની અશુભથી ૧॥ ગુણક, **યોનિના ગુણક**—ઘણી [૫]મિત્રતાથી ૪ ગુણક, સાધારણ [૬]મિત્રતાથી ૩ ગુણક, [૭]સાધારણ વેરથી ૧ ગુણક, સ્વભાવ ગુણ ( ઉદાસી )થી, એટલે મિત્ર પણ ન હોય તેમ શત્રુ પણ ન હોય તો ૨ ગુણક, અને [૮]ઘણા વેરથી ૦ ગુણક જાણવો. ૧૦

**एकेशोभयमित्रयोः शरमिता अर्धं समारातिके चत्वारः सममित्रके रिपुहिते भूमिर्द्धुदासे त्रयः ॥ना देवो मनुजा वधूरिह रसास्तपरीत्ये शराः षट्साम्येऽस्त्रपपूरुषः सुरवधूत्रैकोऽन्यत्र खम् ॥११॥**

---

૧ મનુષ્ય રાશિને જલચર રાશિ વશ્ય છે. તેમ ભક્ષ્ય પણ છે, જે લોકો મત્સ્ય ભક્ષણ કરતા નથી, તેને વશ્ય છે, અને જે ભક્ષ્ય કરે છે, તેને વશ્ય તેમજ ભક્ષ્ય પણ છે.

૨ મનુષ્ય રાશિને પશુ રાશિઓ મિત્ર છે. તેના બે ગુણક લેવાયછે, પરંતુ જે મનુષ્યો પશુઓનું ભક્ષ્ય કરે છે, તેવાઓના મેલાપકમાં ૦॥ ગુણક લેવો.

૩ સિંહ રાશિને, મનુષ્ય રાશિ શત્રુ તેમજ ભક્ષ્ય પણ છે, અને વૃશ્ચિક રાશિ શત્રુ છે. કારણ કે વીંછી કરડવાથી સિંહનું મરણ થાય છે. માટે ત્યાં પણ ૦ ગુણક લેવો.

૪ મનુષ્ય રાશિને વૃશ્ચિક રાશિ શત્રુ તેમજ વશ્ય પણ છે.

अन्वयः—एकेशोभयमित्रयोः शरमिताः (गुणाः स्युः) समारातिके सति अर्द्धस्यात्, सममित्र के सति चत्वारः (गुणाः स्युः ) रिपुहिते सति भूमिः ( गुणः स्यात् ) द्वयुदासे सति त्रयः ( गुणाःस्युः), ना देवः वधूः मनुजा (भवति) इह रसाः [ गुणाः स्यु ], तद्वपरीत्येसति शराः ( गुणाः स्युः ) साम्ये षट् (गुणाः स्युः), अस्त्रपः पूरुषः सुरवधूः (भवति) अत्र एकः (गुणः ग्राह्यः), अन्यत्र खम्, ( गुणो ग्राह्यः ) ॥ ११ ॥

अन्वयार्थः—**एकेशे** એઉની રાશિનો સ્વામી એક હોય ( અથવા ) **उभयमित्रे** એઉ મિત્ર હોય તો **शरमिताः** ( **गुणाः स्युः** ) ૫ ગુણુક હોય **समारातिकेसति** સમ અને શત્રુ હોય તો **अर्द्धस्यात्** ૦॥ (ગુણુક) હોય, **सममित्रकेसति** સમ અને મિત્ર હોય તો **चत्वारः** ( **गुणाः स्युः** ) ૪ ગુણુક હોય, **रिपुहितेसति** શત્રુ અને મિત્ર હોય તો **भूमिः** ( **गुणः स्यात्** ) ૧ ગુણુક હોય, **द्वयुदासेसत्ति** એઉ સમ હોય તો **त्रयः** ( **गुणाः स्युः** ) ત્રણ ( ૩ ) ગુણુક હોય, **नादेवः** પુરૂષ દેવગણનો ( અને ) **वधूः मनुजा** (**भवति** ) સ્ત્રી મનુષ્ય ગણની હોય તો **इह** અહિં **रसाः** ( **गुणा. स्युः** ) ૬ ગુણુક હોય, **तद्वैपरीत्येसति** તેથી વિપરીત હોય તો **शराः** ( **गुणाः स्युः** )

૫ એક યોનિમાં અતિમિત્રતા ગણાય છે, છતાં પણ બે હાથીને, બે શ્વાનને, બે બિલાડાને, બે વાઘને, બે સિંહને, પરસ્પર કલેશ થાયછે, તેની તેઓને અતિમિત્ર તથા મિત્ર નહિ ગણતાં ઉદાસી ગણી બે ગુણુક લેવા.

૬ શ્વાન અને બકરાને મિત્રતા ગણી તેના ૩ ગુણુક લેવા.

૭ વાઘ તથા સિંહ તેઓ, સર્પ ઉંદર અને નોળીઆ સાથે ઉદાસી છે. તેના ૨ ગુણુક લેવા. સર્પાદિ સિવાય વાઘ, સિંહ બીજાના શત્રુ છે.

૮ શ્લોક ૩ જામાં એક બીજાની શત્રુતા બતાવી છે, તેમાં ભેંસ અને ઘોડો, તેમજ વાનર અને બકરો, તેઓ એક બીજાનું મરણ કરતા નથી, તેથી તેઓને શત્રુ નહિં જાણતા ઉદાસી જાણી તેના બે ગુણુક લેવા બાકીનો **વશ્ય અને યોનિનો** વિચાર પોતાની બુદ્ધિથી કરી લેવો.

રાજા हरः ચોર अरयवः મૃત્યુ एते એ पंचकाः स्यु પંચકો છે, रात्रिः રાત્રિમાં अर्कः રવિવારે ( અને ) मौंजीषु મૌજી બંધનમાં रुजम् રોગપં-ચક त्यज તજવું, भौमः મંગળવારમાં गृहम् ઘરમાં द्युषु દિવસમાં अग्निम् અગ્નિપંચક त्यज તજવું, द्युः દિવસમાં शनिः શનિવારમાં सेवा નોકરીમાં इंदुषु સોમવારમાં इनम् રાજપંચક त्यज તજવું, ईज्यः ગુરૂવારમાં आरः મંગલવારમાં इतिषु યાત્રામાં हारम् ચોરપંચક त्यज તજવું, विवाहः વિવાહમાં सित શુક્રવારમાં वित् બુધવારમાં संध्यासु બે સંધ્યાઓમાં अपरम् મૃત્યુ પંચક त्यज તજવું [ इदम् ] એ પંચક તનૌ हीने सति લગ્ન નિર્બળ હોય તો त्यज તજવું. ॥ ૨૯ ॥

**ભાવાર્થ**—મુહૂર્ત સમયના લગ્નમાં શુક્લપક્ષની એકમથી ગણેલી **તિથિઓને** જોડી ૯ વડે ભાગ આપવો, **શેષ** જો ૮, ૨, ૪, ૬, ૧ રહે તો અનુક્રમે **રોગ, અગ્નિ, રાજ, ચોર,** અને **મૃત્યુપંચક** થાયછે, તેમાં રાત્રિમાં, રવિવારમાં, અને મૌંજીબંધમાં **રોગ પંચક** લેવું નહિ. અને મંગલવારમાં, ઘરમાં તથા દિવસના ભાગમાં **અગ્નિ પંચક** ત્યાગ કરવું. દિવસમાં, શનિવારમાં, નોકરીમાં અને સોમવારને દિવસ **રાજ પંચક** ત્યાગ કરવું. ગુરૂવારમાં, મંગળવારમાં, અને યાત્રા વિગેરેમાં **ચોર પંચક** ત્યાગ કરવું. વિવાહમાં, શુક્રવારમાં, બુધવારમાં, અને બેઉ સંધ્યા-ઓમાં **મૃત્યુપંચક** ત્યાગ કરવું. મુહુર્ત વખતનું **લગ્ન નિર્બળ** હોય તો કહેલા વખતમાં તે તે પંચક ત્યાગ કરવાં. અને જો લગ્ન *બળવાન્ હોય તો તે પંચકનો દોષ નથી. ॥ ૨૯ ॥

**દાખલો**—માગશર વદી ૬ ના દિવસે અમુક વખતે **યાત્રાનું** મુહૂર્ત છે અને તે વખતનું લગ્ન કર્ક છે તો શુક્લપક્ષની એકમથી ગણતાં ગએ-લી તિથિઓ ૨૦ થઇ તેમાં કર્ક લગ્નનો આંકડો ૪ ઉમેરવાથી ૨૪ થયા તેને ૯ થી ભાગતાં શેષ ૬ રહ્યા તેથી તે વખતે **ચોરપંચક** છે. અને તે વખતનું લગ્ન બળવાન નથી. માટે તે વખતે યાત્રાં કરવા નિકળવું નહિ તે પ્રમાણે દરેક જોવાં.

---

* લગ્ન બળવાન કેમ જાણવું ? लघुजातक " अधिपयुतो दृष्टोवा बुध गुरु निरिक्षितश्चयोराशिः ॥ सभवतिबलवान्नयदा युक्तो दृष्टोपि वा शेषैः " **ભાવાર્થ**—લગ્નનો સ્વામી લગ્નમાં હોય અથવા લગ્નને જોતો હોય અથવા બુધ ગુરૂ લગ્નને જોતા હોય તો લગ્ન બળવાન જાણવું. તેમ ન હોય તો નિર્બળ જાણવું.

जन्मर्क्षोदयतो मृतीतदधिपौ तद्गाश्च ये तल्लवस्तद्भं चांगगमंतकृत्खलु न चेत्तत्स्वामिमित्रैकता ॥ शस्तोऽशो घटभीरुयुग्मधनुषां विज्ञास्तभांशौ तथा चंद्रापुण्ययुतौ मृतिं वितनुतो दैन्यं च हीनौजसः ३०

अन्वयः—जन्मर्क्षोदयतः मृती, तदधिपौ, तद्गाः (ग्रहाः) तल्लवः, च तद्भम्, अंगगंसत्, तत्स्वामिमित्रैकता न चेत्तर्हि, अंतकृत् स्यात्, घटभीरुयुग्मधनुषाम् अंशः शस्तः स्यात्, विज्ञास्तभांशौ, तथा चंद्रा पुण्ययुतौ भांशौ मृतिं वितनुतः, हीनौजसः (ग्रहस्य) (भांशौ) दैन्यं (वितनुतः) ॥ ३० ॥

अन्वयार्थः—जन्मर्क्षोदयतः જન્મરાશિ અને જન્મ લગ્નથી मृती આઠમે રહેલી રાશિઓ, तदधिपौ તેઓના સ્વામીઓ, तद्गाः આઠમે રહેલા (ग्रहाः) ગ્રહો, तल्लवः તેઓનો નવમાંશ च અને तद्भम् તેઓની રાશિ अंगगंसत् લગ્નમાં હોય, (અને) तत्स्वामि—मित्रैकता જન્મના અને આઠમા ભાવના સ્વામિઓની મિત્રતા અથવા એકતા नचेत्तर्हि ન હોય તો अंतकृत्स्यात् મરણ કરે છે. घट તુલા भीरु કન્યા युग्म મિથુન धनुः ધન एषाम् એમનો अंशः નવમાંશ शस्तः स्यात् શુભ છે, विज्ञास्तभांशौ બુધ શિવાયના અસ્તના ગ્રહોની રાશિ તથા નવમાંશ, तथा તેમજ चंद्रापुण्ययुतौ ચંદ્રથી અથવા પાપગ્રહ યુક્ત भांशौ રાશિ અને નવમાંશ मृतिंवितनुतः મરણ કરે છે, हीनौजसः (ग्रहस्य) નિર્બળ ગ્રહની (भांशौ) રાશિ અને નવમાંશ दैन्यम् (वितनुतः) દીનતા કરે છે. ॥ ૩૦ ॥

**ભાવાર્થ**—જન્મ રાશિથી અને જન્મ લગ્નથી આઠમા સ્થાનમાં રહેલી **રાશિઓ**, અને તેઓના **સ્વામિઓ**, તેમજ આઠમે રહેલા **ગ્રહો** તેઓના **નવમાંશનું** લગ્ન અને તેઓની **રાશિનું** લગ્ન મુહૂર્ત વખતે હોય, અને જન્મ લગ્નના સ્વામીની સાથે જન્મ લગ્નથી આઠમા ભાવના સ્વામીની, અને જન્મ રાશિના સ્વામીની સાથે જન્મ રાશિથી આઠમા ભાવના સ્વામીની **મિત્રતા** અથવા **એકતા** ન હોય તો **મરણ કરે છે.** અર્થાત્ તેઓ એક બીજાના મિત્ર હોય, અથવા સાથે રહેલા હોય તો તેનો દોષ નથી. **નવમાંશશુદ્ધિ**—તુલા—કન્યા—મિથુન—અને ધન, એ નવમાંશ શુભ છે, **બુધ** શિવાયના અસ્તના **ગ્રહોની** રાશિ તથા **નવમાંશ**

લગ્નના નવમાંશમાં હોય તો **મરણ** કરે છે, અર્થાત્ અસ્ત થએલા પણ બુધની રાશિ તથા નવમાંશ દોષ કરતા નથી. **ચંદ્રથી** અથવા **પાપગ્રહથી** યુકત રાશિ તથા નવમાંશ મરણ કરે છે. **નિર્બળગ્રહની** રાશિ તથા નવમાંશ દીનતા કરે છે. ॥ ૩૦ ॥

**नो वर्गोत्तमतो विनांतिमलवं दद्याच्चरर्क्षे चरं चंद्रे तौलिमृगास्यगे न च तनुं पंचेष्टखेटोनिताम् ॥ मेषादिष्वजनक्रतौलिककुलीराद्या नवांशाः क्रमादिष्टात्पूर्वनवांशका दशहतास्त्र्याप्ता लवाद्या तनुः ॥३१॥**

अन्वयः—**वर्गोत्तमतः विना अंतिमलवम् नो दद्यात्, तौलि मृगास्यगे चंद्रे सति चरर्क्षे चरं ( लवम् ) ( नो दद्यात् ), पंचेष्टखेटोनिताम् तनुम् ( नो दद्यात् ), मेषादिषु क्रमात् अजनक्र तौलिक कुलीराद्याः नवांशाः स्युः इष्टात् पूर्वं नवांशकाः दशहताः त्र्याप्ताः लवाद्याः तनुः स्यात् ॥ ३१ ॥**

अन्वयार्थः—**वर्गोत्तमतः** વર્ગોત્તમ **विना** વિના **अंतिमलवम्** અંત્ય નવમાંશ **नोदद्यात्** ન લેવો, **तौलिः** તુલા **मृगास्यगे** મકરમાં રહેલો **चंद्रे सति** ચંદ્ર હોય તો **चरर्क्षे** ચર રાશિના લગ્નમાં **चरं** (**लवम्** ) ચર નવમાંશ ( **नोदद्यात्** ) ન લેવો, **पंचेष्टखेटोनिताम्** પાંચ ગ્રહો બળવાન ન હોય તેવું **तनुम्** લગ્ન ( **नोदद्यात्** ) ન લેવું, **मेषादिषु** મેષાદિક રાશિના **क्रमात्** અનુક્રમથી **अजः** મેષ **नक्रः** મકર **तौलिकः** તુલા **कुलीरः** કર્ક **आद्याः नवांशाः स्युः** પહેલા નવાંશો છે **इष्टात्** ઇષ્ટ અંશથી **पूर्वनवांशकाः** પૂર્વ નવાંશોને **दशहताः** ૧૦ થી ગુણી **त्र्याप्ताः** ત્રણ વડે ભાગવાથી **लवाद्याः** અંશાદિક **तनुः स्यात्** લગ્ન હોય ॥ ૩૧ ॥

**ભાવાર્થ**—*વર્ગોત્તમ વિના છેલ્લો નવમાંશ લેવો નહિ **અર્થાત્** છેલ્લો નવમાંશ હોય **પણ** વર્ગોત્તમ હોય તો તેનો દોષ નથી. **ચંદ્રમા** તુલા અને મકર રાશિનો હોય તો, **ચર** રાશિના **લગ્નમાં**, ચર **નવમાંશ** લેવો નહિ

---

* લગ્ન જે રાશિનું હોય તે રાશિનું નવમાંશ લગ્ન આવેતો વર્ગોત્તમી જાણવું, દ્વિઃ સ્વભાવ ( મિથુન, કન્યા, ધન, મીન ) રાશિનો છેલ્લો નવમાંશ( અંશાદિ ૨૬-૪૦-૦ ઉપર ) **વર્ગોત્તમી આવે છે.**

એટલે એ ચર +રાશિનો ચંદ્રમા, ચર રાશિનું લગ્ન, અને ચર નવમાંશ એમ **ત્રણે** સાથે લેવાં નહિ. જે લગ્ન કુંડળીમાં **પાંચગ્રહ** બલીષ્ઠ ન હોય તે **લગ્ન** લેવું નહિ.

**મેષાદિક રાશિના** અનુક્રમે મેષ, મકર, તુલા અને કર્ક એ પહેલાં **નવમાંશો છે જેમકે** મેષ રાશિના લગ્નમાં **મેષનો** નવમાંશ પહેલો શરૂ થાય, વૃષભમાં **મકરનો** પહેલો નવમાંશ, મિથુનમાં **તુલાનો** પહેલો નવમાંશ, કર્કમાં **કર્કનો** પહેલો નવમાંશ, એ પ્રમાણે ફરીથી અનુક્રમે સિંહમાં મેષનો પહેલો નવમાંશ, કન્યામાં મકરનો પહેલો નવમાંશ, એ પ્રમાણે બધી રાશિઓને માટે ગણવું તે નિચેનું **કોષ્ટક** જોવાથી સમજાશે. ઇષ્ટ **નવમાંશ** જે હોય તેના પહેલાં જેટલા નવમાંશો ગયેલા હોય તેને **૧૦** થી ગુણી ત્રણ વડે ભાગવાથી **લબ્ધ** ( ભાગમાં ) જે આવે તે ઇષ્ટ **લગ્નની** રાશિમાં જોડવાથી **અંશાદિક** લગ્ન થાય છે. ॥૩૧॥

## રાશિઓના પહેલા નવમાંશનું કોષ્ટક.

| રાશિઓ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પહેલા નવમાંશ | મેષ | મ. | કું. | કર્ક | મેષ | મ. | કું. | કર્ક | મેષ | મ. | કું. | મી. |

**ઉદાહરણ**—ઇષ્ટ ( મુહૂર્ત વખતે ) લગ્ન મિથુન છે તેમાં પહેલો નવમાંશ તુલાનો શરૂ થયો, ઇષ્ટ નવમાંશ મેષ છે, પહેલા નવમાંશ (તુલા) ગણતાં ૬ નવમાંશ ગયેલા છે, તેને ૧૦ વડે ગુણતાં ૬૦ થયા, ૬૦ ને ૩ વડેભાગવાથી લબ્ધ ૨૦ અંશ, ને ૦ કલા આવી, તે ઇષ્ટ લગ્ન મિથુનમાં ઉમેરવાથી રાસ્યાદિ લગ્ન ૬–૨૦–૦ થયું.x

---

\+ ચર રાશિઓ ૪ છે પણ મેષ, કર્કમાં વિવાહનું નક્ષત્ર આવતું નથી તેથી તે બનવા જોગ નથી.

x એટલે તે વખતે નવમાંશમાં મીન લગ્ન પુરૂ થઇ તરતજ મેષ લગ્ન આવશે.

## * નવમાંશના સ્વામીઓ.

| રાશિઓ | | મેષ | વૃ. | મિ. | કર્ક | સિં | ક. | તુ. | વૃ. | ધ. | મ. | કું. | મી. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભા ૧ | અંશો ૩, ૨૦, | મં. | શ. | શુ. | ચં. | મં. | શ. | શુ. | ચં. | મં. | શ. | શુ, | ચં. |
| ૨ | ૬, ૪૦, | શુ. | શ | મં. | સૂ. | શુ. | શ. | મં. | સૂ. | શુ, | શ. | મં. | સૂ. |
| ૩ | ૧૦, ૦ | બુ. | ગુ. | ગુ. | બુ. | બુ. | ગુ. | ગુ. | બુ. | બુ. | ગુ. | ગુ. | બુ. |
| ૪ | ૧૩, ૨૦ | ચં. | મં. | શ. | શુ. | ચં. | મં. | શ. | શુ. | ચં. | મં. | શ. | શુ. |
| ૫ | ૧૬, ૪૦ | સૂ. | શુ. | શ. | મં. | સૂ. | શુ. | શ. | મં. | સૂ. | શુ. | શ. | મં. |
| ૬ | ૨૦, ૦ | બુ. | બુ. | ગુ. | ગુ. | બુ. | બુ. | ગુ. | ગુ. | બુ. | બુ. | ગુ. | ગુ. |
| ૭ | ૨૩, ૨૦ | શુ. | ચં. | મં. | શ. | શુ. | ચં | મં. | શ. | શુ. | ચં. | મં. | શ. |
| ૮ | ૨૬, ૪૦ | મં. | સૂ. | શુ. | શ. | મં. | સૂ. | શુ. | શ. | મં. | સૂ. | શુ. | શ. |
| ૯ | ૩૦, ૦ | ગુ. | બુ. | બુ. | ગુ. | ગુ. | બુ. | બુ. | ગુ. | ગુ. | બુ | બુ. | ગુ. |

**દાખલો**—સ્પષ્ટ લગ્ન કે ગ્રહ તુલા રાશિના ૨૫ અંશે છે એટલે અંશાદિ ૨૩, ૨૦ ઉપર અને ૨૬–૪૦ ની અંદરનો હોવાથી નવમાંશના ૮ મા ભાગમાં સમાય છે તેથી ૮ મા ભાગની આડી લીટો અને તુલા રાશિની ઉભી લીટી જ્યાં એકઠી થાય છે ત્યાં શુક્ર લખેલો છે તેથી તે ગ્રહ કે લગ્નના **નવમાંશનો સ્વામી શુક્ર** થયો એમ જાણી લેવું.

**लग्नांशौ स्वपदृग्युतौ नृसुखदौ वान्योन्यपाद्येक्षितौ ताभ्यां सप्तमकौ तथैव युवतेर्नोचेत्तयोर्मृत्युदौ ॥ द्विघ्रेऽर्कोनविलग्नके रविसितइंद्वार्किजीवासृजो होरेशा द्युपतेः खछेऽह्नि खलजा नेष्टा शुभे मध्यमा ॥ १२ ॥**

अन्वयः– लग्नांशौ स्वपदृग्युतौसंतौ नृसुखदौस्याताम्, अन्योन्य पाढ्येक्षितौसंतौ ( नृसुखदौ स्याताम् ) ताभ्याम् सप्तमकौ तथैव संतौ युवतेः ( सुखदौ स्याताम् ) एवम् नो चेत्तर्हि तयोः मृत्युदौ स्याताम्, अर्कोनविलग्नके द्विघ्नेसति द्युपतेः ( सकाशात् ) रवि सितज्ञेंद्वार्कि-जीवासृजः होरेशाः स्युः, खले अन्हि खलजा ( होरा ) नेष्टा स्यात्, शुभे ( अन्हि ) ( खलजा होरा ) मध्यमा स्यात् ॥ ३२ ॥

अन्वयार्थ–लग्नांशौ લગ્ન અને નવમાંશ स्वपदृग्युतौसंतौ પોતાના સ્વામીથી દ્રષ્ટ વા યુક્ત હોય તો नृसुखदौ स्याताम् વરને સુખ આપે છે, વા અથવા अन्योन्य पाढ्ये क्षितौ संतौ એક બીજાના સ્વામીથી યુક્ત વા દ્રષ્ટ હોય તો ( नृसुखदौ स्याताम् ) વરને સુખ આપે છે, ताभ्याम् તે બેથી सप्तमकौ સાતમાં સ્થાનો तथैवसंतौ ઉપર કહ્યા પ્રમાણે હોય તો युवतेः કન્યાને [ सुखदौ स्याताम् ] સુખ આપે છે एवम् એ પ્રમાણે नोचेत्तर्हि ન હોય ત્યારે तयोः તેઓનું मृत्युदौ स्याताम् મરણ કરે છે अर्कोन રવિથી રહિત એવા विलग्नके લગ્નને द्विघ्नेसति બે વડે ગુણવાથી द्युपतेः ( सकाशात् ) દિવસના સ્વામીથી ગણતાં रविः રવિ सितः શુક્ર ज्ञः બુધ इंदुः ચંદ્ર आर्किः શનિ जीवः ગુરૂ असृक् મંગલ होरेशाः स्युः હોરાના સ્વામીઓ છે, खले अन्हि પાપવારમાં खलजा ( होरा ) પાપગ્રહની હોરા नेष्टा स्यात् નેષ્ટ છે शुभे ( अन्हि ) શુભ વારમાં ( खलजा-होरा ) પાપગ્રહની હોરા मध्यमा स्यात् મધ્યમ છે. ॥ ૩૨ ॥

**ભાવાર્થ**—**ઉદય અને અસ્ત શુદ્ધિ**–લગ્ન અને લગ્નનું નવમાંશ પોતપોતાના સ્વામીથી દ્રષ્ટ હોય, અથવા યુક્ત હોય તો વરને સુખ આપે છે, અથવા લગ્ન અને નવમાંશ લગ્નના સ્વામીઓ એક બીજાથી યુક્ત, અથવા દ્રષ્ટ હોય તો વરને સુખ આપે છે, લગ્નથી અને નવમાંશ લગ્નથી સાતમું સ્થાન એ પ્રમાણે પોતપોતાના સ્વામીઓથી જોવાયેલું કે યુક્ત હોય તો કન્યાને સુખ આપે છે, અથથા લગ્નથી સાતમું સ્થાન અને નવમાંશ લગ્નથી સાતમું સ્થાન તેના સ્વામીઓ એક બીજાથી દ્રષ્ટ અથવા યુક્ત હોય તો પણ કન્યાને સુખ આપે છે એ પ્રમાણે ન હોય તો અનુક્રમે વર કન્યાનું મરણ કરે છે. **હોરાસાધન**—લગ્નમાંથી સૂર્યને

બાદ કરી બે વડે ગુણવાથી જે અંક આવે તે અંક પ્રમાણે *દિવસના સ્વામીથી ગણતાં અનુક્રમે સૂર્ય, શુક્ર, બુધ, ચંદ્ર, શનિ, ગુરૂ, અને મંગળ એ હોરાના **સ્વામી**ઓ થાય છે ×પાપવારમાં પાપગ્રહની હોરા **અશુભ** છે, શુભવારમાં પાપગ્રહની હોરા **મધ્યમ છે** અર્થાત્ શુભવારમાં શુભગ્રહની હોરા અત્યંત **શુભ** જાણવી. ॥ ૩૨ ॥

**ઉદાહરણ**—સ્પષ્ટ સૂર્ય રાશ્યાદિ ૭, ૮, ૨૦, ૪૨ છે તેને સ્પષ્ટ **લગ્ન** ૮, ૧૯, ૨૫, ૫૪ માંથી બાદ કર્યો તો રાશ્યાદિ ૧, ૧૧, ૫, ૧૨ રહ્યા, તેને બે વડે ગુણવાથી ૨, ૨૨, ૧૦, ૨૪ થયા અને તે દિવસે ગુરૂવાર છે, તેથી **દિવસનો સ્વામી** ગુરૂ થયો, તો ગુરૂથી ગણતાં ૨ અંક પ્રમાણે **હોરેશ** રવિ થયો, તેથી શુભ વારમાં પાપગ્રહની હોરા આવી તે મધ્યમ જાણવી.

**लग्नेंद्वोः स्मरगे शुभाशुभखगे स्तश्चाधिमृत्यू ततोऽब्जांगोनात्कृतमौर्विकात्खखयमैर्लब्धं यदाऽब्धीषवः॥ सन्स्विष्टोच्चनिजांशभेऽस्तमखिलं पश्येदरित्र्यायगे सूर्ये वा खजलाद्यकोणगशुभो वाऽब्जं मपश्येन्न तत् ३३**

अन्वयः—**लग्नेंद्वोः स्मरगे शुभाशुभखगे सति ततः अब्जांगोनात् कृतमौर्विकात् खखयमैः लब्धम् यदा अब्धीषवः तदा (क्रमात्) आधिमृत्यू स्तः, स्विष्टोच्चनिजांशभे सन् ( ग्रहः ) अखिलम् अस्तम् पश्येत्, वा अरित्र्यायगे सूर्येसति, वा खजलाद्यकोणग शुभः अब्जम् मपश्येत् ( तदा ) तत् न स्यात् ॥ ३३ ॥**

अन्वयार्थः—**लग्नेंद्वोः** લગ્ન અને ચંદ્રથી **स्मरगे** ૭ મે રહેલો **शुभाशुभखगेसति** શુભ અને અશુભ ગ્રહ હોય તો **ततः** તે ૭ મે રહેલા ગ્રહમાંથી **अब्जांगोनात्** ચંદ્ર અને લગ્ન રહિત કરી તેની **कृतमौर्विकात्** કલા કરી **खखयमैः** ૨૦૦ વડે **लब्धम्** પ્રાપ્ત ફલ તે **यदा** જ્યારે **अब्धीषवः** (**अब्धि**

---

* દિવસનો સ્વામી એટલે જે દિવસ જે ગ્રહનો વાર હોય તે ગ્રહ તે **દિવસનો સ્વામી** જાણવો.

× રવિ, મંગલ, શનિ, પાપગ્રહોના વાર છે બાકીના શુભ ગ્રહના વાર જાણવા.

૪ इषवः ५) ૫૪ હોય तदा ત્યારે [क्रमात्] અનુક્રમથી आधिमृत्यूस्तः મનસ્તાપ અને મૃત્યુ હોય रिपष्टोच्चनिजांशभे [रिपष्ट શુભ મિત્ર उच्च ઉચ્ચ निजांशभे પોતાના નવમાંશનો કે પોતાની રાશિનો) શુભ મિત્રના નવમાંશનો કે શુભ મિત્રની રાશિનો, ઉચ્ચ નવમાંશનો કે ઉચ્ચ રાશિનો, પોતાના નવમાંશનો કે પોતાની રાશિનો सन् [ग्रहः] શુભગ્રહ अखिलम् સંપૂર્ણ अस्तम् ૭ મે पश्येत् જોતો હોય, वा અથવા अरिञ्यायगे [ अरिः६ त्र्यः ३ आयः ११ ) ૬, ૩, ૧૧, મે રહેલો सूर्येसति સૂર્ય હોય, वा અથવા खजलाद्यकोणगः [ खम् १० जलम् ४ आद्यम् १ कोणम् ९-५ ] ૧૦, ૪, ૧, ૯, ૫ એ સ્થાનોમાં રહેલો शुभः શુભગ્રહ अब्जम् ચંદ્રમાને प्रपश्येत् જોતો હોય [ तदा ] ત્યારે तत् તે જામિત્ર नस्यात् ન હોય. ૩૩

**ભાવાર્થ**—લગ્નથી ૭ મે રહેલા **ગ્રહમાંથી લગ્ન** બાદ કરવું, **અને ચંદ્રથી** ૭ મે રહેલા **ગ્રહમાંથી** ચંદ્ર બાદ કરવો, બાદ કરતાં જે રહે તેની **કલા** કરી તેને ૨૦૦ વડે ભાગવાથી ભાગમાં ૫૪ આવે તો, જો ચંદ્ર અને લગ્નથી સાતમે રહેલો **શુભગ્રહ** હોય તો **મનસ્તાપ** થાય અને **પાપગ્રહ** હોય તો **મરણ** થાય, તેમ ન હોય તો દોષ નથી. **જામિત્રનો ભંગ**—**શુભ મિત્રના** નવમાંશમાં કે લગ્ન કુંડળીમાં શુભમિત્રની **રાશિમાં** હોય; અથવા નવમાંશમાં **ઉચ્ચનો** હોય કે લગ્ન કુંડળીમાં ઉચ્ચનો હોય; અથવા **નવમાંશમાં** પોતાની રાશિનો હોય કે લગ્ન કુંડળામાં પોતાની રાશિનો હોય, એવો **શુભગ્રહ** લગ્નથી અને ચંદ્રથી સાતમાસ્થાનને **સંપૂર્ણ દ્રષ્ટિથી** જોતો હોય તો એ **છ પ્રકારથી** જામિત્રનો ભંગ થાય છે, અથવા **સૂર્ય** ૬, ૩, ૧૧ એમાંના કોઇ પણ સ્થાનમાં હોય તો એ **ત્રણ પ્રકારથી** જામિત્રનો ભંગ થાય છે, અથવા **શુભગ્રહ** ૧૦, ૪, ૧, ૯, ૫ એ સ્થાનોમાંના કોઇ પણ સ્થાનમાં રહેલો હોય અને **ચંદ્રમાને** સંપૂર્ણ દેખતો હોય તો એ **પાંચ પ્રકારથી** જામિત્ર ભંગ થાય છે એટલે તેનો દોષ નથી એ પ્રમાણે બધા મળી **૧૪ પ્રકારથી** જામિત્રનો ભંગ થાય છે. ॥ ૩૩ ॥

**ઉદાહરણ**—**લગ્ન** રાસ્યાદિ ૫, ૧૧, ૨૫ છે, લગ્નથી ૭ મે રહેલો ગ્રહ ૧૧, ૧૨, ૩૩ છે, ૭ મે રહેલા ગ્રહ ( ૧૧, ૧૨, ૩૩ ) માંથ લગ્ન બાદ કરતાં ૬, ૧, ૮ રહ્યા તેની **કલા** કરી તો ૧૦૮૬૮ થઇ, તેને ૨૦૦ વડે ભાગતાં, **ભાગમાં ૫૪** આવ્યા તેથી જો ૭ મે રહેલો ગ્રહ

શુભગ્રહ હોય તો મનસ્તાપ અને પાપગ્રહ હોય તો મરણ કરે.

**त्र्यस्त्रं कोणमथायुरैनिगुरुभूपुत्राः क्रमात्पूर्णया दृष्ट्यान्ये चरणोत्तरं च सकलाः पश्यंति पूर्णं द्युनम् ॥ भं होरा त्रिलवो नवांशक इनांशस्त्रिंशदंशः क्रमाद्वर्गः सन् शुभजः परैस्तु सुहृदो नाब्ध्यूनवर्गा तनुः ॥ ३४ ॥**

**अन्वयः**—**ऐनिगुरुभूपुत्राः क्रमात् त्र्यस्त्रम् कोणम् अथायुः पूर्णया दृष्ट्या ( पश्यंति ) अन्ये ( ग्रहाः ) ( क्रमात् ) चरणोत्तरम् ( पश्यंति ) सकलाः ( ग्रहाः ) द्युनम् पूर्णम् पश्यंति, भम्, होरा, त्रिलवः, नवांशकः इनांशः त्रिंशदंशः इमे क्रमात् वर्गाः स्युः, शुभजः (वर्गः) सन् ( प्रोक्तः ) परैः सुहृदः वर्गः ( सन् प्रोक्तः ), तनुः अब्ध्यूनवर्गासति नसत् स्यात् ॥ ३४ ॥**

અન્વયાર્થઃ—**ऐनिः** શનિ **गुरुः** ગુરૂ **भूपुत्रः** મંગળ **क्रमात्** અનુક્રમથી **त्र्यस्त्रम्** ३, १० **कोणम्** ९, ५ **अथायुः** ४, ८ ( એ સ્થાનોને ) **पूर्णया दृष्ट्या** પૂર્ણ દ્રષ્ટિથી ( **पश्यंति** ) જુવે છે, **अन्ये** ( **ग्रहाः** ) બીજા ગ્રહો ( **क्रमात्** ) અનુક્રમથી ( એ સ્થાનોને ) **चरणोत्तरम्** એક એકથી અધિક ચરણથી ( **पश्यंति** ) જુવે છે, **सकलाः** ( **ग्रहा** ) બધા ગ્રહો **द्युनम्** ૭ મે **पूर्णम्** સંપૂર્ણ **पश्यंति** જુવે છે, **भम्** ગૃહ **होरा** હોરા **त्रिलवः** દ્રેષ્કાણ **नवांशकः** નવમાંશ **इनांश** દ્વાદશાંશ **त्रिंशदंशः** ત્રિંશાંશ **इमे** એ **क्रमात्** અનુક્રમથી **वर्गाः स्युः** વર્ગો છે, **शुभजः** ( **वर्गः** ) શુભ ગ્રહનો વર્ગ **सन्** ( **प्रोक्तः** ) શુભ કહ્યો છે, **परैः** બીજા આચાર્યો **सुहृदः** ( **वर्गः** ) મિત્રનો વર્ગ ( **सन् प्रोक्तः** ) શુભ કહે છે, **तनुः** લગ્ન **अब्ध्यूनवर्गासति** ૪ વર્ગથી નિર્બળ હોય તો **नसत् स्यात्** અશુભછે. ॥ ૩૪ ॥

**ભાવાર્થ**—શનિ ૩ જે ૧૦ મે, **ગુરૂ** ૯ મે ૫ મે, **મંગલ** ૪ થે ૮ મે પોતે રહ્યા હોય ત્યાંથી ગણતાં એ સ્થાનોને સંપૂર્ણ નજરથી **જુવે છે, બીજા** ( તે શિવાયના ) ગ્રહો પોતે રહ્યા હોય ત્યાંથી ગણતાં ઉપર કહેલા સ્થાનોને તે અનુક્રમ પ્રમાણે એક એકથી **અધિક ચરણથી** જુવેછે **જેમકે** ૩ જે ૧૦ મે **એકપાદ** ( $\frac{1}{4}$ ). ૯ મે ૫ મે **દ્વિપાદ** ( $\frac{2}{4}$ ) અને ૪ થે ૮ મે **ત્રિપાદ** ( $\frac{3}{4}$ ) જુવે છે, અને બધા ગ્રહો પોતે રહ્યા

હોયં ત્યાંથી ૭ મે સંપૂર્ણ જુવે છે, ૧ ગ્રહ, ૨ હોરા, ૩ દ્રેષ્કાણ, ૪ નવમાંશ, ૫ દ્વાદશાંશ ૬ ત્રિંશાંશ એ અનુક્રમથી વર્ગો છે, શુભ ગ્રહનો વર્ગ શુભ છે, બીજા આચાર્યો મિત્રનો વર્ગ શુભ કહે છે. ૪ વર્ગથી નિર્મળ એવું લગ્ન અશુભ છે. ॥ ૩૪ ॥

**प्रोक्तं प्राग्गृहमोजभेऽर्कशशिनोर्होरे समेऽब्जार्कयोर्दृक्केट् प्राक्सुतधर्मपो नवलवः प्रोक्तः स्वतोऽर्कांशकः ॥ शुक्रज्ञेज्ययमासृजां शरमुनीभार्थेषवो युग्मभे त्रिंशांशा विषमे त एव गदिता व्यस्ताश्च षड्वर्गकाः ॥ ३५ ॥**

अन्वयः—गृहम् प्राक् प्रोक्तम् ओजभेसति (क्रमात्) अर्कशशिनोः होरेस्याताम्, समभेसति क्रमात् अब्जार्कयोः होरेस्याताम्, प्राक् सुतधर्मपः दृक्केट् स्यात्, नवलवः (प्राक्) प्रोक्तः, स्वतः अर्कांशकः स्यात्, युग्मभे सति शुक्रज्ञेज्ययमासृजाम् (क्रमात्) शरमुनीभार्थेषवः त्रिंशांशास्युः, विषमभेसति ते एव व्यस्ताः गदिताः (इमे) षड्वर्गकाः स्युः ॥ ३५ ॥

अन्वयार्थः—**गृहम्** જે ગ્રહનું જે ઘર તે **प्राक्प्रोक्तम्** પ્રથમ કહ્યું છે **ओजभे सति** વિષમ રાશિમાં ( **क्रमात्** ) અનુક્રમથી **अर्कशशिनोः** રવિ અને ચંદ્રની **होरेस्याताम्** હોરા છે. **समभे सति** સમરાશિમાં [ **क्रमात्** ] અનુક્રમથી **अब्जार्कयोः** ચંદ્ર અને રવિની [ **होरेस्याताम्** ] હોરા છે, **प्राक्** પહેલો ( લગ્ન પતિ ) **सुतः** ( બીજો ) પંચમપતિ **धर्मपः** (ત્રીજો) નવમ પતિ **दृक्केट् स्यात्** દ્રેષ્કાણનો સ્વામી છે, **नवलवः** નવમાંશ [ **प्राक्** ] **प्रोक्तः** પ્રથમ કહ્યો છે. **स्वतः** પોતાનાથી **अर्कांशकः स्यात्** દ્વાદશાંશ (પતિ) થાય છે, **युग्मभे सति** સમરાશિમાં **शुक्रः** શુક્ર **ज्ञः** બુધ **इज्यः** ગુરૂ **यमः** શનિ **असृक्** મંગળ ( **एषाम्** ) એ ગ્રહોના ( **क्रमात्** ) અનુક્રમથી **शरः** ૫ **मुनिः** ૭ **इभः** ૮ **अर्थः** ૫ **इषवः** ૫ ( એ અંશો પ્રમાણે ) **त्रिंशांशास्युः** ત્રિંશાંશ છે, **विषमभे सति** વિષમ રાશિમાં **तेएव** તેજ અંશો અને ગ્રહો એથી **व्यस्ताः** વિલોમ **गदिताः** કહ્યા છે. ( **इमे** ) એ પ્રમાણે **षड्वर्गकाः स्युः** ષડ્વર્ગ છે. ॥ ૩૫ ॥

**ભાવાર્થ—જે ગ્રહનું જે *ઘર ( રાશિ ) છે તે પ્રથમ કહ્યું છે.**

---

* ગ્રહોની રાશિઓ આજ પ્રકરણના શ્લોક ૪ માં છે.

**હોરા સાધન**–વિષમ રાશિના ૧૫ અંશ સુધી સૂર્યની અને ૧૫ અંશ ઉપરથી તે ૩૦ અંશ સુધી ચંદ્રની હોરા છે. **સમરાશિમાં ૧૫ અંશ** સુધી ચંદ્રની, અને ૧૫ અંશ ઉપરથી તે ૩૦ અંશ સુધી સૂર્યની હોરા છે. **દ્રેષ્કાણ સાધન**––દ્રેષ્કાણના ૧૦, ૧૦ અંશના ત્રણ ભાગ છે, તેમાં પહેલા ૧૦ અંશ સુધીનો સ્વામી લગ્ન પતિ છે. બીજા ભાગનો ( ૧૦ અંશ ઉપરથી તે ૨૦ અંશ સુધીનો ) સ્વામી, લગ્નની રાશિથી પાંચમી રાશિનો સ્વામી થાય છે, ત્રીજા ભાગનો ( ૨૦ ઉપરથી ૩૦ સુધીનો ) સ્વામી, લગ્નની રાશિથી નવમી રાશિનો સ્વામી થાય છે. × **નવમાંશ** સાધન પ્રથમ કહ્યું છે. **દ્વાદશાંશ સાધન**—એક રાશિના ૧૨ ભાગ કરવા તેમાં લગ્નથી અનુક્રમે દ્વાદશાંશના સ્વામીઓ છે. **ત્રિશાંશ સાધન**–સમરાશિમાં ૫ અંશ સુધી શુક્ર સ્વામી છે, તે પછીના ૭ અંશ સુધી બુધ, તે પછીના ૮ અંશ સુધી ગુરૂ, તે પછીના ૫ અંશ સુધી શનિ, અને તે પછીના છેલ્લા ૫ અંશ સુધી મંગળ ત્રિશાંશનો સ્વામી છે. વિષમ રાશિમાં એથી ઉલટું જોવુએ પ્રમાણે ષડ્વર્ગ (૬ વર્ગ) છે. ॥૩૫॥

## હોરાના સ્વામીઓ.

| ભા | રા. | મે. | વૃ. | મિ | ક. | સિ | ક. | તુ. | વૃ. | ધ. | મ. | કુ. | મી. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૫ | સૂ. | ચં. | સૂ. | ચં. | સૂ. | ચં. | સૂ. | ચં. | સૂ. | ચં. | સૂ. | ચં. |
| ૨ | ૩૦ | ચં. | સૂ. | ચં. | સૂ. | ચં. | સૂ. | ચં. | સૂ. | ચં. | સૂ. | ચં. | સૂ. |

## દ્રેષ્કાણના સ્વામીઓ.

| ભા | રા. | મે. | વૃ. | મિ. | ક. | સિં | ક. | તુ. | વૃ. | ધ. | મ. | કું. | મી. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦ | મં. | શુ. | બુ. | ચં. | સૂ. | બુ. | શુ. | મં. | ગુ. | શ. | શ. | ગુ. |
| ૨ | ૨૦ | સૂ. | બુ. | શુ. | મં. | ગુ. | શ. | શ. | ગુ. | મં. | શુ. | બુ. | ચં |
| ૩ | ૩૦ | ગુ. | શ. | શ. | ગુ. | મં. | શુ. | બુ. | ચં. | સૂ. | બુ. | શુ. | મં |

× નવમાંશના સ્વામીઓ ૮૬ મે પાને છે.

## દ્વાદશાંશના સ્વામીઓ.

| ભા | રા. | મે. | વૃ. | મિ. | ક. | સિં | ક. | તુ. | વૃ. | ધ. | મ. | કું. | મી. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ાા | મં. | શુ. | બુ. | ચં. | સૂ. | બુ. | શુ. | મં. | ગુ. | શ. | શ. | ગુ. |
| ૨ | ૫ | શુ. | બુ. | ચં. | સૂ. | બુ. | શુ. | મં. | ગુ. | શ. | શ. | ગુ. | મં. |
| ૩ | ૭ાા | બુ | ચં. | સૂ. | બુ. | શુ. | મં. | ગુ. | શ. | શ. | ગુ. | મં. | શુ. |
| ૪ | ૧૦ | ચં | સૂ. | બુ. | શુ. | મં. | ગુ. | શ. | શ. | ગુ. | મં. | શુ. | બુ. |
| ૫ | ૧૨ાા | સૂ. | બુ. | શુ. | મં. | ગુ. | શ. | શ. | ગુ. | મં. | શુ. | બુ. | ચ. |
| ૬ | ૧૫ | બુ. | શુ. | મં. | ગુ. | શ. | શ. | ગુ. | મં. | શુ. | બુ. | ચં. | સૂ. |
| ૭ | ૧૭ાા | શુ. | ગં. | ગુ. | શ. | શ | ગુ. | મં. | શુ. | બુ. | ચં. | સૂ. | બુ. |
| ૮ | ૨૦ | મં. | ગુ. | શ. | શ. | ગુ. | મં. | શુ. | બુ. | ચં. | સૂ. | બુ. | શુ |
| ૯ | ૨૨ાા | ગુ. | શ. | શ. | ગુ. | મં. | શુ. | બુ. | ચં. | સૂ. | બુ. | શુ. | મ |
| ૧૦ | ૨૫ | શ. | શ. | ગુ. | મં. | શુ. | બુ. | ચં. | સૂ. | બુ. | શુ. | મં. | ગુ. |
| ૧૧ | ૨૭ાા | શ. | ગુ | મં. | શુ. | બુ. | ચં. | સૂ. | બુ | શુ. | મં. | ગુ. | શ. |
| ૧૨ | ૩૦ | ગુ | મં. | શુ. | બુ. | ચં. | સૂ. | બુ | શુ. | મં. | ગુ. | શ. | શ. |

## ત્રિશાંશના સ્વામીઓ.

| વિ શ. | મે | મિ | સિં | તુ | ધ | કું | સ. રા. | વૃષ | કર્ક | ક. | વૃ | મ | મી. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | મં | મં | મં | મં | મ | મ | ૫ | શુ | શુ | શુ | શુ | શુ | શુ |
| ૧૦ | શ | શ | શ | શ | શ | શ | ૧૨ | બુ | બુ | બુ | બુ | બુ | બુ |
| ૧૮ | ગુ | ગુ | ગુ | ગુ | ગુ | ગુ | ૨૦ | ગુ | ગુ | ગુ | ગુ | ગુ | ગુ |
| ૨૫ | બુ | બુ | બુ | બુ | બુ | બુ | ૨૫ | શ | શ | શ | શ | શ | શ |
| ૩૦ | શુ | શુ | શુ | શુ | શુ | શુ | ૩૦ | મં | મં | મં | મં | મં | મં |

દાખલો—૨૫૯ ગ્રહ કે લગ્ન, કન્યા રાશિના ૨૪ અંશે છે, તો તેનો સ્વામી હોરાનો સૂર્ય થયો. દ્રેષ્કાણનો શુક્ર થયો, દ્વાદશાંશનો બુધ થયો, અને ત્રિંશાંશનો સ્વામી શનિ થયો. નવમાંશના સ્વામીઓ જોવાની જેવી રીત છે તેવીજ રીત અહિંયાં પણ છે માટે તે પ્રમાણે ષડ્ વર્ગના સ્વામીઓ જાણી લેવા.

**संक्रांत्यंतरहोहृताद्दिनगणादाप्तं भपूर्वो रविर्मेषाद्यातभयुग्युतोऽयनलवै रात्रौ सषड्भः स च ॥ तद्भोग्यांशनिजोदयाहतिखरामाप्तं तथा लग्नतो भुक्तांशाकलितेन युग्विवरगैः कालः स्फुटो भोदयैः ॥ ३६ ॥**

अन्वयः–**संक्रांत्यंतरहोहृतात्, दिनगणात् ( यत् ) आप्तम् (सः) भपूर्वः स्यात्, ( तत् ) मेषात् यातभभुक् ( कार्यः ), (तात्कालिकः) रविः स्यात्, (सः) अयनलवैः युतः (कार्यः), रात्रौ सषड्भः (कार्यः) तद्भोग्यांशनिजोदयाहतिः, खरामाप्तम्, (रवेः भोग्यकालः स्यात्), तथैव अंगतः भुक्तांशाकलितेनयुक् ( रवि कालः ), ( तत् ) विवरगैः भोदयैः ( युक् ), ( सः पलमयः ) स्फुटः कालः स्यात् ॥३६॥**

अन्वयार्थः—**संक्रांत्यंतरहोहृतात्** બે સંક્રાંતિના અંતરવડે ભાગેલા એવા **दिनगणात्** ઇષ્ટદિન સમૂહથી ( **यत्** ) જે **आप्तम्** પ્રાપ્તફલ ( **सः** ) તે **भपूर्वः स्यात्** રાશ્યાદિ હોય, ( **तत्** ) તે રાશ્યાદિમાં **मेषात्** મેષથી **यातभयुक्** ( **कार्यः** ) ગએલી સૂર્યની રાશિઓ યુક્ત કરવાથી ( **तात्का-लिकः** ) તે વખતનો **रविः स्यात्** સૂર્ય થાય છે, ( **सः** ) તે રવિ **अयनलवैः युतः** ( **कार्यः** ) અયનાંશા વડે યુક્ત કરવો; **रात्रौ** રાત્રિનો ઇષ્ટકાલ હોય તો ( તેમાં ) **सषड्भः** (**कार्यः**) ૭ રાશિ યુક્ત કરવી, **तद्भोग्यांश-निजोदयाहतिः** તે સાયન રવિના ભોગ્યાંશોને પોતાના દેશનાં ઉદયમાનથી ગુણી **खरामाप्तम्** ૩૦ વડે ભાગતાં જે પ્રાપ્ત ફળ તે ( **रवेः भोग्यकालः स्यात्** ) રવિનો ભોગ્યકાલ થાય. **तथैव** સૂર્યના ભોગ્યકાલની પેઠે **अंगतः** લગ્નના **भुक्तांशाकलितेन** ભુક્તાંશો પરથી આવેલો ભુક્ત કાલ તે વડે **युक्** યુક્ત એવો ( **रविकालः** ) રવિનો ભોગ્ય કાલ, ( **तत्** ) તેમાં **वि-वरगैः** સૂર્ય તથા લગ્નના વચ્ચે આવેલાં **भोदयैः** રાશિઓનાં ઉદયમાન ( **युक्** ) યુક્ત કરવાં ( **सः पलमयः** ) તે પલાત્મક **स्फुटः कालः स्यात्**

સ્પષ્ટ ઇષ્ટ કાલ હોય. ॥ ૩૬ ॥

**ભાવાર્થ**--જે દિવસનો રવિ કરવો હોય. તે દિવસ પહેલાંની રવિની સંક્રાંતિ જે દિવસે જેટલી ઘટી પલ વખતે શરૂ થઇ હોય, તે અને તે પછીની રવિની સંક્રાંતિ જે વખતે શરૂ થાય, તે એ સંક્રાંતિઓનું અંતર કરવું. તથા ઇષ્ટદિન પહેલાંની જે સંક્રાંતિ જે વખતે શરૂ થઇ છે, ત્યાંથી ઇષ્ટ વખત સુધીમાં જે દિનાદિ થાય તે દિનાદિને **સંક્રાંતિના અંતરથી** ભાગી રાશ્યાદિ ફળ લાવવું, તે રાશ્યાદિમાં મેષથી જેટલી રાશિઓ સૂર્યની ગયેલી હોય તેટલી રાશિઓ ઉમેરવાથી **ઇષ્ટ વખતનો સૂર્ય** થશે તે સૂર્યમાં [1]**અયનાંશા** યુક્ત કરવા, [2]રાત્રિનો ઇષ્ટકાલ હોય તો તેમાં ૬ રાશિ ઉમેરવી, તે પછી **સાયન સૂર્યના** અંશાદિને ૩૦ અંશમાંથી બાદ કરતાં જે રહે તે રવિના **ભોગ્યાંશો** જાણવા, તે ભોગ્યાંશોને સાયન સૂર્યની રાશિ પ્રમાણે લીધેલા પોતાના દેશના [3]**ઉદયમાનથી** ગુણી ૩૦ વડે ભાગતાં જે ફળ આવે તે **રવિનો ભોગ્યકાલ** જાણવો. હવે **ઇષ્ટ લગ્નમાં** અયનાંશા ઉમેરી, સાયન લગ્નની રાશિના ઉદયમાનથી સાયન

---

૧ જે વખતના અયનાંશા કરવા છે. તે સાલના **શકમાંથી** ૪૮૪ બાદ કરતાં જે રહે તેને ૬૦ થી ભાગતાં જે ભાગમાં આવે તે **અંશો** અને શેષ રહે તે **કળા** જાણવી અને તે વખતના સૂર્યની રાશિને ૫ થી ગુણી જે આવે તેમાં સૂર્યના અંશોને ૬ થી ભાગતાં જે ફળ આવે તે ઉમેરવાથી અયનાંશાની **વિકળાઓ** આવે છે.

૨ એકજ રીતથી દિવસનો તેમજ રાત્રિનો ઇષ્ટકાલ સ્પષ્ટ આવી જાય છે, તેથી રાત્રિના ઇષ્ટકાલ માટે **રવિમાં ૬ રાશિ** ઉમેરવાની જરૂર રહેતી નથી.

૩ જે દેશનાં ઉદયમાન કરવાં હોય, તે દેશની પલભાને ૧૦ વડે ગુણવાથી પહેલું, ૮ વડે ગુણવાથી બીજું, અને ૧૦ થી ગુણી ત્રણવડે ભાગવાથી ત્રીજું **ચરખંડ** થાય છે, તે ચરખંડાને લંકાનાં પહેલાં ત્રણ ઉદયમાનમાંથી અનુક્રમે બાદ કરવાં, પછી તે જ ચરખંડાને અવળી રીતે નીચેનાં ત્રણ ઉદયમાનમાં ઉમેરવાથી તે દેશનાં પલાત્મક ઉદયમાન થશે, **લંકાનાં** ઉદયમાન–મેષને મીનરાશિનું ૨૭૮, વૃ૦ કુ૦ ૨૯૯, મિ૦ મ૦ ૩૨૩, ક૦ ધ૦ ૩૨૩, સિં૦ વૃ૦ ૨૯૯, ક૦ તુ૦ ૨૭૮ છે.

લગ્નના અંશાદિને એટલે તે ભુકતાંશોને ગુણી ૩૦ વડે ભાગતાં જે ફળ આવે તે **લગ્નનો ભુકતકાલ** જાણવો. તે ભુકત કાલમાં, રવિનો ભોગ્ય-કાલ તેમજ **રવિ** અને **લગ્નના** વચ્ચેની રાશિઓનાં **ઉદયમાન** યુક્ત કરવાથી જે આવે તે પલાત્મક **સ્પષ્ટ ઇષ્ટકાલ** જાણવો. તે પળોને ૬૦ વડે ભાગવાથી ભાગમાં આવે તે ઘટીઓ અને શેષ રહે તે પળો જાણવી. ॥ ૩૬ ॥

સૂર્યનું **ઉદાહરણ**—શકે ૧૮૩૮ ના વૈશાખ સુદી ૧૧ ને શનિવારે ઘટી ૪૨ પળ ૨૬ વખતે **વૃષભ સંક્રાંતિ** શરૂ થાય છે, **અને મિથુન સંક્રાંતિ** જેઠ સુદી ૧૩ ને બુધવારે ઘટી ૭ ને પળ ૨૧ વખતે શરૂ થાય છે, તે બેઉનું [4]**અંતર** કરતાં દિનાદિ ૩૧, ૨૪, ૫૫ આવ્યું, ઇષ્ટ **દિવસ વૈશાખ** શુદી ૧૫ ને બુધવારનો છે, હવે વૃષભ સંક્રાંતિ શનિવારે ઘટયાદિ ૪૨, ૨૬ વખતે **શરૂ થઈ** છે, તે વખતથી લઇ ૧૫ ને **બુધવારે** સૂર્યો-દય સુધીમાં **૩ દિવસ** ૧૭ ઘટી ૩૪ પળ થાય છે, તેને **સંક્રાંતિના અંતરથી** ભાગવા માટે બેઉનું એક રૂપ કરવું જોઇએ, તો સંક્રાંતિના અંતરની **પળો** ૧૧૩૦૯૫ થઈ, તે વડે ઇષ્ટ **દિન** સમૂહની **પળો** ૧૧૮૫૪ ને ભાગતાં, રાશ્યાદિ ૦, ૩, ૮, ૩૯ આવ્યા, તેમાં રવિની ગ-યેલી **રાશિ** ઉમેરતાં **રાશ્યાદિ** ૧, ૩, ૮, ૭૯ તે ૧૫ ને બુધવારનો **સૂર્યોદય** વખતનો સૂર્ય થયો.

સૂર્ય **અને** લગ્ન ઉપરથી દિવસનો **ઇષ્ટકાલ લાવવાનું ઉદાહરણ**— ઇષ્ટ સૂર્ય ૧૧, ૫, ૩૮, ૩ છે, **ઇષ્ટ લગ્ન** ૦, ૨૦, ૩૧, ૫૬ છે, **અયનાંશા** ૨૩, ૧૩, ૫૬ છે, પ્રથમ **સૂર્ય** ( ૧૧, ૫, ૩૮, ૩ ) માં અયનાંશા ઉમેર્યા તો ૧૧, ૨૮, ૫૧, ૫૯ થયા, હવે તેના **ભોગ્યાંશ** કરવા માટે ૩૦ અંશમાંથી તેના **અંશાદિ** બાદ કર્યા તો, **અંશાદિ** ૧, ૮, ૧ ભોગ્યાંશ થયા, સાયન સૂર્યની રાશિ **મીન** પ્રમાણે પોતાના દેશનું

---

૪ **વૃષભ** સંક્રાંતિ અહર્ગણ **૧૦૫ અને** ઘટી ૪૨ પલ ૨૬ વખતે **શરૂ** થાય **છે, મિથુન** સંક્રાંતિ **અહર્ગણ ૧૩૭** ઘટી ૭ પલ ૨૧ વખતે **શરૂ** થાય છે **અંતર** કરવા માટે મોટી રકમ ( ૧૩૭, ૭, ૨૧ )માંથી **નાની રકમ ( ૧૦૫, ૪૨, ૨૬ ) બાદ કરી** તો ૩૧, ૨૪, ૫૫ આવ્યા.

[૫]ઉદયમાન ૨૩૭ તે વડે સૂર્યના ભોગ્યાંશ ( ૧, ૮, ૧ ) ને ગુણી ૩૦ વડે ભાગતાં ૮, ૫૭, ૧૯, ૫૪ તે **રવિનો ભોગ્યકાલ** થયો, હવે **ઇષ્ટ લગ્ન** ( ૦, ૨૦, ૩૧, ૫૬ )માં **અયનાંશ** ઉમેરતાં ૧, ૧૩, ૪૫, ૫૨ થયા, અહિં ભોગ્યાંશો કરવાના નથી માટે જે અંશાદિ છે, તેજ **ભુક્તાંશો**, તેને **સાયન લગ્નની** વૃષભ રાશિના **ઉદયમાન** ૨૬૬ થી ગુણી ૩૦ વડે ભાગતાં ૧૨૨, ૨, ૪૧, ૪ આવ્યા, તે **લગ્નનો ભુક્તકાલ** જાણવો, તેમાં **સૂર્યનો ભોગ્યકાલ** ૮, ૫૭, ૧૯, ૫૪ ઉમેરતાં ૧૩૧, ૦, ૦, ૫૮ થયા, તેમાં સૂર્ય અને **લગ્નના** વચ્ચેનું ઉદયમાન ૨૩૭ ઉમેરતાં ૩૬૮ તે પલાત્મક **સ્પષ્ટ ઇષ્ટકાલ** થયો તેને ૬૦ વડે ભાગતાં **ઘટી** ૬ **અને પળ** ૮ તે ઇષ્ટકાલ જાણવો.

**રાત્રિનો ઇષ્ટકાલ લાવવાનું ઉદાહરણ**--સ્પષ્ટ સૂર્ય ૫, ૧૭, ૧૭, ૫૯ છે તેમાં અયનાંશ ૨૨, ૫૦, ૨૮ ઉમેરતાં સાયન સૂર્ય ૬, ૧૦, ૮, ૨૭ થયો, તેના અંશાદિને ૩૦ અંશમાંથી બાદ કરતાં ૧૯, ૫૧, ૩૩ તે ભોગ્યાંશો થયા, તેને સાયન સૂર્યની રાશિ તુલાનું [૬]ઉદયમાન ૩૨૯ તે વડે ગુણી ૩૦ થી ભાગતાં ૨૧૭, ૪૭, ૧૯, ૫૪ તે **રવિનો ભોગ્યકાળ** જાણવો, **ઇષ્ટ લગ્ન** ૨, ૦, ૪૮, ૨૫ તેમાં અયનાંશ ઉમેરતાં ૨, ૨૩, ૩૮, ૫૩ તે સાયન લગ્ન થયું તેના અંશાદિને એટલે તે ભુક્તાંશોને સાયન લગ્નની રાશિ મિથુનનું ઉદયમાન ૩૦૬ તે વડે ગુણી ૩૦ થી ભાગતાં ૨૪૧, ૧૨, ૩૬, ૩૬ તે **લગ્નનો ભુક્તકાલ** જાણવો. તેમાં રવિનો ભોગ્યકાલ તથા સૂર્ય અને લગ્નની વચ્ચેનાં એટલે વૃશ્ચિકથી વૃષભ સુધીનાં ઉદયમાનો ઉમેરતાં ૨૪૧૪, ૫૯, ૫૯, ૩૦ આવ્યા, તેની વિપળો ૫૯ હોવાથી તેની ૧ પલ ઉપરની પળોમાં ઉમેરતાં ૨૪૧૫ તે પલાત્મક **સ્પષ્ટ ઇષ્ટકાલ** આવ્યો, તેને ૬૦ થી ભાગતાં ભાગમાં ૪૦ તે ઘટીઓ અને શેષ ૧૫ તે પળો તે ઇષ્ટકાલ જાણવો.

**लग्नार्कौ यदि चैकभेंऽशविवरात्स्वीयोदयघ्नाद्वियत्त्र्याप्तिः काल**
**इनात्तनुर्यदि तनुः सूर्योदयात्प्रागसौ ॥ कुंडेंऽभःपरिपूरिते सुघटिकाम-**
**धोदयास्ते न्यसेत्स्तुत्वाऽग्नित्रयवायुगा न शुभदा पूर्णाग्निपंचस्त्वथ ३७**

---

૫ આ ઉદાહરણમાં સ્વદેશ **મુંબઇને** ગણેલો છે તેથી મુંબઇના **ઉદયમાન** લીધેલાં છે.

૬ અહિં **અમદાવાદ** સ્વદેશ ગણી અમદાવાદનાં **ઉદયમાન** લીધાં છે.

अन्वयः—लग्नार्कौ यदि एकभे ( चेत्तर्हि ) अंश विवरात् स्वीयोदयघ्नात् या वियत्त्र्याप्तिः ( सः ) कालः स्यात्, इनात् तनुः यदि तनुः ( अस्ति तर्हि ) असौ (कालः) सूर्योदयात् प्राक् स्यात्, अंभः परिपूरिते कुंडे सुघटिकाम् स्तुत्वा अर्द्धोदयास्ते न्यसेत् (सा) अग्नित्रयवायुगासति शुभदा न स्यात्, अथ पूर्णा (घटिका) अग्नि पंचसु ( गतासति ) शुभदा न स्यात् ॥३७॥

अन्वयार्थः—लग्नार्कौ લગ્ન અને સૂર્ય यदि જો एकभे એક રાશિમાં ( चेत्तर्हि ) હોય ત્યારે अंशविवरात् અંશના અંતરથી स्वीयोदयघ्नात् પોતાની રાશિના ઉદયમાનને ગુણવાથી या જે वियत्त्र्याप्तिः ૩૦ વડે પ્રાપ્ત ફલ ( सः ) તે कालः स्यात् ઇષ્ટકાલ હોય, इनात् સૂર્યથી तनुः લગ્ન यदि જો तनुः ઓછું ( अस्ति तर्हि ) હોય ત્યારે असौ ( कालः ) એ ઇષ્ટકાલ सूर्योदयात् प्राक् स्यात् સૂર્યોદય પહેલાંનો હોય. अंभः परिपूरिते જલથી પૂર્ણ એવા कुंडे પાત્રમાં सुघटिकाम् શુદ્ધ ઘટિકાની स्तुत्वा સ્તુતી કરી તેને अर्धोदयास्ते અર્દ્ધોદય અને અર્દ્ધાસ્ત સમયે न्यसेत् મુકવી ( सा ) તે ઘટિ अग्नित्रयम् અગ્નિકોણથી ત્રણ અને वायुगासति વાવ્યકોણમાં જાય તો शुभदाः न स्यात् શુભ ફળ આપતા ન હોય, अथ ત્યાર પછી पूर्णा ( घटिका ) પૂર્ણ ઘટી अग्निपंचसु ( गतासति ) આગ્નેયાદિ પાંચ દિશામાં જાય તો शुभदा न स्यात् શુભ ફળ આપતા ન હોય. ॥ ૩૭ ॥

**ભાવાર્થ**—**લગ્ન** અને **સૂર્ય** એઉની એક રાશિ હોય તો, લગ્ન **અને સૂર્યના અંશ અંતરને** પોતાની રાશિના ઉદયમાનથી ગુણી ૩૦ વડે ભાગવાથી ભાગમાં જે આવે તે પળો જાણવી તે પળોને ૬૦ વડે ભાગવાથી ભાગમાં આવે તે ઘટી અને શેષ રહે તે પળો, તે **ઇષ્ટકાલ** જાણવો, તેમાં જો સૂર્યથી લગ્ન **ઓછું** હોય તો, તે ઇષ્ટકાલ **સૂર્યોદયથી પહેલાનો** જાણવો, સૂર્યોદય પહેલાંનો ઇષ્ટકાલ હોય તો તે **ઘટી પળને** ૬૦ માંથી બાદ કરવાથી ગયેલા દિવસનો સૂર્યોદયાત્ ઇષ્ટકાલ થશે. **ઘટીયંત્ર સાધન અને તેના ગમનનું ફળ**—પાણીથી ભરેલું એવું એક ઉંડુ પાત્ર ( વાસણ ) લેઇ, તેમાં ૬૦ પલ શુદ્ધ એવી **ઘટી** ને તેની સ્તુતિ કરી, સૂર્યના **અર્દ્ધોદય** સમયમાં અને સૂર્યના **અર્દ્ધાસ્ત**

સમયમાં મુકવી. એ મુકેલી ઘડી જો **આગ્નેયાદિ** ત્રણ દિશામાં ( અગ્નિ, દક્ષિણ, નૈરૂત્ય ) અને વાવ્યકોણ તરફ જાય તો **અશુભ** છે **અર્થાત્** બીજી દિશામાં અથવા જે ઠેકાણે મુકી છે ત્યાંજ સ્થિર રહે તો **શ્રેષ્ટ** છે, પૂર્ણતાનું ફલ—જો ઘડી **આગ્નેયાદિ પાંચ દિશામાં** પાણીથી ભરાઇ જાય તો શુભ ફળ આપતી નથી, અર્થાત્ બીજી દિશામાં પૂર્ણ થાય તો શુભ ફળ આપે છે. ॥ ૩૭ ॥

ઉદાહરણ—ઇષ્ટ લગ્ન **૧૦, ૦** છે, ઇષ્ટ સૂર્ય ૧૦, ૭ છે હવે તે બેઉની એક રાશિ છે તેથી તે બેઉના **અંશનું** [1]**અંતર** કર્યું તો ૭ તેને પોતાની રાશિ ( કુંભ )ના [2]**ઉદયમાન** ૨૬૬ થી ગુણતાં ૧૮૬૨ થયા, તેને ૩૦ વડે ભાગવાથી ભાગમાં **૬૨ પળો** આવી, તે પળોને ૬૦ થી ભાગતાં, ભાગમાં ૧ તે ઘડી અને શેષ ૨ તે **પળ** તે **ઇષ્ટકાલ** થયો, અહિં સૂર્ય કરતાં **લગ્ન** ઓછું હોવાથી તે ઇષ્ટ કાલને ( ૧ ઘડી ૨ પળને ) ૬૦ ઘડીમાંમાંથી બાદ કરતાં ૫૮ **ઘડી** ને **૫૮ પળ** તે ઇષ્ટકાલ ગયેલા દિવસનો સૂર્યોદયથી જાણવો.

**गोधूलं पदजादिके शुभकरं पंचांगशुद्धौ रवेरर्धास्तात्परपूर्वतो ऽर्धघटिकं तत्रेंदुमष्टारिगम् ॥ सोग्रांगं कुजमष्टमं गुरुयमाहः पातमर्कक्रमं जह्याद्विप्रमुखेऽतिसंकट इदं सद्यौवनाद्ये क्वचित् ॥ ३८ ॥**

अन्वयः—**गोधूलम् पदजादिकेसति शुभकरम् स्यात्, ( तत् ) पंचांग शुद्धौ सत्याम् ( शुभकरम् स्यात् ) ( तत् ) रवेः अर्धास्तात् परपूर्वतः अर्धघटिकम् ( गोधूलं स्यात् ), तत्र अष्टारिगम् इंदुम्, सोग्रांगम्, अष्टमं-कुजम्, गुरुयमाहः, पातम्, अर्कक्रमम् जह्यात्, यौवनाद्ये अति संकटे ( आप्तेसति ) इदम् क्वचित् विप्रमुखे सत् स्यात् ॥ ३८ ॥**

---

૧ અંતર એટલે મોટી રકમમાંથી નાની રકમ બાદ કરવી.

૨ ઉદયમાન સ્વદેશનું લેવું. જોઇએ આ ઉદાહરણ **મુંબઇના** ઉદયમાન પ્રમાણે છે.

अन्वयार्थः—**गोधूलम्** સાયંકાલનું લગ્ન **पदजादिकेसति** હીનજાતીને માટે **शुभकरम्** શુભ કરતા **स्यात्** છે ( **तत्** ) તેમાં **पंचांगशुद्धौसत्याम्** પંચાંગ શુદ્ધિ હોય તો ( **शुभ करम् स्यात्** ) શુભ કરતા છે. ( **तत्** ) તે **रवेः** રવિના **अर्द्धा स्तात्** અર્દ્ધાસ્તથી **परपूर्वतः** પાછળ અને આગળની મળી **अर्घघटिकम्** અડધી ઘટી ( **गोधूलं स्यात्** ) ગોધૂલ સમય છે, **तत्र** તેમાં **अष्टारिगम्** ૮ મે ૬ ઠે રહેલો **इंदुम्** ચંદ્ર, **सोग्रांगम्** પાપગ્રહ સહિત લગ્ન, **अष्टमंकुजम्** ૮ મે રહેલો મંગળ, **गुरुयमाहः** ગુરૂ અને શનિવાર **पातम्** મહાપાત **अर्कक्रमम्** સૂર્ય સંક્રાંતિ **जह्यात्** તજવાં, **यौवनाद्ये** યૌવનાદિક **अति संकटे** ( **आप्ते सति** ) મહાસંકટ પ્રાપ્ત હોય તો **इदम्** ગોધુલ લગ્ન **क्वचित्** લગ્ન શુદ્ધિના અભાવમાં **विप्रमुखे** વિપ્રાદિ ત્રણ વર્ણને **सत् स्यात्** શુભ છે. ॥ ૩૮ ॥

**ભાવાર્થ**—સાયંકાલનું **ગોધૂલ લગ્ન**, શુદ્રાદિકોને શુભ કરતા છે, બ્રાંહ્મણાદિકોને **અશુભ** છે, ગોધૂલ લગ્નમાં વિવાહમાં કેટલી પંચાંગશુદ્ધિ જોવી, **અર્દ્ધ** સૂર્યાસ્ત પહેલાંની **૧૫ પળો**, અને સૂર્યના અર્દ્ધાસ્ત પછીની **૧૫ પળો** મળી **૦॥ ઘટી** ગોધુલ લગ્નનો **સમય** છે. ગોધૂલ લગ્નમાં **ચંદ્રમા** લગ્નથી છઠ્ઠે ૮ મે હોય તો ત્યાગ કરવો, અને લગ્નમાં **પાપગ્રહ** ત્યાગ કરવો. **આઠમે મંગળ**, અને **ગુરૂવાર** તથા **શનિવાર** ત્યાગ કરવા ×**મહાપાત** અને **સૂર્યની સંક્રાંતિ** ત્યાગ કરવી, તે શિવાય બીજાનો ગોધૂલ લગ્નમાં દોષ નથી, કન્યાના યૌવનાદિકથી **મહાન સંકટ** આવેલું હોય, અને તેવામાં લગ્ન શુદ્ધિનો અભાવ હોય તો **બ્રાહ્મણાદિક** ત્રણે વર્ણને ગોધૂલ લગ્ન શુભ છે. ॥ ૩૮ ॥

**वेदी प्राक्प्रवणा चतुर्वरकरा हस्तोच्छ्रिताग्र्यस्य दोर्जादेर्द्वित्रियुगांगुलैरपचिता सोक्ता बहिर्वामतः ॥ यस्यांगं यददोंऽगिनो गदितमे कुर्यादिहैदोर्बलं नार्कोवयं तु विवाहतस्त्र्यरिनवाह्नि प्राङ्कुर्यादिदम् ३९**

**अन्वयः—अग्र्यस्य प्राक्प्रवणा चतुर्वरकरा वेदी ( कार्या), (सा) हस्तोच्छ्रिता ( कार्या ), दोर्जादेः द्वित्रियुगांगुलैः अपचिता (कार्या), (सा) (गृहात्) बहिः वामतः उक्ताः यस्य यत् अंगम् तत् अंगिनः**

---

× સિદ્ધાંતમાં જોવો.

**गदितभे कुर्यात्, इह इंदोः बलम् न आलोक्यम् तु इदम् विवाहतः प्राक् त्र्यरि नवान्हि न कुर्यात् ॥ ३९ ॥**

अन्वयार्थः—**अग्रस्य** બ્રાહ્મણને **प्राक्प्रवणा** પૂર્વમાં નીચી **चतुर्वरकरा** વરના ૪ હસ્તની **वेदी** ( **कार्या** ) વેદી કરવી **सा** તે **हस्तोच्छ्रिता (कार्या)** ૧ હસ્ત ઉંચી કરવી **दोर्जादिः** ક્ષત્રિયાદિને ( અનુક્રમે ) **द्वित्रियुगांगुलैः** ૨, ૩, ૪ અંગુલો **अपचिता** ( **कार्या** ) હીન કરવી (**सा**) તે (**गृहात्**) ઘરથી **बहिः** બહાર **वामतः** વામ ભાગમાં **उक्ता** કહી છે, **यस्य** જે કર્મનું **यत्** જે **अंगम्** અંગ **अदः** તે **अंगिनः** અંગીનાં **गदितभे** જે નક્ષત્રો કહેલાં છે તેમાં **कुर्यात्** ( તે કર્મ ) કરવું, **इह** એમાં **इंदोः** ચંદ્રમાનું **बलम्** બલ **न आलोक्यम्** ન જોવું **तु** પુનઃ **इदम्** અંગ કર્મ **विवाहतः** વિવાહથી **प्राक्** પહેલા **त्र्यरिनवान्हि** ૩, ૬, ૯ દિવસોમાં **न कुर्यात्** ન કરવું. ॥ ૩૯ ॥

**ભાવાર્થ**—**બ્રાહ્મણને** ઘરની બહાર વામ ભાગમાં વરના ચારહાથની ( ચારે બાજુ મળી ) **ચતુરસ્ત્રા** ( ચોરસ ) અને એક હાથ **ઉંચી** પૂર્વ તરફ સહેજ નીચાણવાળી એવી **વેદિ** કરવી. અને **ક્ષત્રિયને** ઉપર કહેલી વેદીથી બે અંગુલ નાની કરવી, **વૈશ્યને** ત્રણ અંગુલ નાની કરવી, અને શૂદ્રને ચાર અંગુલ નાની કરવી. **નાના પ્રકારનાં કર્મોનાં અંગ કાર્ય ક્યારે કરવાં તે વિશે**—જે કર્મના અંગે જે અંગીભૂત કાર્ય હોય, તે કાર્ય +અંગીના નક્ષત્રમાં કરવું. અને તેવા અંગીભૂત કાર્યમાં ચંદ્ર બલ જોવું નહિ. **વિવાહનું** અંગીભૂત કાર્ય વિવાહના દિવસથી પહેલાં ૩-૬-૯ એ દિવસોમાં ન કરવું. ॥ ૩૯ ॥

**लग्नादष्टिदिनांततः समम्रुनीष्वं कन्याप्रपूर्ध्वं त्वयुग्घस्त्रे मास्यपि हायने शरमिताद्वर्षात्परं स्वेच्छया ॥ वैफामार्गसिते जगुः श्रुतियुगोद्वाहर्क्षचि-**

---

+ અંગી એટલે અંગવાળું, જેમકે વિવાહ કાર્ય તે અંગવાળું અને મંડપ કરવો વિગેરે તે વિવાહનું અંગ કહેવાય છે. અંગીના નક્ષત્ર—એટલે જેમકે વિવાહ કાર્ય છે, તો વિવાહના નક્ષત્રમાં તેનું અંગ કાર્ય કરવું. એ પ્રમાણે દરેકને માટે જાણી લેવું.

त्राश्विनीज्यर्क्षैश्चानवमंदिरे निशि वधूसंवेशमंगे स्थिरे ॥ ४० ॥

अन्वयः—लग्नात् अष्टि दिनांततः समसुनीष्वंकद्युषु, ऊर्ध्वंतु, अयुक् घस्रे, मासि, हायने अपि शरमितात्वर्षात्परम् स्वेच्छया, वै फामार्गसिते श्रुतियुगोद्वाहर्क्षे चित्राश्विनीज्यर्क्षैः अनवमंदिरे स्थिरे अंगे निशि वधूसंवेशम्, (मुनयः) जगुः ॥ ४० ॥

अन्वयार्थः—लग्नात् લગ્નથી अष्टिदिनांततः ૧૬ દિવસના અંતસુધીના सम સમ દિવસમાં ( અને ) मुनि ૭ इषु ૫ अंक ૯ द्युषु એ દિસમાં ऊर्ध्वंतु ૧૬ દિવસ ઉપર अयु વિષમ घस्रे દિવસ मासि માસ ( અને ) हायने વર્ષમાં अपि પણ ( તથા ) शरमितात् वर्षात् परम् પાંચ વર્ષ પછી स्वेच्छया પોતાની ઇચ્છા પ્રમાણે वै વૈશાખ फा ફાગણ मार्ग માર્ગશિર્ષ सिते શુકલ પક્ષમાં श्रुतियुगम् શ્રવણુથી બે उद्वाहर्क्षैः વિવાહ નક્ષત્રો ( અને ) चित्रा ચિત્રા अश्विनि અશ્વિની इज्य પુષ્ય ऋर्क्षैः એ નક્ષત્રોમાં, अनवमंदिरे જૂના ઘરમાં स्थिरे अंगे સ્થિર લગ્નમાં निशि રાત્રિમાં वधूसंवेशम् વધુ પ્રવેશ ( मुनयः ) મુનિઓ जगुः કહે છે. ૪૦

ભાવાર્થ—લગ્નથી ૧૬ દિવસો સુધીના **સમદિવસોમાં** અથવા ૫, ૭, ૯ એ દિવસોમાં વધૂ પ્રવેશ શુભ છે. જો ૧૬ ઉપર અને એક **માસની** અંદર કરે તો વિષ[illegible] **દિવસોમાં** કરવું, પહેલા માસ પછીથી પહેલા વર્ષ સુધીમાં કરે તો [illegible]મ **મહિનાઓમાં** કરવું, તેમાં વિષમ દિવસો જોવાની જરૂર નથી, પહેલા વર્ષ પછીથી પાંચ વર્ષ સુધીમાં કરે તો **વિષમ વર્ષમાં** કરવું. તેમાં વિષમ માસ જોવાની જરૂર નથી, **પાંચ વર્ષ** પછી કરે તો પોતાની ઇચ્છા હોય ત્યારે કરવું, એટલે તેમાં **વિષમ માસ કે વિષમ વર્ષ** જોવાની જરૂર નથી.

**વિલંબિત વધુ પ્રવેશનું મુહૂર્ત**—વૈશાખ-ફાગણ-માર્ગશિર્ષ એ **માસ, શુકલપક્ષ,** શ્રવણ-ધનિષ્ટા-વિવાહનાં નક્ષત્રો ( મૂલ-રેવતી-હસ્ત-મઘા—રોહિણી—ત્રણ ઉત્તરા-મૃગશિર્ષ-સ્વાતી-અનુરાધા ) **ચિત્રા-અશ્વિની-પુષ્ય** એ **નક્ષત્રો, રાત્રિ,** તેમજ **જુના ઘરમાં,** સ્થિર **લગ્નમાં** *વધૂ પ્રવેશ શુભ છે.

* વધૂ પ્રવેશ એટલે કન્યાએ લગ્ન કર્યા પછી પતિ ઘેર આવવું તે.

उद्वाहात्प्रथमे शुचौ यदि वसेद्भर्तुर्गृहे कन्यका हन्तात्तज्जननीं क्षये निजतनुं ज्येष्ठे पतिज्येष्ठकम् ॥ पौषे च श्वसुरं पतिं च मलिने चैत्रे स्वपित्रालये तिष्ठंती पितरं निहंति न भयं तेषामभावे भवेत् ४१

अन्वयः—उद्वाहात् प्रथमे शुचौ यदि भर्तुः गृहे कन्या वसेत् (तर्हि) तत्जननीम् हन्यात्, क्षये निज तनुं हन्यात्, ज्येष्ठे पति ज्येष्ठकम् हन्यात्, पौषे श्वसुरम् हन्यात्, च मलिने पतिम् हन्यात्, चैत्रे स्वपित्रालये तिष्ठंति पितरम् निहंति, तेषाम् अभावे सति भयम् न भवेत् ॥ ४१ ॥

अन्वयार्थः—उद्वाहात् લગ્નથી प्रथमे પહેલા शुचौ આષાઢમાં यदि જો भर्तुः गृहे સ્વામીના ઘરમાં कन्या કન્યા वसेत् (तर्हि) રહે તો तत्जननीम् વરની માતાને हन्यात् હણે છે क्षये ક્ષય માસમાં निजतनुंहन्यात् પોતાના શરીરનો નાશ કરે છે, ज्येष्ठे જ્યેષ્ટ માસમાં पतिज्येष्ठकम् પતિથી મોટા ભાઈને हन्यात् હણે છે, पौषे પૌષ માસમાં श्वसुरम् શ્વશુરને हन्यात् હણે છે, च અને मलिने મલમાસમાં पतिम् સ્વામીને हन्यात् હણે છે, चैत्रे ચૈત્ર માસમાં स्वपित्रालये પોતાના પિતાના ઘરમાં तिष्ठंती રહેતો पितरम् પિતાને निहंति નાશ કરે છે तेषाम् તેઓનો अभावे सति અભાવ હોય તો भयम् ભય न भवेत् ન હોય. ॥ ૪૧ ॥

ભાવાર્થ—લગ્નથી પહેલા **અશાડ માસમાં** જો **કન્યા,** પતિના ઘરમાં રહે તો, પતિની માતાનો નાશ કરે છે, એ પ્રમાણે પહેલા **ક્ષય માસમાં** રહે તો પોતે નાશ પામે, પહેલા **જ્યેષ્ટ** માસમાં રહે તો પતિના મોટા ભાઈનો નાશ કરે, પહેલા **પૌષ** માસમાં રહે તો સસરાનો નાશ કરે, અને લગ્નથી પહેલા **મલમાસમાં** કન્યા પતિના ઘરમાં રહેતો પતિનો નાશ કરે, અને લગ્નથી પહેલા ચૈત્ર માસમા કન્યા પિતાના ઘરમાં રહે તો **પિતાનું મરણ** કરે પરંતુ ઉપર કહેલા **માણસોનો** અભાવ હોય તો, તે તે માસોમાં **દોષ** નથી. ॥ ૪૧ ॥

शूद्रान्त्येषु पुनर्भवापरिणयः प्रोक्तोविवाहोक्तभैर्नालोक्यं तिथि मासवेधभृगुजेज्यास्तादितत्रार्कभात् ॥ त्रिऋर्क्षेषुमृतिर्धनंमृतिमृतीपुत्रा-

मृतिर्दुर्भगम् श्रीरौन्नत्यमथो धृतीशकृततत्त्वर्क्षेऽत्ययःसाभिजित् ॥४२॥

अन्वयः—शूद्रान्त्येषु पुनर्भवापरिणयः विवाहोक्तभैः प्रोक्तः तत्र तिथिमासवेधभृगुजेज्यास्तादि न आलोक्यम् तत्र अर्कभात् त्रित्र्यर्क्षेषु मृतिः धनम् मृतिमृती पुत्रा मृतिः दुर्भगम् श्रीः औन्नत्यम् अथः (अर्कभात्) साभिजित् धृतीशकृततत्त्वर्क्षे अत्ययः स्यात् ॥ ४२ ॥

अन्वयार्थः—शूद्रान्त्येषु શદ્ર અને રજકાદિકને पुनर्भवापरिणयः પુનર્ભૂ વિવાહ विवाहोक्तभैः વિવાહમાં કહેલાં નક્ષત્રોમાં प्रोक्तः કહ્યો છે, तत्र તેમાં तिथि તિથિ मासः માસ वेधः વેધ भृगुजेज्यास्तादि શુક્ર ગુરૂનો અસ્તાદિક न आलोक्यम् ન જોવો. तत्र તેમાં अर्कभात् રવિના નક્ષત્રથી त्रित्र्यर्क्षेषु ત્રણ ત્રણ નક્ષત્રોમાં मृतिः મરણ धनम् ધન मृतिः મરણ मृतिः મરણ पुत्राः પુત્રો मृतिः મરણ दुर्भगम् દુર્ભગ श्रीः લક્ષ્મી औन्नत्यम् ઉન્નતિ થાય. अथः ત્યારબાદ (अर्कभात्) રવિના નક્ષત્રથી साभिजित् અભિજિત્ સહિત धृतिः १८ ईश ११ कृत ४ तत्त्व २५ ऋक्षे એ નક્ષત્રોમાં अत्ययः स्यात् મરણ થાય. ॥ ૪૨ ॥

ભાવાર્થ—શદ્ર તથા રજકાદિ જાતિની સ્ત્રીઓને ફરીથી વિવાહ કરવાનું વિવાહના નક્ષત્રોમાં કહ્યું છે. તેમાં તિથિ, માસ, વેધ, અને ગુરૂ શુક્રનો અસ્તાદિક વિગેરે જોવાની જરૂર નથી, બ્રહ્મ પટ્ટ નક્ષત્રોની શુદ્ધિ સૂર્યના નક્ષત્રથી દિવસના નક્ષત્ર સુધી ગણતાં પહેલાં ૩ નક્ષત્રોમાં **મરણ** બીજા ૩ નક્ષત્રોમાં **ધનની પ્રાપ્તિ,** ત્રીજા ૩ નક્ષત્રોમાં **મરણ,** ચોથા ૩ નક્ષત્રોમાં **મરણ,** પાંચમા ૩ નક્ષત્રોમાં **પુત્ર પ્રાપ્તિ,** છઠ્ઠા ત્રણ નક્ષત્રોમાં **મરણ,** સાતમા ત્રણ નક્ષત્રોમાં દુર્ભગ, આઠમા–ત્રણ–નક્ષત્રોમાં **લક્ષ્મિ પ્રાપ્તિ,** અને નવમા ૩ નક્ષત્રોમાં **ઉન્નતિ** થાય. રૂદ્ર પટ્ટ નક્ષત્રોની શુદ્ધિ–સૂર્યના નક્ષત્રથી દિવસના નક્ષત્ર સુધી ગણતાં ૪—૧૧–૧૮—૨૫ એ નક્ષત્રોમાં **મરણ** થાય, અર્થાત્ બાકીનાં નક્ષત્રો શુભ છે. એ નક્ષત્રો ગણતાં **અભિજી**તને પણ સાથે ગણવું. ॥ ૪૨ ॥

भुक्त्वायैव सुतामुपोषितनरो दद्याच्च सावित्रिकामारभ्योत्सवके यद्वा जनिमृती स्यातां स्वगोत्रे क्वचित् ॥ सांगं तं विदधीत वाजमपरेऽस्मादारभेत्पूर्वतो यज्ञोद्वाहनचौलमौंजिकमहः सुस्वर्गदिक्त्रित्रिषु ॥ ४३ ॥

अन्वयः—उपोषितनरः भुक्ताय ( वराय ) सुताम् दद्यात्, ( भुक्तायबटवे ) सावित्रिकाम् दद्यात्, आरब्धोत्सवके सति यदा इहकश्चित् स्वगोत्रे जनिमृती स्याताम् ( तर्हि ) तम् सांगं विदधीत, अपरे वाजम् ( विदधीरन् ) अस्मात् पूर्वतः यज्ञोद्वाहन चौल मौंजिकम् ( क्रमात् ) स्वर्गदिक् त्रित्रिषु अहःसु आरभेत् ॥ ४३ ॥

अन्वयार्थः—उपोषितनरः ઉપવાસી પુરૂષે भुक्ताय ભોજન કરેલા ( वराय ) વરને सुताम् કન્યા दद्यात् આપવી. ( भुक्ताय बटवे ) ભોજન કરેલા બટુકને सावित्रिकाम् ગાયત્રીનો ઉપદેશ दद्यात् આપવો. आरब्धोत्सवके सति કર્મનો પ્રારંભ થયો હોય. અને यदा જ્યારે इह તેમાં कश्चित् કદાચિત् स्वगोत्रे પોતાના ગોત્રમાં जनिमृती જન્મ મરણ स्याताम् થાય (तर्हि) તો तम् તે કર્મને सांगं સંપૂર્ણ विदधीत કરવું. अपरे બીજા ગોત્રવાળા પાસે वाजम् અન્નપાક ( विदधीरन् ) કરાવવો. अस्मात् નિશ્ચય દિવસથી पूर्वतः પહેલાં यज्ञः યજ્ઞ उद्वाहनम् લગ્ન. चौलम् ચૌલ. मौंजिकम् મૌંજી ( क्रमात् ) અનુક્રમથી स्वर्ग २१ दिक् १० त्रि ३ त्रिषु ३ अहःसु દિવસથી आरभेत् આરંભ કરવો. ॥ ૪૩ ॥

ભાવાર્થ—કન્યા આપનારે ઉપવાસ કરીને, ભોજન કરેલા વરને કન્યા આપવી, અને ગુરૂએ પોતે ઉપવાસ કરીને ભોજન કરેલા બાલકને ગાયત્રી મંત્રનો ઉપદેશ આપવો, ઉત્સવ ( વિવાહ યજ્ઞ આદિ શુભ કાર્ય ) નો પ્રારંભ થયા પછી જો તેમાં કદાચિત् પોતાના ગોત્રમાં જન્મ કે મરણ થાય, તો એ કર્મને સાંગ સમાપ્ત કરવું અને રસોઈ વિગેરે બીજા ગોત્રવાળા પાસે કરાવવી નિશ્ચય કરેલા દિવસથી ૨૧ દિવસ પહેલાં યજ્ઞનો પ્રારંભ કરવો, વિવાહનો આરંભ વિવાહ દિવસથી ૧૦ દિવસ પહેલાં કરવો, ચૌલનો આરંભ ચૌલ મુહૂર્તના દિવસથી ૩ દિવસ પહેલાં કરવો, અને મૌંજીનો આરંભ મૌંજી બંધનના મુહૂર્તથી ૩ દિવસ પહેલાં કરવો. ॥ ૪૩ ॥

नो श्राद्धं क्षयदर्शनैत्यकमधीतिं शीतलाप्स्वाप्लुतिं सीमासिंध्वतिपातमेककुलजाः सव्यातिपातं कचित् ॥ उत्थापावधि मंडपस्य सशरागाद्दौविषष्ठे समेऽद्धगुत्थाप्यो न गृहोद्वहौ सहजयोस्तुल्याक्रियाऽब्दांततः ॥ ४४ ॥

अन्वयः—एक कुलजाः, मंडपस्य उत्थापावधि, क्षयदर्श नैत्यकम् श्राद्धम्, अधीतिम्, शीतलाप्सु आप्लुतिम्, सीमासिंध्वतिपातम्, सव्यातिपातम्, कचित् नो कुर्युः, सशरागान्होः विषष्ठे समे अन्हि उत्थाप्यः, गृहोद्वाहौ ( अब्दांततः ) न ( कार्यौ ), सहजयोः तुल्याक्रिया अब्दांततः न कार्या ॥ ४४ ॥

अन्वयार्थः—एककुलजाः એક ગોત્રવાળાઓએ मंडपस्य મંડપની उत्थापावधि ઉત્થાપના સુધી क्षयदर्शनैत्यकम् ક્ષય, દર્શ અને નિત્ય श्राद्धम् શ્રાદ્ધ अधीतिम् પઠન शीतलाप्सु શીતલ જલથી आप्लुतिम् સ્નાન सीमासिंध्वतिपातम् સીમ અને મહાનદીનું ઉલ્લંઘન सव्यातिपातम् અપસવ્ય કર્મ कचित् કયારેય પણ नो कुर्युः ન કરવું. सशरागान्होः ૫—૭ દિવસો ( અને ) विषष्ठे ૬ રહિત समे સમ अन्हि દિવસોમાં उत्थाप्यः મંડપનું ઉત્થાપન કરવું, गृहोद्वाहौ ઘર તથા વિવાહ ( अब्दांततः ) વર્ષના અંત સુધી न ( कार्यौ ) ન કરવાં सहजयोः એક ઉદરથી જન્મેલા બે ભાઈઓ, તથા બે બ્હેનો, તથા ભાઈ બેનની तुल्याक्रिया સમાન ક્રિયા अब्दांततः વર્ષના અંત સુધી न कार्या ન કરવી. ॥ ૪૪ ॥

ભાવાર્થ—મંડપ ઉત્થાપન પહેલાં—એક ગોત્રવાળાઓએ ક્ષય શ્રાદ્ધ–દર્શ શ્રાદ્ધ–નિત્ય શ્રાદ્ધ—પઠન–ઠંડા જલમાં સ્નાન–સીમનું ઉલ્લંઘન–મહા નદીનું ઉલ્લંઘન અને અપસવ્ય કરવું નહિ.

મંડપનું ઉત્થાપન—૫ મે ૭ મે દિવસે અથવા છઠ્ઠા દિવસ વિનાના સમદિવસોમાં કરવું. ઘર અને લગ્ન વર્ષના અંત સુધી ન કરવું, એક માતાથી ઉત્પન્ન થયેલા બે ભાઈઓનું, તથા બે બેહેનોનું, તથા ભાઈ બેનનું વિવાહાદિક સમાન કર્મ વર્ષના અંત સુધી ન કરવું, વર્ષનું પ્રમાણ ચૈત્રથી ફાગણ સુધી જાણવું. ॥ ૪૪ ॥

उद्वाहव्रतचूडकेऽब्ददलतत्खंडं तिलैस्तर्पणं श्राद्धं पिंडयुतं महालयगयापित्र्यं विना नाचरेत् । पूर्वं सप्तपदीविधेरधिगते दोषे वरे वा मृते देयाऽन्यत्र विवाहितापि च बलाद्या विद्धयोनिर्न चेत् ॥४५॥

अन्वयः—उद्वाह व्रत चूडके ( कृतेसति ) ( क्रमात् ) अब्ददल तत्खंडम् महालय गया पित्र्यम् विना तिलैः तर्पणम् पिंडयुतम् श्रा-

द्धम्, न आचरेत्, सप्तपदी विधेः पूर्वम् ( वरस्य ) दोषे अधिगते सति वा वरे मृतेसति ( साकन्या ) अन्यत्र देया, बलात् विवाहिता अपि ( या कन्या ) विद्धयोनिः नचेत्तर्हि ( साकन्या ) अन्यत्र देया ॥ ४५ ॥

अन्वयार्थः—**उद्वाहव्रतचूडके** વિવાહ, વ્રતબંધ, ને ચૌલ કર્મ ( **कृतेसति** ) કર્યા પછી ( **क्रमात्** ) અનુક્રમે **अब्दर्वलतरखंडम्** વર્ષ, છમાશ, ત્રણ માસ ( ત્યાં સુધી ) **महालय** મહાલય **गया** ગયા ( અને ) **पित्र्यम्** માતા પિતાનો ક્ષય દિવસ ( તે ) **विना** વિના **तिलैः** તિલ યુક્ત **तर्पणम्** તર્પણ **पिंडयुतम्** પિંડ યુક્ત. **श्राद्धम्** શ્રાદ્ધ **न आचरेत्** ન કરવું, **सप्तपदी विधे.** સપ્તપદીથી **पूर्वम्** પહેલાં ( **वरस्य** ) વરનો **दोषे** દોષ **अधिगतेसति** જાણવામાં આવે તો, **वा** અથવા **वरेमृतेसति** વર મરણ પામે તો ( **सा कन्या** ) તે કન્યા **अन्यत्रदेया** બીજાને આપવી, **बलात्** બલથી **विवाहिता** લગ્ન કરે **अपि** તો પણ ( **या कन्या** ) જે કન્યાનો **विद्धयोनिः** યોનિ વેધ **नचेत्तर्हि** ન થયો હોય ત્યારે ( **सा कन्या** ) તે કન્યા **अन्यत्रदेया** બીજાને આપવી. ॥ ૪૫ ॥

**ભાવાર્થ**—**વિવાહ પછી** ૧ વર્ષ સુધી, **વ્રતબંધથી** ૬ માસ સુધી, અને **ચૌલથી** ૩ માસ સુધી, તિલ યુક્ત **તર્પણ** અને પિંડ યુક્ત **શ્રાદ્ધ** કરવું નહિ, **પરંતુ** *મહાલય શ્રાદ્ધ, ગયા શ્રાદ્ધ, અને માતા પિતાના ક્ષય દિવસનું, શ્રાદ્ધ કરવામાં દોષ નથી. **સપ્તપદીથી** પહેલાં **વરનો** +**દોષ** માલુમ પડે તો, અથવા **વરનું મરણ** થાય તો, એ કન્યાનું લગ્ન **બીજા વરની** સાથે કરવું, અને કોઇએ **બલાત્કારે** કન્યાનું લગ્ન કર્યું હોય, પણ તે કન્યાનો પુરૂષની સાથે **સંયોગ** ન થયો હોય તો તેનું લગ્ન બીજા વરની સાથે કરવું. ॥ ૪૫ ॥

अस्त्रीकैः कुशहेमरौप्यरचितातास्त्रीचविप्रादिभिर्भार्या वा निखिलैः सुवर्णरचिताधर्मायधार्याबुधैः ॥ मंदारार्कदिनेऽनुपाग्निफणिभं भद्रा-

* ભાદરવા વદીમાં આવે છે તે.

\+ આંધળો, બોબડો, ક્રિયાહીન, વાઇના રોગવાળો, નપુંસક, દીર્ઘ રોગી વિગેરે.

तिथिश्चेदिहोद्भूता सा विषकन्यकापि तनुगौ सौम्यौ रिपुक्षेत्रगौ ॥ ४६ ॥

अन्वयः—अस्त्रीकैः बुधैः विप्रादिभिः ( क्रमात् ) कुशहेम रौप्य रचिता च ताम्री भार्या धर्माय धार्या, निखिलैः ( वर्णैः ) सुवर्ण रचिता ( भार्या धर्माय धार्या ), मंदारार्कदिने अंबुपाग्नि फणिभम् भद्रातिथिः चेत्तर्हि इह उद्भूता ( या कन्या ) सा विष कन्यका-स्यात्, रिपुक्षेत्रगौ सौम्यौ तनु गौ स्याताम् तर्हि ( सा विष कन्यका स्यात् ॥ ४६ ॥

अन्वयार्थः—अस्त्रीकैः बुधैः સ્ત્રી રહિત બુદ્ધિમાન विप्रादिभिः વિપ્રાદિએ ( क्रमात् ) અનુક્રમથી कुश દર્ભની हेम સોનાની रौप्यरचिता રૂપાથી બનાવેલી च અને ताम्री તાંબાની भार्या સ્ત્રી धर्मायधार्या ધર્મ કાર્ય માટે ધારવી. निखिलैः ( वर्णैः ) સર્વે વર્ણોએ सुवर्णरचिता સોનાથી બનાવેલી ( भार्या धर्माय धार्या ) સ્ત્રી ધર્મ કાર્ય માટે ધારણ કરવી. मंदारार्कदिने શનિ, મંગળ અને રવિવારના દિવસમાં अंबुपम् શતભિષા अग्निः કૃત્તિકા फणिभम् આશ્લેષા ( એમાંનું નક્ષત્ર અને ) भद्रातिथिः ૨, ૭, ૧૨ એમાંની તિથિ चेत्तर्हि હોય ત્યારે इह આ યોગમાં उद्भूता ઉત્પન્ન થયેલી ( या कन्या ) જે કન્યા सा તે विषकन्यका स्यात् વિષ કન્યા હોય, रिपुक्षेत्रगौ શત્રુની રાશિમાં રહેલા सौम्यौ બે શુભગ્રહ तनुगौ स्याताम् લગ્નમાં હોય तर्हि ત્યારે ( सा विषकन्यका स्यात् ) તે વિષ કન્યા જાણવી. ॥ ૪૬ ॥

**ભાવાર્થ—સ્ત્રી રહિત** પુરૂષોને ધર્મ કાર્ય કરવાની વિધિ—**બ્રાહ્મણોએ** કુશપત્નિ ( દરભની સ્ત્રી ) ધર્મ કાર્ય માટે ધારણ કરવી, *ક્ષત્રિઓએ સોનાની સ્ત્રી બનાવી કર્મ કરવું, **વૈશ્યોએ** રૂપાની સ્ત્રી બનાવી કર્મ કરવું, અને શૂદ્રોએ તાંબાની સ્ત્રી ધર્મ કાર્ય માટે ધારણ કરવી અથવા +બ્રાહ્મણાદિ **સર્વ વર્ણ**ને સોનાની સ્ત્રી બનાવી કર્મ કરવું

* શ્રીમાન્ **રામચંદ્રજીએ** જ્યારે અશ્વમેધ યજ્ઞ કર્યો ત્યારે સીતા નહિ હોવાથી સોનાની સીતાની પ્રતિમા બનાવી હતી.

\+ બ્રાહ્મણ-ક્ષત્રિ-વૈશ્ય-શૂદ્ર.

**વિષ કન્યાનાં લક્ષણ**—જે કન્યાનો રવિ–મંગળ કે શનિ, એ વારમાંથી કોઇ પણ વારે જન્મ હોય, અને શતભિષા–કૃતિકા–આશ્લેષા એ નક્ષત્રોમાંથી કોઇ પણ નક્ષત્ર હોય, અને ૨, ૭ કે ૧૨ એ તિથિઓમાંથી કોઇ પણ તિથિ હોય તો આ યોગમાં જન્મેલી છોકરી **વિષકન્યા** જાણવી, તેમજ બે શુભગ્રહ લગ્નમાં શત્રુની રાશિના થઇ રહ્યા હોય તેમાં જન્મેલી પણ **વિષ કન્યા** જાણવી, ॥ ૪૬ ॥

**एकः क्रूर इहोद्भवाप्यथ तनौ सौरी रविः पुत्रगो धर्मस्थो धरणीसुतोऽयमपरो योगोऽपि तज्जा विषम् ॥ मूलाद्यत्रिपदोद्भवा श्वशुरमह्यंत्यत्रये तत्स्त्रियं ज्येष्ठांत्ये पतिपूर्वजं द्विपचतुर्थे देवरं हंति च॥४७॥**

**अन्वयः—एकः क्रूरः ( रिपुक्षेत्रगः तनुगः चेत्तर्हि ) इह उद्भवा अपि ( विष कन्यका स्यात् ), अथ तनौ सौरिः, पुत्रगः रविः, धर्मस्थः धरणी सुतः, अयम् अपरः योगः स्यात् , तज्जापि विषं स्यात् , मुलाद्यत्रिपदोद्भवा श्वसुरं हंति, अह्यंत्यत्रये ( उद्भवा ) तत्स्त्रियं हंति, ज्येष्टांत्ये ( उद्भवा ) पति पूर्वजम् हंति, द्विपचतुर्थे (उद्भवा) देवरं हंति ॥ ४७ ॥**

अन्वयार्थः–**एकः क्रूरः** એક પાપગ્રહ ( **रिपुक्षेत्रगः तनुगः चेत्तर्हि** ) શત્રુની રાશિનો લગ્નમાં હોય તો **इह** આ યોગમાં **उद्भवा** ઉત્પન્ન થયેલી **अपि** પણ (**विषकन्यका स्यात्** ) વિષ કન્યા જાણવી, **अथ** ત્યાર પછી **तनौ** લગ્નમાં રહેલો **सौरिः** શનિ, **पुत्रगः** ૫ મે રહેલો **रविः**, **धर्मस्थः** નવમે રહેલો **धरणी सुतः** મંગલ, **अयम्** એ **अपरः योगः स्यात्** બીજો યોગ છે **तज्जापि** તેમાં જન્મેલી પણ **विषंस्यात्** વિષકન્યા હોય. **मूल** મૂલ નક્ષત્રના **आद्य** પહેલા **त्रिपद** ત્રણ ચરણમાં **उद्भवा** ઉત્પન્ન થયેલી **श्वसुरंहंति** સાસરાનો નાશ કરે છે, **अहि** આશ્લેષાના **अंत्यत्रये** છેલ્લા ત્રણ ચરણમાં ( **उद्भवा** ) ઉત્પન્ન થયેલી **तत्स्त्रियम्** સાસુનો **हंति** નાશ કરે છે, **ज्येष्ठांत्ये** જેષ્ટાના છેલ્લા ચરણમાં ( **उद्भवा** ) ઉત્પન્ન થયેલી **पतिपूर्वजम्** પતિ પહેલા ઉત્પન્ન થયેલાનો **हंति** નાશ કરે છે, **द्विपचतुर्थे** વિશાખાના ચોથા ચરણમાં ( **उद्भवा** ) ઉત્પન્ન થયેલી ( **कन्या** ) **देवरंहंति** દિયરનો નાશ કરે છે. ॥ ૪૭ ॥

**ભાવાર્થ**—એક પાપગ્રહ શત્રુની રાશિનો લગ્નમાં હોય તો, તે યોગમાં જન્મેલી **વિષ કન્યા** જાણવી, તેમજ લગ્નમાં શનિ હોય; પાંચમે સૂર્ય હોય, **અને** નવમે મંગળ હોય તો પણ **વિષ કન્યા** જાણવી, મૂલ નક્ષત્રના પહેલા, બીજા અને ત્રીજા ચરણમાં જન્મેલી કન્યા સસરાનું **મરણ કરે છે**, આશ્લેષાના બીજા, ત્રીજા **અને** ચોથા ચરણમાં જન્મેલી **સાસુનું** મરણ કરે છે, જ્યેષ્ટાના ચોથા ચરણમાં જન્મેલી કન્યા **પતિના મોટાભાઇનું મરણ** કરે છે, અને વિશાખાના ચોથા ચરણમાં જન્મેલી **દિયરનું** મરણ કરે છે. અર્થાત્ એ કહેલા નક્ષત્રના ચરણો શિવાયના ચરણોમાં કન્યાનો જન્મ હોય તો **દોષ નથી**. ॥ ૪૭ ॥

**एवं ना युवतेरभाव इह नो दोषो नुरेतत्फलं मौंज्यूर्ध्वं न वदंति केचिदपि पैत्र्याद्ये फलं मूलवत् ॥ नोद्वाहौ सहजातयोह्यृतुषु नोद्वाहादूव्रतं नो पुमुद्वाहात्स्त्र्युद्वहनं न मंगलविधेर्मुंडं त्रिशुभ्येषु न ॥४८॥**

**अन्वयः—एवम् युवतेः ( यथाश्वशुरादिकम् ) तथा ना ( श्वशुरादिकं हंति ), तेषाम् अभावेसति इह दोषः नो स्यात्, केचित् ( आचार्याः ) नुः एतत् फलम् मौंज्यूर्ध्वम् नवदंति, ( केचित् आचार्याः ) पैत्र्याद्ये मूलवत् फलं ( वदंति ), सहजातयोः त्र्यृतुषु उद्वाहौ न कार्यौ, ( त्र्यृतुषु ) उद्वाहात् व्रतं न कार्यम्, ( त्र्यृतुषु ) पुमुद्वाहात् स्त्र्युद्वहनम् न कार्यम्, ( त्र्यृतुषु ) मंगल विधेः मुंडनं न कार्यम्, एषु त्रिशुभी न कार्या ॥ ४८ ॥**

अन्वयार्थः—**एवम्** એ નક્ષત્ર ચરણોમાં **युवतेः** કન્યા ( **यथा श्वशुरादिकम्** ) જેમ શ્વસુરાદિકનો ( નાશ કરે છે ) **तथा** તે પ્રકારે **ना** પુરૂષ ( **श्वशुरादिकं हंति** ) શ્વસુરાદિકનો નાશ કરે છે, **तेषाम्** તેઓનો **अभावेसति** અભાવ હોય તો **इह** એનો **दोषः** દોષ **नो स्यात्** ન હોય, **केचित्** ( **आचार्याः** ) કેટલાક આચાર્યો **नुः** પુરૂષને **एतत् फलम्** એ ફળ **मौंज्यूर्ध्वम्** મૌંજી બંધન પછી **न वदंति** નથી કહેતા, ( **केचित् आचार्याः** ) કેટલાક આચાર્યો **पैत्र्याद्ये** મઘાના આદ્યચરણમાં **मूलवत्** મૂલ પ્રમાણે **फलं** ( **वदंति** ) ફલ કહે છે. **सहजातयोः** એક ઉદરથી ઉત્પન્ન થએલા બે ભાઇઓ, બે બેહેનો, તથા ભાઇ બેન, તેઓનો **त्र्यृतुषु** ત્રણ ઋતુ

સુધી **उद्वाहो** વિવાહ **न कार्यो** ન કરવો, ( **त्र्यृतुषु** ) ત્રણ ઋતુ સુધી **उद्वाहात्** વિવાહ પછી **व्रतम्** વ્રતબંધ **नकार्यम्** ન કરવું, ( **त्र्यृतुषु** ) ત્રણ ઋતુ સુધી **पुमुद्वाहात्** પુરૂષ વિવાહ પછી **कन्युद्वहनम्** કન્યા વિવાહ **न कार्यम्** ન કરવો, ( **त्र्यृतुषु** ) ત્રણ ઋતુ સુધી **मंगल विधेः** વિવાહ પછી **मुंडनम्** ચૌલ **न कार्यम्** ન કરવું, **एषु** ત્રણ ઋતુ સુધી **त्रिशुभी** ત્રણ શુભ કર્મ **न कार्या** ન કરવાં. ॥ ૪૮ ॥

**ભાવાર્થ**—૪૭ મા શ્લોકમાં કહેલા **નક્ષત્રોના ચરણોમાં** જન્મેલી કન્યા જેમ **શ્વસુરાદિકનો** નાશ કરે છે, તેજ પ્રમાણે તે નક્ષત્રોના ચરણોમાં **પુરૂષનો જન્મ** હોય તો, તે પુરૂષ **સાસુ સસરાને** અને **જેઠ** દિયરની જગ્યાએ મોટા નાના **સાળાનો** નાશ કરે છે, પણ **જેને** સાસુ સસરા વિગેરે ન હોય તો તેને માટે દોષ નથી, કેટલાક **આચાર્યો** પુરૂષને મૌંજી બંધન પછી તે ફળ થતું નથી એમ કહે છે, કેટલાક આચાર્યો મઘા નક્ષત્રના પહેલા ચરણનું *મૂલ નક્ષત્ર પ્રમાણે ફળ કહે છે.

એક ઉદરથી ઉત્પન્ન થયેલા બે ભાઇઓ, બે બેહેનો, ભાઇબેન, તેઓનો વિવાહ ત્રણ ઋતુ ( ૬ માસ ) સુધી કરવો નહિ, **અર્થાત્** એકનો વિવાહ કર્યા પછી ૬ માસ જાય ત્યારે બીજાનો વિવાહ કરવો, લગ્ન કર્યા પછી ૬ માસ સુધી ઉપવિત ન કરવું, **પુરૂષ વિવાહ** પછી ૬ મહિનાઓમાં **કન્યાનો** વિવાહ ન કરવો, વિવાહ પછી ૬ મહિના સુધી ચૌલ ન કરવું, અને ૬ મહિનાઓમાં ત્રણ મંગલ કાર્ય ન કરવાં. ॥ ૪૮ ॥

**नो ज्येष्ठाल्लघु कालरुद्भुत ऋते कात्यायनो मुंडनं चौलं प्राह न मेखलेत्युभयतः कार्या विवाहादियम् ॥ भेदेऽब्दस्य च संकटे वितनुयात्पूर्वोदितं मंगलं वेदाहांतरिते दिनव्यवहिते नद्या नगेनापि वा ॥ ४९ ॥**

**अन्वयः**—( **त्र्यृतुषु** ) **कालरुद्भुतः ऋते ज्येष्ठात्** ( **मंगलात्** ) **लघु** ( **मंगलम्** ) **न कार्यम्, कात्यायनः मुंडनम् चौलं** ( **प्राह** )

---

* ગયા શ્લોકમાં જેમ મૂલ નક્ષત્રના પહેલા ચરણમાં જન્મેલી કન્યા તેના સસરાનો નાશ કરે છે તેમ **મઘાના** પહેલા ચરણમાં જન્મેલી કન્યા પણ તેના સસરાનો નાશ કરે છે.

**मेखला न ( प्राह ), इयम् विवाहात् उभयतः कार्या इति प्राह, संकटे अब्दस्य भेदे ( सति ), वा वेदाहान्तरिते ( काले ), वा दिनव्यवहिते ( काले ), वा नद्या ( व्यवहिते देशे ), वा नगेन ( व्यवहिते देशे ), पूर्वोदितम् मंगलम् वितनुयात् ॥ ४९ ॥**

अन्वयार्थः—( **ऋतुषु** ) ત્રણ ઋતુ સુધી **कालहृद्यतः** કાલ વીતી જતો હોય તે કર્મ **ऋते** વિના **ज्येष्ठात्** ( **मंगलात्** ) જ્યેષ્ટ મંગલ પછી **लघु** ( **मंगलम्** ) લઘુ મંગલ **न कार्यम्** ન કરવું. **कात्यायनः** કાત્યાયન મુનિ **मुंडनम्** મુંડનને ( **चौलं प्राह** ) ચૌલ કહે છે. **मेखला** વ્રત ( **न प्राह** ) નથી કહેતા, **इयम्** વ્રત બંધન **विवाहात्** વિવાહથી **उभयतः** આગળ પાછળ **कार्या** કરવું **इतिप्राह** એ પ્રકારે કહે છે. **संकटे** સંકટમાં **अब्दस्यभेदे** ( **सति** ) વર્ષ ભેદ હોય તો, **वा** અથવા **वेदाहांतरिते** (**काले**) ચાર દિવસના અંતરકાલમાં, **वा** અથવા **दिन व्यवहिते** ( **काले** ) એક દિવસના અંતરમાં **वा** અથવા **नद्या** નદીનું (**व्यवहितेदेशे**) અંતર હોય એવા દેશમાં, **वा** અથવા **नगेन** પર્વતનું ( **व्यवहितेदेशे** ) અંતર હોય એવા દેશમાં **पूर्वोदितम्** પ્રથમ કહ્યું તે **मंगलम्** મંગલ **वितनुयात्** કરવું. ॥ ૪૯ ॥

**ભાવાર્થ**—ત્રણ ઋતુ ( ૭ માસ ) સુધી કાલ [1]વીતી જતો હોય તે કર્મ શિવાય ×જ્યેષ્ટ મંગલ પછી લઘુ મંગલ કરવું નહિ. **કાત્યાયન** મુનિ, મુંડનને ચૌલ કહે છે મુંડનને વ્રતબંધ કહેતા નથી. અને વ્રતબંધન વિવાહની આગળ પાછળ કરવું તેવું કહે છે.

સંકટ હોય તો, વર્ષભેદ, અથવા ચાર દિવસનું અંતર અથવા એક દિવસનું અંતર, અથવા એક દિવસમા પણ નદી કે પર્વતના લીધે જુદો થઇ ગએલો દેશ વિગેરેમાં પ્રથમ જણાવેલું મંગલ કાર્ય કરવું. ॥ ૪૯ ॥

**एकाहेऽपि जनाश्रयांतर इहेदं तारतम्याद्बुधैर्योज्यं नो यमयोर्निषिद्धुपनयोरेकत्र कार्यं जगुः ॥ नैकस्मै दुहितृद्वयं सहजयोर्नैकोद्भवे**

---

૧ ગર્ભાધાન—પુંસવન વિગેરે.

× ચુડાકર્મ—કેશાંત—સીમંત—વિવાહ—ઉપનયન એ જ્યેષ્ટ મંગલ છે . તે શિવાયનાં લઘુ મંગલ છે.

कन्यके दद्यादुद्वहनं मिथो न तनुयात्कुर्यादसंपद्यदः ॥ ५० ॥

अन्वयः—वा जनाश्रयान्तरे सति एकाहेऽपि ( पूर्वोदितं मंगलं तनुयात् ) इह इदम् बुधैः तारतम्यात् योज्यम् यमयोः इदम् निषिद्धं नो स्यात् अनयोः एकत्र कार्यम् ( इति मुनयः ) जगुः एकस्मै वराय दुहितृद्वयम् न दद्यात् सहजयोः एकोद्भवे कन्यके न दद्यात् मिथः उद्वहनम् न तनुयात् अदः असंपदि सत्याम् कुर्यात् ॥ ५० ॥

अन्वयार्थः—वा અથવા जनाश्रयान्तरे सति મંડપનો અંતર હોય તો एकाहेऽपि એક દિવસમાં પણ ( पूर्वोदितम् मंगलम् तनुयात् ) પ્રથમ કહેલું મંગલ કરવું. इह વિવાહ આદિ વિષયમાં इदम् વર્ણનો ભેદ ઇત્યાદિ જે કહ્યું છે તે સર્વ बुधैः પંડિતોએ तारतम्यात् સંકટના પ્રમાણુમાં योज्यम् યોજવું यमयोः સાથે જન્મેલાંઓને इदम् આ જે કહ્યું તે निषिद्धम् નિષિદ્ધ नो स्यात् ન હોય, अनयोः બે સાથે જન્મેલાઓને एकत्र એક વર્ષ એકવાર અને એક મંડપમાં ( મંગળ ) कार्यम् કરવું ( इति-मुनयः ) એ પ્રકારે મુનિઓ जगुः કહે છે. एकस्मै वराय એક વરને दुहितृद्वयम् એક ઉદરથી જન્મેલી બે કન્યાઓ न दद्यात् ન આપવી सहजयोः એક ઉદરથી જન્મેલા બે ભાઇઓને एकोद्भवे એક ઉદરથી જન્મેલી कन्यके બે કન્યાઓ न दद्यात् ન આપવી मिथः પરસ્પર उद्वहनम् વિવાહ न तनुयात् ન કરવો अदः એ જે નિષિદ્ધ કહ્યું તે असंपदि सत्याम् અન્ય વધૂ—વરનો અલાભ હોય તો कुर्यात् કરવું. ॥ ૫૦ ॥

**ભાવાર્થ**—અથવા જુદા મંડપ કરીને એક દિવસમાં પણ પ્રથમ કહેલાં મંગલ કાર્ય સાથે કરવાં. આ વિવાહ આદિ વિષયમાં ૪૯ મા શ્લોકમાં સંકટ હોય તો વર્ષના ભેદથી અથવા ચાર દિવસના અંતરથી વિગેરે જે અહિં સુધી ( એક દિવસમાં પણ કરવાનું ) કહ્યું તે સંકટના પ્રમાણુમાં પંડિતોએ કહેવું. સાથે જન્મેલી બે કન્યાઓ અથવા બે પુરૂષો, તેઓનું એક વર્ષ એકવાર અને એક મંડપમાં મંગલ કરવામાં ઊપર કહેલો દોષ નથી. સાથે જન્મેલામાં એક પુરૂષ અને એક કન્યા હોય તો પ્રથમ કન્યાનો વિવાહ કર્યા પછી પુરૂષનો વિવાહ કરવો. કારણ કે એક દિવસમાં કન્યાનો અને પુત્રનો વિવાહ થઇ શકતો

નથી. એક વરને એક ઉદરથી જન્મેલી બે કન્યાઓ ન આપવી. એક ઉદરથી જન્મેલા બે ભાઇઓને એક ઉદરથી જન્મેલી બે કન્યાઓ ન આપવી અને ×પરસ્પર વિવાહ કરવો નહિ પરંતુ બીજી કન્યા અથવા બીજો વર ન મળે તો લગ્ન કરવું, અર્થાત્ તેમાં ઉપર કહેલો નિષેધ ગણુવા નહિ.

नोद्वाहं सति निश्चयेपि जगदुः पित्रोः सपित्रोः स्त्रियाः सूनोर्भ्रातुरनूढितस्वसुरसूत्क्रांतौ पितृव्यस्य च ॥ अन्येस्वान्वयजात्ययेपि जनकांबास्त्रीसुतान्यात्ययेऽब्दाद्धार्द्धार्द्धार्द्धदलांतरेविदधतेहेरंबशांत्या क्वचित् ॥ ५१ ॥

अन्वयः—बुधाः निश्चयेसत्यपि सपित्रोः पित्रोः, स्त्रियाः, सूनोः, भ्रातुः, अनूढित स्वसुः, पितृव्यस्य, असूत्क्रांतौसत्याम् उद्वाहम् न जगदुः अन्येबुधाः स्वान्वयजात्यये सत्यपि (उद्वाहं न जगदुः) जनकांबास्त्रीसुतान्यात्ययेसति ( क्रमात् ) अब्दार्द्धार्द्धार्द्धार्द्धदलांतरे सति क्वचित् हेरंबशांत्या, ( बुधाः उद्वाहं ) विदधते ५१

अन्वयार्थः—बुधाः પંડિતો निश्चये सत्यपि નિશ્ચય હોય તો પણ सपित्रोः पित्रोः માતા, પિતા, અને તેઓનાં માતા પિતા, स्त्रियाः સ્ત્રી, सूनोः પુત્ર, भ्रातुः ભાઇ, अनूढितस्वसुः નહિ પરણાવેલી બ્હેન, पितृव्यस्य કાકો ઇત્યાદિમાં ( કોઇનું પણ ) असूत्क्रांतौ सत्याम् મરણ થયું હોયતો उद्वाहम् વિવાહ न जगदुः ન કરવો એમ કહે છે. अन्ये बुधाः બીજા પંડિતો स्वान्वयजात्यये सत्यपि પોતાના કુલમાં કોઇનું મરણ થયું હોય તો પણ ( उद्वाहम् ) વિવાહ ( नजगदुः ) ન કરવો એમ કહે છે. जनकः પિતા अम्बा માતા स्त्री સ્ત્રી सुतः પુત્ર अन्यः કૂલનો મનુષ્ય [ તેઓનું ] अत्यये सति મરણ થયું હોય તો ( क्रमात् ) અનુક્રમે अब्दम् વર્ષ अब्दार्द्धम् ૭ માસ तदर्द्धम् ત્રણ માસ तदर्द्धम् ૧॥ માસ तद्दलम् ૨૩ દિવસ एवंअंतरेसति એ પ્રમાણે અંતરથી क्वचित् સંકટ હોય તો हेरम्बशान्त्या

× જેમકે પોતાની બહેન સામાને આપી સામાની બહેન પોતાને લેવી, એવી રીતે તેને સાટું કહેવામાં આવે છે.

ગણપતિની શાંતિ કરી **बुधाः** પંડિતો ( **उद्वाहं** ) વિવાહ **विदधते** કરે છે ॥ ૫૧ ॥

**ભાવાર્થ**—પિતા, પિતાનો બાપ અને પિતાની મા, તથા મા, માનો બાપ અને માની મા, સ્ત્રી, પુત્ર, ભાઇ, ન પરણાવેલી બ્હેન, તેમજ કાકો એમાંથી કોઇનું પણ **મરણ** થયું હોય તો નિશ્ચય કર્યા છતાં પણ **વિવાહ ન કરવો** એમ પંડિતો કહે છે, અને બીજા પંડિતો કહે છે કે પોતાના કૂલમાં પણ કોઇનું મરણ થયું હોય તો વિવાહ ન કરવો. **સંકટ** હોય તો પિતાનું મરણ થયા પછી ૧ વર્ષ, **માતાના** મરણ પછી ૬ માસ, **સ્ત્રીના** મરણ પછી ૩ માસ, **પુત્રના** મરણ પછી ૧॥ માસ. અને પોતાના કૂલમાં કોઇ **મનુષ્યનું** મરણ થયું હોય તો ૨૩ દિવસ ત્યાગ કરી, **ગણપતિની** શાંતિ કરી **વિવાહ** કરવો એ પ્રમાણે પંડિતો કહે છે. ॥ ૫૧ ॥

**भ्रातुश्चात्मजवद्भयेऽतिसमये पित्रोर्मृतेः संशये नान्येषां प्रतिकूलमामयिविरक्ताराद्गता नामपि ॥ आतुर्यान्मृतनृक्रियानभिभवे नांदीमुखं नाचरेन्नोकुर्याज्ज्वरितस्य मंगलमतिव्याध्युद्भवे निश्चयम् ॥ ५२ ॥**

अन्वयः—**भ्रातुः ( मृते सति ). आत्मजवत् ( प्रतिकूलं स्यात् ) भयेसति, अति समये सति, पित्रोः मृतेःसंशयेसति, अन्येषाम् प्रतिकूलं न स्यात्, आमयि विरक्ताराद्गतानाम् अपि ( प्रतिकूलं न स्यात् ), आतुर्यात् मृतनृक्रियानभिभवेसति नांदी मुखम् न आचरेत्, ज्वरितस्य ( मंगलम् ) नो कुर्यात्, अति व्याध्युद्भवे सति निश्चयम् मंगलम् नो कुर्यात् ॥ ५२ ॥**

अन्वयार्थः—**भ्रातुः** ભાઇનું ( **मृते सति** ) મરણ હોય તો **आत्मजवत्** પુત્ર પ્રમાણે ( **प्रतिकूलं स्यात्** ) પ્રતિબંધ છે **भये सति** ભય હોય, **अति समये सति** ઘણો સમય થયો હોય, ( અને ) **पित्रोः** માતા પિતાના **मृतेः** મરણનો **संशये सति** સંશય હોય તો, **अन्येषाम्** માતા પિતા શિ-

વાયના મનુષ્યોના મરણથી **प्रतिकूलं न स्यात्** પ્રતિબંધ નથી, **आमयी** રોગી **विरक्त** ગૃહાદિકમાં ઉદાસી ( **अने** ) **आराद्गतानाम्** દૂર ગએલાઓ-ના મરણથી **अपि** પણ ( **प्रतिकूलं न स्यात्** ) પ્રતિબંધ નથી, **आतुर्यात्** મૂલ પુરૂષથી ચોથા પુરૂષ સુધીમાં **मृत** મરણ પામેલા **नृ** પુરૂષની **क्रिया** ક્રિયાનો **अनभिभवे सति** અભાવ હોય તો **नांदीमुखम्** નાંદી મુખ **न आचरेत्** ન કરવું, **ज्वरितस्य** જ્વરવાળાને ( **मंगलम्** ) મંગલ **नो कुर्यात्** ન કરવું. **अतिव्याध्युद्भवे सति** મહા વ્યાધિ થયો હોય તો **निश्चयम्** નહિ **मंगलम्** મંગલ **नो कुर्यात्** ન કરવું. ॥ ૫૨ ॥

**ભાવાર્થ—ભાઇનું** મરણ થયું હોય તો **પુત્ર** પ્રમાણે એટલે ૧૧ માસ ગયા પછી **મંગલ** કરવું. **ભય** ( રાજભય અથવા દુર્ભિક્ષ ) હોય તો, **ઘણો સમય** થયો હોય તો, માતા પિતાના મરણનો **સંશય** રહેતો હોય તો, માતા પિતા શિવાયના મનુષ્યોના મરણનો, મંગલ કાર્ય કરવામાં **પ્રતિબંધ** નથી, અર્થાત્ તેમાં માતા પિતાના મરણનો પ્રતિબંધ છે. **દિર્ઘ રોગી,** ઘર આદિમાં **ઉદાસી** અને દૂર દેશમાં ગએલા મનુષ્યોનું **મરણ** થાય તો, મંગલ કાર્ય કરવામાં **પ્રતિબંધ** નથી. મૂલ પુરૂષથી **ચોથા** પુરૂષ સુધીમાં **મરણ** પામેલા કોઇ પણ પુરૂષની કંઇ કારણને લીધે **ક્રિયા** ન થઇ હોય તો **નાંદીશ્રાદ્ધ** કરવું નહિ **રોગ**વાળાને મંગલ કરવું નહિ. પોતાના કૂલમાં કોઇ માણસને **મહા વ્યાધિ** થઈ જાય તો નિશ્ચય મંગલ કરવું નહિ કેમજે પ્રતિકૂલની ભિતિ રહેવા સંભવ છે. ॥ ૫૨ ॥

**चेत्स्यात्सूतकमुक्तपूर्वसमयेऽनारब्धकार्ये बुधः कूष्मांडीघृतहोमतोहि जननाशौचे क्वचित्कारयेत् ॥ सिंहेज्ये न शुभं हितं हरिलवोर्ध्वे गौतमीदक्षिणे जाह्नव्युत्तरतः क्वचिद्धितमजेऽर्केतोस्रभीत्यादिषु ॥५३॥**

**अन्वयः—बुधः उक्त पूर्व समये अनारब्ध कार्येसति सूतकंस्यात् तर्हि कूष्मांडी घृत होमतः जनना शौचे क्वचित् ( कर्म ) कारयेत् , सिंहेज्येसति शुभम् नहितम् , क्वचित् हरिलवोर्ध्वम् गौतमी दक्षिणे जान्हव्युत्तरतः ( शुभं हितम् ), अस्रभीत्यादिषु अंतः (हरिलवोर्ध्वम् सिंहेज्ये ) अजेअर्केसति शुभं हितम् ॥ ५३ ॥**

अन्वयार्थः—बुधः पंडितोए उक्तपूर्व समये प्रथम कहेला समयमां अनारब्ध कार्ये सति कार्यनो आरंभ न थयो होय, अने सुतकं स्यात् सुतक होय, तर्हि त्यारे कूष्मांडीघृतहोमतः कुष्मांडी मंत्र युक्त घृत होमथी जननाशौचे जन्मना सुतकमां क्वचित् संकट होय तो ( कर्म ) कारयेत् कर्म करवुं. सिंहेज्ये सति सिंहनो गुरु होय तो शुभम् शुभकर्म नहितम् अशुभ छे, क्वचित् संकट होय तो हरिलवोर्ध्वम् सिंहना नवमांश पछी गौतमी दक्षिणे गौतमीना दक्षिण भागमां जान्हव्युत्तरतः गंगाना उत्तर भागमां ( शुभंहितम् ) मंगल शुभ छे, अजभीत्यादिषु र जो भयादिकमां अंतः गोदा अने गंगाना मध्यमां ( हरिलवोर्ध्वम् ) सिंह नवमांश पछीना ( सिंहेज्ये ) सिंहना गुरुमां अजेऽर्के सति मेषनो सूर्य होय तो शुभंहितम् मंगल करवुं शुभ छे. ॥ ५३ ॥

भावार्थ—*प्रथम कहेला समयमां कार्यनो आरंभ थयो न होय अने तेमां सुतक आवे तो, जन्मना सूतकमां कुष्मांडी ऋचाओथी घृतनो होम करी संकट होय तो कर्म करवुं. सिंह राशिनो गुरु होय तो शुभ कर्म करवुं नहि, संकट होय तो सिंहना नवमांश पछी गौतमी ( गोदावरी ) नदीना दक्षिण भागमां अने गंगा नदीना उत्तर भागमां शुभ कर्म करवुं. अर्थात् गोदावरीना उत्तर भागमां अने भागीरथी (गंगा) ना दक्षिण भागमां एटले ते गोदावरी अने गंगाना मध्यमां संकट होय तो पण शुभ नथी. परंतु ×रजोभयादिकमां सिंह नवमांश पछीना सिंहना गुरुमां मेषनो सूर्य होय तो गोदा अने जान्हवी (गंगा) ना मध्यमां शुभ कर्म करवुं. ॥ ५३ ॥

देशग्रामगृहज्वरव्यवहृतिद्यूतेषु दाने मनौसेवाकाकिणिवर्गसंगरपुनर्भूमेलके नामभम् ॥ जन्मर्क्षं परतो वधूपुरुषयोर्जन्मर्क्षमेकस्य चेज्ज्ञातं शुद्धिमितो विलोक्य च तयोर्नामर्क्षयोर्मेलकः ॥ ५४ ॥

---

* यज्ञ, विवाह, चौल, मौंजी बंधन विगेरे.

× रजोभयादिक एटले कन्या रजस्वला थवानो भय होय अथवा पिता मरण पामे एवो संभव होय अने पछे करनारनो अभाव होय इत्यादि भय जाणवो.

**अन्वयः**—**देशग्रामगृहज्वरव्यवहृतिद्यूतेषु दाने मनौ सेवाकाकिणी वर्गसंगरपुनर्भूमेलके नामभम् ( ग्राह्यम् ), परतः जन्मर्क्षम् ( ग्राह्यम् ), वधूपुरुषयोः एकस्यजन्मर्क्षंतंज्ञातम्चेत्तर्हि इतः शुद्धिः विलोक्य, तयोः नामर्क्षयोः मेलकः ( विलोक्य ) ॥ ५४ )**

अन्वयार्थः—**देश** દેશ **ग्राम** ગામ **गृह** ઘર **ज्वर** જ્વર **व्यवहृति** વ્યવહાર **द्यूतेषु** જુગારમાં **दाने** દાન **मनौ** મંત્ર મેળવવામાં **सेवा** નોકરી **काकिणी** કાકિણી **वर्ग** વર્ગ શુદ્ધિ **संगर** સંગ્રામ **पुनर्भूमेलके** પુનર્ભૂ મેલનમાં **नामभम्** નામરાશિ ( **ग्राह्यम्** ) ગ્રહણ કરવી, **परतः** અન્ય કામોમાં **जन्मर्क्षम्** જન્મરાશિ ( **ग्राह्यम्** ) ગ્રહણ કરવી, **वधू पुरुषयोः** સ્ત્રી પુરૂષ બેઉમાં **एकस्य** એકની **जन्मर्क्षम्** જન્મરાશિ **ज्ञातंचेत्तर्हि** જાણવામાં હોય ત્યારે **इतः** જાણવામાં છે તેની રાશિથી **शुद्धिं** ગુર્વાદિ શુદ્ધિ **विलोक्य** જોવી **तयोः** તે બેઉનો **नामर्क्षयोः** નામ રાશિ પ્રમાણે **मेलकः** વર્ણાદિક મેળાપક ( **विलोक्यः** ) જોવો. ॥ ૫૪ ॥

**ભાવાર્થ**—દેશ પ્રવેશમાં, ગ્રામ પ્રવેશમાં, ઘરપ્રવેશમાં, જ્વરમાં, વ્યવહારમાં, જુગારમાં, દાનોમાં, મન્ત્ર ગ્રહણ કરવામાં, નોકરીમાં, *કાકિણી જોવામાં, વર્ગશુદ્ધિમાં, સંગ્રામમાં, અને ×પુનર્ભૂ મેલનમાં **નામ રાશિ** જોવી, અન્ય વિવાહાદિકમાં **જન્મરાશિ** જોવી. સ્ત્રી પુરૂષ બેઉમાં એકની જન્મરાશિ જાણવામાં હોય, અને બીજાની જાણવામાં ન હોય ત્યારે જેની ખબર છે તેની જન્મ રાશિથી ગુરૂ વિગેરેની શુદ્ધિ જોવી. અને વર્ણવશ્યાદિક પ્રથમ કહેલો **મેળાપક** બેઉની નામ રાશિથી જોવો. અર્થાત્ બેઉની જન્મ રાશિ ન જાણવામાં હોય તો **ગુરૂશુદ્ધિ. મેળાપક** વિગેરે સર્વ **નામ રાશિથી** જોવું. ॥ ૫૪ ॥

**भं नामादिमवर्णतोऽवकहडाद्युज्यादिवर्णाद्धवौ तुल्यावत्र शसौ खषौ यदभिधावह्योऽस्य नामांतिमम् ॥ आर्यान्नुद्वहनेजनुर्भममलं पट्टस्य बंधे जगुर्गेहग्रामनृपाभिषेककृषिमौञ्ज्यन्नाशने भूषणे ॥ ५५ ॥**

**इति मुहूर्त मार्तण्डे विवाह प्रकरणम् ॥ ४ ॥**

**अन्वयः**—**नामादिमवर्णतः अवकहडात् भंज्ञेयम् , युजि (वर्णेसति)**

---

* કાકિણીગ્રહ પ્રકરણ શ્લોકમાં ૨ માં છે તે.

× પુનર્ભૂ એટલે ફરીથી વિવાહ કરનારી સ્ત્રી.

**आदिवर्णात् ( भंज्ञेयम् ), अत्र बवौ, शसौ, खषौ, तुल्यौ ज्ञेयौ, यद्भिधाः बह्व्यः स्युः (तर्हि) अस्य अंतिमम् नाम ज्ञेयम्, आर्याः नुद्वहने पट्टस्यबंधे गेहग्रामनृपाभिषेक कृषि मौंज्यन्नाशने भूषणे जनुर्भम् अमलंजगुः ।। ५५ ।।**

**अन्वयार्थ–नामादिमवर्णतः** નામના પહેલા અક્ષરથી **अवकहडात्** અવકહડ ચક્રમાંથી **भंज्ञेयम्** નક્ષત્ર જાણવું, **युजि ( वर्णे सति )** નામનો પહેલો અક્ષર જોડાયેલો હોય તો **आदिवर्णात्** પહેલા અક્ષરથી **भंज्ञेयम्** નક્ષત્ર જાણવું. **अत्र** અવકહડ ચક્રમાં **बवौ** બ, વ **शसौ** શ, સ **खषौ** ખ, ષ **तुल्यौ** તુલ્યાક્ષર **ज्ञेयौ** જાણવા, **यदभिधाः** જેના નામ **बह्व्यः स्युः** ઘણાં હોય **तर्हि** ત્યારે **अस्य** એમાંનું **अंतिमम्** છેલ્લું **नाम** નામ **ज्ञेयम्** જાણવું, **आर्याः** પંડિતો **नुद्वहने** પુરૂષ વિવાહમાં **पट्टस्यबंधे** પટ્ટબંધનમાં **गेह** ઘરમાં **ग्राम** ગ્રામમાં **नृपाभिषेक** રાજ્યાભિષેકમાં **कृषि** ખેતીમાં **मौंजी** મૌંજીબંધનમાં **अन्नाशने** અન્નપ્રાશનમાં **भूषणे** ભૂષણ ધારણમાં **जनुर्भम्** જન્મ નક્ષત્ર **अमलंजगुः** દોષ વિનાનું કહે છે. ।। ૫૫ ।।

**ભાવાર્થ**—*અવકહડ ચક્રમાંથી નામના પહેલા અક્ષરથી **નક્ષત્ર** જાણવું, અને નામના પહેલા અક્ષરમાં **બે અક્ષર** સાથે બોલાતા હોય તો જેનો **પહેલો ઉચ્ચાર** થાય, તે અક્ષર ઉપરથી નક્ષત્ર જાણવું, **જેમકે** " પ્રહ્લાદ " એવું નામ છે તેમાં પહેલા અક્ષરમાં બે અક્ષર બોલાય છે, પણ તેમાં પ અક્ષરનો ઉચ્ચાર પહેલો છે, માટે પ અક્ષર ઉપરથી નક્ષત્ર જાણવું, અવકહડ ચક્રમાં નામનો પહેલો **અક્ષર ન આવતો** હોયતો **બ–વ, શ–સ, ખ–ષ** એ તુલ્ય અક્ષર જાણી નક્ષત્ર જાણવું, **જેમકે** શિવ એવું નામ છે, તો નામનો પહેલો અક્ષર શ છે, અવકહડ ચક્રમાં શ અક્ષર નથી તો તેના તુલ્ય સ અક્ષર છે તેથી સ ઉપરથી નક્ષત્ર જાણવું તેવી રીતે, તેમજ જેનાં **ઘણાં નામ** છે તેનું છેલ્લામાં છેલ્લું જે નામ પાડયું હોય, તે ઉપરથી નક્ષત્ર જાણવું.

પુરૂષના વિવાહમાં, પટ્ટબંધનમાં, ઘરકરવામાં–ઘરપ્રવેશમાં, ગામ ગ-

* અવકહડ ચક્ર પંચાંગમાં લખેલું હોય છે,

વેશમાં, રાજ્યાભિષેકમાં, ખેતી કરવામાં, મૌંજીબંધનમાં, અન્નપ્રાશનમાં અને ભૂષણ ધારણમાં જન્મ નક્ષત્ર શુભ છે. ॥ ૧૫ ॥

**इति श्रीमच्छगनात्मज गिरिजाशंकर विरचितायां मुहूर्त मार्तण्डस्य गुर्जर टीकायां विवाह प्रकरणम् ॥ ४ ॥**

---

## अथाग्न्याधान प्रकरणम् ॥ ५ ॥

**अग्न्याधानमवादि दारसमये दायाद्यकालेपरै र्द्वीशाग्निध्रुवशाक्रपुष्यमृगपौष्णे र्व्यब्जलग्नांशयोः॥जीवेन्द्वर्ककुजैः सुतर्द्धिनवकेन्द्रस्थैरनस्तंगतैः स्वोच्चेष्टर्क्षगतैः परैरुपचये वित्ताद्यशुद्धौबुधैः ॥ १ ॥**

**इति मुहूर्तमार्तण्डेऽग्न्याधान प्रकरणम् ॥ ५ ॥**

**अन्वयः—( बहुभिः बुधैः ) दारसमये अग्न्याधानम् अवादि, परैः दायाद्यकाले ( अग्न्याधानम् अवादि ), द्वीशाग्निध्रुवशाक्रपुष्यमृगपौष्णैः व्यब्जलग्नांशयोः जीवेंद्वर्ककुजैः अनस्तंगतैः स्वोच्चेष्टर्क्षगतैः सुतर्द्धिनवकेंद्रस्थैः, परैः उपचयैः, वित्ताद्यशुद्धौ सत्याम् ( अग्न्याधानम् अवादि ) ॥ १ ॥**

अन्वयार्थः—( **बहुभिः बुधैः** ) ઘણા આચાર્યોએ **दारसमये** લગ્ન સમયમાં **अग्न्याधानम्** અગ્નિની આરાધના **अवादि** કહી છે, **परैः** બીજા આચાર્યોએ **दायाद्यकाले** ધન વહેંચવાના સમયમાં ( **अग्न्याधानम्** ) અગ્ન્યાધાન ( **अवादि** ) કહેલું છે, **द्वीशम्** વિશાખા **अग्निः** કૃત્તિકા **ध्रुव** ધ્રુવ **शाक्रम्** જયેષ્ટા **पुष्य** પુષ્ય **मृग** મૃગશિર્ષ **पौष्णम्** રેવતી (એ નક્ષત્રોમાં) **व्यब्जलग्नांशयोः** જલચર રાશિ અને ચંદ્ર શિવાયના લગ્ન અને નવમાંશમાં, **जीवः** ગુરૂ **इंदुः** ચંદ્ર **अर्कः** સૂર્ય **कुजः** મંગળ ( તેઓ ) **अनस्तंगतै** અસ્તના ન હોય અને **स्वोच्चेष्टर्क्षगतैः** પોતાની, ઉચ્ચની, કે મિત્રની રાશિના હોય અને **सुतः** ૫ **ऋद्धयः** ૩, ૬, ૧૦, ૧૧ **नव** ૯ **केन्द्रस्थैः** ૧, ૪, ૭, ૧૦ એ સ્થાનોમાં રહેલા હોય, **परैः** તે શિવાયના ગ્રહો **उपचयैः** ૩, ૬, ૧૦, ૧૧ એ સ્થાનોમાં હોય, **वित्ताद्य** ૧ લું અને બીજું સ્થાન **शुद्धौसत्याम्** પાપગ્રહ રહિત હોય ત્યારે ( **अग्न्याधानम्** ) અગ્ન્યાધાન ( **अवादि** ) કહ્યું છે. ॥ ૧ ॥

**ભાવાર્થ**—ઘણા આચાર્યોએ, લગ્ન સમયે અગ્નિ હોત્ર લેવાનું કહ્યું છે. અને બીજા આચાર્યોએ ધન વહેંચવાના સમયમાં એટલે ભાઇઓને વેચણ થતાં *અગ્નિહોત્ર લેવો એમ કહ્યું છે. **અગ્નિહોત્રનું મુહૂર્ત**–વિશાખા–કૃત્તિકા–રોહિણી ત્રણ ઉત્તરા–જ્યેષ્ઠા–પુષ્ય–મૃગશિર્ષ અને રેવતી એ **નક્ષત્રોમાં** તેમજ ×**જલચર રાશિ અને ચંદ્ર** ન હોય તેવા **લગ્ન** અને **નવમાંશમાં ગુરૂ–ચંદ્ર–સૂર્ય** અને **મંગળ** તેઓ અસ્તના ન હોય, અને પોતાની રાશિના, ઉચ્ચ રાશિના, કે મિત્રની રાશિના થઇ ૩, ૬, ૧૧, ૯, ૧, ૪, ૭, ૧૦ એ સ્થાનોમાં રહેલા હોય, **તે શિવાઅના ગ્રહો** ૩, ૬, ૧૦, ૧૧ એ સ્થાનોમાં હોય, તેમજ પહેલા અને બીજા સ્થાનમાં પાપગ્રહ **ન હોય** ત્યારે **અગ્નિહોત્ર** લેવો શુભ છે. ૧

**इति श्रीमच्छगनात्मज गिरिजाशंकर विरचितायां मुहूर्त मार्तण्डस्य गुर्जर टीकायां अग्न्याधान प्रकरणम् ॥ ५ ॥**

## अथ गृहप्रकरणम् ॥ ६ ॥

**नामर्क्षाद्विसुतांकदिग्भवगतो ग्रामः शुभोऽन्योऽन्यथा तत्कोणेऽन्त्यभुवां शुभं निवसतां दोषाः परेषामलम् ॥ कन्याकार्किधनुस्तुलाक्रियघटाः कौर्प्यंडजौ याम्यतो मध्येऽन्ये नवसंत्यथेंद्रककुभो वर्गाः स्युरोजस्विनः ॥ १ ॥**

अन्वयः—**नामर्क्षात् द्विसुतांकदिक्भवगतः ग्रामः शुभः स्यात्, अन्यः ग्रामः अन्यथा स्यात्, तत्कोणे अंत्यभुवाम् निवसताम् शुभं स्यात्, परेषाम् अलंदोषाःस्युः याम्यतः (दिशः क्रमात्) कन्याकार्कि धनुस्तुलाक्रियघटाः कौर्प्यंडजौ (च) न वसंति, मध्ये अन्येन वसंति, अथ इंद्रककुभः ( क्रमात् ) [१]अग्रमुखाः अष्टौवर्गाः ओजस्विनः स्युः १**

---

* ઉપરના બે પક્ષમાં જેને ભાઇ ન હોય તેણે લગ્ન સમયે, અને ભાઈ હોય તેણે ધનનો વેચણ કરતી વખતે અગ્નિહોત્ર લેવો એવો ભાષ્યકારનો મત છે.

× મકરનો પાછલો અડધો ભાગ, કુંભ, મીન અને કર્ક એ જલચર રાશિઓ છે.

* એ હવે પછીના શ્લોકમાં અન્વય છે.

**अन्वयार्थः—नामर्क्षात्** નામ રાશિથી **द्विसुतांकदिक् भवगतः ( द्वि २ सुत ५ अंक ९ दिक् १० भव ११ )** ૨, ૫, ૯, ૧૦, ૧૧ એ રાશિમાં રહેલું **ग्रामः** ગામ **शुभः स्यात्** શુભ છે, **अन्यः ग्रामः** બાકીની રાશિનું ગામ **अन्यथा स्यात्** અશુભ છે, **तत्कोणे** ગામના ખુણામાં **अंत्यभुवाम्** અંત્યજાતિ **स्य निवसताम्** વસે તો તેનું **शुभं स्यात्** શુભ થાય છે, **परेषाम्** અંત્યજાતિ શિવાયને **अलंदोषाः स्युः** ઘણા દોષો છે, **याद्गतः ( देशः )** દક્ષિણ દિશાના ( **क्रमात्** ) અનુક્રમથી **कन्या** કન્યા **कार्कि** કર્ક **धनुः** ધન **तुला** તુલા **क्रिय** મેષ **घटः** કુંભ **कौर्पो** વૃશ્ચિક **अंडजः** મીન ( એ રાશિઓવાળાએ ) **नवसंति** ન વસવું, **मध्ये** મધ્યમાં **अन्ये** તે શિવાયની રાશિઓ વાળાએ **नवसंति** ન વસવું **अथ** ત્યાર પછી **इंद्रककुभः** પૂર્વ દિશાના ( **क्रमात्** ) અનુક્રમથી **अप्रमुखाः** અકરાદિ **अष्टौवर्गाः** આઠવર્ગો **ओजस्विनः स्युः** બળવાન છે. ॥ ૧ ॥

**ભાવાર્થ—ગામ વિચાર**–પોતાની નામ રાશિથી ગામની÷ રાશિ સુધી ગણતાં ૨, ૫, ૯, ૧૦, ૧૧ થાય તો તે **ગામ શુભ** જાણવું, અને તે શિવાય ( ૧, ૩, ૪, ૬, ૭, ૮, ૧૨ ) નું ગામ **અશુભ** જાણવું. **ઉદાહરણ**—પોતાની રાશિ **વૃશ્ચિક** છે અને ગામની રાશિ **કુંભ** છે, તો પોતાની વૃશ્ચિક રાશિથી, ગામની કુંભ રાશિ સુધી ગણતાં, ૪ થયા તેથી તે ગામ અશુભ જાણવું.

**ગામના ખુણામાં**—ધોબી–મોચી—નટ–બુરુડ ( મદારી વીગેરે ) કસાઇ–ગચ્છીમાર–અને ભીલ એ સર્વે **નીચ જાતી** રહે તો તેઓ **સુખી થાય છે**, અને ગામના ખુણામાં **તે શિવાયની જાતી** રહે તો તેઓને ઘણા દોષો છે, અર્થાત્ અશુભ છે. ઇષ્ટ **ગામના** ૯ ભાગની કલ્પના કરી મધ્ય ભાગથી દક્ષિણ દિશાના ભાગમાં કન્યારાશિ વાળાએ વસવું નહિ, તેવીજ રીતે **નૈરૂત્યમાં** કર્ક; **પશ્ચિમમાં** ધન; **વાવ્યમાં** તુલા; **ઉત્તરમાં** મેષ; **ઇશાનમાં** કુંભ; **પૂર્વમાં** વૃશ્ચિક; **અને અગ્નિ કોણમાં** મીન રાશિ વાળાએ વસવું નહિ, અને બાકીની ( વૃ૦ મિ૦ સિ૦ મ૦ ) રાશિવાળાએ ગામના **મધ્ય ભાગમાં** રહેવું નહિ, એ પ્રમાણે **રાશિ** ઉપરથી **દિશાનો નિયમ** બતાવી હવે **વર્ગ** ઉપરથી **દિશાનો નિયમ** બતાવે છે, અ. આ. ઇ. ઈ. ઉ. ઊ. વિગેરે ૧૬ **અક્ષરનો અ** વર્ગ પૂર્વ

÷ જે ગામમાં ઘર કરવું હોય તે ગામ, રાશિ ગામના નામ **પ્રમાણેજાણવી જેમકે ભરૂચ ગામનું નામ છે તો તેની ધન રાશિજાણવી.**

દિશામાં બળવાન છે, ક વર્ગ અગ્નિકોણમાં, ચ વર્ગ દક્ષિણમાં; ટ વર્ગ નૈરૃત્યમાં; ત વર્ગ પશ્ચિમમાં; પ વર્ગ વાવ્યમાં; ય વર્ગ ઉત્તરમાં; અને શ વર્ગ ઇશાનમાં બળવાન છે, અર્થાત્ પોતાના નામના પહેલા અક્ષર ઉપરથી વર્ગ જાણી પોતાનો વર્ગ જે દિશામાં બળવાન હોય તે દિશામાં ઘર કરવું શુભ છે. ॥ ૧ ॥

## કઇ રાશિવાળાને કઈ દિશા અશુભ છે તેનું કોષ્ટક.

| ઇશાન | પૂર્વ | અગ્નિ |
|---|---|---|
| | | |

| | | | | |
|---|---|---|---|---|
| | કુંભ | વૃશ્ચિક | મીન | |
| ઉત્તર | મેષ | મધ્યમાં વૃ મિ. સિ. મ. | કન્યા | દક્ષિણ |
| | તુલા | ધન | કર્ક | |

| વાવ્ય | પશ્ચિમ | નૈરૃત્ય |
|---|---|---|
| | | |

## કયો વર્ગ કઇ દિશામાં બળવાન છે, તે અને વર્ગના નામનું કોષ્ટક.

| ઇ. | પૂ | અ. |
|---|---|---|
| | | |

| | | | | |
|---|---|---|---|---|
| | શ. ષ. સ. હ. **મેષ** | અકારાદિ ૧૬ અક્ષર ગરૂડ | ક. ખ. ગ. ઘ. ઙ **માર્જાર** | |
| ઉ. | ય. ર. લ. વ. મૃગ | | **સિંહ** ચ. છ. જ. ઝ. ઞ. | દ. |
| | પ. ફ. બ. ભ. મ. **મુષક** | ત. થ. દ. ધ. ન. **સર્પ** | ટ. ઠ. ડ. ઢ. ણ **શ્વાન** | |

| વા. | પ. | નૈ. |
|---|---|---|
| | | |

**વર્ગના કોષ્ટકની સમજ**—જેનો વર્ગ જાણવો છે તેના નામનો પહેલો અક્ષર જે હોય, તે અક્ષર જે ખાનામાં હોય, તેમાં લખેલો વર્ગ તે ધણીનો જાણવો. **જેમકે**—રામ એવું નામ છે, તેમાં રામનો પહેલો અક્ષર ર છે તેથી તેનો મૃગનો વર્ગ થશે, તેવી રીતે.

अष्टावप्रमुखाः स्वपंचमपरा द्विघ्नः स्ववर्गोऽन्ययुक् तष्टः काकिणिका गजैर्मिथ इमा यस्याधिकाः सोऽर्थदः ॥ श्वेतारक्तकपीतकृष्णवसुधाः स्वादुः कटुस्तिक्तकाः काषायाघृतशोणितान्नमदिरागंधाः शुभा विप्रतः ॥ २ ॥

अन्वयः—( ते ) स्वपंचमपराः स्युः स्ववर्गः द्विघ्नः मिथः अन्ययुक् गजै तष्टः ( शेषितः सन् ) काकिणिकाः स्युः, इमाः यस्य अधिकाः संतिसः अर्थदः स्यात् , विप्रतः ( क्रमात् वर्णानाम् ) श्वेता, रक्तकपीत कृष्णा, स्वादुः कटुः तिक्तका काषाया, घृतशोणितान्नमदिरागंधाः वसुधाः शुभाः स्युः ॥ २ ॥

અન્વયાર્થઃ—[ ते ] તે વર્ગો **स्वपंचमपराः स्युः** પોતાનાથી પાંચમા વર્ગના શત્રુઓ છે, **स्ववर्गः** પોતપોતાના વર્ગને **द्विघ्नः** બેથી ગુણી **मिथः** પરસ્પર **अन्ययुक्** એક બીજાનો વર્ગ યુકત કરવો ( તેને ) **गजैः तष्टः** ૮ વડે ભાગવાથી ( **शेषितः सन्** ) શેષ રહે તે **काकिणिकाः स्युः** કાકિણીઓ હોય, **इमाः** કાકિણીઓ **यस्य** જેની **अधिकाः संति** અધિક હોય **सः** તે **अर्थदः स्यात्** ધન આપનાર છે, **विप्रतः** ( **क्रमात् वर्णानाम्** ) બ્રાહ્મણથી અનુક્રમે વર્ણોને **श्वेता** સફેદ **रक्तका** લાલ **पीता** પીળી (અને) **कृष्णा** કાળારંગની ( તેમજ ) **स्वादु** મીઠો **कटुः** તીખો **तिक्तका** કડવી ( અને ) **काषाया** તુરા રસની (તથા) **घृत** ઘી **शोणित** રૂધિર **अन्न** અન્ન ( અને ) **मदिरा गंधाः** દારૂના વાસવાળી **वसुधाः** પૃથ્વી **शुभाः स्युः** શુભ છે. ॥ ૨ ॥

**ભાવાર્થ**—પોતાના વર્ગથી **પાંચમો વર્ગ શત્રુ** હોય છે. **જેમકે** પોતાનો વર્ગ **માર્જારનો** છે, ત્યાંથી ગણતાં પાંચમો **મુષકનો** તે બેઉને **શત્રુતા** જાણવી, તેવી રીતે. માટે શત્રુ વર્ગની દિશામાં ઘર **કરવું નહિ.** **અને** પોતાના વર્ગની દિશા શિવાયના, તથા શત્રુ વર્ગની દિશા શિવાયના વર્ગની દિશામાં ઘર કરવું **મધ્યમ છે,** એ પ્રમાણે પોતાના વર્ગની સાથે ગામના વર્ગની પણશત્રુતા તથા મિત્રતાનો વિચાર કરવો. રાશિ ઘટિત અને વર્ગ ઘટિત બેઉમાં **રાશિનું ઘટિત બળવાન** ગણાય છે, વર્ગ ઘટિતમાં

**કાકિણીઓ** જોવા બાબત-પોતાનો જે વર્ગ હોય તેને બેથી ગુણી, તેમાં ગામનો વર્ગ યુક્ત કરવો, પછી તેને ૮ વડે ભાગવાથી શેષ રહે તે **પોતાની કાકિણીઓ** જાણવી. તેવીજ રીતે ગામનો જે વર્ગ હોય તેને ૨ થી ગુણી, તેમાં પોતાનો વર્ગ ઉમેરવાથી જે થાય તેને ૮ વડે ભાગવાથી જે શેષ રહે તે **ગામની** કાકિણીઓ જાણવી. તેમાં જેની કાકિણીઓ વધારે હોય તે બીજાને ધન આપતા છે, **ઉદાહરણ**--રામચંદ્રનો વર્ગ મૃગનો ૭ મો થયો, તેને બેથી ગુણ્યા તો ૧૪ થયા. તેમાં ગામ ( અયોધ્યા )નો વર્ગ. ગરૂડનો પહેલો યુક્ત કર્યો તો ૧૫ થયા, તેને ૮ થી ભાગતાં શેષ ૭ રહ્યા તે **રામચંદ્રની કાકિણીઓ** થઈ. હવે **અયોધ્યાનો** વર્ગ ૧ લો: તેને બેથી ગુણતાં ૨ થયા, તેમાં રામચંદ્રનો વર્ગ ૭ ઉમેરવાથી ૯ થયા, તેને ૮ થી ભાગતાં શેષ ૧, તે **અયોધ્યાની કાકિણી** જાણવી હવે તે બેઉમાં રામચંદ્રજીની કાકિણીઓ વધારે છે, માટે રામચંદ્રજી અયોધ્યાને **ધન આપતા** છે. એ પ્રમાણે ગામ અને દિશાનો નિર્ણય બતાવી **વર્ણ** પ્રમાણે ભૂમીનો રંગ-રસ-અને ગંધ ( વાસ ) બતાવે છે. **બ્રાહ્મણને** સફેદ રંગની, મીઠા સ્વાદની; ઘીના વાસવાળી પૃથ્વી શુભ છે, તેવીજ રીતે **ક્ષત્રીને** લાલ રંગની; તીખા સ્વાદની, રૂધિરના વાસવાળી. **વૈશ્યને** રંગે પીળી, સ્વાદમાં કડવી, **અન્નના** વાસવાળી, **અને શુદ્રને** કાળા રંગની, તુરારસની, દારૂના વાસવાળી પૃથ્વી શુભ છે. **અર્થાત મિશ્ર જાતિને** મિશ્ર રંગની, મિશ્ર રસની, અને મિશ્ર વાસની પૃથ્વી શુભ છે. ।। ૨ ।।

## ભૂમી જોવાનું કોષ્ટક.

| વર્ણ | બ્રાહ્મણ | ક્ષત્રી | વૈશ્ય | શુદ્ર | મિશ્ર |
|---|---|---|---|---|---|
| રંગ | સફેદ | લાલ | પીળી | કાળી | મિશ્ર |
| રસ | મીઠી | તીખી | કડવી | તુરારસની | મિશ્ર |
| વાસ | ઘી | રૂધીર | અન્ન | દારૂ | મિશ્ર |

सौम्यादिप्लवभूत ले विरचयेद्विप्रादिकोऽग्र्योऽखिले नान्येषां नियमोऽथ यत्र निखिलाः कुर्युर्गृहं हृत्स्थिरम् ॥ सद्मप्रश्नकृतो मुखात्प्रथमतो वर्गादिवर्णोद्गमश्चेत्तद्दिग्गतमादिशेत्तु हपयैः शल्यं सुधीर्मध्यतः ॥ ३ ॥

अन्वयः—विप्रादिकः सौम्यादिप्लव भूतले गृहम् विरचयेत्, अग्र्यः अखिले ( प्लव भूतले गृहम् विरचयेत् ), ( अयं ) नियमः अन्येषां न स्यात्, अथ यत्र ( भुवि ) हृत् स्थिरम् स्यात्, ( तत्र ) निखिलाः गृहं कुर्युः, सद्म–प्रश्नकृतः मुखात् प्रथमतः वर्गादि वर्णोद्गमः स्यात्, सुधीः तद्दिग्गतम् शल्यम् आदिशेत्, तुपुनः हपयैः ( शल्यम् आदिशेत् ) ॥ ३ ॥

अन्वयार्थः—विप्रादिकः વિપ્રાદિકને सौम्यादि ઉત્તર દિશાના प्लव પ્રવાહની भूतले પૃથ્વીમાં गृहम् ઘર विरचयेत् રચવું, अग्र्यः બ્રાહ્મણને अखिले સમગ્ર ( प्लवभूतले गृहम् विरचयेत् ) પ્રવાહની પૃથ્વીમાં ઘર રચવું ( अयं ) नियमः આ નિયમ अन्येषां न स्यात् બીજાઓને માટે નથી, अथ બીજો પક્ષ यत्र ( भुवि ) જે ભૂમિમાં हृत् અંતઃકરણ स्थिरम् પ્રસન્ન स्यात् થાય ( तत्र ) તે ભૂમિમાં निखिलाः સર્વ વર્ણોએ गृहंकुर्युः ઘર કરવું, सद्मप्रश्नकृतः ઘર સંબંધિ પ્રશ્ન કરનારના मुखात् મુખમાંથી प्रथमतः પહેલાં वर्गादि જે વર્ગાદિના वर्णोद्गमः स्यात् જે અક્ષરનો ઉચ્ચાર થાય ( તે પરથી ) सुधी પંડિતોએ तद्दिग्गतम् તે અક્ષરની દિશામાં शल्यम् શલ્ય आदिशेत् કહેવું, तुपुनः તેમાં ફરીથી हपयै હ. પ. ય. અક્ષરોથી मध्यतः મધ્યમાં [ शल्यम् आदिशेत् ] શલ્ય કહેવું. ॥ ૩ ॥

**ભાવાર્થ–ઉત્તર પ્રવાહની** એટલે ઉત્તર તરફ નીચાણ વાળી પૃથ્વી ઉપર **બ્રાહ્મણને** ઘર કરવું શુભ છે, પૂર્વ **પ્રવાહની** પૃથ્વી ઉપર **ક્ષત્રિને** ઘર કરવું, વૈશ્યને દક્ષિણ પ્રવાહની, અને શૂદ્રને પશ્ચિમ પ્રવાહની પૃથ્વી ઉપર ઘર કરવું શુભ છે. **બ્રાહ્મણને માટે વિશેષ**—બ્રાહ્મણને સર્વ પ્રવાહની પૃથ્વીમાં ઘર કરવું શુભ છે, **આ નિયમ** ક્ષત્રિ આદિ વર્ણને માટે નથી એટલે તેઓને તો ઉપર કહ્યા પ્રમાણે **પોતપોતાના પ્રવાહની** જમીનમાંજ કરવું શુભ છે, **બીજો પક્ષ**—બ્રાહ્મણાદિ સર્વ વર્ણોને જે જમીનમાં અંતઃકરણ પ્રસન્ન થાય તે ભૂમિમાં ઘર કરવું શુભ છે.

*શલ્ય જ્ઞાન બાબત—ઘર બનાવનારના પ્રશ્નના પહેલા અક્ષરમાં અ-ક-ચ—ટ-ત—પ-ય—શ એ વર્ગનો અક્ષર હોય તો એ અક્ષરની દિશામાં શલ્ય કહેવું. અક્ષર પરથી દિશા, કોષ્ટકમાં જોવાથી સમજાશે અને પ્રશ્નનો પહેલો અક્ષર +હ—પ—ય એમાંનો કોઈ પણ અક્ષર હોય તો મધ્યમાં શલ્ય છે એમ કહેવું. ॥ ૩ ॥

## અક્ષર પ્રમાણે શલ્ય કઇ દિશામાં છે તે; અને તે કેટલું ખોદવાથી નિકળશે; તેમજ તેનું કેવું ફળ તે જોવાનું કોષ્ટક.

| ઇશાન | | પૂર્વ | | અગ્નિ |
|---|---|---|---|---|
| | શ. ષ. સ. હ. ૧॥ હાથ ઉંડું ગાયનું હાડકું ઘરધણીની ગાયો ભેંશો વિગેરે પશુઓનો નાશ કરે છે | અકારાદિ ૧૬ અક્ષરો ૧॥ હાથ ઉંડું, મનુષ્યનું હાડકું મરણ કરે છે. | ક. ખ. ગ. ઘ. ઙ. ૨ હાથ ઉંડું, ગધેડાનું હાડકું રાજદંડ તથા ભય કરે છે. | |
| ઉત્તર | ય. ર. લ. વ. કમ્મર જેટલું ઉંડું, બ્રાહ્મણનું હાડકું કુબેર ભંડારીજેવા ધનવાનનું પણધન નાશ કરે છે | હ. પ. ય. (મધ્ય) છાતિ જેટલું ઉંડું, માણસનું માથું ભસ્મ તથા લોઢું, કુળનો નાશ કરે છે. | ચ. છ. જ. ઝ. ઞ. કમ્મર જેટલું ઉંડું, મનુષ્યનુ હાડકું, લાંબારોગથી ઘરધણીનું મૃત્યુ કરે છે. | દક્ષિણ |
| | પ. ફ. બ. ભ. મ. ૪, હાથ ઉંડું. કોતરાં, અંગારા વિગેરે મિત્રનો નાશ તથા ખરાબ સ્વપ્ન કરે છે | ત થ. દ. ધ. ન. ૧॥ હાથ ઉંડું, બાળકનું હાડકું. ઘરધણીને ઘરમાં સ્થિર રહેવા દેતું નથી. | ટ. ઠ. ડ. ઢ. ણ. ૧॥ હાથ ઉંડું, કુતરાનુ હાડકું સંતાનનો નાશ કરેછે | |
| વાવ્ય | | પશ્ચિમ | | નૈરૃત્ય |

**દાખલો**—ઘર સંબંધી પ્રશ્ન કરનારના મુખમાંથી પહેલો અક્ષર ચ—છ—જ—ઝ—ઞ એમાંનો કોઇ પણ બોલાયો હોય તો દક્ષિણ દિશામાં કમર ( કેડ ) બરાબર ઉંડું ખોદવાથી **મનુષ્યનું હાડકું** નિકળશે, અને તે લાંબા રોગથી ઘરધણીનું **મરણ** નિપજાવશે, તેવી રીતે જાણવું.

---

* ખરાબ ચીજ ( હાડકાં વિગેરે )નું નામ શલ્ય છે,

+ એ ઠેકાણે જોવું જેમકે પ હોય તો મધ્યમાં તથા વાવ્યમાં તેમજ વ હોય તો ઉત્તરમાં તથા મધ્યમાં એવી રીતે જાણવું.

श्वभ्रं हस्तमितं खनेदिह जलं पूर्णं निशास्ये न्यसेत्प्रातर्दृष्टजलं स्थलं सदजलं मध्यं त्वसत्स्फाटितम् ॥ ज्ञात्वैवं निखनेद्गृहाधिकभुवं नत्वा जलांतं स्तरो यावद्वा पुरुषस्ततः कपिशिरस्तुल्याश्मभिः पूरयेत् ॥ ४ ॥

अन्वयः—श्वभ्रम् हस्त मितम् खनेत् इह निशास्ये जलम् पूर्णं-न्यसेत्, प्रातः दृष्ट जलम् स्थलम् सत्स्यात्, अजलम् मध्यमं स्यात्, स्फाटितम् असत्स्यात्, एवम् ( स्थलम् ) ज्ञात्वा, नत्वा गृहाधिकभुवम् यावज्जलांतः ( तावत् ) निखनेत्, वा ( यावत् ) स्तरः ( तावत् निखनेत् ), वा ( यावत् ) पुरुषः ( तावत् निखनेत् ), ततः कपिशिर स्तुल्याश्मभिः पूरयेत् ॥ ४ ॥

**अन्वयार्थः**— **श्वभ्रम्** ખાડો **हस्तमितम्** હસ્તમાત્ર **खनेत्** ખોદવો **इह** એ ખાડામાં **निशास्ये** રાત્રિ મુખે **जलम्** પાણી **पूर्णंन्यसेत्** સંપૂર્ણ ભરવું, **प्रातः** સવારમાં **दृष्टजलम्** જલ દેખાય તેવું **स्थलम्** સ્થલ **सत्स्यात्** શુભછે, **अजलम्** જલ રહિત **मध्यमं स्यात्** મધ્યમ છે, **स्फाटितम्** ફાટી જાય તેવું **असत्स्यात्** અશુભ છે, **एवम्** એ પ્રકારે ( **स्थलम्** ) સ્થલ **ज्ञात्वा** જાણીને, **नत्वा** ભૂમિને નમસ્કાર કરીને **गृहाधिकभुवम्** ઘરથી અધિક પૃથ્વી **यावज्जलांतः** જ્યાં સુધી જલ આવે ( **तावत्** ) ત્યાં સુધી **निखनेत्** ખોદવી, **वा** અથવા ( **यावत्** ) જ્યાં સુધી **स्तरः** તળીયું બદલાય ( **तावत् निखनेत्** ) ત્યાં સુધી ખોદવી, **वा** અથવા ( **यावत्** ) જ્યાં સુધી **पुरुषः** પુરૂષનું પ્રમાણ ગણાય છે ( **तावत् निखनेत्** ) ત્યાં સુધી ખોદવું **ततः** તે ખોદેલું **कपिशिरस्तु ल्याश्मभिः** ( **कपि** વાનરના **शिरः** મસ્તક **तुल्य** તુલ્ય **अश्मभिः** પત્થર ) વાનરના માથા જેવડા પત્થરોથી **पूरयेत्** પુરવું. ॥ ૪ ॥

**ભાવાર્થ—જમીનનું શુભાશુભ જ્ઞાન**—જે જમીનમાં ઘર કરવું હોય ત્યાં એક હાથનો **ચોરસ ખાડો** કરીને સૂર્યના **અર્દ્ધાસ્ત** સમયમાં તે ખાડો **પાણીથી** પુરેપુરો ભરવો, જો સવાર સુધી તેમાં પાણી રહે તો તે જમીન **શુભ**; પાણી ન રહે તો **મધ્યમ; અને** ફાટી જાય તો **અશુભ** જાણવી. એ પ્રમાણે **પરિક્ષા કરી** ભૂમિને **નમસ્કાર** કરી, ઘર બાંધવું

હોય તેથી કંઈક વધારાની જમીનને પાણી આવે ત્યાં સુધી, અથવા જમીનનું બીજું પડ આવે ત્યાં સુધી, અથવા એક +પુરૂષના પ્રમાણ સુધી *ખોદવી, અને તેમાં વાનરના માથા જેવડા પત્થરો પૂરવા. ॥૪॥

**प्राक् साध्योज्जयिनीस्थलाद्यमदिशि त्वाष्ट्रानिलाभ्यंतरात्सौम्ये- ऽतोऽग्न्युदयादुदग्ध्रुवमुखाद्दिङ्मूढके स्यान्मृतिः ॥ गेहं माधवपौषफा- ल्गुननभोमार्गेषु मृद्वानिलैः पाश्यर्केज्यवसुध्रुवैः स्थिरतनौ कुर्यात्सुकें- द्राष्टमे ॥ ५ ॥**

**अन्वयः—उज्जयिनी स्थलात्, यमदिशि त्वाष्ट्रा निलाभ्यंतरात् प्राक्साध्या, अतः सौम्ये अग्न्युदयात् प्राक् साध्या, ध्रुव मुखात् उदक् साध्या, दिङ्मुढके ( गृहे सति ) मृतिः स्यात्, माधव पौष फाल्गुन नभो मार्गेषु, मृद्वानिलैः पाश्यर्केज्य वसुध्रुवैः, स्थिरतनौ सु- केन्द्राष्टमेसति गृहं कुर्यात् ॥ ५ ॥**

अन्वयार्थः—**उज्जयिनीस्थलात्** ઉજ્જયિનીથી **यमदिशि** દક્ષિણ દિશામાં **त्वाष्ट्रानिलाभ्यंतरात्** ( **त्वाष्ट्रम्** ચિત્રા **अनिलम्** સ્વાતી **अनयोः अंतरम्** એ બેઉનું મધ્ય ) ચિત્રા અને સ્વાતીના મધ્યથી **प्राक्साध्या** પૂર્વ દિશા સાધવી. **अतः** ઉજ્જનથી **सौम्ये** ઉત્તર ભાગમાં **अग्न्युदयात्** કૃત્તિકા ના ઉદયથી **प्राक्साध्या** પૂર્વ દિશા સાધવી, **ध्रुवमुखात्** ધ્રુવથી **उदक्साध्या** ઉત્તર દિશા સાધવી, **दिङ्मुढके** ( **गृहे सति** ) દિઙમુઢ ઘર હોય તો **मृतिः स्यात्** મરણ થાય, **माधवः** વૈશાખ **पौषः** પૌષ **फाल्गुनः** ફાગણ **नभः** શ્રાવણ **मार्गः** માર્ગશિર્ષ **एषु** એમાસોમાં, **मृदु** મૃદુ **अनिलम्** સ્વાતી **पाशी** શત તારા **अर्कः** હસ્ત **इज्यः** પુષ્ય **वसुः** ધનિષ્ટા **ध्रुवैः** ધ્રુવ એ નક્ષત્રોમાં, **स्थिरतनौ** સ્થિર લગ્નમાં **सुकेन्द्राष्टमे सति** પાપગ્રહ રહિત ૧, ૪, ૭, ૧૦, ૮ એ સ્થાનો હોય ત્યારે **गृहंकुर्यात्** ઘર કરવું. ॥ ૫ ॥

---

+ પુરા પાંચ હાથનું એટલે ૧૨૦ આંગળનું પુરૂષનું પ્રમાણ છે.

* આ ખોદવાનો નિયમ પોતાની શક્તિ પ્રમાણે જાણી લેવો, તેમજ ખોદવાનું કારણ ભૂમી શોધન માટે છે.

**ભાવાર્થ—દિશાનું સાધન**—જો પોતાનો દેશ **ઉજ્જનથી** *દક્ષિણમાં હોય તો **ચિત્રા** અને **સ્વાતીના** મધ્યથી પૂર્વ **દિશાનું** સાધન કરવુ, અને જો પોતાનો દેશ **ઉજ્જનથી** +**ઉત્તરમાં** હોયતો **કૃતિકાના** ઉદયથી પૂર્વ **દિશાનું** સાધન કરવું, અને ધ્રુવથી **ઉત્તર દિશાનું** સાધન કરવું. **ઘર** નિશ્ચય વગરની **દિશામાં** હોય તો મરણ કરે **છે. ઘરના આરંભનું મુહૂર્ત**—વૈશાખ-પૌષ-ફાગણ-શ્રાવણ માર્ગશિર્ષ એ મહિનાઓ, અને **મૃદુ** ( ચિત્રા-અનુરાધા-રેવતી-મૃગ ) હસ્ત—પુષ્ય-ધનિષ્ટા-**ધ્રુવ** ( રોહિણી-ત્રણ ઉત્તરા ) એ નક્ષત્રો, અને **સ્થિર** ( ૨, ૫, ૮. ૧૧ ) લગ્ન, તેમજ ૧, ૪, ૭, ૧૦, ૮ એ સ્થાનોમાં **પાપગ્રહ** ન હોય ત્યારે ઘરનો આરંભ કરવો શુભ છે. ॥ ૫ ॥

**नो पृष्ठाग्रविधौ न रिक्तकतिथौ नाऽऽरवारांशयोरुक्तर्क्षेऽपि कुंभमीनगविधौ स्तंभोच्छ्रितिं नाचरेत् ॥ तुर्यात् पंचदशात् त्रिद्वयपरिमिताद्वेदाब्धि पंचक्रमान्निंद्यान्यर्कयुतादि गेहकरणे भानि प्रवेशेऽपिच ॥ ६ ॥**

---

* જ્યારે સ્વસ્થ મન હોય ત્યારે રાત્રિના સમયમાં પૂર્વ દિશા સામે મુખ રાખી ચિત્રા નક્ષત્ર ૮૬ આંગળ પોતાના ઉદય સ્થાનથી ઉંચે આવે તે સમયે નલિકા યન્ત્રથી તેને જોવું. બાદ નલિકા યંત્રના આગળના ભાગમાંથી લંબ જમીન સુધી છોડી દેવો, અને જે ઠેકાણે લંબ પડે ત્યાં ચિન્હ કરવું. સ્વાતી નક્ષત્ર પણ તેજ વખતે નલિકામાં જોવું, અને બરાબર દેખાયા પછી નલિકાના આગળના ભાગમાંથી લંબ જમીન સુધી છોડી દેવો, જ્યાં પડે ત્યાં ચિન્હ કરવું. એ પ્રમાણે તે બે ચિન્હો થયા પછી તેના જેવડી લાંબી દોરીથી બેઉ ચિન્હોને માપી તે દોરીના બે છેડા એક કરી તે ઠેકાણે એક ચિન્હ કરવું. તે પૂર્વદિશા ત્યારબાદ તે ચિન્હપર શંકુ મૂકી તેની સામેની બાજુમાં દોરી લઈ જવી. ત્યાં એક ચિન્હ કરવું. તે **પશ્ચિમદિશા.**

+ કૃત્તિકા નક્ષત્ર ૮૬ આંગળ જ્યારે આકાશમાં ઉંચે આવે ત્યારે તેને નલિકામાંથી જોઇ નલિકાનું મૂળ તથા અગ્ર ( આગળ )નો ભાગ એ પ્રમાણે બે બાજુથી બે લંબ જમીન સુધી છોડી મુકવા, તેઓ જ્યાં પડે ત્યાં ચિન્હ કરવું. નલિકાના આગળના ભાગમાંથી પડેલા લંબનું ચિન્હ તે **પૂર્વ દિશા** અને મૂળમાં પડેલા લંબનું ચિન્હ તે **પશ્ચિમદિશા.**

अन्वयः—पृष्ठाग्रविधौ सति गेहम् नो कुर्यात्, रिक्ततिथौ सति ( गेहंनो कुर्यात् ), अर्कारवारां शयोः ( गेहंनो कुर्यात् ), उक्तक्षेष्वपि कुंभमीनगविधौसति स्तंभोच्छ्रितिम् न आचेरत्, अर्कयुतादि तुर्यात् ( नक्षत्रात् ), पंच दशात् ( नक्षत्रात् ), त्रिदृक् परिमितात् ( नक्षत्रात् ) क्रमात् वेदाब्धिपंचभानि गेहकरणे च :प्रवेशेऽपि निंद्यानिस्युः ॥ ६ ॥

अन्वयार्थः—**पृष्ठाग्रविधौसति** પાછળ અને આગળ ચંદ્ર હોય તો **गेहम्** ઘર **नोकुर्यात्** ન કરવું, **रिक्ततिथौसति** ૪—૯—૧૪ એ તિથિ હોય તો ( **गेहंनोकुर्यात्** ) ઘર ન કરવું, **अर्कारवारांशयो** રવિ મંગળના વાર અને નવમાંશમાં (**गेहं नो कुर्यात्** ) ઘર ન કરવું, **उक्तर्क्षेष्वपि** ઉક્ત નક્ષત્રોમાં પણ **कुंभमीनगविधौसति** કુંભ અને મીનનો ચંદ્ર હોય તો **स्तंभोच्छ्रितिम्** સ્તંભ **नआचरेत्** ન રોપવો. **अर्कयुतादि** સૂર્ય નક્ષત્રથી ગણતાં **तुर्यात्** ( **नक्षत्रात्** ) ચોથા નક્ષત્રથી, **पंचदशात्** ( **नक्षत्रात्** ) ૧૫ મા નક્ષત્રથી **त्रिदृक् परिमितात्** ( **नक्षत्रात्** ) તેવીશમા નક્ષત્રથી **क्रमात्** અનુક્રમે **वेद ४ अब्धि ४ पंच ५ भानि** નક્ષત્રો **गेहकरणे** ઘર કરવામાં **च** અને **प्रवेशेऽपि** પ્રવેશમાં પણ **निंद्यानि स्युः** અશુભ છે. ॥ ૬ ॥

**ભાવાર્થ**—***સપ્તશલાકા** ચક્રમાં જે દિશામાં +ઇષ્ટ **નક્ષત્ર** હોય તે દિશાના ઘરમાં **સંમુખ ચંદ્ર** જાણવો. તેમાં **પછવાડે** અને **સન્મુખ** (સામો) ચંદ્ર હોય તો તે અશુભછે, માટે તેમાં ઘરનો આરંભ કરવો નહિ. **ઉદાહરણ**—ઇષ્ટ નક્ષત્ર **રોહિણી** છે તે રોહિણી નક્ષત્ર સપ્તશલાકા ચક્રમાં પૂર્વ દિશામાં છે, તેથી પૂર્વ દિશાનું ઘર કરવું હોય તો તેમાં **ચંદ્ર સન્મુખ** થયો, તેથી તે નક્ષત્રમાં ઘરનો આરંભ કરવો નહિ, તેવીજ રીતે ઇષ્ટ **નક્ષત્ર ઉત્તરાષાઢા** પશ્ચિમ દિશામાં છે, તેથી તે નક્ષત્રમાં **પશ્ચિમમાં** ચંદ્ર સન્મુખ થયો, અને પૂર્વ દિશાનું ઘર કરવું છે તો **પછવાડે ચંદ્ર** પડ્યો માટે તેમાં પણ ઘર કરવું નહિ, એ પ્રમાણે સન્મુખ અને પછવાડે ચંદ્ર જોવો. **તેમજ** ૪, ૯, ૧૪એ **તિથિઓ**. અને **રવિવાર મંગળવાર** તથા રવિ—મંગળનો **નવમાંશ** એ સર્વે ઘરના આરંભમાં અશુભછે, પ્રથમ કહેલાં

* સપ્તશલાકા ચક્ર ૬૦ મે પાને છે.

+ જે નક્ષત્રમાં ઘરનો આરંભ કરવાનો છે તે ઇષ્ટ નક્ષત્ર.

ઘરના આરંભનાં નક્ષત્રોમાં પણ **કુંભ-મીનના ચંદ્ર** હોય તો **સ્તંભ** રોપવો નહિ.

**વૃષભ વાસ્તુ**—સૂર્યનું જે નક્ષત્ર હોય ત્યાંથી અભિજિત્ શિવાય ગણતાં ચોથા નક્ષત્રથી ૪ નક્ષત્રો, અને ૧૫ મા નક્ષત્રથી ૪ નક્ષત્રો, અને ૨૩ મા નક્ષત્રથી ૫ નક્ષત્રોમાં **ઘર કરવું નહિ**, તથા તે નક્ષત્રોમાં, **ઘરમાં પ્રવેશ** પણ કરવો નહિ. ॥ ૬ ॥

**વૃષભ ચક્ર.**

| સૂર્ય નક્ષત્રથી | ૩ | ૪ | ૭ | ૪ | ૪ | ૫ |
|---|---|---|---|---|---|---|
| ફલ | શ્રે. | ને. | શ્રે. | ને. | શ્રે. | ને. |

**शेते भाद्रपदात्रिषु त्रिषु सुरः प्रागादिशीर्षोऽत्र हि प्रोक्तं सद्म-मुखं तु गोल्यजघटेष्वर्के यमोदङ्मुखम् ॥ हृद्रोगैणकुलीरसेयगरवौ पूर्वापरास्यंगृहंनान्यस्थे भुजकोटिघात इभहृच्छेषं स्युरायाः क्रमात् ॥ ७ ॥**

अन्वयः—**भाद्रपदात् त्रिषु त्रिषु ( मासेषु ) प्रागादि शीर्षः सुरः शेते, अत्रहि सद्ममुखम् प्रोक्तम् तु गोल्यजघटेषु अर्के सति यमोदङ्मुखम्, गृहं कार्यम्, हृद्रोगैणकुलीरसेयग रवौ सति पूर्वा परास्यम् ( गृहं कार्यं ), अन्यस्थे ( रवौ सति ) न कार्यम् भुज कोटिघातः इभहृत्सन् शेषम् क्रमात् आयाः स्युः ॥ ७ ॥**

अन्वयार्थः-**भाद्रपदात्** ભાદ્રપદથી **त्रिषुत्रिषु ( मासेषु )** ત્રણ ત્રણ માસમાં **प्रागादिशीर्षः** પૂર્વાદિશીર્ષ **सुरः शेते** વાસ્તુ પુરૂષ સુઈ રહે છે. **अत्रहि** જ્યાં શિર્ષ છે તે દિશામાં **सद्ममुखम्** ઘરનું દ્વાર **प्रोक्तम्** કહ્યું છે, **तु** પુનઃ **गोल्यजघटेषु** ( **गो** વૃષભ **अ.लि** વૃશ્ચિક **अज** મેષ **घट** તુલા ) ૨, ૮, ૧, ૭ એ રાશિના **अर्के सति** સૂર્યમાં **यमोदङ्मुखम्** દક્ષિણ અથવા ઉત્તર મુખ **गृहंकार्यम्** ઘર કરવું, **हृद्रोगैणकुलीरसेयगे** [ **हृद्रोगः** કુંભ **एणः** મકર **कुलीरः** કર્ક **सेयः** સિંહ ] ૧૧, ૧૦, ૪, ૫ એ રાશિમાં રહેલા **रवौ सति** રવિમાં **पूर्वापरास्यम्** પૂર્વ અથવા પશ્ચિમ મુખ ( **गृहं**

कार्यम् ) કરવું. अन्यस्थे અન્ય રાશિમાં રહેલા ( रवौसति ) રવિમાં न कार्यम् ન કરવું, भुजकोटिघातः ભુજ કોટિના ગુણનને इभहृत सन् આઠ વડે ભાગવાથી शेषम् શેષ રહે તે क्रमात् અનુક્રમથી आयाः स्युः આયો હોય. ॥ ૭ ॥

ભાવાર્થ—ચાર પ્રકારથી દ્વારનિર્ણય—ભાદ્રપદ–આશ્વિન–કાર્તિક એ માસોમાં પૂર્વશીર્ષ, માર્ગશિર્ષ–પૌષ–માહા એ માસોમાં દક્ષિણશીર્ષ ફાગણ–ચૈત્ર–વૈશાખમાં પશ્ચિમશીર્ષ અને જ્યેષ્ટ–અશાડ–શ્રાવણમાં ઉત્તર શીર્ષ વાંસ્તુ પુરૂષ સુઇ રહે છે. જે દિશામાં વાસ્તુનું શિર હોય તે દિશામાં ઘરનું મુખ કરવું. સંક્રાંતિ પ્રમાણે ઘરના મુખનો નિર્ણય— ૨, ૮, ૧, ૭ એ રાશિના સૂર્યમાં દક્ષિણમાં અથવા ઉત્તરમાં દ્વાર [બારણું ] કરવું, અને ૧૧, ૧૦, ૪, ૫ એ રાશિના સૂર્યમાં પશ્ચિમાં અથવા પૂર્વમાં ઘરનું દ્વાર કરવું શુભ છે. તે શિવાયની રાશિના સૂર્યમાં દ્વાર ન કરવું. આય પ્રમાણે ઘરના મુખ વિષે-તેમાં પ્રથમ આયનું સાધન-ઘરની *લંબાઈ સાથે પહોળાઇને ગુણી તેમાં ૮ નો ભાગ આપવાથી શેષ રહે તે અનુક્રમે +આયો જાણવી. ॥ ૭ ॥

ઉદાહરણ—ઘરની લંબાઈ ૨૯ હાથ છે તેને પહોળાઈના ૭ હાથથી ગુણતાં ૨૦૩ થયા, તેને ૮ થી ભાગતાં શેષ ૩ રહ્યા તેથી ધ્વજાદિક ના અનુક્રમે સિંહની આય આવી.

**पूर्वादिध्वजधूमसिंहशुनकोक्षाणः खरेभोष्ट्रका धार्याः स्वस्वपदे ध्वजोऽखिलमुखः प्राग्याम्यवक्त्रो गजः ॥ प्रागास्यो वृषभो विवारुणमुखः सिंहः प्रशस्ता इमे धूमोऽग्नेः शुनकोऽन्त्यजस्य खगपस्योष्ट्राद्रूपस्न्याः खरः ॥ ८ ॥**

अन्वयः—पूर्वादि ध्वज धूमसिंह शुनकोक्षाणः खरेभोष्ट्रकाः स्वस्वपदे धार्याः, ध्वजः अखिलमुखः, गजः प्राग्याम्यवक्त्रः, वृषभः प्रागास्यः, सिंहः विवारुण मुखः ( प्रशस्तः स्यात् ), इमे ( आयाः प्रशस्ता स्युः ), अग्नेः धूमः, अंत्यजस्य शुनकः, खगपस्य उष्ट्रः,

* લંબાઇ પહોળાઇ ઘર ધણીના હાથથી ભરવી.

\+ આયોનાં નામ હવે પછીના શ્લોકમાં છે.

**अट्टपत्न्याः खरः प्रशस्तः स्यात् ॥ ८ ॥**

अन्वयार्थः—**पूर्वादि** પૂર્વાદિ ( દિશાઓના અનુક્રમથી ) **ध्वज** ધ્વજ **धूम** ધૂમ **सिंह** સિંહ **शुनकः** શુનક **उक्षाणः** વૃષભ **खरः** ખર **इभः** ગજ **उष्ट्रकः** ઊંટ એ આયો **स्वस्वपदे धार्याः** પોતપોતાના સ્થાનમાં રહે છે, **ध्वजः** ધ્વજ **अखिलमुखः** સર્વ દિશાના દ્વારમાં, **गजः** ગજ **प्राग्याम्यवक्त्रः** પૂર્વ અને દક્ષિણ મુખમાં, **वृषभः** વૃષભ **प्रागास्यः** પૂર્વ મુખમાં, **सिंह** સિંહ **विवारुणमुखः** પશ્ચિમ મુખ વિના ( સર્વ દિશાના મુખમાં ) (**प्रशस्तः स्यात्** ) શુભ છે, **इमे** એ ચાર ( **आयाः प्रशस्ताः स्युः** ) આયો સર્વને માટે શુભ છે, **अग्नेः** અગ્ન્યારમાં **धूमः** ધૂમ આય, **अंत्यजस्य** અંત્યજને **शुनकः** શ્વાન આય, **खगपस्य** પક્ષિપાલકને **उष्ट्रः** ઉષ્ટ્ર આય. ( અને ) **अट्टपत्न्याः** વેશ્યાને **खरः** ખર આય **प्रशस्तः स्यात्** શુભ છે ॥ ૮ ॥

**ભાવાર્થ**—પૂર્વાદિ દિશાઓમાં, ધ્વજ–ધૂમ–સિંહ—શ્વાન–વૃષભ—ખર–ગજ–ઉષ્ટ્ર એ આયો અનુક્રમથી રહે છે. તેથી ત્યાં બળવાન જાણવી **ધ્વજ** સર્વ દિશાના દ્વારમાં, **ગજ** પૂર્વ અને દક્ષિણ દિશાના દ્વારમાં. **વૃષભ** પૂર્વ દિશાના દ્વારમાં, અને **સિંહ** પશ્ચિમ વગર સર્વ દિશાના દ્વારમાં શુભ છે, આ ચાર આયો સર્વને શુભ છે. બાકીની ચાર આયો અશુભ છે, છતાં પણ રસોડામાં તથા અગ્નિ શાલામાં **ધૂમ** આય, અંત્ય જાતિને **શ્વાન** આય, પક્ષીથી આજીવીકા ચલાવનારને **ઉષ્ટ્ર** (ઊંટ) આય અને વેશ્યાને **ખર આય શુભ છે**. ॥ ૮ ॥

**આયનાં નામ સ્થાન, તથા ફળ.**

| નંબર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|---|
| નામ | ધ્વજ | ધૂમ | સિંહ | શ્વાન | વૃષભ | ખર | ગજ | ઊંટ |
| સ્થાન | પૂર્વ | અગ્નિ | દક્ષિણ | નૈરૃત્ય | પશ્ચિમ | વાયવ્ય | ઉત્તર | ઈશાન |
| ફળ | શુભ | અશુભ | શુભ | અશુભ | શુભ | અશુભ | શુભ | અશુભ |

આયનાં મુખ.　　અશુભ આયો કયાં કયાં શુભછેતેનું કોષ્ટક

| આય | ધ્વજ | સિંહ | વૃષભ | ગજ |
|---|---|---|---|---|
| મુખ | સર્વ દિશા | પશ્ચિમ વિ.સ. | પૂર્વ દિશામાં | પૂર્વને દક્ષિણ |

| ધૂમ | શ્વાન | ખર | ઉંટ |
|---|---|---|---|
| અગ્ન્યાગારમાં | અંત્યજને | વેશ્યા સ્ત્રીને | પક્ષિપાલકને |

જે દિશામાં આયનું મુખ હોય, તે દિશામાં ઘરનું મુખ કરવું.

**प्राहुः प्राङ्मुखमंत्यवृश्चिककुलीराणां प्रचेतोमुखं जूकोपांत्यगवां यमास्यमबलायुग्मैणकानां हितम् ॥ सौम्यास्यं गृहमाद्यसिंहधनुषाम-त्रेष्टकाष्ठाननं कृत्वाप्तान्यककुब्गवाक्षवदनं तत्कार्यमास्यं न सत् ॥९॥**

**अन्वयः—अंत्य वृश्चिक कुलीराणाम् प्राङ् मुखम् ( गृहम् ) हितं प्राहुः, जूकोपांत्यगवाम् प्रचेतोमुखम्, अबला युग्मैणकानाम् यमास्यम्, आद्यसिंह धनुषाम् सौम्यास्यम् ( गृहं हितम् ), अत्र इष्ट काष्ठाननम् कृत्वा आप्तान्यक कुब् गवाक्ष वदनम् कार्यम् ॥ ९ ॥ तत् [1]आस्यं न सत्.**

अन्वयार्थः—( આચાર્યો ) **अंत्य वृश्चिककुलीराणाम्** ( **अंत्यः** મીન **वृश्चिकः** વૃશ્ચિક **कुलीरः** કર્ક ) મીન–વૃશ્ચિક–અને કર્ક રાશિ વાળાઓને **प्राङ्मुखम्** પૂર્વ મુખનું ( **गृहम्** ) ઘર **हितं प्राहुः** હિતકારક કહે છે **जूकोपांत्यगवाम्** ( **जूकः** તુલા **उपांत्यः** કુંભ **गो** વૃષભ ) તુલા–કુંભ ને વૃષભ એ રાશિવાળાઓને **प्रचेतोमुखम्** પશ્ચિમ મુખનું, **अबलायुग्मैणकानाम्** ( **अबला** કન્યા **युग्मम्** મિથુન **एणः** મકર ) કન્યા–મિથુન–ને મકર એ રાશિવાળાઓને **यमास्यम्** દક્ષિણ મુખનું ( અને ) **आद्यसिंह धनुषाम्** ( **आद्यः** મેષ **सिंहः** સિંહ **धनुः** ધન ) મેષ–સિંહ–ધન એ રાશિવાળાઓને **सौम्यास्यम्** ઉત્તર મુખનું ( **गृहंहितम्** ) ઘર શુભ છે. **अत्र** એ ચાર પક્ષથી ( પ્રાપ્ત થયેલી દિશાઓમાં) **इष्टकाष्ठाननम्** ઇષ્ટ દિશાનું મુખ **कृत्वा**

---

૧ તેના સંબંધ હવે પછીના શ્લોક સાથે છે, માટે તેનો અર્થ અહિં કર્યો નથી.

કરી **आसाग्यककुप्** બીજી પ્રાપ્ત થએલી દિશાઓમાં **गवाक्ष वदनम्** નાનાં બારણાં **कार्यम्** કરવાં. ॥ ૯ ॥

**ભાવાર્થ**—એ પ્રમાણે **આય** ઉપરથી ઘરનું મુખ બતાવી, હવે **રાશિ ઉપરથી ઘરનું મુખ** બતાવે છે. મીન-વૃશ્ચિક અને કર્ક રાશિ વાળાઓને પૂર્વ **મુખનું** ઘર, તુલા—કુંભ અને વૃષભ એ રાશિવાળાઓને **પશ્ચિમ** મુખનું ઘર, કન્યા-મિથુન—મકર એ રાશિવાળાઓને **દક્ષિણ મુખનું** ઘર, અને મેષ-સિંહ-ધન એ રાશિવાળાઓને **ઉત્તર મુખનું ઘર** શુભ છે. એ પ્રમાણે ચાર પ્રકારે ઘરનાં મુખ જોવાં, તેમાંથી જે જે દિશાનાં દ્વાર પ્રાપ્ત થયાં હોય, તેમાંની કોઇ પણ દિશામાં પોતાની ઇચ્છાનુસાર ઘરનું મુખ્ય દ્વાર કરી, પ્રાપ્ત થયેલી બીજી દિશાઓમાં નાના બારણાં મુકવાં. ॥ ૯ ॥

**कोणाध्वभ्रमकूपकर्दमतरुद्वाःस्तंभदेवेक्षितं सद्मौच्चयं द्विगुणाधिकांतरभवे वेधे न दोषः किल ॥ अष्टघ्ने गृहभूफले भविहृते शेषं गृहर्क्षं भवेदृक्षे सर्पहृते व्ययो गृहमसत्स्वल्पायभूरिव्ययम् ॥ १० ॥**

**अन्वयः—कोणाध्वभ्रमकूपकर्दमतरुद्वाः स्तंभदेवेक्षितम् ( तत् आस्यम्[१] सत् न स्यात् ), सद्मौच्चयं द्विगुणाधिकांतर भवे वेधे सति दोषः न स्यात् इति किल, गृह भूफले अष्टघ्ने भविहृते सति शेषम् गृहर्क्षम् भवेत्, ऋक्षे सर्पहृते सति शेषम् व्ययः स्यात्, स्वल्पायभूरि व्ययम् गृहम् असत्स्यात् ॥ १० ॥**

**अन्वयार्थः—कोण:** ભિતનો ખુણો **अध्वा** રસ્તો **भ्रमः** ભમ યંત્ર **कूपः** કુવો **कर्दमः** કાદવ **तरुः** વૃક્ષ **द्वाः** બારણાનું અંતર **स्तंभः** થાંભલો **देवैः** દેવ પ્રતિમા ( તેઓની ) **ईक्षितम्** સન્મુખ હોય **तत्** તેવું **आस्यम्** ઘરનું મુખ **सत् न स्यात्** શુભ ન હોય, **सद्मौच्चयम्** ઘરની ઉંચાઇ કરતાં **द्विगुणाधिकांतरभवे** બમણાથી વધારે અંતરનો **वेधे सति** વેધ હોય તો **दोषः न स्यात्** દોષ ન હોય. **इतिकिल** એ નિશ્ચય છે, **गृहभूफले** ઘરના ક્ષેત્રફળને

[૧] એનો સબંધ અહિં હોવાથી ગયા શ્લોકનાં તેનો અર્થ નહિ કરતાં અહિં કર્યો છે.

अष्टघ्ने આઠથી ગુણી भविहृतेसति ૨૭ વડે ભાગવાથી शेषम् શેષ રહે તે गृहर्क्षम् ઘરનું નક્ષત્ર भवेत् હોય, ऋक्षे નક્ષત્રને वसुहृते सति ૮ વડે ભાગવાથી (शेषम्) શેષ રહે તે व्ययः स्यात् વ્યય હોય, स्वल्पाय સ્વલ્પ આયવાળું અને भूरिव्ययम् અધિક વ્યયવાળું गृहम् ઘર, असत्स्यात् અશુભ છે. ॥ ૧૦ ॥

ભાવાર્થ—ઘરના બારણાની સામે ભીંતનો ખુણો—રસ્તો—ભ્રમ યંત્ર—કુવો-કાદવ-વૃક્ષ ( ઝાડ ) બારણાનું અંતર-થાંભલો-અને દેવની પ્રતિમા હોય તો અશુભ છે, પરન્તુ ઘર જેટલું ઉંચુ હોય તેના કરતાં બમણી જમીનથી વધારે દૂર તે હોય તો દોષ નથી. ઘરના ક્ષેત્રફળને ૮ વડે ગુણી તેમાં ૨૭ નો ભાગ આપવાથી જે શેષ રહે તે ઘરનું નક્ષત્ર જાણવું, અને તે ઘરના નક્ષત્રને ૮ વડે ભાગવાથી શેષ રહે તે વ્યય જાણવી. જે ઘરમાં આય ઓછી હોય, અને વ્યય વધારે હોય તો તે ઘર અશુભ જાણવું. ॥ ૧૦ ॥

ઉદાહરણ—ઘરના ક્ષેત્રફલ ૨૦૩ ને ૮ થી ગુણ્યા તો ૧૬૨૪ થયા તેને ૨૭ વડે ભાગવાથી શેષ ૪ રહ્યા, તે ઘરનું નક્ષત્ર ( એટલે અશ્વિનીથી ગણતાં ૪ થુ રોહિણી ઘરનું નક્ષત્ર થયું ), તે નક્ષત્ર ( ૪ ) ને ૮ થી ભાગ્યા તો શેષ ૪ રહ્યા તે વ્યય આવી. આયો શ્લોક ૭ માં બતાવી છે.

**मेषेऽश्वित्रितयं हरौ त्रिपितृभं मूलत्रयं धन्विनि द्वे द्वे भे परतो गृहेशघटितं प्राग्वत्तु नाड्यन्यथा ॥ एकादिद्विगुणोत्तरा गृहमुखाद्दिक्ष्वंककाः स्युः क्रमाच्छालाशांकयुतिः कुयुग्ध्रुवमुखान्योकांसि संति स्फुटम् ११**

अन्वयः—अश्विनित्रयम् मेषे (ज्ञेयम्), त्रिपितृभम् हरौ (ज्ञेयम्), मूल त्रयम् धन्विनि (ज्ञेयम्), परतः द्वेद्वेभे (ज्ञेये), प्राग्वत् गृहेश घटितम् (योज्यम्), नाडी अन्यथा (योज्या), गृह मुखात् दिक्षु क्रमात् एकादि द्विगुणोत्तराः अंककाः स्युः, शालाशांकयुतिः कुयुक्सति ध्रुव मुखानि ओकांसि स्फुटम् संति ॥ ११ ॥

---

૧ લંબાઇ પહોળાઇનો ગુણાકાર તે ક્ષેત્રફળ.

अन्वयार्थः—**अश्विन्त्रितयम्** અશ્વિનીથી ત્રણ ( નક્ષત્ર ) **मेषे** ( **ज्ञेयम्** ) મેષ ( રાશિ )નાં જાણવાં. **त्रिपितृभम्** મઘાથી ત્રણ નક્ષત્ર **हरौ** સિંહ ( રાશિ )નાં જાણવાં, **मूलत्रयम्** મૂળથી ત્રણ ( નક્ષત્ર ) **धन्विनि** ધન ( રાશિ )નાં ( **ज्ञेयम्** ) જાણવાં. **परतः** અન્ય રાશિઓનાં **द्वे द्वे** બે બે નક્ષત્ર ( **ज्ञेये** ) જાણવાં, **प्राग्वत्** વિવાહની પેઠે **गृहेश** ઘર અને ઘરના સ્વામીનું **घटितम्** ઘટિત ( **योज्यम्** ) યોજવું, **नाडी** નાડી **अन्यथा** વિપરીત **योज्या** યોજવી, **गृह मुखात्** ઘરના મુખથી **दिक्षु** ચારે દિશાના **क्रमात्** અનુક્રમે **एकादिद्विगुणोत्तराः** એકાદિથી ઉત્તરોત્તર બમણા **अंककाः स्युः** અંકો હોય, **शालाशांकयुतिः** શાલાની દિશાના અંકોનો યોગ કરી ( તેમાં ) **कुयुक् सति** ૧ યુક્ત કરવાથી **ध्रुवमुखानि** ધ્રુવાદિક **ओकांसि** ઘરો **स्फुटम्** સ્પષ્ટ **संति** થાય છે. ॥ ૧૧ ॥

**ભાવાર્થ**—ઘરના નક્ષત્ર ઉપરની ઘરની રાશિ જાણવા બાબત—અશ્વિની—ભરણી-કૃતિકા એ નક્ષત્ર **મેષ રાશિનાં** છે, મઘા-પૂ૰ ફા૰ ને ઉ૰ ફા૰ એ નક્ષત્ર **સિંહ રાશિનાં** છે, મૂલ—પૂ૰ ષા૰ ને ઉ૰ ષા૰ એ નક્ષત્ર **ધન રાશિનાં છે, બીજી રાશિઓનાં** બે બે નક્ષત્ર છે. તે નિચેનું કોષ્ટક જોવાથી સમજાશે, **ઘરનું અને તેના સ્વામીનું ઘટિત જોવા બાબત**—ઘરનું તથા ઘરના માલીકનું ઘટિત ( મેળાપક ) **વિવાહ પ્રમાણે** જોવાય છે. પણ તેમાં ફક્ત **નાડી** વિવાહ પ્રમાણે ન જોવી, એટલે કે ઘરની તથા ઘરના માલીકની એક નાડી હોય તો અહિં શુભ જાણવી. **અંશ સાધન** માટે ઘર તથા ઘરના નામના અક્ષરો બાબત—ઘરના બારણાની દિશામાં એક અંક મુકવો, ત્યાંથી પ્રદક્ષિણ ક્રમથી બીજી દિશામાં ૨ અંકો; ત્રીજી દિશામાં ૪ અંકો; અને ચોથી દિશામાં ૮ અંકો મુકવા, પછી દ્વારોની દિશાઓના અંકોનો યોગ ( સરવાળો ) કરવો, પછી તેમાં **૧ યુક્ત** કરવાથી જે અંક આવે, તે અંક પ્રમાણે નિચેના કોષ્ટકમાંથી **ઘરનું નામ** જાણી લેવું. ॥ ૧૧ ॥

**ઉદાહરણ**—ચારે દિશાનાં દ્વાર છે, **અને મુખ્ય દ્વાર** પૂર્વાભિમુખ છે, તો ઘરના દ્વારની દિશામાં એટલે પૂર્વ દિશામાં ૧ અંક મુકયો, દક્ષિણમાં ૨, પશ્ચિમમાં ૪, અને ઉત્તરમાં ૮ અંકો મુકયા, તે સર્વે અંકોનો યોગ કર્યો તો ૧૫ થયા તેમાં ૧ યુક્ત કરવાથી ૧૬ થયા, તેથી **વિજય** નામનું ઘર થયું.

## નક્ષત્ર પરથી ઘરની રાશિ જોવાનું કોષ્ટક.

| રા. | મે. | વૃષ | મિ | કર્ક | સિં | ક. | તુ. | વૃ | ધ. | મ. | કુ. | મી. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નક્ષત્રો | અ. ભ. કૃ. | રો. મૃ | આ. પુ. | પુ. આ. | મ. પૂ. ઉ. | હ. ચિ. | સ્વા. વિ. | અ. જયે. | મૂ. પૂ. ઉ | શ્ર. ધ. | શ. પૂ. | ઉ. રે. |

## ઘરનાં નામનું કોષ્ટક,

| અંક | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘરનાં નામ. | ધ્રુવ | ધન્ય | જય | નંદ | ખર | કાન્ત | મનોરમ | સુમુખ | દુર્મુખ | ક્રૂર | સુપક્ષ | ધનદ | ક્ષય | આક્રંદ | વિપુલ | વિજય |

आषष्ठाद्दशमं त्रयोदशमिमे द्व्यर्णाः परे त्र्यक्षराः षष्ठांत्यं चतुरक्षरं खलु गृहं स्युः षोडशैवं गृहाः ॥ गेहक्ष्माफलयुग्व्ययो गृहभवैर्नामाक्षरैः संयुतस्तष्टो वह्निभिरंशका न शुभदं पस्त्यं द्वितीयांशकम्॥१२॥

अन्वयः—आषष्ठात् दशमम् त्रयोदशम् इमे गृहाः द्व्यर्णाः स्युः, षष्ठान्त्यम् गृहम् चतुरक्षरम् स्यात्, परे गृहाः त्र्यक्षराः स्युः एवम् षोडश गृहाणि स्युः गेहक्ष्मा फलयुक् व्ययः गृहभवैः नामाक्षरैः संयुतः वह्निभिः तष्टः ( शेषितः सन् ), अंशकाः स्युः द्वितीयांशकम् पस्त्यम् शुभदम् न स्यात् ॥ १२ ॥

अन्वयार्थः—आषष्ठात् ૧ થી ૬ दशमम् ૧૦ त्रयोदशम् ૧૩ इमे એ गृहाः ઘરો द्व्यर्णाः બે અક્ષર વાળાં स्युः છે. षष्ठान्त्यम् ૭ મું गृहम् ઘર चतुरक्षरम् ચાર અક્ષરનું स्यात् છે. परे બીજાં गृहाः ઘરો त्र्यक्षराः ત્રણ અક્ષરના स्युः છે. एवम् એ પ્રમાણે षोडश ૧૬ गृहाणि ઘરો स्युः છે. गेहक्ष्माफलयुक् ઘરનાં ક્ષેત્રફળ વડે યુકત व्ययः વ્યય, તેને गृहभवैः ઘરથી ઉત્પન્ન થએલા नामाक्षरैः નામના અક્ષરોથી संयुतः યુકત કરી. वह्निभि ૩ વડે तष्टः ભાગતાં ( शेषितः सन् ) શેષ રહેતે अंशकाः

સ્યુઃ અંશો હોય, द्वितीयांशकम् બીજા અંશનું पस्त्यम् ઘર शुभदम् શુભ ફળ આપનાર न स्यात् નથી. ॥ ૧૨ ॥

**ભાવાર્થ—ઘરોની નામાક્ષર સંખ્યા**—૧, ૨, ૩, ૪, ૫, ૬, ૧૦, ૧૩ એ ઘર બે અક્ષરનાં છે, સાતમું ઘર ૪ **અક્ષરનું છે**, અને બાકીનાં ( ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬ ) ઘર ત્રણ અક્ષરનાં છે એ પ્રમાણે **૧૬ ઘર છે. અંશ સાધન**—ઘરના ક્ષેત્રફળમાં વ્યયયુક્ત કરીને તેમાં ઘરના નામના અક્ષર યુક્ત કરવા, પછી તેને ૩ વડે ભાગવાથી જે શેષ રહે તે[1]**અંશ** હોય, તેમાં **બીજા ( ૨ ) અંશનું ઘર અશુભ** છે. ॥ ૧૨ ॥

ઉદાહરણ—પ્રથમ લાવેલું ઘરનું ક્ષેત્રફળ ૨૦૩ છે તેમાં વ્યય ૪ યુક્ત કરી તો ૨૦૭ થયા, તેમાં ઘર ( ૧૬ મા )ના નામના અક્ષર ૩ ઉમેર્યા તો ૨૧૦ થયા તેને ૩ વડે ભાગવાથી શેષ ૦ રહેવાથી ત્રીજા અંશકનું ઘર થયું તે શુભ છે.

**यावद्भूरिगुणं हृदि स्फुरति तत्तावद्विचार्यं करैश्चेत्तैर्नो तनुयादिहां गुलमुखंक्षिप्त्वाविहायाथवा ॥ श्रीगोपीपतिमेंगल्लालुगि मुखै राया सविच्छित्तये, स्वेष्टायर्क्ष फलं निबद्धमिह तज्ज्ञात्वा स्थलं साधयेत् ॥ १३ ॥**

अन्वयः—**यावत् भूरिगुणम् ( गृहम् ) हृदि स्फुरति तत् तावत् करैः विचार्यम् तैः ( करैः ) नो चेत् ( तर्हि ) इह अंगुल मुखम् क्षिप्त्वा अथवा विहाय ( भूरि गुणं गृहम् ) तनुयात्. श्री गोपीपति मेंगल्लालुगिमुखैः आयासविच्छित्तये स्वेष्टायर्क्षफलम् निबद्धम् तत् इह ज्ञात्वा स्थलम् साधयेत् ॥ १३ ॥**

अन्वयार्थः—यावत् જ્યાં સુધી भूरिगुणम् ( गृहम् ) બહુ ગુણવાળું ઘર हृदि અંતઃકરણમાં स्फुरति સ્ફુરે तत् તેવું तावत् ત્યાં સુધી करैः હસ્તથી विचार्यम् વિચારવું तैः ( करैः ) તે કેવલ હસ્તથી नोचेत् બહુ ગુણવાળું ન થાય ( तर्हि ) ત્યારે इह હસ્તમાં अंगुलमुखम् અંગુલાદિક

[1] ઇંદ્ર-યમ-રાજા એ ત્રણ અંશ છે, તેમાં યમનો અંશ અશુભ છે.

क्षिप्त्वा જોડી अथवा અથવા विहाय ઓછા કરી ( भूरिगुणं गृहम् ) બહુ ગુણવાળું ઘર तनुयात् કરવું श्री गोपीपतिः ગોપીરાજ मेंगः મેંગનાથ ह्यालुगिमुखैः હ્યાલુગિ નામના જ્યોતિર્વિંદોએ आयासविच्छित्तये પ્રયાસ મટાડવા માટે स्वेष्टायर्क्षफलम् પોતાની ઇષ્ટ આય અને ઇષ્ટ નક્ષત્રપરથી ક્ષેત્રફળ निबद्धम् બનાવ્યું છે तत् તે इह આ ગૃહ વિષયમાં ज्ञात्वा જાણીને स्थलम् સ્થલનું साधयेत् સાધન કરવું. ॥ ૧૩ ॥

**ભાવાર્થ**—જ્યાંસુધી ઘણા ગુણવાળું ઘર પોતાના અંતઃકરણમાં સ્ફુરી આવે ત્યાંસુધી કેવળ હાથોથીજ તે કરવું, અને જો કેવળ હાથોથી બહુ ગુણવાળું ઘર ન આવે તો હાથોમાં અંગુલાદિક જોડીને, અથવા બાદ કરીને બહુ ગુણવાળું ઘર આવે તે પ્રમાણે કરવું. **બીજો ઉપાય**—**ગોપીરાજ**, **મેંગનાથ** અને **હ્યાલુગિ** એ નામના જ્યોતિર્વિંદોએ શ્રમ મટાડવાને લીધે પોતાની ઇષ્ટ આય અને ઇષ્ટ નક્ષત્ર પરથી જે **ક્ષેત્રફળ** કર્યું છે. તે જાણીને ઇષ્ટ ભૂમીનું સાધન કરવું. ॥ ૧૩ ॥

## ॥ गोपीराज दैवज्ञस्य सूत्रम् ॥

**विष्णुं व्येकायगोभूहतिभयुजि फलं गोपिराजो भशेषात् सायं वाह्राष्टि दृग्घ्नेष्टयुतमहिहता दृक् प्रकृत्याख्य विश्वे ॥ बाणाः सिद्धाष्टिनागोडुविधृतिगिरिशत्र्याकृतींद्रर्तुतत्त्वा त्यष्ट्यं कक्ष्मा नखेनार्णव विकृतिदिना द्र्युत्कृती धृत्यथाशाः ॥ १ ॥**

**अन्वयः—व्येकायगोभूहति भयुजि भशेषात् दृक्प्रकृत्याख्य विश्वे बाणाः सिद्धाष्टि नागोडु विधृति गिरिशत्र्याकृतींद्रर्तुतत्त्वात्यष्ट्यं कक्ष्मा नखेनार्णव विकृति दिना द्र्युत्कृती धृतीः अथ आशाः इमे अहिहताः सन्तः फलम् स्यात् तत् सायम् ( कार्यम् ) वा अष्टि दृग्घ्नेष्टयुतम् ( कार्यम् ) इति गोपिराजः विष्णुम् आह ॥ १ ॥**

अन्वयार्थः—**व्येकाय** એક રહિત આયને **गोभूहति** ૧૯ વડે ગુણી **भयुजि** નક્ષત્ર યુકત કરી **भशेषात्** ૨૭ વડે ભાગી શેષ પ્રમાણે ( ૧ થી ૨૭ સુધી ) **दृक्** ૨ **प्रकृत्याख्य** ૨૧ **विश्वे** ૧૩ **बाणाः** ૫ **सिद्धाः** ૨૪ **अष्टिः** ૧૬ **नागाः** ૮ **उडु** ૨૭ **विधृति** ૧૯ **गिरिशाः** ૧૧ **त्रि** ૩ **आकृतिः** ૨૨ **इन्द्र** ૧૪ **ऋतु** ૬ **तत्त्व** ૨૫ **अत्यष्टिः** ૧૭ **अङ्क** ૯ **क्ष्मा** ૧ **नखाः**

**२० हुनाः १२ अर्गवाः ४ विकृति २३ दिन १५ अद्रि ७ उत्कृती २६ घृतिः १८ अथ** ત્યારબાદ **आशाः १० इमे** એ અંકોને **अहिहताः सन्तः** ૮ વડે ગુણવાથી આવેલું **फलम् स्यात्** જે ફળ હોય **तत्** તે ફળને **सायम्** ( **कार्यम्** ) આય વડે સહિત કરવું. ( તે ઇષ્ટ આય અને ઇષ્ટ નક્ષત્રથી થએલું ક્ષેત્રફળ હોય ) **वा** અથવા ( તે આય સહિત ફળમાં ) **अहिदृग्घ्ने इयुतम् कार्यम्** ૨૧૬ વડે ગુણેલો ઇષ્ટ અંક યુકત કરવો ( તે મોટા ઘરનું ક્ષેત્રફળ હોય ) **इति** એ પ્રકારે **गोपिराजः** ગોપીરાજ દૈવજ્ઞ **विष्णुम्** વિષ્ણુ નામના શિષ્ય પ્રત્યે **आह** કહે છે. ॥ ૧ ॥

**ભાવાર્થ—ઈષ્ટ આયમાંથી** એક બાદ કરી ૧૯ વડે ગુણી, તેમાં **ઇષ્ટ નક્ષત્ર જે** હોય તે ઉમેરવું. પછી તેને ૨૭ વડે ભાગ આપવો, **શેષ જે રહે** તે સંખ્યા પ્રમાણે નીચેના **કોઠામાંથી** તેનો **જે અંક** આવે તેને **આઠ** વડે ગુણી તેમાં **ઇષ્ટ આય** ઉમેરવાથી તે ઇષ્ટ આય અને ઇષ્ટ નક્ષત્રથી ઉત્પન્ન થએલું **ક્ષેત્રફળ** જાણવું. જો મ્હોટું ઘર કરવાનું હોય તો તે આય સહિત કરેલા ક્ષેત્રફળમાં ૨૧૬ વડે ગુણેલો એવો [1]**ઇષ્ટ અંક** ઉમેરવાથી તે **મ્હોટા ઘરનું ક્ષેત્રફળ** થાય છે, એ પ્રમાણે [2]ક્ષેત્રફળ લાવવાનું **ગોપીરાજ દૈવજ્ઞ** પોતાના **વિષ્ણુ** નામના **શિષ્યને** કહે છે. ॥ ૧ ॥

### શેષાંક પ્રમાણે ફળ જોવાનો કોઠો.

| શેષાંક | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફળ | ૨ | ૨૧ | ૧૩ | ૫ | ૨૪ | ૧૬ | ૮ | ૨૭ | ૧૯ | ૧૧ | ૩ | ૨૨ | ૧૪ | ૬ |

### શેષાંક પ્રમાણે ફળ જોવાનો કોઠો.

| શેષાંક | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફળ | ૨૫ | ૧૭ | ૯ | ૧ | ૨૦ | ૧૨ | ૪ | ૨૩ | ૧૫ | ૭ | ૧૬ | ૧૮ | ૧૦ |

૧ પોતાને જેટલું મોટું ઘર બનાવવું હોય તે પ્રમાણે ૧, ૨, ૩, ઇત્યાદિ અંક લેવો.

૨ ક્ષેત્રફળ ઉપરથી ઘરની લંબાઈ અને પહોળાઇ કેવી રીતે લાવવી તે શાર્ઙ્ગિ દૈવજ્ઞના સૂત્રમાં બતાવ્યું છે.

ઉદાહરણ--ઇષ્ટ આય ૩ છે તેમાંથી ૧ બાદ કરવાથી ૨ રહી, તેને ૧૯ થી ગુણવાથી ૩૮ થયા, તેમાં ઇષ્ટ **નક્ષત્ર** રોહિણીની સંખ્યા ૪ ઉમેરી તો ૪૨ થયા, તેને ૨૭ વડે ભાગવાથી **શેષાંક** ૧૫ રહ્યો તે સંખ્યા પ્રમાણે ઉપરના કોઠામાંથી ૨૫ ફળ લીધું, તેને ૮ વડે ગુણવાથી ૨૦૦ થયા તેમાં **ઇષ્ટ આય** ૩ ઉમેરવાથી ૨૦૩ થયા, તે પોતાની ઇષ્ટ આય અને ઇષ્ટ નક્ષત્રથી ઉત્પન્ન થએલું **ક્ષેત્રફળ** થયું.

ઉપરનું ક્ષેત્રફળ છે તેના કરતાં મ્હોટું ઘર બનાવવું હોય તો પોતાને જેટલું મ્હોટું કરવું હોય તે પ્રમાણે અંક લેવો.

**ઉદાહરણ**--ઇષ્ટ અંક ૨ લેવો છે તો **ઇષ્ટઅંક** ૨ ને ૨૧૬ થી ગુણતાં ૪૩૨ થયા તેને ઉપરના તૈયાર કરેલા **ક્ષેત્રફળ** ૨૦૩ માં ઉમેરવાથી **૬૩૫** થયા તે પણ ક્ષેત્રફળ જાણવું, (તે ક્ષેત્રફળ ઉપરથી આય લાવવા માટે ૮ થી ભાગ્યા તો શેષ ૩ તે આય આવી ).

## ॥ मेंगनाथ दैवज्ञस्य सूत्रम् ॥

**इष्ट भात्यष्टिघाते य आयस्ते नोनितेष्टकः ॥**
**त्रिहृल्लब्धहताग्नाश्वि युते चेष्टायमं भवेत् ॥ १ ॥**

**अन्वयः—इष्टभात्यष्टिघाते ( पृथक् स्थापिते सति ) यः आयः तेन ऊनितेष्टकः त्रिहृल्लब्धहता गाश्वियुते ( पृथक् स्थापिते सति ) इष्टायभम् फलम् भवेत् ॥ १ ॥**

अन्वयार्थः—**इष्टभात्यष्टिघाते** ઇષ્ટ નક્ષત્રને ૧૭ વડે ગુણી ( **पृथक् स्थापिते सति** ) બે ઠેકાણે સ્થાપન કરે સતે **यः आयः** તેની જે આય **तेन** તે વડે **ऊनितेष्टकः** રહિત એવી ઇષ્ટ આયને **त्रिहृल्लब्ध** ત્રણ વડે ભાગેલા લબ્ધને **हताग्नाश्वि** ૨૭ વડે ગુણી તે વડે **युते** યુકત એવું ( **पृथक् स्थापिते सति** ) ભિન્ન સ્થાપન કર્યું છે તે **इष्टायभम्** ઇષ્ટ આય અને ઇષ્ટ નક્ષત્રથી ઉત્પન્ન થએલું **फलम्** ક્ષેત્રફળ **भवेत्** થાય છે. ॥૧॥

**ભાવાર્થ-ઇષ્ટ નક્ષત્ર**-જે હોય તેને ૧૭ થી ગુણી તેને બે ઠેકાણે લખવા. **એક બાજુ** તે ૧૭ વડે ગુણેલા **ઇષ્ટ નક્ષત્રની આય**[1] કાઢવી, તે આયને **ઇષ્ટઆયમાંથી** બાદ કરવી જો બાદ ન થાય તો ઇષ્ટ આયમાં ૮

૧ આઠ વડે ભાગવાથી જે શેષ રહે તે આય જાણવી.

ઉમેરીને બાદ કરવી, જે રહે તેને [2]ત્રણવડે ભાગવાથી **લબ્ધિ** (ભાગમાં) જે આવે તેને **૨૭ થી ગુણી** તેને ઉપર જુદુ લખેલું ફળ છે, તેમાં **ઉમેરવાથી** પોતાની ઇષ્ટ **આય** અને ઇષ્ટ **નક્ષત્ર**થી ઉત્પન્ન થએલું **ક્ષેત્રફળ** થાય. ॥ ૧ ॥

ઉદાહરણ—પ્રથમ કહેલું ઇષ્ટ નક્ષત્ર ૪ ( રોહિણી ) **છે** તેને ૧૭ વડે ગુણતાં ૬૮ થયા, તેને બે ઠેકાણે લખ્યા, **એક** બાજુ તેની **આય** કાઢવા માટે ૬૮ ને ૮ થી ભાગ્યા તો **શેષ ૪ આય** રહિ, પછી તે ૪ **આયને ઇષ્ટ આય** ૩ માંથી **બાદ કરતાં** બાદ થતી નથી, માટે ઇષ્ટ આય ૩ માં ૮ ઉમેર્યા તો ૧૧ થયા. તેમાંથી **૪ આય બાદ કરી** તો ૭ રહ્યા, તેને ૩ થી ભાગતાં શેષ **અંક** રહે છે, માટે તેમાં ૮ ઉમેર્યા તો ૧૫ થયા. હવે ૩ થી ભાગતાં શેષ કંઇ રહેતું નથી, માટે ૩ થી ભાગ્યા તો **લબ્ધિ** ( ભાગમાં ) ૫ **આવી** તેને ૨૭ વડે ગુણતાં ૧૩૫ **થયા**, તેને ઉપર જુદા રાખેલા ફળ ૬૮ માં ઉમેરવાથી ૨૦૩ થયા તે **ક્ષેત્રફળ** જાણવું.

## ॥ ह्मालुगि दैवज्ञस्य सूत्रम् ॥

**व्येकेष्टर्क्षहताद्विबाणशशिनोत्यष्टयायुक्तास्तेऽपिच व्येकेष्टायहतैक नाग सहिताः षण्मूर्च्छनाभि र्हृताः ॥ शेषं क्षेत्रफलंभवेद-भिमत स्वेष्टाय नक्षत्रजं स्याद्दैर्घ्ये तदभीष्ट विस्तृति हृतं दैर्घ्योद्धृतिं-र्विस्तृतिः ॥ १ ॥**

अन्वयः—**द्विबाणशशिनः व्येकेष्टर्क्षहताः अत्यष्टया युताः तेऽपि व्येकेष्टायहतैक नाग सहिताः षण्मूर्च्छनाभिः हृताः सन्तः शेषम् स्वेष्टाय नक्षत्रजम् अभिमतम् क्षेत्र फलम् भवेत् तत् अभीष्ट वि-**

---

[2] અહિં ત્રણે ભાગવાની રીત એવી છે કે પહેલીવાર ત્રણથી ભાગતાં જો શેષ અંક રહેતો હોય તો, તેમાં ૮ ઉમેરીને પછી ત્રણથી ભાગવા તેમ છતાં જો શેષ રહે તો બીજીવાર તેમાં ૮ ઉમેરીને પછી ત્રણથી ભાગવા, એમ જ્યાં સુધી શેષ અંક રહે ત્યાં સુધી ૮ ઉમેરવા, તેનો મતલબ એ છે કે ત્રણથી ભાગતાં શેષ રહેવું જોઇએ નહિ.

स्तृति हृतम् सत् दैर्घ्यम् स्यात् दैर्घोद्धृतिः सत् विस्तृतिः स्यात्.

अन्वयार्थः—द्विबाण शशिनः १५२ वडे व्येकेष्टक्षेहताः એક રહિત એવા ઇષ્ટ નક્ષત્રને ગુણી अत्यष्टया युताः ૧૭ યુકત કરવા. तेऽपि તેમાં પણ व्येकेष्टायहतैकनाग એક રહિત એવી ઇષ્ટ આયને ૮૧ વડે ગુણી सहिताः આવેલા અંક યુકત કરવા षड्मुर्च्छनाभिः हृताः सन्तः ૨૧૬ વડે તેને ભાગે એટલે शेषम् જે શેષ રહે તે स्वेष्टायनक्षत्रजम् પોતાની ઇષ્ટ આય અને ઇષ્ટ નક્ષત્રથી ઉત્પન્ન થએલું अभिमतम् ઇષ્ટ ( ઇચ્છેલું) क्षेत्रफलम् ક્ષેત્રફળ भवेत् થાય तत् તેને अभिष्टविस्तृतिहृतम्सत् ઇષ્ટ વિસ્તાર વડે ભાગવાથી दैर्घ्यम् દીર્ઘતા स्यात् થાય दैर्घ्योध्धृतिः દીર્ઘતા વડે ભાગવાથી विस्तृतिः વિસ્તાર स्यात् થાય. ॥૧॥

**ભાવાર્થ—ઇષ્ટ નક્ષત્રમાંથી** એક બાદ કરી તેને ૧૫૨ વડે ગુણી તેમાં **૧૭** ઉમેરવા, તેમાં ઇષ્ટ **આયમાંથી** ૧ બાદ કરી, તેને ૮૧ વડે ગુણી યુકત કરવા, બાદ તેને ૨૧૬ વડે ભાગવાથી જે શેષ રહે તે પોતાની ઇષ્ટ આય અને ઇષ્ટ નક્ષત્રથી થએલું **ક્ષેત્રફળ** થાય **છે**, તે ક્ષેત્રફળને ઇષ્ટ ઘરના **વિસ્તાર** વડે ભાગવાથી ઘરની **લંબાઈ આવે છે**, અને **લંબાઈથી ક્ષેત્રફળને** ભાગતાં ઘરનો **વિસ્તાર** ( પહોળાઇ ) આવે **છે**. ॥ ૧ ॥

**ઉદાહરણ**—પૂર્વ કલ્પિત ઇષ્ટ નક્ષત્ર ૪ **રોહિણી** છે, તેમાંથી એક બાદ કરતાં ૩ રહ્યા, તેને ૧૫૨ થી ગુણ્યા તો ૪૫૬ થયા, તેમાં ૧૭ ઉમેરવાથી ૪૭૩ થયા, હવે ઇષ્ટ **આય** ૩ છે, તેમાંથી ૧ બાદ કરતાં ૨ રહ્યા, તેને ૮૧ વડે ગુણવાથી ૧૬૨ થયા, તે ઉપર આવેલ ૪૭૩ માં ઉમેર્યા તો ૬૩૫ થયા, તેને ૨૧૬ વડે ભાગવાથી **શેષ** ૨૦૩ રહ્યા, તે **ઘરનું ક્ષેત્રફળ** જાણવું. **કલ્પિત** ઘરની **લંબાઇ** ૨૯ હાથ છે, તે વડે ઉપરના **ક્ષેત્રફળ** ૨૦૩ ને ભાગવાથી ભાગમાં ૭ આવ્યા, તે ઘરની પહોળાઇ જાણવી. તે પહોળાઇ ( ૭ ) વડે ક્ષેત્રફળ ૨૦૩ ને ભાગતાં ભાગમાં ૨૯ આવ્યા, તે ઘરની લંબાઈ આવી.

**द्विघ्नायाममितं द्विपाशमजरत्सूत्रं विभायांकयेक्रयायामांघ्रिमिते च विस्तृनिरलंऽगत्कर्षकोणामिधौ ॥ पाशौ क्षेत्रे रापशंकुनिहितौ कृत्वाघमाकर्षयेत्कोणे शङ्कुरितीतरौ विनिमयाद्दृज्वतपोश्चापरौ ॥२४॥**

अन्वय:-अजरसूत्रम्, द्विघ्नायाममितम्, द्विपाशम् विधाय आयामांघ्रि मिते, च विस्तृतिदले अंकयेत्, तौ कर्ण कोणाभिधौ स्तः पाशौ क्षेत्र विराम शंकु निहितौ कृत्वा आद्यम् आकर्षयेत्, कोणे इति इतरः शंकुः (निखेयः) रज्ज्वन्तयोः, विनिमयात्, अपरौ शंकू निखेयौ. ॥ १४ ॥

अन्वयार्थः—अजरसूत्रम्, નવાસૂત્રને द्विघ्नायाममितम्, લંબાઇથી બમણું द्विपाशम् બે પાશવાળું विधाय બનાવી आयामांघ्रिमिते લંબાઇના ચાર ભાગ કરી તેના ત્રીજા ભાગના અંતમાં च અને विस्तृतिदले પહોળાઇના અર્ધ ભાગના અંતમાં अंकयेत् ચિન્હ કરવું तौ તે બે ચિન્હોની कर्णकोणौ स्तः કર્ણ અને કોણ એવી સંજ્ઞા છે. पाशौ બે પાશોને क्षेत्रविरामशंकुनिहितौ લંબાઇ પહોળાઇના અંતમાં રાખેલા શંકુઓમાં સ્થાપન कृत्वा કરી आद्यम् કર્ણ ચિન્હને आकर्षयेत् ખેંચવું. कोणे કોણ ચિન્હમાં इति આ પ્રકારે इतरः બીજો शंकुः निखेयः શંકુ રોપવો. रज्ज्वन्तयोः સૂત્રના બેઉ છેડાઓને विनिमयात् વિપરીત કરવાથી अपरौ शंकू બીજા શંકુઓ રોપવાથી ચતુષ્કોણ થાય છે. ॥ १४ ॥

ભાવાર્થ—નવા સૂત્રને ક્ષેત્રની લંબાઇથી બમણું તેમજ બે પાસલા વાળું બનાવી તે સૂત્રને ક્ષેત્રની લંબાઇના ચાર ભાગ પાડી ત્રણ ભાગ પૂરા થાય ત્યાં ચિન્હ કરવું તે કર્ણ અને પહોળાઇના અર્ધમાં ચિન્હ કરવું તે કોણ કહેવાય છે, બાદ સૂત્રના બે પાશોને ક્ષેત્રની લંબાઇ પહોળાઇના અંતમાં રાખેલા શંકુઓમાં પરોવી જે કર્ણ ચિન્હ છે તેને ખેંચવું; અને કોણ ચિન્હમાં પણ એ પ્રમાણે બીજો શંકુ રાખવો, બાદ સૂત્રના બેઉ છેડાઓને વિપરીત કરી ત્યાં બીજા બે શંકુ રાખવા. એ પ્રમાણે કરવાથી ચતુષ્કોણ થાય છે.

आग्नेयादिदृढं मदक्षिणगतं सूत्रं समासाद्वयेन्मध्ये वामकपार्श्वसुप्तपुरुषं ध्यात्वा तमुत्तानकम् ॥ अग्राण्यं शपर्गेढु संमितलव्रानकुक्षिाद्विहायाग्रगो भागो नाभिरितः खनेल्लवमितं वामेऽश्मभिः पूरयेत् ॥ १५ ॥

अन्वयः—आग्नेयादिप्रदक्षिणगतम् दृढं सूत्रम् समासादयेत्, मध्ये वामकपार्श्वसुप्तपुरुषम् ध्यात्वा तम् उत्तानकम् ( ध्यायेत् ), अष्टाश्वयंशम् ( कल्पयेत् ) पुच्छात् अगेंदु संमितलवान् विहाय, अग्रगः भागः नाभिः स्यात्, इतः वामे लवमितम्, खनेत् ( तत् ) अश्मभिः पूरयेत् ॥ १५ ॥

अन्वयार्थः—आग्नेयादि અગ્નિ આદિ કોણથી प्रदक्षिणगतम् પ્રદક્ષિણ ક્રમ વડે दृढंसूत्रम् દૃઢ સૂત્ર समासादयेत् વીંટવું, मध्ये ક્ષેત્ર મધ્યમાં वामकपार्श्वसुप्तपुरुषम् ડાબે પડખે સૂતેલા પુરૂષનું ध्यात्वा ધ્યાન કરી तम् તેનું ( ફરીથી ) उत्तानकम् કાચંડા રૂપે ( ध्यायेत् ) ધ્યાન કરવું, (તેના) अष्टाश्वयंशम् ૨૮ ભાગો ( कल्पयेत् ) કલ્પવા, पुच्छात् પુચ્છથી अगेंदुसंमितलवान् ૧૭ તુલ્ય એવા ભાગોને विहाय ત્યાગ કરી अग्रगः આગળ ગયેલો भागः ભાગ नाभिः स्यात् નાભિ હોય, इतः નાભિથી वामे વામ ભાગમાં लवमितम् અંશ તુલ્ય खनेत् ખોદવું ( तत् ) તે अश्मभिः પથ્થરોથી पूरयेत् પુરવું. ॥ ૧૫ ॥

**ભાવાર્થ**—**અગ્નિ** કોણથી આરંભી પ્રદક્ષિણ ક્રમથી લેઈ ચારે બાજુ મજબુત સૂતર વીંટવું, અને **જમીનના** મધ્ય ભાગમાં *પૂર્વોક્ત દિશામાં માથું રાખી **ડાબે પડખે** સુઈ રહેલા **વાસ્તુ પુરૂષનું** કૃકલાસ એટલે **કાચંડા** રૂપે ધ્યાન કરવું. બાદ તેના શરીરની ૨૮ ભાગની કલ્પના કરી, **પુચ્છથી** ૧૭ ભાગ ત્યાગ કરતાં **જે ૧૮** મો ભાગ **આવ્યો**, તે **નાભિ** છે, તે નાભિથી **વામ ભાગમાં** એક ભાગ જેટલું ખોદી તેમાં **પત્થરો** પૂરવા. ॥ ૧૫ ॥

**मा काष्ठेऽत्र निधेय उक्ततरुजोऽथास्तिद्रुर्विशाष्टयङ्गः कुसंख्यांगुलकस्त्रिभागचतुरस्राष्टास्त्रकानस्त्रकः ॥ कंवक्षस्थलमूरुपादयुगलं संस्पृश्य विपादिको रेखां सूत्रकदम्बिजेन रचयेत्तद्वच्च भित्तेः शिलाः॥१६॥**

अन्वयः—अत्र काष्ठे उक्त तरुजः ना निधेयः, अस्थात् ( वर्णा-

* વાસ્તુ પુરૂષનું શીર્ષ કયે વખતે કઈ દિશામાં છે તે આજ પ્રકરણના શ્લોક ૭ માં બતાવ્યું છે.

**नाम् क्रमात् ) सिद्ध विंशाष्टयहः कृत् संख्यां गुलकः ( निधेयः ), त्रिभाग चतुरस्राष्टास्त्रकानस्त्रकः ( कार्यः ), विप्रादिकः कम् वक्षस्थलम् उरुपाद युगलम् संस्पृश्य सूत्रवत् अग्निजेन रेखां रचयेत् , तद्वत् भित्तेः शिलाः ( रचयेत् )॥ १६ ॥**

અન્વયાર્થઃ—**अत्र कुक्षि** સ્થળમાં **काले** મુહૂર્ત સમયે **उक्ततरुजः** શાસ્ત્રમાં કહેલા વૃક્ષનો **ना शंकु निधेयः** રોપવો, **अथवत्** વિપ્રથી ( **वर्णानाम् क्रमात्** ) વર્ણોના અનુક્રમે **सिद्ध** ૨૪ **विंश** ૨૦ **अष्टिः** ૧૬ **अहः कृत १२ संख्यांगुलकः** એ સંખ્યા પ્રમાણે અંગુલનો ( શંકુ ) **निधेयः** રોપવો, **त्रिभागेषु** ત્રણ ભાગોમાં ( અનુક્રમે ) **चतुरस्त्र** ચતુરસ્ત્ર **अष्टास्त्रक** અષ્ટાસ્ત્ર **अनस्त्रकः** વર્તુલ ( **कार्यः** ) કરવો, **विप्रादिकः** *બ્રાહ્મણાદિકોએ **कम्** શિર **वक्षस्थलम्** વક્ષસ્થલ **उरुयुगलम्** બે ઉરૂ ( અને ) **पादयुगलम्** બે પગને **संस्पृश्य** સ્પર્શ કરી **सूत्रवत्** સૂત્રની પેઠે **अग्निजेन** સુવર્ણથી **रेखाम्** રેખા **रचयेत्** કરવી **तद्वत्** સૂત્રની પેઠે **भित्तेः** ભિતના **शिलाः** ( **रचयेत्** ) પત્થરો સ્થાપન કરવા. ॥ ૧૬ ॥

**ભાવાર્થ—શંકુ રોપવા બાબત**—મુહૂર્ત સમયમાં વાસ્તુની કુક્ષિમાં શંકુ રોપવો. **શંકુનું પ્રમાણ**—શાસ્ત્રમાં કહેલા *વૃક્ષોમાંથી **બ્રાહ્મણ**ને ૨૪ અંગુલનો, **ક્ષત્રીને** ૨૦ અંગુલનો, **વૈશ્યને** ૧૬ અંગુલનો, અને **શૂદ્રને** ૧૨ અંગુલનો શંકુ કરવો. **શંકુના ત્રણ ભાગ કરીને** પહેલા ભાગમાં ચતુરસ્ત્ર ( ચતુષ્કોણ ), બીજા ભાગમાં અષ્ટાસ્ત્ર ( અષ્ટકોણ ), અને ત્રીજા ભાગમાં વર્તુલ ( ગોળ ) કરવો, **રેખા કરવાની રીત—બ્રાહ્મણે** પોતાના માથાને સ્પર્શ કરી, **ક્ષત્રીએ** છાતીને સ્પર્શ કરી, **વૈશ્યે** બે સાથળને સ્પર્શ કરી, અને શૂદ્રે બે પગને **સ્પર્શ કરી, સોના** વડે અગ્નિ આદિ ખુણાથી લઇ પ્રદક્ષિણ ક્રમ પ્રમાણે **સૂત્રની પેઠે રેખા કરવી. ભીંત ચણવા બાબત**—પહેલાં અગ્નિકોણથી લઇ અનુક્રમે આવતી દિશાઓમાં પત્થરો ગોઠવવા. ॥ ૧૬ ॥

**ભાવાર્થ**—ખેર–અર્જુન–સાગ દરેક પાંદડાં બે બે સાથે જોડાયેલાં હોય તેવું ઝાડ–રતાંજલી–ખાખરો–રાતો સાગ–મહુડો–લીંબડો–કણુજેકડો–નકુરવાંસ, અને બીલી એ ઝાડોમાંથી કોઇપણ ઝાડનો શંકુ કરવો.

---

*–**खदिरार्जुनशालोत्थंयुगपत्रतरूद्भवम् रक्तचंदनपालाशरक्तशाल किलालजम् ॥ निंबकारंजकुटजं वेणवंबिल्ववृक्षजम् ॥**

पूर्वादौ त्रिषडर्थ पंचमलवेद्वाः सव्यतोऽङ्कोद्धृते दैर्घ्ये द्व्यंशसमुच्छ्रिताङ्घ्रिलवके सर्वासुदिक्षूदिता ॥ स्तंभोऽग्नेर्दिशि पूजितः सुसमये कार्यः शिरश्छत्रभाग्विस्ताराष्टिलवान्वितैः कृतकरैस्तुल्यं गृहोच्चं विदुः ॥ १७ ॥

अन्वयः—दैर्घ्ये अंकोद्धृते सति पूर्वादौ ( दिशि ) सव्यतः त्रिषडर्थ पंचम लवेद्वाः ( मुनिभिः उदिता ), सर्वा सुदिक्षु अङ्घ्रि लवके ( द्वाः ) उदिता, ( सा ) द्व्यंश समुच्छ्रिता ( कार्या ), अग्नेः दिशि स्तंभः पूजितः सन् सु समये स्थाप्यः ( सः ) शिरश्छत्रभाक्कार्यः विस्ताराष्टि लवान्वितैः कृत करैः (तुल्यम् ) गृहोच्चम्. ( मुनयः ) विदुः ॥ १७ ॥

अन्वयार्थः—दैर्घ्ये ઘરના દૈર્ઘ્યને अंकोद्धृते सति નવ વડે ભાગવાથી पूर्वादौ ( दिशि ) પૂર્વાદિક દિશાના ( અનુક્રમે ) सव्यतः વામ ભાગથી त्रि ३ षड् ६ अर्थ ५ पंचम ५ ( એવા ) लवे ભાગમાં द्वाः દ્વાર ( मुनिभिः उदिता ) મુનિયોએ કહ્યું છે, सर्वासुदिक्षु સર્વ દિશાઓમાં अङ्घ्रिलवके ચોથા ભાગમાં ( द्वाः ) દ્વાર उदिता કહ્યું છે, ( सा ) તે દ્વાર द्व्यंशसमुच्छ्रिता ( कार्या ) બે ભાગ જેટલું ઉંચું કરવું अग्नेः दिशि અગ્નિ કોણમાં स्तंभः સ્તંભને पूजितः सन् પૂજન કરી सुसमये પૂર્વોદિત શુભ સમયે स्थाप्यः સ્થાપન કરવો ( सः ) તે સ્તંભના शिरश्छत्रभाक्कार्यः મસ્તકપર છત્ર કરવું, विस्तारस्य ઘરના વિસ્તારનો अष्टिलवः સોળમો ભાગ તે વડે अन्वितैः યુક્ત એવા कृतकरैः ( तुल्यम् ) ચાર હાથ બરાબર गृहोच्चम् ઘરની ઉચ્ચતા ( मुनयः ) विदुः મુનિયો કહેછે. ॥ ૧૭ ॥

ભાવાર્થ—ઘરના દ્વાર બાબત—ઘરની જેટલી લંબાઇ હોય તેના ૯ ભાગ કરીને પૂર્વાભિમુખ ઘર કરવું હોય તો ડાબા ભાગથી બે ભાગ છોડી દઇને ત્રીજા ભાગમાં, દક્ષિણાભિમુખ કરવું હોય તો ડાબા ભાગથી પાંચ ભાગ છોડી દઇ છઠ્ઠા ભાગમાં, પશ્ચિમ મુખ કરવું હોય તો વામભાગથી ચાર ( ૪ ) ભાગ છોડી દઈ પાંચમા ભાગમાં કરવું, અને ઉત્તર મુખ કરવું હોય તો ડાબા ભાગથી ૪ ભાગ છોડી દઇ પાંચમા ભાગમાં દ્વાર કરવું અથવા સર્વ દિશાઓમાં ચોથા ભાગમાં દ્વાર કરવું. ઉપર ઘરના ૯ ભાગ કર્યા છે તેમાંના બે ભાગ જેટલું દ્વાર ઉંચું કરવું. તે-

યાર થયેલી ભિંતોમાં **સ્તંભની** પ્રતિષ્ઠા બાબત—પ્રથમ કહેલા **શુભ મુહૂર્તમાં** *કાષ્ટનો સ્તંભ ×**અગ્નિ** કોણમાં સ્થાપન કરવો. ચંદન પુષ્પાદિકથી સ્તંભનું **પૂજન** કરવું અને તેના મસ્તકપર +**છત્ર** ( ફૂળવાળી ઝાડની ડાળી અથવા વસ્ત્ર ) ધરવું, સ્તંભને જમીન ઉપરથી કેટલે ઉચેથી મુકવો તે બાબત—ઘરની પહોળાઇના ૧૬ મા ભાગથી યુક્ત ૪ હાથ જેટલું ઉચું ઘરનું તળીયું બનાવવું અને તે ઉપર સ્તંભ મુકવો. ૧૭

**स्नानाग्निस्वपिवस्त्रभोजनपशुद्रव्यामरौकःस्थितिं पूर्वादौ जलमीशितुर्दिशि परं वायोरपाङ्मूत्रकम् ॥ आलभ्ये शक्तिभुवोर्यथारुचि परे गेहस्य दक्षे घरट्टांबूलूखलचुल्लिकापितृपदमक्षालनान्यूचिरे ॥ १८ ॥**

अन्वयः—**पूर्वादौ ( दिशि क्रमात् ) स्नानाग्नि स्वपिवस्त्रभोजन पशुद्रव्यामरौकः स्थितिम् ( कुर्यात् ), ईशितुः दिशि जलम् ( कुर्यात् ), वायोः ( दिशि ) परम् ( कुर्यात् ), अपाक ( दिशि ) मूत्रम् ( कुर्यात् ), शक्तिभुवः आलभ्येसति ( एतत् ) यथारुचि ( कुर्यात् ), परे ( आचार्याः ) गेहस्य दक्षे घरट्टांबूलूखल चुल्लिकापितृपद मक्षालनानि ऊचिरे ॥ १८ ॥**

---

* **વસાહ**—સ્મશાનમાં ઉગેલું, રસ્તાપરનું, દેવમંદિરમાંનું, રાફડા ઉપરનું, બગીચામાંનું, તપસ્વીના આશ્રમનું, ચિતા પાસેનું, નદિના સંગમ ઉપરનું, ઘડાના પાણીથી ઉછરેલું, વનમાં વેલાઓથી વીંટાએલું, વંટોળથી પડી ગયેલું, પોતાની મેળે પડી ગએલું, હાથીએ પાડેલું, પાતળું, અગ્નિથી બળેલું, ખરાબ ( ખાખરો—ઉંબરો—આંબો—લીંબડો વિગેરે ) મધપુડાવાળુ, એ **બધાં ઝાડ** ઘરનો સ્તંભ બનાવવામાં **અશુભ છે** તે શિવાયનાં ઝાડ **શુભ છે.**

× ગુજરાત દેશમાં કોઇ કોઇ ઠેકાણે **કાલસર્પ** જોઇ કાલ સર્પના મુખ મધ્ય અને પુચ્છ શિવાયની દિશામાં પ્રથમ સ્તંભની પ્રતિષ્ટા કરેછે પણ તે અયોગ્ય છે, કારણ કે ઘણા ગ્રંથકારોનો મત **અગ્નિકોણમાં** સ્થાપવો તેવો **છે.**

+ છત્ર મુકવાનું કારણ એ કે તેના ઉપર કાગડા વિગેરે ખરાબ પક્ષી બેસી જાય તેના ભયથી છત્ર કરવું.

अन्वयार्थः—**पूर्वादौ** ( **दिशि क्रमात्** ) पूर्वादिक दिशाना अनुक्रमथी **स्नानम्** स्नान **अग्निः** अग्नि **स्वपिः** शयन **वस्त्रम्** वस्त्र **भोजनम्** भोजन **पशु** पशु **द्रव्यम्** द्रव्य **अमरः** देव ( **इत्यादीनाम्** ) इत्यादिकना **ओकः स्थितिम्** स्थानोनी गोठवण ( **कुर्यात्** ) करवी, **ईशितुः दिशि** ईशानकोणमां **जलम्** जलस्थान ( **कुर्यात्** ) करवुं, **वायोः** ( **दिशि** ) वायव्यकोणमां **परम्** अन्य पदार्थनुं स्थान ( **कुर्यात्** ) करवुं, **अपाक्** ( **दिशि** ) दक्षिण दिशामां **मूत्रकम्** मूत्रस्थान ( **कुर्यात्** ) करवुं, **शक्तिभुवः** शक्तिवाळी भूमीनी **आल्पे सति** अल्पता होय तो ( **एतत्** ) ए उपर कहेलां स्थान **यथारुचि** ( **कुर्यात्** ) यथा रुची करवां, **परे** ( **आचार्याः** ) बीजा आचार्यो **गेहस्यदक्षे** घरना दक्षिण भागमां **घट** घडी **अंबु** पाणी **दृषद्खलः** खाणीओ **चुल्लिका** चुलो ( अने ) **पितृपद प्रक्षालनानि** पितृओना पग धोवानुं स्थान करवानुं **ऊचिरे** कहे छे. ॥ १८ ॥

**भावार्थ—मुख्य घरथी कयु स्थान कई दिशामां करवुं ते बाबत**—पूर्व **दिशामां** स्नानागार ( नहावानु स्थळ ) बनाववुं, **अग्नि** कोणमां अग्निस्थान, **दक्षिणमां** शयन ( सुवानुं ) स्थान, **नैऋत्यमां** वस्त्रस्थान, **पश्चिममां** भोजनशाळा ( रसोडुं ), **वायव्यमां** पशु ( गायो विगेरे)नी शाला, **उत्तरमां** द्रव्य शाळा, **ईशान कोणमां** देवमंदिर तथा जलस्थान करवुं, **बाकीनां सर्वे पदार्थो राखवाने** माटे **वायव्य** कोणमां शाला करवी. **दक्षिण** दिशामां मूत्रस्थान करवुं, **जग्या थोडी** होय तो, उपर कहेलां **स्थान** ते ते दिशाओ प्रमाणे **घरमां करवां** अथवा **घरनी बहार** करवां. पण पोतपोतानां स्थाने करवां, तेनो विचार पोतानी **बुद्धिथी** करी लेवो. तेम करवानी पण **शक्ति** न होय अर्थात् **जमीन थोडी** होय तो यथारुची ( पोतानी ईच्छा प्रमाणे ) करवुं **बीजा आचार्यो** घरना **दक्षिण** भागमां घडी जलस्थान खाणीओ अने पितृओने पग धोवानुं स्थान विगेरे करवानुं कहे छे. ॥ १८ ॥

**द्वात्रिंशाधिकहस्तमक्षिवदनं तार्णं त्वलिंदादिकं नैष्वायादिकमीरितं तृणगृहं सर्वेषु मास्सूदितम् ॥ छन्नं वश्यकपाटमर्चिततमं वेश्मोक्तरीत्या विशेदारंभोदितमास्सु नारदमतान्मार्गोर्जशुक्रेषु तु ॥१९॥**

अन्वयः—**द्वात्रिंशाधिक हस्तम्** ( **गृहम्** ), **अक्षि वदनम्** ( ग-

हम् ), तार्णम् ( गृहम् ), अलिंदादिकम् ( गृहम् ), एषु आयादिकम् न ईरितम् , तृण गृहम् सर्वेषु मासेषु उदितम् , छन्नम् वश्य कपाटम् अर्चिततमम् वेश्म आरंभोदितमासेषु उक्तरीत्या विशेत् , तु नारदमतात् माघोर्ज शुक्रेषु ( वेश्म प्रविशेत् ) ॥ १९ ॥

अन्वयार्थः—द्वात्रिंशाधिकहस्तम् બત્રીસ હાથ ઉપરનું ( गृहम् ) ઘર अब्धिवदनम् ચાર મુખવાળું ( गृहम् ) ઘર, तार्णम् ઘાસનું ( गृहम् ) ઘર, आलिंदादिकम् અલિંદાદિક ( गृहम् ) ઘર एषु એ સર્વમાં आयादिकम् આયાદિક न ईरितम् નથી કહ્યું, तृणगृहम् ઘાસનું ઘર सर्वेषुमासेषु સર્વ માસોમાં ( કરવાનું ) उदितम् કહ્યું છે, छन्नम् આચ્છાદન કરેલા वश्यकपाटम् સ્વાધીન કમાડવાળા અને अर्चिततमम् તોરણ માલાદિકથી શણગારેલા वेश्म ઘરમાં आरंभोदितमासेषु આરંભમાં કહેલા માસોમાં उक्तरीत्या સૂત્રમાં કહેલી વિધિ કરી विशेत् પ્રવેશ કરવો, तु પુનઃ नारदमतात् નારદના મતથી माघः માઘ ऊर्जः કાર્તિક शुक्रः જયેષ્ઠ एषु એ માસોમાં [ वेश्म प्रविशेत् ] ઘરમાં પ્રવેશ કરવો. ॥ ૧૯ ॥

**ભાવાર્થ—કયા ઘરમાં આયાદિક જોવું અને કયા ઘરમાં ન જોવું તે બાબત—** જે ઘરનું પ્રમાણ ૩૨ હાથથી વધારે હોય તે ઘર, ચાર દ્વારવાળું ઘર ઘાસનું ઘર, અને ઘરની આગળનો દરવાજો વિગેરે શોભાને માટે બનાવેલી જગ્યાઓ એ સર્વમાં આયાદિક જોવું નહિ. ઘાસનું મકાન સર્વે મહિનાઓમાં કરવું.

**નવાઘરમાં પ્રવેશનું મુહૂર્ત**—આચ્છાદિત કરેલા તેમજ સ્વાધીન કમાડવાળા અને તોરણ માલાદિકથી શણગારેલા એવા નવા ઘરમાં ઘરના આરંભમાં કહેલા **મહિનાઓમાં** સૂત્રમાં કહેલી વિધિ કરી પ્રવેશ કરવો. **નારદના મતથી**—માહા—કાર્તિક—અને જયેષ્ઠ એ માસોમાં પ્રવેશ કરવો કહ્યો છે. ॥ ૧૯ ॥

प्रारंभोदितभैः प्रवेश उदितो पूर्वः सपूर्वः स्थिरै र्मैत्रैश्चाच्युतमूलदस्रमहितैरारंभभैर्व्यात्मकः ॥ कृत्यं वेश्मभवं दिवैव विहितं रात्रौ प्रवेशः क्वचित्सूर्यर्क्षादिमपंचकं मनुमिताद्दृष्ट प्रवेशो न सत् ॥ २० ॥

अन्वयः—अपूर्वः प्रवेशः प्रारंभोदितभैः उदितः, सपूर्वः (प्रवेशः)

स्थिरैः मैत्रैः ( उदितः ), दुग्धात्मकः ( प्रवेशः ) अच्युतमूलदस्त्र सहितैः आरंभभैः ( उदितः ), वेश्म भवम् कृत्यम् दिवैव विहितम्, क्वचित् रात्रौ प्रवेशः ( विहितः ), सूर्यर्क्षादिभपंचकम् मनुमितात् अष्टभानि प्रवेशे सत्नस्यात् ॥ २० ॥

अन्वयार्थः—**अपूर्वः** નવા ઘરમાં **प्रवेशः** પ્રવેશ **प्रारंभोदितभैः** પ્રારંભમાં કહેલા નક્ષત્રાદિકમાં **उदितः** કહ્યો છે, **सपूर्वः** યાત્રાથી આવીને ( **प्रवेशः** ) પ્રવેશ **स्थिरैः** સ્થિર ( અને ) **मैत्रैः** મૈત્ર નક્ષત્રોમાં ( **उदितः** ) કહ્યો **છે,** **दुग्धात्मकः** અગ્નિ આદિથી નાશ થયેલા ઘરમાં ( **प्रवेशः** ) પ્રવેશ **अच्युत** પુષ્ય **मूल** મૂલ **दस्त्रसहितैः** અશ્વિની સહિત એવાં **आरंभभैः** આરંભના નક્ષત્રોમાં [ **उदितः** ] કહ્યો **છે.** **वेश्मभवम्** ઘરથી ઉત્પન્ન થએલું **कृत्यम्** કૃત્ય **दिवैव** દિવસમાંજ **विहितम्** કહ્યું છે, **क्वचित्** દિવસના મુહૂર્તનો અભાવ હોય તો **रात्रौप्रवेशः** રાત્રિમાં પ્રવેશ ( **विहितः** ) કહ્યો છે, **सूर्यर्क्षादि** સૂર્ય નક્ષત્રાદિ **भपंचकम्** પાંચ નક્ષત્ર **मनुमितात्** ચૌદમા નક્ષત્રથી **अष्टभानि** આઠ નક્ષત્રો **प्रवेशे** પ્રવેશમાં **सत्नस्यात्** શુભ નથી. ॥ ૨૦ ॥

**ભાવાર્થ**—ઘરના આરંભ વખતે કહેલાં **નક્ષત્રાદિકમાં નવાઘરમાં** પ્રવેશ કરવો. રોહિણી—ત્રણ ઉત્તરા—અનુરાધા—રેવતી—મૃગશિર્ષ—ચિત્રા એ નક્ષત્રોમાં **યાત્રાથી આવીને** ઘરમાં પ્રવેશ કરવો કહ્યો છે, પુષ્ય—મૂલ **અને** અશ્વિની સહિત આરંભના નક્ષત્રોમાં **અગ્નિ આદિથી નાશ થએલા ઘરમાં** પ્રવેશ કરવો કહ્યો **છે.** ઘર સંબંધી કૃત્ય દિવસમાંજ કરવું. અને દિવસના મુહૂર્તનો અભાવ હોય તો રાત્રિમાં પ્રવેશ કરવો. **કલશ વાસ્તુ નક્ષત્રની શુદ્ધિ**—સૂર્યના નક્ષત્રથી પાંચ નક્ષત્રોમાં, **અને** સૂર્ય નક્ષત્રથી ગણતાં ૧૪મા નક્ષત્રથી ૮ નક્ષત્રોમાં **પ્રવેશ કરવો નહિ.** ॥ ૨૦ ॥

**કલશચક્ર.**

| સૂર્ય નક્ષત્રથી | ૧ | ૮ | ૮ | ૬ |
|---|---|---|---|---|
| ફળ | નેષ્ટ | શ્રેષ્ટ | નેષ્ટ | શ્રેષ્ટ |

लग्ने चोपचय स्थिरे रवि मुखैः प्रारंभवत्सं स्थितैः सूर्ये वामगते स्वदिग्वदनभैर्वेश्मप्रवेशः शुभः॥ रंध्रेषु द्विभवेभ्य आसुतगतः सूर्यो यदा स्यात्तदा पूर्वाद्याननमालयं प्रविशतां स्याद्वाम गोऽसौक्रमात् ॥२१॥

इति मुहूर्तमार्तण्डे गृह प्रकरणम् ॥ ६ ॥

अन्वयः—( जन्म राशि जन्म लग्नाभ्याम् ) उपचयस्थिरे लग्ने प्रारंभवत् संस्थितैः रविमुखैः ( ग्रहैः ) सूर्ये वामगते सति स्वदिग्वदनभैः वेश्म प्रवेशः शुभःस्यात्, रंध्रेषुद्विभवेभ्यः आसुतगतः सूर्यः यदास्यात् तदा पूर्वाद्याननम् आलयम् प्रविशताम् असौ (अर्कः) क्रमात् वामगः स्यात् ॥ २१ ॥

अन्वयार्थः—( जन्मराशि जन्मलग्नाभ्याम् ) જન્મરાશિ અને જન્મ લગ્નથી **उपचयस्थिरे** ઉપચયવાળા સ્થિર **लग्ने** લગ્નમાં **प्रारंभवत्** આરંભ પ્રમાણે **संस्थितैः** રહેલા એવા **रविमुखैः** ( **ग्रहैः** ) સૂર્યાદિ ગ્રહો હોય (તેમજ ) **सूर्ये** સૂર્ય **वामगेसति** વામ હોય ત્યારે **स्वदिग्वदनभैः** પોતાની દિશાના મુખ પ્રમાણે નક્ષત્રોમાં **वेश्म प्रवेशः** ગૃહ પ્રવેશ **शुभः स्यात्** શુભ છે. **रंध्र ८ इषु ५ द्वि २ भव ११ एभ्यः** એ સ્થાનોથી ગણતાં **आसुतगतः** પાંચમા સ્થાન સુધીમાં રહેલો **सूर्यः** સૂર્ય **यदास्यात्** જ્યારે હોય **तदा** ત્યારે **पूर्वाद्याननम्** પૂર્વાદિ મુખવાળા **आलयम्** ઘરમાં **प्रविशताम्** પ્રવેશ કરનારાઓને **असौ** ( **अर्कः** ) એ સૂર્ય **क्रमात्** અનુક્રમથી **वामगः स्यात्** વામ હોય. ॥ ૨૧ ॥

**ભાવાર્થ—પ્રવેશ લગ્ન** શુદ્ધિ—જન્મ લગ્નથી અને જન્મ રાશિથી ઉપચયવાળા સ્થિર લગ્નમાં, તથા સૂર્યાદિ ગ્રહો આરંભની પેઠે હોય અને વામ સૂર્ય હોય ત્યારે, તેમજ જે દિશામાં ઘરનું મુખ હોય તે દિશાના* નક્ષત્રોમાં પ્રવેશ કરવો શુભ છે, **વામ સૂર્ય જોવા બાબત**—ઇષ્ટ લગ્નની કુંડળીમાં આઠમા સ્થાનથી પાંચસ્થાન ( ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ ) સુધીમાં સૂર્ય હોય તો પૂર્વમુખ ઘરમાં પ્રવેશ કરનારને, પાંચમા સ્થાનથી પાંચ સ્થાન ( ૫, ૬, ૭, ૮, ૯ ) સુધીમાં સૂર્ય હોય તો દક્ષિ-

---

* પૃષ્ટ ૬૦ માં બતાવેલા સપ્તશલાકા ચક્ર ઉપરથી દિશાના નક્ષત્રો જાણી લેવાં **જેમકે** કૃત્તિકાથી આશ્લેષા સુધીનાં નક્ષત્રો પૂર્વ દિશાનાં છે.

ણ મુખ ઘરમાં પ્રવેશ કરનારને, બીજા સ્થાનથી પાંચ સ્થાન ( ૨, ૩, ૪, ૫, ૬ )માં સૂર્ય હોય તો **પશ્ચિમ મુખ** ઘરમાં પ્રવેશ કરનારને, તેમજ અગીયારમા સ્થાનથી પાંચ સ્થાન ( ૧૧, ૧૨, ૧, ૨, ૩ ) સુધીમાં સૂર્ય હોય તો ઉત્તરમુખ ઘરમાં પ્રવેશ કરનારને **વામસૂર્ય** જાણુવો. ૨૧

**વામસૂર્ય જોવાનું કોષ્ટક.**

| દિશા | પૂર્વ મુખ ઘરમાં | દક્ષિણ મુખ ઘરમાં | પશ્ચિમ મુખ ઘરમાં | ઉત્તરમુખ ઘરમાં |
|---|---|---|---|---|
| લગ્નથીસૂર્યનાં સ્થાન | ૮,૯,૧૦,૧૧,૧૨ | ૫,૬,૭,૮,૯ | ૨,૩,૪,૫,૬ | ૧૧,૧૨,૧,૨,૩ |
| વામ રવિ | રવિ | રવિ | રવિ | રવિ |

**इति श्रीमच्छगनात्मज गिरिजाशंकर विरचितायां मुहूर्त मार्तण्डस्य गुर्जर टीकायां गृह प्रकरणम् ॥ ६ ॥**

# अथ यात्राप्रकरणम् ॥ ७ ॥

**वारे चोपचयावहस्य सुदशास्विष्टं प्रयाणं जगुः कर्णान्त्यादितिभद्विकेषु मृगमैत्रार्केषु नो जन्मभे ॥ सार्पार्द्राग्नियमाजपादपितृषु त्वाष्ट्रत्रये चाशुभं रिक्तापर्वगुहाष्टमीहरिसितास्येषु झशुक्रोन्मुखम् ॥१॥**

अन्वयः—**उपचयावहस्य वारे सुदशासु कर्णान्त्यादितितः द्विकेषु मृगमैत्रार्केषु प्रयाणम् ( मुनयः ) इष्टम् जगुः, जन्मभे ( प्रयाणं इष्टम् ) नो जगुः, सार्पार्द्राग्निय माजपादपितृषु त्वाष्ट्रत्रये ( प्रयाणम् ) अशुभम् जगुः, रिक्तापर्वगुहाष्टमी हरि सितास्येषु, झशुक्रोन्मुखम् ( प्रयाणं अशुभं जगुः ) ॥ १ ॥**

अन्वयार्थः—**उपचयावहस्य** ગોચરાદિકમાં શુભફળ આપનાર ગ્રહના **वारे** વારમાં **सुदशासु** શુભદશાઓમાં **कर्णः** શ્રવણથી **अन्त्यम्** રેવતીથી

૧ પોતાનું સ્થાન છોડી દૂર દેશ જવું તેને યાત્રા અથવા પ્રયાણ કહેવાય છે,

અને **अदितितः** પુનર્વસુથી **त्रिकेषु** એ એ નક્ષત્રોમાં **मृगः** મૃગશીર્ષ **मैत्रम्** અનુરાધા **अर्कः** હસ્ત **एषु** એ નક્ષત્રોમાં **प्रयाणम्** પ્રયાણને **(मुनयः)** મુનિઓ **इष्टम्** શુભ **जगुः** કહે છે, **जन्मभे** જન્મનક્ષત્રમાં ( **प्रयाणम्** ) પ્રયાણને ( **इष्टम्** ) શુભ **नोजगुः** કહેતા નથી. **सार्पम्** આશ્લેષા **आर्द्रा** આર્દ્રા **अग्निः** કૃત્તિકા **यमः** ભરણી **अजपाद** પૂર્વાભાદ્રપદ **पितृषु** મઘા ( અને ) **त्वाष्ट्रत्रये** ચિત્રાથી ત્રણ નક્ષત્રોમાં **प्रयाणम्** પ્રયાણને **अशुभम्** અશુભ **जगुः** કહે છે, **रिक्ता ४–९–१४ पर्व १५–३० गुह ६ अष्टमी ८ हरि १२ सिताद्यम्** શુકલ પ્રતિપદા, **एषु** એ તિથિઓમાં ( તેમજ) **ज्ञशुक्रोन्मुखम्** બુધને શુક્રના સન્મુખ ( **प्रयाणम्** ) પ્રયાણ (**अशुभम्**) અશુભ ( **जगुः** ) કહે છે. ॥ ૧ ॥

**ભાવાર્થ**—શુભ દશાઓમાં, ગોચર આદિમાં શુભ ફળ આપનાર ગ્રહના વારમાં, તેમજ શ્રવણ ધનિષ્ઠા, રેવતી, અશ્વિની, પુનર્વસુ, પુષ્ય, મૃગશિર, અનુરાધા, તથા હસ્ત, એ નવ **નક્ષત્રોમાં** પ્રયાણ કરવું શુભ છે, **જન્મનક્ષત્રમાં** પ્રયાણ કરવું શુભ નથી, આશ્લેષા, આર્દ્રા, કૃત્તિકા, ભરણી, પૂર્વાભાદ્રપદ, મઘા, ચિત્રા, સ્વાતી, વિશાખા, એ નવ નક્ષત્રોમાં **પ્રયાણ અશુભ છે**, શુભ અને અશુભ વગરનાં નવ રહ્યાં તે નક્ષત્રોમાં પ્રયાણ કરવું **મધ્યમ** છે, ૪, ૯, ૧૪, ૧૫, ૩૦, ૬, ૮, ૧૨, તથા શુકલ પક્ષની ૧, એ **તિથિઓમાં** અને સન્મુખ આવેલા **બુધ શુક્રમાં** પ્રયાણ કરવું અશુભ છે, ॥ ૧ ॥

**प्राक् चंद्रासितशक्रभं वसुपराधीत्पंचभेऽयानपाक् पश्चात्कार्कसितानुदक्कुजबुधार्यम्णस्त्यजेच्छूलकान् ॥ त्रिंशाष्टौ नवभूमयोऽग्निगिरिशा विश्वेषवोऽर्काङ्कयः षट्शक्रास्तिथिपर्वता दशदशोप्येतांस्तिथीनीशतः ॥ २ ॥**

**अन्वयः**—प्राक्चन्द्रासितशक्रभम्, अपाक् वसुपराधीत् पंचभेऽयान्, पश्चात् कार्कसितान्, उदक् कुज बुधार्यम्णः, ( एतान् ) शूलकान् त्यजेत्, ईशतः ( दिशःक्रमात् ) त्रिंशाष्टौ, नवभूमयः, अग्निगिरिशाः, विश्वेषवः, अर्काङ्कयः, षट्शक्राः, तिथिपर्वताः, दशदशः, ( एतान् ) तिथीन् त्यजेत् ॥ २ ॥

अन्वयार्थः–प्राक् પૂર્વમાં चन्द्रः સોમવાર असितः શનિવાર शक्रभम् જ્યેષ્ઠ, अपाक् દક્ષિણમાં वसुपरार्धात् ધનિષ્ઠાના ઉત્તરાર્ધથી पंचभम् પાંચ નક્ષત્ર इज्यान् ગુરૂવાર, पश्चात् પશ્ચિમમાં कः રોહિણી अर्कः રવિવાર सितान् શુક્રવાર, उदक् ઉત્તરમાં कुजः મંગળવાર बुधः બુધવાર अर्यम्णः ઉત્તરાફાલ્ગુની, ( एतान् ) એ शूल कान् શૂલને त्यजेत् ત્યાગ કરવું, ईशतः ઈશાનખુણેથી ( दिशः क्रमात् ) દિશાના અનુક્રમે त्रिंशाष्टौ ૩૦-૮, नवभूमयः ९-१, अग्निगिरिशाः ३-११, विश्वेषवः १३-५, अर्काब्धयः १२-४, षट्शक्राः ६-१४, तिथिपर्वताः १५-७, दशदशः १०-२ ( एतान् ) એ तिथीन् તિથિઓ त्यजेत् ત્યાગ કરવી. ॥ ૨ ॥

**ભાવાર્થ**—પૂર્વ દિશાના પ્રયાણમાં સોમવાર, શનિવાર અને જ્યેષ્ઠા નક્ષત્ર, દક્ષિણ દિશાના પ્રયાણમાં ધનિષ્ઠાના પાછલા અડધા ભાગથી પાંચ નક્ષત્રો અને ગુરૂવાર, પશ્ચિમના પ્રયાણમાં રોહિણી નક્ષત્ર રવિવાર તથા શુક્રવાર, અને **ઉત્તર દિશાના પ્રયાણમાં** મંગળવાર, બુધવાર તથા ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર **અશુભ** છે, તેને **દિશાશુલ** કહે છે.

ઈશાનકોણમાં ૩૦-૮, પૂર્વ દિશામાં ૯-૧ અગ્નિકોણમાં ૩-૧૧ દક્ષિણ દિશામાં ૧૩, ૫ નૈઋત્ય કોણમાં ૧૨, ૪ પશ્ચિમ દિશામાં ૬, ૧૪ વાવ્ય કોણમાં ૧૫, ૭ અને ઉત્તર દિશાના પ્રયાણમાં ૧૦, ૨ એ તિથિઓ અશુભ છે, તેને **યોગિની** કહે છે. ॥ ૨ ॥

**ऐंद्र्याद्यग्निभसप्तसप्तभगणे वाय्वग्निकाष्ठास्थितो नोल्लंघ्यः परिघस्त्वपाग्वरुणभैः प्राच्यैरुदङ् न व्रजेत् ॥ सर्वाशासु रवीज्यमित्रतुरगैर्यायादथावश्यके हित्वा शूलमनिष्टभैर्यदि निजाशेष्टांगलब्धिर्व्रजेत् ॥३॥**


अन्वयः—**ऐंद्र्याद्यग्निभसप्तसप्तभगणे वाय्वग्निकाष्ठास्थितः परिघः न उल्लंघ्यः, वरुणभैः अपाक् न ( व्रजेत् ), प्राच्यैः भैः उदक् न ( व्रजेत् ), सर्वाशासु रवीज्यमित्रतुरगैः यायात्, अथ आवश्यके ( कार्ये सति ) निजाशेष्टांगलब्धिः चेत्तर्हि शूलम् हित्वा अनिष्टभैः व्रजेत् ॥ ३ ॥**

अन्वयार्थः—ऐंद्र्यादि પૂર્વાદિ દિશાઓમાં अग्निभात् કૃત્તિકાથી सप्तसप्तभगणे સાત સાત નક્ષત્રોમાં वाय्वग्निकाष्ठास्थितः વાયુ અને અગ્નિકોણ-

માં રહેલો **परिघः** પરિઘ **न उल्लंघ्यः** ન ઓળંગવો, **वरुणभैः** પશ્ચિમદિશાના નક્ષત્રોમાં **अपाक्** દક્ષિણમાં **न (व्रजेत्)** ન જવું, **प्राच्यैः भैः** પૂર્વદિશાના નક્ષત્રોમાં **उदक्** ઉત્તરમાં **न ( व्रजेत् )** ન જવું, **सर्वाशासु** સર્વ દિશાઓમાં **रवि** હસ્ત **इज्य** પુષ્ય **मित्र** અનુરાધા ( અને ) **तुरगैः** અશ્વિની એ નક્ષત્રોમાં **यायात्** જવું **अथ** ત્યાર પછી **आवश्यके ( कार्यसति )** અવશ્ય કાર્યમાં **यदि** જો **निजाशायाम्** પોતાને જવું છે તે દિશામાં **इष्टांगलब्धिः** ઇષ્ટ લગ્નની પ્રાપ્તિ **चेत्तर्हि** હોય ત્યારે **शूलम्** શૂલને **हित्वा** ત્યાગ કરી **अनिष्टभैः** અશુભ નક્ષત્રોમાં **व्रजेत्** જવું. ॥ ૩ ॥

**ભાવાર્થ**—કૃત્તિકાદિ સાત સાત નક્ષત્રોને પૂર્વાદિ ચાર દિશાઓમાં મુકી વાવ્ય અને અગ્નિ કોણમાં એક રેખા કરવી એ રેખાની **પરિઘ** સંજ્ઞા છે. તે **પરિઘ ઓળંગીને** જવું નહિ. પશ્ચિમ દિશાના નક્ષત્રોમાં દક્ષિણનું; અને પૂર્વ દિશાના નક્ષત્રોમાં ઉત્તરનું **પ્રયાણ કરવું નહિ. અર્થાત્ જે** દિશાનું નક્ષત્ર હોય તે દિશામાં જવું. હસ્ત—પુષ્ય—અનુરાધા—**અને અશ્વિની** એ નક્ષત્રોમાં **સર્વે દિશાઓમાં** પ્રયાણ કરવું શુભ છે, **અવશ્ય કાર્ય** હોય તો જે દિશાઓમાં જે નક્ષત્રો નિંદિત છે, તે નક્ષત્રોમાં પણ તે દિશાઓમાં **શૂલનો** ત્યાગ કરી ***ઇષ્ટલગ્ન** આવતું હોય તો જવું. ॥ ૩ ॥

**પરિઘ તથા દિશાના નક્ષત્રો જોવાનું કોષ્ટક.**




* હવે પછી કહેવામાં આવશે.

मिश्राख्य ध्रुवभैर्दिनादिमलवे तीक्ष्णै द्वितीयेंतिमे क्षिप्रैर्न क्रमशो मृदूग्रचरभै रात्रित्रिभागेष्वियात् ॥ श्रुत्यर्केज्यमृगेष्वयं न नियमो वैश्वांत्यपादश्रवस्तिथ्यंशस्त्वभिजिद्गमे सफलदो यामीं विनापि क्षणः॥४॥

अन्वयः—मिश्राख्य ध्रुवभैः दिनादिमलवे, तीक्ष्णैः द्वितीयेलवे, क्षिप्रैः अंतिमेलवे, मृदूग्रचरभैः क्रमशः रात्रित्रिभागेषु न इयात्, श्रुत्यर्केज्यमृगेषु अयंनियमः न स्यात्, वैश्वांत्यपादः श्रवस्तिथ्यंशः अभिजित् भवेत्, सः यामीं विना गमे सफलदः स्यात्, क्षणः अपि ( यामीं विना गमे सफलदः स्यात् ) ॥ ४ ॥

अन्वयार्थः—**मिश्राख्यध्रुवभैः** મિશ્ર અને ધ્રુવ નક્ષત્રોમાં **दिनादिमलवे** દિવસના પ્રથમ ભાગમાં **तीक्ष्णैः** તીક્ષ્ણ નક્ષત્રોમાં **द्वितीयेलवे** બીજા ભાગમાં. **क्षिप्रैः** ક્ષિપ્ર નક્ષત્રોમાં **अन्तिमलवे** છેલ્લા ત્રીજા ભાગમાં, **मृदूग्रचरभैः** મૃદુ, ઉગ્ર, ને ચર નક્ષત્રોમાં **क्रमशः** અનુક્રમથી **रात्रित्रिभागेषु** રાત્રિના ત્રણ ભાગમાં **नइयात्** ન જવું, **श्रुतिः** શ્રવણ **अर्कः** હસ્ત **इज्यः** પુષ્ય **मृगः** મૃગશિર્ષ **एषु** એ નક્ષત્રોમાં **अयंनियमः** આ નિયમ **न स्यात्** ન હોય, **वैश्वांत्यपादः** ઉત્તરાષાઢાનો ચોથો ચરણ **श्रवस्तिथ्यंशः** શ્રવણનો પહેલો પંદરમો ભાવ **अभिजित् भवेत्** અભિજિત્ હોય, **सः** તે **यामींविना** દક્ષિણ દિશા વિનાના **गमे** પ્રયાણમાં **सफलदः स्यात्** શુભફળ આપતા છે, **क्षणः अपि** અભિજિતનું મુહૂર્ત પણ ( **यामींविना** ) દક્ષિણ વિનાના ( **गमे** ) પ્રયાણમાં ( **सफलदः स्यात्** ) શુભફળ આપનાર છે.

**ભાવાર્થ**—**દિવસના ત્રણ ભાગ કરવા,** પહેલા ભાગમાં ***મિશ્ર** અને **ધ્રુવ** નક્ષત્ર, બીજા ભાગમાં **તીક્ષ્ણ** નક્ષત્ર અને ત્રીજા ભાગમાં **ક્ષિપ્ર** નક્ષત્ર હોય તો પ્રયાણ કરવું નહિ, **રાત્રિના ત્રણ ભાગ કરવા,** પહેલા ભાગમાં મૃદુ નક્ષત્ર, બીજા ભાગમાં **ઉગ્ર** નક્ષત્ર, અને ત્રીજા ભાગમાં **ચર** નક્ષત્ર હોય તો **પ્રયાણ કરવું નહિ.** ઉપર દિવસ રાત્રિના ત્રણ ભાગમાં જે નક્ષત્રો અશુભ કહ્યાં છે પણ તેમાં શ્રવણ, હસ્ત, પુષ્ય ને મૃગશિર્ષ એ નક્ષત્રો હોય તો તે અશુભ જાણવાં નહિ, એટલે તે નક્ષત્રોમાં દિવસ

---

* મિશ્ર-ધ્રુવ-ક્ષિપ્ર—મૃદુ-ઉગ્ર અને ચર એ નક્ષત્રો પૃષ્ટ ૧૦ માં છે. અને તીક્ષ્ણ નક્ષત્રો પૃષ્ટ ૧૧ માં છે.

રાત્રના કોઇ પણ ભાગમાં પ્રયાણ કરવું. ઉત્તરાષાઢાનો છેલ્લો ચોથો ભાગ, અને શ્રવણનો પહેલો ૧૫ મો ભાગ તે અભિજિત્ છે, એ અભિજિત્ નક્ષત્ર તેમજ તેનું ×મુહૂર્ત પણ દક્ષિણ દિશા વિનાની બીજી બધી દિશાઓના પ્રયાણમાં શુભ છે. ॥ ૪ ॥

**एकार्केंद्वयनानुकूलमनिशं भेदे दिवारात्रयो भौमे प्राक्छनिचन्द्रयोर्गतमपाक्पश्चाज्ज्ञगुर्वो हितम् ॥ भृग्वर्कान्हयुदगर्कभाद्भमगैस्तष्टं द्विसप्ताडलद्वयंगाभ्यां विडलोनयोर्न गमनं श्रीदेवलोक्त्या हितम् ॥५॥**

अन्वय:—**अनिशम् एकार्केंद्वयनानुकूलम् (गतंहितं स्यात् ), (अर्केंद्वयनयोः ) भेदेसति दिवारात्रयोः ( गतंहितं स्यात् ), भौमे प्रागातम् , शनिचंद्रयोः अपाक्गतम् , ज्ञगुर्वोः पश्चात्गतम् , ( च ) भृग्वर्कान्हि उदग्गतम् हितंस्यात् , अर्कभात् भ्रुभम् अगैः तष्टंसत् द्विसप्तशेषम् अडलः स्यात् त्र्यंगाभ्याम् ( शेषाभ्याम् ) विडलः स्यात्, अनयोः श्रीदेवलोक्त्या गमनम् हितम् न स्यात् ॥ ५ ॥**

अन्वयार्थ:—**अनिशम्** અહર્નિશ **एकार्केंद्वयनानुकूलम्** ( **एकः** એક **अर्कः** સૂર્ય **इंदुः** ચંદ્ર **अयनम्** અયન ) સૂર્ય ચંદ્ર એક અયનમાં હોય એવા અનુકૂલ સમયવાળું ( **गतंहितं स्यात्** ) પ્રયાણ શુભ છે, ( **अर्केंद्वयनयोः** ) સૂર્ય ચંદ્ર બેઉના અયનમાં **भेदेसति** ભેદ હોય તો ( અનુક્રમે ) **दिवारात्रयोः** દિવસ અને રાત્રિમાં ( **गतंहितं स्यात्** ) પ્રયાણ શુભ છે, **भौमे** મંગલવારે **प्राग्गतम्** પૂર્વનું પ્રયાણ, **शनिचंद्रयोः** શનિ ચંદ્ર એ બેઉના વારમાં **अपाक्गतम्** દક્ષિણનું પ્રયાણ, **ज्ञगुर्वोः** બુધ ગુરૂના વારમાં **पश्चात्गतम्** પશ્ચિમનું પ્રયાણ (**च**) અને **भृग्वर्कान्हि** શુક્ર રવિના દિવસમાં **उदग्गतम्** ઉત્તરનું પ્રયાણ **हितंस्यात्** શુભ છે. **अर्कभात्** સૂર્યનક્ષત્રથી ગણતાં **भ्रुभम्** દિવસના નક્ષત્ર સુધીની સંખ્યાને **अगैः** ૭ વડે **तष्टंसत्** ભાગવાથી **द्विसप्तशेषम्** ૨—૭ શેષ રહે તો **अडलः स्यात्** અડલ થાય, **त्र्यंगाभ्याम्** ૩—૬ ( **शेषाभ्याम्** ) શેષથી **विडलः स्यात्** વિડલ થાય, **अनयोः** એ બેઉમાં **श्री देवलोक्त्या** દેવલ ઋષિના વચનથી **गमनम्** પ્રયાણ **हितम्** શુભ **न स्यात्** નથી. ॥ ૫ ॥

---

× અભિજિત્ નું મુહૂર્ત પૃષ્ટ ૧૩ માં છે.

**ભાવાર્થ**—દિવસનો સ્વામી **સૂર્ય** અને રાત્રિનો સ્વામી **ચંદ્ર** એ બે ***ઉત્તરાયનમાં** હોય તો, અહર્નિશ **ઉત્તરમાં પ્રયાણ** શુભ છે. અહિં ઉત્તર સાથે પૂર્વનો સંબંધ છે, માટે જ્યારે ઉત્તરમાં પ્રયાણ શુભ હોય, ત્યારે પૂર્વ**માં પણ** શુભ જાણવું. તે બે ( સૂર્ય ચંદ્ર ) **દક્ષિણાયનમાં** હોયતો, અહર્નિશ **દક્ષિણમાં** પ્રયાણ શુભ છે, તેની સાથે પશ્ચિમનો સંબંધ છે, તેથી જ્યારે દક્ષિણમાં પ્રયાણ શુભ હોય, ત્યારે **પશ્ચિમમાં** પણ શુભ જાણવું. સૂર્ય ચંદ્રના **અયન જુદા** હોય તો, **ચંદ્ર** જે અયનમાં હોય તે **અયનની દિશામાં** રાત્રિએ. અને **સૂર્ય** જે અયનમાં હોય તે અયનની દિશામાં **દિવસે** જવું શુભ છે.

**દાખલો**—ઉત્તરાયનમાં **સૂર્ય** છે, જો ઉત્તર દિશામાં અને પૂર્વ દિશામાં **દિવસે** પ્રયાણ કરવું શુભ છે. અને **ચંદ્ર** દક્ષિણાયનમાં છે તો દક્ષિણ અને પશ્ચિમ દિશનું પ્રયાણ **રાત્રિમાં** કરવું શુભ છે, તેથી ઉલટું **અશુભ છે. મંગળવારે** પૂર્વમાં, **શનિવાર** ને **સોમવારે** દક્ષિણમાં, **બુધવાર ને ગુરૂવારે** પશ્ચિમમાં, અને **શુક્રવાર** તથા **રવિવારે** ઉત્તર દિશામાં પ્રયાણ શુભ છે, **સૂર્યના** નક્ષત્રથી **દિવસના** નક્ષત્ર સુધી ગણતાં જેટલી **સંખ્યા** થાય તેને ૭ વડે ભાગવાથી **શેષ** ૨ અથવા ૭ રહે તો **અડલયોગ** થાય, ૩ અથવા ૬ શેષ રહે તો **વિડલયોગ** થાય, તે બેઉ યોગોમાં **દેવલ ઋષિ** કહે છે કે પ્રયાણ કરવું નહિ. ॥ ૫ ॥

**ઉદાહરણ**—રવિનું નક્ષત્ર **અશ્વિની** છે, અને જે દિવસે પ્રયાણ કરવું છે તે દિવસનું નક્ષત્ર **મઘા** છે તો અશ્વિનીથી મઘા સુધી ગણતાં ૧૦ થયાં. તેને ૭ વડે ભાગવાથી **શેષ** ૩ રહ્યા, તેથી તે દિવસ **વિડલયોગ** થયો માટે તે દિવસે પ્રયાણ કરવું નહિ.

**आज्यं दुग्धगुडौ तिलान्दधियवान्माषानिनात्प्राश्य नो शूले यानमनिष्टमिंद्रककुभोऽथाज्यं तिलान्नं तिमीन् ॥ दुग्धं प्राश्य च हस्त्यनोहयनरैर्यानं सुयानं तयोर्ध्यानाद्वा भवति ब्रुवेऽथ हरिजं तिथ्यादिलक्षाधिकम् ॥ ६ ॥**

**अन्वयः—इनात् शूलेसति ( क्रमात् ) आज्यम् दुग्धगुडौ तिलान्**

* સૂર્યના અયન જાણવાની રીત પૃ૰ ૮ માં છે. તેવીજ રીતે ચંદ્રના અયન ચંદ્રની રાશિપરથી જાણવા.

**दधि यवान् माषान् प्राश्य यानम् अनिष्टम् न स्यात्, अथ इंद्रककुभः ( क्रमात् ) आज्यम् तिलान्नम् तिमीन् दुग्धम् प्राश्य, हस्त्यनो हयनरैः यानम् सुयानं स्यात्, वा तयोः ध्यानात् ( यानंसुयानंभवति), अथ तिथ्यादि लक्षाधिकम् हरिजम् ब्रुवे ॥ ६ ॥**

अन्वयार्थः—**इनात्** સૂર્યાદિ વારોથી **शूलेसति** શૂલ હોય તો **(क्रमात्)** અનુક્રમે **आज्यम्** ઘી **दुग्धम्** દુધ **गुडः** ગુડ **तिलान्** તલ **दधि** દહી **यवान्** જવ **माषान्** અડદ **प्राश्य** ખાઇને **यानम्** જવું **अनिष्टम्** અશુભ **न स्यात्** નથી, **अथ** ત્યાર પછી **इंद्रककुभः** પૂર્વ દિશાના ( **क्रमात्** ) અનુક્રમથી **आज्यम्** ઘી **तिलान्नम्** તિલૌદન **तिमीन्** મત્સ્ય ( અને ) **दुग्धम्** દુધ **प्राश्य** ખાઈ, **हस्ती** હાથી **अनः** શકટ **हयः** અશ્વ ( અને ) **नरः** પુરૂષવાહનથી **यानम्** જવું **सुयानं स्यात्** શુભ છે, **वा** અથવા **तयोः** તેઓનું **ध्यानात्** ધ્યાન કરવાથી ( **यानंसुयानंभवति** ) પ્રયાણ શુભ થાય છે. **अथ** હવે **तिथ्यादि** તિથ્યાદિકથી **लक्षाधिकम्** બલીષ્ઠ એવું **हरिजम्** લગ્ન **ब्रुवे** કહુંછું. ॥ ૬ ॥

**ભાવાર્થ**—રવિવારે ઘી, સોમવારે દુધ, મંગળવારે ગોળ, બુધવારે તલ, ગુરૂવારે દહી. શુક્રવારે જવ, અને શનિવારે અડદ ખાઇને પ્રયાણ કરે તો **વારશુલનો દોષ નથી.** ઘી ખાઇને હાથીની* સ્વારીથી પૂર્વ દિશામાં તલ તથા ચોખા ખાઇને રથમાં બેસી દક્ષિણમાં, મત્સ્ય (માછલાં) ભક્ષણ કરી ઘોડા ઉપર બેસી પશ્ચિમમાં, અને દુધ પીને નરવાહન (પાલખી )થી **ઉત્તરમાં પ્રયાણ કરે તો દિશાના દોષનો નાશ થાય છે.** જો ખાવાની વસ્તુનો તથા વાહનનો અભાવ હોય તો અથવા ખાવાની વસ્તુ અભક્ષ હોય તો તેનું ધ્યાન કરીને પ્રયાણ કરવું હવે **તિથ્યાદિથી** બલિષ્ઠ એવું લગ્ન કહુંછું. ॥ ૬ ॥

**स्वर्क्षानाड्रिघटास्तभानृजुगृहान्षष्ठं रिपोर्भादनुस्वर्क्षांगेशरिपुं खलं जनिबलत्यक्तं तथा सांपतम् ॥ यात्रालग्नगतंत्यजेदथ दिशामीशोऽर्क शुक्रौ कुजो राहुर्मन्दशशांकसौम्यगुरवः केन्द्रे दिगंशे व्रजेत् ॥ ७ ॥**

अन्वयः—**स्वर्क्षानाड्रिघटास्तभानृजुगृहान्, रिपोः भात् षष्ठम्,**

---

* રાજાઓને માટે છે.

**अनु, स्वर्क्षांगेशरिपुम्, खलम्, जनिबलत्यक्तम् तथा सांप्रतम् (त्यक्तबलंग्रहम्) यात्रालग्नगतम् त्यजेत्, अथ अर्कशुक्रौ कुजः राहुः मंदशशांकसौम्यगुरवः दिशाम् ईशः स्युः, दिगीशे केंद्रेसतिव्रजेत् ॥७॥**

अन्वयार्थः—**स्वर्क्षम्** પોતાની રાશિ ( **स्वराशेः** ) પોતાની રાશિથી **अनार्द्धिः** ઉપચય વિનાની રાશિ **घटः** કુંભ **अस्तभम्** અસ્તગ્રહની રાશિ **अनृजुगृहम्** વક્રીગ્રહની રાશિ **रिपोः भात्** શત્રુ રાશિથી **षष्ठम्** છઠ્ઠી રાશિ, **अनु** પૃષ્ઠોદય રાશિ **स्वर्क्षांगेशयोः** પોતાની રાશિનો અને લગ્નના સ્વામીનો **रिपुम्** શત્રુ, **खलम्** પાપગ્રહ **जनिबलत्यक्तम्** જન્મમાં નિર્બળી હોય તે ગ્રહ **तथा** તેમજ **सांप्रतम्** ચાલું સમય નો [ **त्यक्तबलंग्रहम्** ] બલહીન ગ્રહ ( એ સર્વે ) **यात्रालग्नगतम्** યાત્રા લગ્નમાં હોય તો **त्यजेत्** ત્યાગ કરવા. **अथ** ત્યાર પછી **अर्कः** સૂર્ય **शुक्रः** શુક્ર **कुजः** મંગળ **राहुः** રાહુ **मंदः** શનિ **शशांकः** ચંદ્ર **सौम्यः** બુધ **गुरुः** ગુરૂ **दिशाम्** દિશાઓના **ईशः** સ્વામીઓ **स्युः** છે, **दिगीशे** દિશાનો સ્વામી **केंद्रेसति** કેન્દ્રમાં હોય ત્યારે **व्रजेत्** જવું ॥ ૭ ॥

**ભાવાર્થ**—પોતાની રાશિ, પોતાની રાશિથી ઉપચય સ્થાન વિનાની રાશિ, કુંભ રાશિ, અસ્ત ગ્રહની રાશિ, વક્રીગ્રહની રાશિ, *શત્રુરાશીથી છઠ્ઠી રાશિ. ×પૃષ્ટોદય રાશિ, પોતાની રાશિના અને લગ્નના સ્વામીનોશત્રુગ્રહ, પાપગ્રહ, જન્મ સમયનો બલહીન ગ્રહ, તેમજ ગોચરમાં બલહીન ગ્રહ **એ સર્વે યાત્રા લગ્નમાં ત્યાગ કરવા.**

**દિશાના સ્વામીઓ**—પૂર્વ દિશાનો સ્વામી સૂર્ય, અગ્નિકોણનો શુક્ર, દક્ષિણનો મંગળ, નૈરૂત્યનો રાહુ, પશ્ચિમનો શનિ, વાવ્યનો ચંદ્ર, ઉત્તરનો બુધ, અને ઇશાન કોણનો સ્વામી ગુરૂ છે, દિશાનો સ્વામી ÷કેન્દ્ર ( ૧, ૪, ૭, ૧૦, )માં હોય ત્યારે પ્રયાણ કરવું. ॥ ૭ ॥

---

* પોતાની સામે લડનાર રાજાની જે રાશિ હોય તે રાશિથી છઠ્ઠી રાશિ. **જેમકે** તે લડનાર શત્રુની રાશિ મકર છે તો મકરથી છઠ્ઠી રાશિ મિથુન થઇ તેથી મિથુન લગ્નમાં પ્રયાણ કરવું નહિ.

× મેષ, વૃષભ, કર્ક, ધન, અને મકર એ પૃષ્ટોદય રાશિઓ છે.

÷ જે કેન્દ્રમાં લલાટપણાનો દોષ આવતો હોય, તે શિવાયના કેન્દ્રમાં દિશાનો સ્વામી હોય ત્યારે જવું, લલાટપણું હવે પછીના શ્લોકમાં બતાવ્યું છે.

### દિશાઓ અને તેના સ્વામીઓ.

| દિ. | પૂ. | અ. | દ. | નૈ. | પ. | વા. | ઉ. | ઈ. |
|---|---|---|---|---|---|---|---|---|
| સ્વા. | સૂ. | શુ. | મં. | રા. | શ. | ચં. | બુ. | ગુ. |

**दिक्पे न प्रवसेल्ललाटग इनः प्राच्यां तनौ भालगः स्यात्पश्चान्मदनेऽर्कजोंबुगबुधः सौम्यां खगोऽपाकुजः ॥ ऐश्यां द्वित्रिगतो गुरुर्ज्वलनदिश्याय व्यय स्थो भृगुर्वायौ षट् सुत गो विधुर्निर्ऋतिदिश्यष्टांकसंस्थं तमः ॥ ८ ॥**

अन्वयः—**दिक्पे ललाटगे सति न प्रवसेत्, तनौ इनः प्राच्याम्, मदने अर्कजः पश्चात्, अम्बुगः बुधः सौम्याम्, खगः कुजः अपाक्, द्वित्रिगतः गुरुः ऐश्याम्, आयव्ययस्थः भृगुः ज्वलनदिशि, षट् सुतगः विधुः वायौ, च अष्टाङ्कसंस्थम् तमः निर्ऋति दिशि, भालगः स्यात् ॥ ८ ॥**

अन्वयार्थः—**दिक्पे** દિશાનો સ્વામી **ललाटगे सति** લલાટમાં હોય તો **न प्रवसेत्** પ્રવાસ ન કરવો, **तनौ** લગ્નમાં **इनः** સૂર્ય હોય તો **प्राच्याम्** પૂર્વમાં, **मदने** ૭ મે **अर्कजः** શનિ હોય તો **पश्चात्** પશ્ચિમમાં, **अम्बुगः बुधः** ચોથે બુધ હોય તો **सौम्याम्** ઉત્તરમાં, **खगः** ૧૦ મે **कुजः** મંગળ હોય તો **अपाक्** દક્ષિણમાં, **द्वित्रिगतः** બીજે, ત્રીજે **गुरुः** ગુરૂ હોય તો **ऐश्याम्** ઇશાનમાં, **आयव्ययस्थः** ૧૧ મે ૧૨ મે **भृगुः** શુક્ર હોય તો **ज्वलनदिशि** અગ્નિ કોણમાં, **षट्सुतगः** ૬ ઠે, ૫ મે **विधुः** ચંદ્ર હોય તો **वायौ** વાવ્ય કોણમાં, **च** અને **अष्टाङ्कसंस्थम्** ૮ મે, ૯ મે **तमः** રાહુ હોય તો **निर्ऋति दिशि** નૈરૂત્ય કોણમાં, **भालगः स्यात्** લલાટમાં રહેલો છે. ॥ ૮ ॥

**ભાવાર્થ**—જો **દિશાનો સ્વામી** *લલાટમાં હોય તો યાત્રામાં જવું નહી. **લલાટ કેમ જોવું તે બાબત**—લગ્નમાં રહેલો સૂર્ય પૂર્વ**માં**, ૭ મે રહેલો શનિ **પશ્ચિમમાં**, ચોથે રહેલો બુધ **ઉત્તરમાં**, ૧૦ મે રહેલો મંગલ **દક્ષિણમાં**, ૨ જે, કે ૩ જે રહેલો ગુરૂ **ઇશાનકોણમાં**, ૧૧ મે કે

* સન્મુખ— સામો રહેલો.

૧૨ મે રહેલો શુક્ર **અગ્નિકોણમાં**, પાંચમે કે ૬ ઠે રહેલો ચંદ્ર **વાવ્ય કોણમાં**, અને ૮ મે કે ૯ મે રહેલો રાહુ **નૈઋત્યકોણમાં લલાટમાં રહેલો છે**, એમ જાણવું. ॥ ૮ ॥

**દાખલો**—દક્ષિણમાં જવું છે તો દક્ષિણ દિશાનો સ્વામી **મંગળ** થયો, તે મંગળ યાત્રાએ જવું છે તે વખતની લગ્ન કુંડળીમાં ૧૦ મે હોય તો તે **લલાટમાં** ( સન્મુખ ) થયો, માટે તેમાં યાત્રા કરવી નહી પરંતુ ૧૦ મા કેન્દ્ર શિવાય બીજા કોઇ કેન્દ્રમાં મંગળ હોય ત્યારે જવું.

**वक्री केंद्र गतस्तदीयदिवसो लग्नेऽस्यवर्गो भवेद्यातुर्नाशकरः शुभोऽपि तनुगो जन्म र्क्षलग्नेड्रिपुः ॥ द्वीशाग्न्यंब्वजभाग्यभानि गुरुभं पौष्णांतके सार्पभंजन्मर्क्षाणि रवेरुपप्लवगतः खेटस्तनौ हानिकृत् ॥ ९ ॥**

अन्वयः—**केन्द्रगतः सन् वक्रीग्रहः,तदीयदिवसः,लग्ने अस्य वर्गः, जन्मर्क्षलग्नेड्रिपुः तनुगः शुभोऽपि ( ग्रहः ) यातुः नाशकरः स्यात्, रवेः( क्रमात् ग्रहाणाम् ) द्वीशाग्न्यंब्वजभाग्यभानि गुरुभम् पौष्णान्तके सार्पभम् जन्मर्क्षाणि स्युः, उपप्लवगतः खेटः तनौसति हानिकृत् स्यात् ॥ ९ ॥**

**अन्वयार्थः**—**केन्द्रगतः सन्** કેન્દ્રમાં રહેલો **वक्रीग्रहः** વક્રીગ્રહ, **तदीयदिवसः** વક્રીગ્રહનો દિવસ, **लग्ने** લગ્નમાં **अस्य** વક્રીગ્રહનો **वर्ग** વર્ગ, **जन्मर्क्षलग्नेड्रिपुः** જન્મરાશિ ને જન્મ લગ્નના સ્વામીનો શત્રુ થઇ **तनुगः** લગ્નમાં રહેલો **शुभोऽपि** [ **ग्रहः** ] શુભ ગ્રહ પણ **यातुः** પ્રયાણ કરનારનું **नाशकरः स्यात्** મરણ કરે છે. **रवेः** સૂર્યથી ( **क्रमात्** ) અનુક્રમે ( **ग्रहाणाम्** ) ગ્રહોનાં **द्वीशम्** વિશાખા **अग्निः** કૃત્તિકા **अम्बु** પૂર્વાષાઢા **अजः** શ્રવણ **भाग्यभम्** પૂર્વાફાલ્ગુની **गुरुभम्** પુષ્ય **पौष्णम्** રેવતી **अंतकम्** ભરણી **सार्पभम्** આશ્લેષા **जन्मर्क्षाणि** જન્મનક્ષત્રો **स्युः** છે. **उपप्लवगतः** ( જે ગ્રહનું જન્મ નક્ષત્ર ) ઉત્પાત વડે હણાએલું હોય તે **खेटः** ગ્રહ **तनौसति** લગ્નમાં હોય તો **हानिकृत् स्यात्** મૃત્યુ કરે છે. ॥ ૯ ॥

**ભાવાર્થ**—૧-૪-૭ ૧૦ એ સ્થાનમાં રહેલો વક્રીગ્રહ વક્રીગ્રહનો દિવસ, વક્રીગ્રહના વર્ગનું લગ્ન, તેમજ જન્મ રાશિ અને જન્મ લગ્નના સ્વામી-

નો શત્રુ થઇ લગ્નમાં રહેલો શુભ ગ્રહ પણ. **તેઓ પ્રત્યેક** યાત્રા કરનારનું **મરણ** કરે છે. **સૂર્યાદિ ગ્રહોનાં જન્મનક્ષત્ર**—સૂર્યનું વિશાખા, ચંદ્રનું કૃત્તિકા, મંગળનું પૂર્વાષાઢા, બુધનું શ્રવણ, ગુરૂનું પૂર્વાફાલ્ગુની, શુક્રનું પુષ્ય, શનિનું રેવતી, રાહુનું ભરણી. અને કેતુનું **જન્મ નક્ષત્ર** આશ્લેષા **છે. જે** ગ્રહનું જન્મ નક્ષત્ર **ઉત્પાતથી** હણાએલું હોય, તે ગ્રહ **લગ્નમાં** હોય તો યાત્રા કરનારનું **મરણ** કરે છે. ॥ ૯ ॥

**वेशिः सौम्ययुतस्तनौ जनुषि ये सद्भिर्युता राशयो जन्माब्जोपचयस्थिता अपि तनोः स्वर्क्षोच्चमित्रर्क्षगाः ॥ पापा अप्यतिशोभनास्तनुगता जन्मेश्वरौ केंद्रगौ स्वारात्यह्नितनौ शुभो न फलदो मित्राह्नि पापोऽर्थदः ॥ १० ॥**

अन्वयः—**वेशिः सौम्ययुतः सन् तनौ अतिशोभनः स्यात् , जनुषि ये सद्भिः युताः राशयः, जन्माब्जोपचयस्थिताः (ग्रहाः), तनोः अपि ( उपचयस्थिताः ग्रहाः ), स्वर्क्षोच्चमित्रर्क्षगाः पापाः अपि तनुगताः सन्तः ( एते ) अतिशोभनाः स्युः जन्मेश्वरौ केन्द्रगौ सन्तौ अतिशोभनौ स्यातम् , स्वारात्यह्नि शुभः (ग्रहः) तनौ स्थितः सन् न फलदः स्यात् , मित्राह्नि पापः ( ग्रहः ) तनौ स्थितः सन् अर्थदः स्यात् ॥ १० ॥**

अन्वयार्थः—**वेशि** સૂર્યથી બીજી રાશિ **सौम्ययुतः सन्** શુભ ગ્રહથી યુક્ત **तनौ** લગ્નમાં હોય તો **अतिशोभनः स्यात्** ઘણી શુભ જાણવી, **जनुषि** જન્મકાલમાં **ये** જે **सद्भिः** શુભ ગ્રહોથી **युताः** યુક્ત **राशयः** રાશિઓ, **जन्माब्जोपचय स्थिताः ( ग्रहाः )** જન્મના ચંદ્રથી ઉપચયમાં રહેલા ગ્રહો, **तनोः अपि** જન્મ લગ્નથી પણ **( उपचय स्थिताः ग्रहाः )** ઉપચયમાં રહેલા ગ્રહો, **स्वर्क्षोच्चमित्रर्क्षगाः** સ્વરાશિમાં ઉચ્ચ રાશિમાં ને મિત્રની રાશિમાં રહેલા **पापाः अपि** પાપ ગ્રહો પણ **तनुगताः सन्तः** લગ્નમાં રહ્યા હોય તો **(एते)** તેઓ પ્રત્યેક **अति शोभनाः स्युः** અતિ શુભ છે, **जन्मेश्वरौ** જન્મ રાશિ અને જન્મ લગ્નના સ્વામિઓ. **केन्द्रगौ सन्तौ** કેન્દ્રમાં રહ્યા હોય તો **अतिशोभनौ स्याताम्** અતિ શુભ છે, **स्वारात्यह्नि**

પોતાના શત્રુ ગ્રહના વારમાં **शुभः ( ग्रहः )** શુભગ્રહ **तनौ स्थितः सन्** લગ્નમાં રહેલો હોય તો **नफलदः स्यात्** ઇચ્છિત ફળ આપતો નથી, **मित्राह्नि** મિત્રના વારમાં **पापः ( ग्रहः )** પાપગ્રહ ( **तनौ स्थितः सन्** ) લગ્નમાં હોય તો **अर्थदः स्यात्** ઇચ્છિતફળ આપે છે. ॥ ૧૦ ॥

**ભાવાર્થ**—જન્મ પત્રિકામાં સૂર્ય જે રાશિમાં હોય ત્યાંથી બીજી રાશિની વેશિ એવી સંજ્ઞા છે તે રાશિ શુભગ્રહ યુક્ત યાત્રા લગ્નમાં હોય તો ઘણી શુભ છે. તેમજ જન્મ સમયમાં જે શુભગ્રહથી યુક્ત રાશિઓ છે તે રાશિઓ, જન્મના ચંદ્રથી ઉપચય ( ૩, ૬, ૧૦, ૧૧ ) સ્થાનોમાં રહેલા ગ્રહો, જન્મ લગ્નથી પણ ઉપચય સ્થાનોમાં રહેલા ગ્રહો, અને જન્મ કુંડળીમાં પોતાની રાશિમાં રહેલા; ઉચ્ચ રાશિમાં રહેલા; અને મિત્રની રાશિમાં રહેલા પાપગ્રહો પણ યાત્રા લગ્નમાં રહ્યા હોય તો **તેઓ દરેક** ઘણા શુભ છે, જન્મ રાશિ અને જન્મ લગ્નના સ્વામીઓ કેન્દ્ર ( ૧, ૪, ૭, ૧૦ )માં હોય તો અતિ શભ છે, **શુભગ્રહ** લગ્નમાં હોય અને પોતાના **શત્રુગ્રહનો** વાર હોય તો ઇચ્છિત ફળ આપતો નથી, પાપ ગ્રહ લગ્નમાં હોય અને મિત્રગ્રહનો વાર હોય તો ઇચ્છિત ફળ આપેછે.૧૦

**त्र्यायार्यन्यगताः खलाः खइनजोऽब्जोऽन्त्याद्यषष्ठाष्टगो भूयः सोपचितोस्तखांबुसुतगः शुक्रोऽस्तइज्योमृतौ ॥ नष्टज्ञोव्ययगो ग्रहान्वितशशी यातुर्महाविघ्नदा अन्यस्थानगता जयार्थसुखदास्त्वाज्यं पुरोक्तं न चेत् ॥ ११ ॥**

**अन्वयः—त्र्यायार्यन्यगताः खलाः, खे इनजः, अंत्याद्यषष्ठाष्टगः अब्जः, भूयः अस्तखांबु सुतगः अपचितः ( सः अब्जः ), अस्ते शुक्रः, मृतौ इज्यः, व्ययगः नष्टज्ञः, ग्रहान्वितशशी, यातुः महाविघ्नदाः स्युः अन्यस्थानगताः संतः जयार्थसुखदाः स्युः पुरोक्तम् त्याज्यम् नचेत् ॥ ११ ॥**

**अन्वयार्थः—त्र्यायार्यन्यगताः** ( **त्रि ३ आय ११ अरि ६** ) ૩, ૬, ૧૧, એ શિવાયના સ્થાનોમાં રહેલા **खलाः** પાપગ્રહો, **खेइनजः** ૧૦ મે શનિ, **अंत्याद्यषष्ठाष्टगः ( अंत्य ११ आद्य १ षष्ठ ६ अष्ट ८ )** ૧૨, ૧,

૬, ૮ મે રહેલો **अब्जः** ચંદ્ર, **भूयः** ફરીથી **अस्तखांबुसुतगः** [ **अस्त ७ ख १० अंबु ४ सुत ५** ] ૭, ૧૦, ૪ ૫ મે રહેલો **अपचितः** ક્ષીણ દેહનો ( **सः अब्जः** ) તે ચંદ્ર, **अस्ते शुक्रः** ૭ મે રહેલો શુક્ર, **मृतौ ईज्यः** ૮ મે ગુરૂ, **व्ययगः** ૧૨ મે રહેલો **नष्टज्ञः** અસ્તનો બુધ, **ग्रहान्वितशशी** કોઈ પણ ગ્રહથી યુક્ત ચંદ્ર, **यातुः** પ્રયાણ કરનારને **महाविघ्नदाः स्युः** મહાવિઘ્ન દાયક છે, **अन्य स्थानगताः संतः** તે શિવાયના સ્થાનોમાં તે ગ્રહો હોય તો **जयार्थ सुखदाः** જય અર્થ અને સુખ આપે છે; **पुरोक्तम्** પ્રથમ કહેલું **त्याज्यम्** તજવા યોગ્ય **नचेत्** ન હોય તો ॥ ૧૧ ॥

**ભાવાર્થ**—૩, ૬, ૧૧ શિવાયના સ્થાનોમાં એટલે ૧, ૨, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨ એ સ્થાનોમાં પાપગ્રહો, ૧૦ મા સ્થાનમાં શનિ, ૧, ૬, ૮, ૧૨ એ સ્થાનોમાં ચંદ્રમા, ક્ષીણ ચંદ્રમા ૪, ૫, ૭, ૧૦ એ સ્થાનોમાં, શુક્ર ૭ મા સ્થાનમાં, ગુરૂ ૮ મે, અસ્તનો બુધ ૧૨ મા સ્થાનમાં અને ચંદ્રમા કોઈ પણ ગ્રહથી યુક્ત હોય તો એ દરેક **યાત્રા કરનારને મહા વિઘ્ન કરતા છે**, એ ગ્રહો તે કહેલા સ્થાનોથી અન્ય સ્થાનોમાં હોય તો **જય, અર્થ અને સુખ આપે** છે. પણ તે કયારે કે પ્રથમ તાજ્ય કરાવ્યા ન હોય તો. ॥ ૧૧ ॥

**स्वग्रामैकपुरात्मसद्मसु चतुर्वक्त्रे चतुःशालके तूद्वाहेषु वधूप्रवेशनृपभीदुर्भिक्षपीडासु च ॥ तीर्थस्वामिनिदेशयोर्भृगुवसिष्ठात्र्यंगिरःकाश्यपे भारद्वाजजवात्स्ययोर्हितकरंयानं सितज्ञोन्मुखम् ॥ १२ ॥**

**अन्वयः—स्वग्रामैकपुरात्मसद्मसु, चतुर्वक्त्रे, चतुः शालके, उद्वाहेषु, वधूप्रवेश, नृपभी, दुर्भिक्षपीडासु, तीर्थस्वामिनिदेशयोः, भृगुवसिष्ठात्र्यंगिरः काश्यपे भारद्वाजजवात्स्ययोः, सितज्ञोन्मुखम् यानम् हितकरं स्यात् ॥ १२ ॥**

अन्वयार्थः—**स्वग्रामः** પોતાના ગામમાં, **एकपुरम्** એક શહેરમાં **आत्मसद्मसु** પોતાના ઘરમાં, **चतुर्वक्त्रे** ચાર દ્વારવાળા ઘરમાં, **चतुः शालके** ચાર શાલાવાળા ઘરમાં, **उद्वाहेषु** વિવાહમાં, **वधूप्रवेश** વધુ પ્રવેશમાં **नृपभी** રાજ ભયમાં **दुर्भिक्षपीडासु** દુર્ભિક્ષ પીડામાં **तीर्थ** તીર્થમાં, **स्वामिनिदेशः** સ્વામીની આજ્ઞામાં, **भृगुः** ભૃગુ **वसिष्ठः** વસિષ્ઠ **अत्रिः** અત્રિ **अंगिरः** અંગિ-

રા **काश्यपे** કશ્યપ **भारद्वाजवात्स्ययोः** ભારદ્વાજ અને વાત્સ્ય ગોત્રવાળા-ઓને **सितज्ञोन्मुखम्** શુક્ર બુધ સન્મુખ **यानम्** પ્રયાણ **हितकरं स्यात्** હિતકારક છે. ॥ ૧૨ ॥

**ભાવાર્થ**—પોતાના ગામ પ્રવેશમાં, એકજ શહેરમાં, પોતાના ઘર પ્રવેશમાં, ચાર દ્વારવાળા ઘરમાં તથા ચાર શાલાવાલા ઘરમાં, લગ્ન અર્થે, પતિ સાથે વધુ પ્રવેશમાં, રાજાથી ભય થયો હોય તો, દુકાળ પડયો હોય તેવા સમયમાં, તિર્થમાં, માલીકની આજ્ઞાથી, તથા ભ્રગુ, વસિષ્ટ, અત્રિ, અંગિરા, કાશ્યપ, ભારદ્વાજ, અને વત્સ એ ગોત્રવાળા પુરૂષોએ **શુક્ર બુધની સન્મુખ પ્રયાણ કરવું શુભ છે..** ॥ ૧૨ ॥

**चंद्रे पूषभ मेषगे सति सितोऽधः स्यात्तदा संमुखंयानं सत्पर-पूर्वयोः सित विपर्या सात्सदाव श्यके ॥ राजा तर्पित वह्नि भू सु-र सुहृत्स्ने हानु वृत्ति त्यजन्तृप्तः कार्यमना व्रजेत्रि दिवसै रेकान्धि-षट् क्रोशकान् ॥ १३ ॥**

अन्वयः—**चंद्रे पूषभमेषगे सति सितः अंधः स्यात्, तदा सन्मुखम् यानम् सत् स्यात्, आवश्यके ( कार्ये सति ) सित विप-र्यासात् सदा पर पूर्वयोः ( यानं सत्स्यात् ), राजा तर्पित वन्हि भू-सुरः सुहृत् स्नेहानु वृत्तिम् त्यजन्मन तृप्तः कार्यमनाः त्रिदिवसैः एकाब्धि षट् क्रोशकान व्रजेत्. ॥ १३ ॥**

अन्वयार्थः—**चंद्रे** ચંદ્રમા **पूषभमेषगेसति** રેવતી નક્ષત્ર તથા મેષ રાશિનો હોય ત્યારે **सितः** શુક્ર **अंधः स्यात्** અંધ થાય છે, **तदा** ત્યારે **सन्मुखम्** સન્મુખ **यानम्** પ્રયાણ **सत्स्यात्** શુભ છે **आवश्यके [कार्येसति]** અવશ્ય કાર્યમાં **सित** શુક્રના **विपर्यासात्** વિપરીત મુખથી **सदा** હમેશાં **परपूर्वयोः** પશ્ચિમ ને પૂર્વમાં ( **यानंसत्स्यात्** ) પ્રયાણ શુભ છે, **राजा** રા-જાએ **तर्पितवन्हिभूसुरसुहृत** અગ્નિ, બ્રાહ્મણ, અને સ્ત્રીપુત્રાદિને તૃપ્ત કરી **स्नेहानुवृत्तिम्** સ્નેહપ્રવૃત્તિઓને **त्यजन् सन्** ત્યાગ કરી **तृप्तः** ભોજન કરી **कार्यमनाः** કાર્ય મનમાં વિચારી **त्रिदिवसैः** ત્રણ દિવસોમાં ( અનુક્રમે ) **एकाब्धिषट्क्रोशकान्** ૧, ૪, ૬ કોસ **व्रजेत्** જવું. ॥ ૧૩ ॥

**ભાવાર્થ**—ચંદ્રમા, રેવતી નક્ષત્રનો હોય અથવા મેષનો હોય ત્યારે

**શુદ્ર આંધળો** થાય છે, તેથી તે વખતે શુક્રના **સન્મુખ જવાનો દોષ નથી**, તેમજ **અવશ્ય કાર્ય હોય તો**, જો પશ્ચિમમાં શુક્ર સામો હોય પરતુ તે પૂર્વ [1]કપાલમાં આવ્યા પછી પશ્ચિમમાં જવાનો, અને પૂર્વમાં સન્મુખ હોય, પરંતુ તે પશ્ચિમ કપાલમાં આવ્યા પછી પૂર્વમાં જવાનો દોષ નથી.

**રાજાએ**, ભોજન કરી, પોતાનું કાર્ય મનમાં વિચારી, અગ્નિમાં હોમ કરી, બ્રાહ્મણોને ભોજન કરાવી તથા દક્ષિણા આપી, અને સ્ત્રીપુત્રાદિને વસ્ત્રાલંકારથી તૃપ્ત કરી, પહેલે દિવસ ૧ [2]કોસ બીજે દિવસ ૪ કોસ, અને ત્રીજે દિવસ ૬ કોસ જવું, તે પછી પોતાની ઇચ્છા મુજબ જવું. પ્રયાણમાં નિકળ્યા પછી પુત્રાદિકનો સ્નેહ મનમાં લાવવો નહિ. અર્થાત્ પુત્રાદિના સ્નેહથી પાછું ઘેર આવવું નહિ. ॥ ૧૩ ॥

**क्रोधक्षौररतिश्रमामिषगुडद्यूताश्रुदुग्धासवक्षाराभ्यंगभया सितांबरवमिस्तैलं कटूज्झेद्गमे ॥ क्षीरक्षौररतीः क्रमात्त्रिशरसप्ताहं परं तद्दिने रोगंछर्यार्तवकं सितान्यतिलकं प्रस्थानकेऽपीति च ॥ १४ ॥**

अन्वयः—**गमे क्रोधक्षौररतिश्रमामिषगुडद्युताश्रुदुग्धासवक्षाराभ्यंगभया सितांबरवमिः तैलम् कटु उज्झेत्, ( गमे कर्तव्ये सति ) पूर्वम् क्षीरं क्षौररतीः क्रमात् त्रिशरसप्ताहम्, परम् तद्दिने (उज्झेत्), रोगम् छर्यार्तवकम् सितान्यतिलकम् ( उज्झेत् ), प्रस्थानके अपि इति ( क्रोधादिकं उज्झेत् ) ॥ १४ ॥**

अन्वयार्थः—**गमे** પ્રયાણ સમયે **क्रोधः** ક્રોધ **क्षौरम्** ક્ષૌર **रतिः** મૈથુન **श्रमः** કલેશ **आमिषम्** માંસ **गुडः** ગુડ **द्युतम** જુગાર **अश्रु** રડવું **दुग्धम्** દુધ **आसवः** દારૂ **क्षारम्** માખાદિ **अभ्यंगः** તૈલાભ્યંગ **भयम** ભય **असितांबरम** શ્વેતવિનાનાં વસ્ત્ર **वमिः** વમન **तैलम्** તેલ **कटु** મરિચાદિ **उज्झेत्** ત્યાગ કરવાં, ( **गमे कर्तव्येसति** ) **पूर्वम्** પ્રયાણ કરવું હોય તે પહેલાં

---

૧ કપાલ સૂર્ય અને શુક્રના અંતર ઉપરથી જાણી લેવું.

૨–૨૪ આંગળનો એક હાથ, એવા ૪ હાથનો ૧ દંડ, એવા બે હજાર દંડનો ૧ કોસ.

क्षीरम् દુધ क्षौरम् ક્ષૌર रतिम મૈથુન क्रमात् અનુક્રમથી त्रिशर सप्ताहम् ૩, ૫, ૭ દિવસથી ( અને ) परम બાકીનાં तद्दिने તે દિવસે ( उज्झेत् ) ત્યાગ કરવાં, रोगम વ્યાધી ऋतार्तवकम् બીજદાન પર્યંત सितान्यति लकम् શ્વેત વગરનું તિલક ( उज्झेत् ) ત્યાગ કરવું, प्रस्थानके अपि પ્રસ્થાનમાં પણ इति એ પ્રકારે ( ( क्रोधादिकं उज्झेत् ) ક્રોધાદિક ત્યાગ કરવાં. ॥ ૧૪ ॥

ભાવાર્થ—ક્રોધ, હજામત, સ્ત્રીસંગ, કલેશ, માંસ, ગોળ, જુગાર, રડવું, દુધ, દારૂ, અડદ આદિ અનાજ, તેલથી નહાવું, ભય ( શંકા, શત્રુનો ભય વિગેરે ), સફેદ વિનાનાં વસ્ત્ર ( લાલ કાળાં વિગેરે ), વમન ( ઉલટી ), તેલ, મરચાં આદિ, **એ સર્વેનો પ્રયાણ સમયે ત્યાગ કરવો. તેનો નિયમ**—જે દિવસે પ્રયાણ કરવું છે તે દિવસથી પહેલાં ૩ દિવસ સુધી દુધ પીવું નહિ, પહેલા ૫ દિવસ સુધી હજામત કરાવવી નહિ પહેલા ૭ દિવસ સુધી સ્ત્રીસંગ ન કરવો, બાકીની બાબતોનો પ્રયાણ કરવું છે તે દિવસે ત્યાગ કરવો. જ્યાં સુધી રોગ હોય ત્યાં સુધી પ્રયાણ કરવું નહિ સ્ત્રી રજસ્વલા હોય તો બીજદાન પર્યંત પ્રયાણ કરવું નહિ શ્વેતવિના રાતુ પીળુ વીગેરે તિલક એ દિવસ કરવું નહિ, તેમજ ***પ્રસ્થાનમાં** પણ તેજ પ્રમાણે તે **સર્વેનો ત્યાગ** કરવો. ॥ ૧૪ ॥

**वस्त्रालंकरणानि पूर्णकलसस्तौर्यध्वनिः पुत्रवाञ्छंखादर्शनृपाश्वद्न्तिसुरभिस्त्रीपुष्पधान्यादि च ॥ दोलादीपविधूमवह्निसुरभिद्रव्याणि शुभ्रो वृषो वेश्याछत्रवितानचामरकुमार्यो मीनगोरोचने ॥ १५ ॥**

अन्वयः—**वस्त्रालंकरणानि पूर्णकलशः तौर्यध्वनिः पुत्रवान् शंखा**

---

* પોતાને ઇચ્છીત વસ્તુ ×અન્ય સ્થલે મુકવી તેનું નામ **પ્રસ્થાન** છે. પ્રસ્થાન કર્યા પછી **સમ્રાટ** રાજાએ ૧૦, **માંડળીક** રાજાએ ૭, **અને સામાન્ય મનુષ્યોએ** ૫ દીવસથી વધારે રહેવું નહિ. **અને** તે દિવસોની **અંદર** મહાદોષવાળો દિવસ ત્યાગ કરી જવું.

× **गृहाद्गृहान्तरंगर्ग आह सीमान्तरंभृगुः ॥ शरक्षेपाद्भरद्वाजो वसिष्ठोनगराद्बहिः ॥ १ ॥ ભાવાર્થ—ગર્ગ**—પોતાના ઘરથી બીજે ઘેર **ભૃગુ** ગામનો સીમાડો પુરો થાય ત્યાં, **ભરદ્વાજ**—તીર ફેંકેલું જ્યાં પડે ત્યાં **અને વસિષ્ઠ**—નગરની બહાર **પ્રસ્થાન** કરવાનું **કહે છે.**

**दर्श नृपाश्वदंतिसुरभि स्त्रीपुष्पधान्यादि दोलादीपविधूमवन्हिसुरभिद्रव्याणि शुभ्रः वृषः वेश्याछत्रवितान चामर कुमार्यः मीनगोरोचने १५**

अन्वयार्थः—**वस्त्रम्** શ્વેત વસ્ત્ર **अलंकरणानि** સુવર્ણાદિ આભૂષણ **पूर्णकलशः** પૂર્ણ કલશ **तौर्यध्वनिः** વાદ્યધ્વનિ **पुत्रवान्** પુત્રવાળો પુરૂષ **शंखः** શંખ **आदर्शः** કાચ **नृपः** રાજા **अश्व** ઘોડો **दंतीः** હાથી **सुरभिः** ગાય **स्त्री** સૌભાગ્યવતી સ્ત્રી **पुष्पम्** શ્વેત પુષ્પ **धान्यादि** કૃષ્ણ રહિત ધાન્ય અને સોનાદિ ધાતુ **दोला** પારણું **दीपः** દીવો **विधूमवन्हिः** ધુમ રહિત અગ્નિ **सुरभिद्रव्याणि** સુગંધી પદાર્થ **शुभ्रः वृषः** શ્વેત બળદ **वेश्या** વેશ્યા **छत्रम्** છત્ર **वितानम्** વિતાન **चामरम्** ચામર **कुमार्यः** કુવારી કન્યા **मीनः** મત્સ્ય **गोरोचने** ગોરોચન. ॥ १५ ॥

**ભાવાર્થ—શકુનો બાબત**—સફેદ વસ્ત્ર, સુવર્ણાદિ આભૂષણ, પૂર્ણ કલશ (ભરેલો ઘડો) વાજીંત્રનો અવાજ, પુત્રવાળો પુરૂષ. શંખ, કાચ, રાજા, ઘોડો, હાથી, ગાય, સૌભાગ્યવતી સ્ત્રી, સફેદ પુષ્પ, કાળા અનાજ વગર કોઇ પણ અનાજ અને સોનાદિ ધાતુ. પારણુ, દીવા, ધુમાડા વગરનો અગ્નિ ( દેવતા ), સુગંધી વસ્તુ, ધોળો બળદ, વેશ્યા, છત્ર, વિતાન (ચંદરવો–ઉલેચ ), ચામર, કુવારી કન્યા, મત્સ્ય ( માછલાં ), ગોરોચન અને ॥ १५ ॥

**यद्यत्स्वांतनितांततोषकरणं कोरुद्धृतं गोमयं मृच्चांभोर्थघटान्वितः सहचरो धौतांबरो मौत्रकः ॥ दूर्वादर्भरथाः पलास्रमदिरा वर्णी गुरुर्दैवविद्विप्रौ मित्रमृगावरोदनशवं सिद्धार्थदुग्धादि च ॥ १६ ॥**

अन्वयः—**यद्यत् स्वांतनितांततोषकरणम् ( तत्तत् ), कोः उद्धृतंगोमयंचमृत् अंभोर्थघटान्वितः सहचरः धौतांबरः मौत्रकः दूर्वादर्भरथाः पलास्रमदिराः वर्णी गुरुः दैववित् विप्रौ मित्रमृगौ अरोदन शवम् सिद्धार्थदुग्धादि ॥ १६ ॥**

अन्वयार्थः—**यद्यत्** જે જે વસ્તુ **स्वांतनितांततोषकरणम्** પોતાના અંતઃકરણને ઘણો સંતોષ કરતી હોય ( **तत्तत्** ) તે તે વસ્તુ, **कोः उद्धृतम्** જમીન પરથી લીધેલું **गोमयम्** ગોમય **च** અને **मृत्** માટી, **अंभोर्थघटान्वितः** પાણી ભરવા માટે ઘડો લઈ **सहचरः** સાથે ચાલનાર **धौतांबरः**

ધોએલાં વસ્ત્રવાળો **मैत्रकः** ધોબી, **दूर्वा** દૂર્વા **दर्भ** દર્ભ **रथः** રથ **पलम्** માંસ **अस्रम्** રૂધિર **मदिरा** મદિરા **वर्णी** બ્રહ્મચારી **गुरुः** ગુરૂ **दैववित्** જ્યોતિષી **विप्रौ** બે બ્રાહ્મણ **मित्रम्** મિત્ર **मृगः** મૃગ **अरोदनशवम्** રૂદન રહિત મડદુ **सिद्धार्थाः** ગૌર સર્ષપ **दुग्धादि** દુધ આદિક, ॥ ૧૬ ॥

**ભાવાર્થ**—જે જે વસ્તુ પોતાના અંતઃકરણને ઘણો સંતોષ કરતી હોય તે તે વસ્તુ, જમીન ઉપરથી લીધેલું ગોમય ( છાણ ). જમીન પરથી લીધેલી માટી, પાણી ભરવા માટે ઘડો લઇ સાથે ચાલનાર, ધોએલાં વસ્ત્ર વાળો ધોબી, દૂર્વા, દર્ભ, રથ, માંસ, રૂધિર ( લોહી ), મદિરા ( દારૂ ), બ્રહ્મચારી, ગુરૂ, જ્યોતિષી, બે બ્રાહ્મણ, મિત્ર, મૃગ, રૂદન વગરનું મડદુ, ગૌરસર્ષપ ( પીળા સરશવ ), દુધ, દહી, ઘી. ॥ ૧૬ ॥

**कुर्वन्दक्षिणतः सदेतदितरद्वामे प्रकुर्वन्व्रजेद्भस्मास्थींधनविट्तुषाऽश्मलवणोपानत्तृणायस्कराः॥ पिण्याकौषधकृष्णधान्यरुदनं तक्रं सधूमानलः कार्पासारुणपुष्पचर्म च गुडस्तैलायसी कर्दमः ॥ १७ ॥**

अन्वयः—**एतत् सत् दक्षिणतः कुर्वन् सन् व्रजेत्, इतरत् वामे प्रकुर्वन् सन् व्रजेत्, भस्मास्थींधनविट् तुषाऽश्मलवणोपानत्तृणायस्कराः पिण्याकौषधकृष्णधान्यरुदनम् तक्रम् सधूमानलः कार्पासारुणपुष्पचर्म च गुडः तैलायसी कर्दमः ॥ १७ ॥**

अन्वयार्थः—**एतत्सत्** એ સર્વે શુભ શકુનો **दक्षिणतः** જમણી તરફ **कुर्वन्सन्** લઇને **व्रजेत्** જવું, **इतरत्** અશુભ શકુનો **वामे** વામ ભાગમાં **कुर्वन्सन्** લઇને **व्रजेत्** જવું. **भस्म** ભસ્મ **अस्थि** હાડકાં **इंधनम्** લાકડાં **विट्** વિષ્ટા **तुषम्** ફોતરાં **अश्मा** પત્થર **लवणम्** મીઠું **उपानत्** ઉપાનહ **तृणम्** ઘાસ **अयस्करः** લુહાર **पिण्याकम्** ખાંડેલા તલ **औषधम्** ઔષધ **कृष्णधान्यम्** કાળુ અનાજ **रुदनम्** રૂદન **तक्रम्** છાશ **सधूमानलः** ધૂમાડા વાળો અગ્નિ **कार्पासः** કપાસ **अरुणपुष्पम्** લાલ પુષ્પ **चर्म** ચામડુ **च** અને **गुडः** ગુડ **तैलम्** તેલ **अयस्** લોઢું **कर्दमः** કાદવ. ॥ ૧૭ ॥

**ભાવાર્થ**—એ સર્વે શુભ શકુનોને જમણા ભાગમાં લેઇને જવું અને અશુભ શકુનોને ડાબા ભાગમાં લેઇને જવું. **અશુભ શકુનો**—ભસ્મ, હાડકાં, લાકડાં-છાણાં, વિષ્ટા. ફોતરાં, પત્થર, મીઠું, ઉપાનહ ( ખાસડાં) ઘાસ, લુહાર, ખાંડેલા તલ, ઔષધ, કાળુ અનાજ, રૂદન, છાશ, ધુમાડા

વાળો અગ્નિ, કપાસ, લાલ પુષ્પ, ચામડુ, ગોળ, તેલ, લોઢું કાદવ, અને—॥ ૧૭ ॥

**मत्तोवांतबुभुक्षितांतकखला मुंडी जटी व्याधितः खंजव्यंगदिगंबरा यतिररिः काषायिमुक्तालकौ ॥ चौराभ्यक्तमलाविलाश्च पतितः पाश्यर्गली गुर्विणी वंध्या कृष्णवृषाहिभेकसरठा गोधा वराहः शशः॥१८**

**अन्वयः—मत्तः वांतबुभुक्षितांतकखलाः मुंडी जटी व्याधितः खंजव्यंगदिगंबराः यतिः अरिः काषायिमूक्तालकौ चौराभ्यक्तमलाविलाः पाशी अर्गली गुर्विणी वंध्या कृष्णवृषाहिभेकसरठाः गोधा वराहः शशः ॥ १८ ॥**

अन्वयार्थः—**मत्तः** ઉન્મત્ત **वांतः** ઉલટી **बुभुक्षितः** ભુખ્યો પ્રાણી **अंतकः** પ્રાણિહિંસક **खलः** દુર્જન **मुंडी** મુણ્ડી **जटी** જટા વાળો **व्याधितः** રોગી **खंजः** લંગડો **व्यंगः** અંગહીન **दिगंबरः** નગ્ન **यतिः** સંન્યાસી **अरिः** શત્રુ **काषायी** ગેરૂથી રંગેલા વસ્ત્ર વાળો **मूक्तालकः** મુક્ત કેશ **चौरः** ચોર **अभ्यक्तः** તૈલાભ્યક્ત **मलाविलः** મલિન **पतितः** જાતિભ્રષ્ટ **पाशी** પાશવાળો **अर्गली** બેડીવાળો **गुर्विणी** ગર્ભિણી **वंध्या** વંધ્યા **कृष्णवृषः** કાળો બળદ **अहिः** સર્પ **भेकः** મંડુક **सरठः** કાચીંડો **गोधा** ગોધા **वराहः** વરાહ **शशः** સસલું. ॥ ૧૮ ॥

**ભાવાર્થ**—ઉન્મત્ત, ઉલટી કરનાર, ભુખ્યો પ્રાણી, જીવહિંસા કરનાર, દુર્જન, મુંડી ( મુંડેલો ), જટાવાળો, રોગી, લંગડો, અંગહીન, નગ્ન, સન્યાસી, શત્રુ, ગેરૂથી રંગેલા વસ્ત્રવાળો, છુટા કેશવાળો, ચોર, તેલ ચોળેલો, મલિન, જાતિભ્રષ્ટ, પાશવાળો ( પ્રાણીને બંધનમાં નાખનાર ) બેડીવાળો, ગર્ભિણી, વંધ્યા સ્ત્રી, કાળો બળદ, સર્પ, દેડકું, કાચીંડો, ગોધા ( એક જાતનું મોટું માછલું ), વરાહ ( સુવર ), સસલુ અને—॥ ૧૮ ॥

**जाहौतू महिषः खरोष्ट्रमहिषारूढाश्च रिक्तो घटश्छिक्का प्राणिशिरोऽगर्कपपदवीबंधाः कुवागाहवौ ॥ पातो यानपलायनं श्वरुळहः षंढः क्षुतं गोऽर्वल द्वेषमेति प्रतिबंधकाः कुशकुनाश्छिक्कादिका दुस्सुदाः ॥ १९ ॥**

अन्वयः—जाहौतू महिषः खरोष्ट्र महिषारूढाः च रिक्तः घटः छिकाप्राणिशिरोंगकंपपद्वीबंधाः कुवागाहवौ पातः यानपलायनम् श्व कलहः षंढः गोः क्षुतम् ज्वलद्गेहम इति कुशकुनाः प्रतिबंधकाः स्युः, छिकादिकाः ( कुश कुनाः ) मृत्युदाः स्युः ॥ १९ ॥

अन्वयार्थः-जाहः ગાત્ર સંકોચ કરનાર ओतुः માર્જાર महिषः પાડો खरोष्ट्रमहिषारूढाः ગધેડા, ઊંટ, તથા પાડાના વાહનવાળો, च અને रिक्तः घटः ખાલી ઘડો छिका છીંક प्राणिशिरोंग कंपः મસ્તક કે અંગ કંપાવનાર પ્રાણી पद्वीबंधः માર્ગબંધ कुवाक् દુષ્ટ શબ્દ आहवः સંગ્રામ पातः વસ્ત્રાદિનું પડવું यानपलायनम् અશ્વાદિ વાહનનું નાસી જવું श्वकलहः શ્વાનનો કલેશ षंढः નપુંસક गोः क्षुतम् ગાયની છિંક ज्वलद्गेहम બળતું ઘર इति એ कुशकुनाः અપશકુનો प्रतिबंधकाः स्युः કાર્યનો પ્રતિબંધ કરે છે. छिकादिकाः ( कुशकुनाः ) છીંક આદિ અપશકુનો मृत्युदाःस्युः મરણ કરે છે. ॥ ૨૯ ॥

ભાવાર્થ—અંગ સંકોચ કરનાર, બિલાડી, પાડો, ગધેડા-ઊંટ તથા પાડાના વાહનવાળો, ખાલી ઘડો, છીંક, મસ્તક કે અંગ કંપાવનાર અશ્વાદિ પ્રાણી, માર્ગ*બંધ ખરાબ શબ્દોનું સાંભળવું, સંગ્રામ ( બિલાડા-પાડાદિકની લડાઇ ), કપડાં વિગેરેનું પડવું, પ્રયાણને માટે તૈયાર કરેલા અશ્વાદિ વાહનનું નાસી જવું. કૂતરાઓનું લડવું. નપુંસક, ગાયની છીંક, બળતું ઘર, ઇત્યાદિ અપશકુનો પ્રયાણ કરનારના કાર્યનો પ્રતિબંધ ( વિલંબ ) કરે છે, તેમાં પણ છીંક આદિ અપશકુનો મરણ કરે છે. ॥ ૧૯ ॥

भृंगाल्युष्ट्रपठच्छुकाश्च नखिनः स्त्रीसंज्ञका वामतः काली कुक्कुटपुंमथाश्च सुरभिर्दक्षे मनोभीष्टदाः ॥ भारद्वाजशिखंडिचापनकुला हंसोऽज एते दशंयाता इष्टफलारदुरासभरवोवामेऽपिपृष्ठेऽर्थदः॥ २० ॥

अन्वयः—भृंगाल्युष्ट्रपठच्छुकाः नखिनः स्त्री संज्ञकाः इमे वामतः, कालीकुक्कुट पुंःथाः सुरभिः एते दक्षे मनो भीष्टदाः स्युः, भारद्वाज

* કરોળીઆ વિગેરે જન્તુઓએ જાળ દેલાવેલો રસ્તો.

**शिखंडि चाषन कुलाः हंसः अजः एते हशंयाताः संतःइष्ट फलाः स्युः, रासभरवः वामे पृष्ठेपि अर्थदः स्यात् ॥ २० ॥**

अन्वयार्थः--भृंगः ભ્રમર **अलिः** વિંછી **उष्ट्रः** ઉંટ **पठच्छुकः** શબ્દ કરતો રાજશુક **नखिनः** કુતરાં આદિ નખવાળાં પ્રાણીઓ **स्त्रीसंज्ञकाः** ચકલી આદિ સ્ત્રી જાતિનાં પક્ષીઓ **इमे** એ **वामतः** ડાબી બાજુ **च** અને **काली** ભેંસ **कुक्कुटः** કુકડો **पुंप्रथाः** પુરૂષ જાતિના કાગડા આદિ પક્ષિઓ **सुरभिः** ગાય **एते** એ **दक्षे** જમણી બાજુ **मनोभीष्टदाः स्युः** મનનું ઈચ્છિત ફળ આપે છે. **भारद्वाजः** ભારદ્વાજ **शिखंडी** મોર **चाष** ચાષ **नकुलः** નોળીઓ **हंसः** હંસ **अजः** બકરો **एते** એ સર્વ **हशंयाताः संतः** દ્રષ્ટિએ પડે તો **इष्टफलाः स्युः** ધારેલા કામની સિદ્ધિ કરે છે, **रासभरवः** ગધેડાનો શબ્દ **वामे** વામ ભાગમાં અને **पृष्टेपि** પાછળ પણ **अर्थदः स्यात्** કામની સિદ્ધિ કરે છે. ॥ ૨૦ ॥

**ભાવાર્થ**—ભમરો, વિંછી, ઉંટ, શબ્દ કરતો પોપટ, કૂતરાં આદિ નખવાળાં પ્રાણીઓ, ચકલી આદિ સ્ત્રી જાતિનાં પક્ષિઓ એ શુકનો ડાબી બાજુ અને ભેંસ, કુકડો, કાગડા આદિ પુરૂષ જાતિનાં પક્ષિઓ, ગાય એ શુકનો જમણી બાજુ મનનું ધારેલું ફળ આપે છે. ભારદ્વાજપક્ષી, મોર, ચાષપક્ષી, નોળીઓ, હંસ, બકરો એ શુકનો નજરે પડે તો ઇચ્છિત ફળ આપે છે, અર્થાત્ ડાબી બાજુ, જમણી બાજુ, આગળ કે પાછળ કોઇ પણ ઠેકાણે માત્ર જોવામાં આવે તો શુભ છે. ગધેડાનો અવાજ ડાબી બાજુ તેમ પાછળ પણ કામની સિદ્ધિ કરે છે. ॥ ૨૦ ॥

**नद्युत्तारभयप्रवेशसमरद्यूतेषु नष्टेक्षणे व्याधौ स्युः शुभदा विलोमशकुना नाड्या इडाया भरे ॥ आद्ये दुःशकुने निवृत्य च शुचिर्भूत्वाष्टधाऽस्वायमं कृत्वेयादपरेऽष्टिवारमपरे दत्त्वा सुवर्णं व्रजेत्॥२१॥**

**इति मुहूर्तमार्तंडे यात्राप्रकरणम् ॥ ७ ॥**

**अन्वयः—नद्युत्तारभयप्रवेश समर द्यूतेषु नष्टेक्षणे व्याधौ च इडायानाड्याः भरेसति विलोम शकुनाः शुभदाः स्युः, आद्ये दुः शकुने सति निवृत्य शुचिः भूत्वा अष्टधा अस्वायमम् कृत्वा इयात् अपरे (दुः शकुने सति निवृत्य शुचिः भूत्वा अष्टिवारम् ( अस्वायम् कृत्वा इयात् ), अपरे (दुः शकुने सति निवृत्य) सुवर्णम् दत्त्वा व्रजेत्॥२१॥**

**अन्वयार्थः—नद्युत्तारः** નદીમાં ઉતરવું **भयम्** રાજ ભય **प्रवेशः** ગ્રામાદિ પ્રવેશ **समरः** સંગ્રામ **द्यूतम्** જુગાર **एषु** એમાં **नष्टेक्षणे** નષ્ટ વસ્તુ જોવામાં **व्याधौ** રોગોપચારમાં **च** અને **इडाया नाड्याः** ચન્દ્ર નાડીની **भरेसति** પૂર્ણતા હોય ત્યારે **विलोमशकुनाः** વિપરીત શુકનો **शुभदाः स्युः** શુભફળ આપનારા છે. **आद्ये** પહેલીવાર **दुःशकुनेसति** દુષ્ટ શુકન થાય તો **निवृत्य** પાછા આવી **शुचिः भूत्वा** પવિત્ર થઈ **अष्टधा** આઠવાર **अस्वायमम्** પ્રાણાયામ **कृत्वा** કરી **इयात्** જવું, **अपरे** બીજીવાર ( **दुःशकुनेसति** ) દુષ્ટ શુકન થાય તો ( **निवृत्य** ) પાછા આવી ( **शुचिः भूत्वा** ) પવિત્ર થઈ ( **अष्टिवारम्** ) સોળવાર ( **अस्वायमम्** ) પ્રાણાયામ ( **कृत्वा** ) કરી ( **इयात्** ] જવું, **अपरे** ત્રીજીવાર ( **दुःशकुनेसति** ) દુષ્ટ શુકન થાય તો **निवृत्य** પાછા આવી **सुवर्णम्** સોનું **दत्वा** આપી **व्रजेत्** જવું. ॥૨૧॥

**ભાવાર્થ**—નદી ઊતરવામાં, રાજ ભયમાં, ગામાદિકના પ્રવેશમાં, સંગ્રામમાં, જુગારમાં, ગએલી વસ્તુને જોવામાં, રોગોપચારમાં, અને ચંદ્ર* નાડીની પૂર્ણતામાં **વિપરીત શુકનો શુભ છે.** અર્થાત્ અહિં શુભ શુકન અશુભ અને અશુભ શુકન શુભ જાણવા. **પ્રયાણમાં** પહેલીવાર **અપશુકન થાયતો** પાછા આવી પવિત્ર થઈ આચમન કરી ૮ પ્રાણાયામ કરીને જવું, **બીજીવાર** અપશુકન થાય તો પાછા આવી પવિત્ર થઈ આચમન કરી ૧૬ પ્રાણાયામ કરીને જવું. **ત્રીજીવાર** અપશુકન થાય તો સોનાનું દાન આપીને જવું. આ બાબત અવશ્ય ગમન માટે છે. ૨૧

**इति श्रीमच्छगनात्मज गिरिजाशंकर विरचितायां मुहूर्त मार्तण्डस्य गुर्जर टीकायां यात्रा प्रकरणम् ॥ ७ ॥**

# अथ मिश्रप्रकरणम् ॥ ८ ॥

**जन्मांगर्क्षदशेशसद्ग्रहकुजैः सार्कैर्बलिष्ठैर्मृदुक्षिप्रेंद्रध्रुवभैः स्थिरर्द्धिनृतनौ व्यारान्हि भूपस्थितिः ॥ स्वस्वर्क्षैः समृदुध्रुवर्क्षचरभ क्षिप्रैः सुरस्थापनं प्रोचुर्माघ युगे च राध युगले व्यारान्हि पूर्वाह्नके॥१॥**

**अन्वयः—जन्मांगर्क्षदशेश सद्ग्रह कुजैः सार्कैः बलिष्ठैः मृदु-**

* ડાબા નસકોરાનો સ્વર.

क्षिप्रेंद्र ध्रुवभैः स्थिरर्द्धिनृतनौ व्याराह्नि भूपस्थितिः (शुभा स्यात्), स्वस्वर्क्षैः समृदुध्रुवर्क्षचर भक्षिप्रैः माघयुगे राधयुगले व्याराह्नि पूर्वाह्णके आचार्याः सुरस्थापनम् प्रोचुः ॥ १ ॥

अन्वयार्थः—**जन्मांगर्क्षदशेश** જન્મ લગ્ન, રાશિ અને વર્તમાન દશાના સ્વામિઓ **सद्ग्रह** શુભગ્રહ **कुजः** મંગળ **तैः** તેઓ **सार्कैः** રવિ સહિત **बलिष्ठैः** બલવાન્ હોય **मृदु** મૃદુ **क्षिप्र** ક્ષિપ્ર **इन्द्र** જયેષ્ઠા **ध्रुवभैः** ધ્રુવ નક્ષત્રોમાં **स्थिरर्द्धिनृतनौ** ઉપચયવાલા સ્થિર પુરૂષ લગ્નમાં **व्याराह्नि** મંગળ વાર રહિત દિવસોમાં **भूपस्थितिः** રાજ્ય પ્રતિષ્ઠા ( **शुभा स्यात्** ) શુભ છે **स्वस्वर्क्षैः** પોતપોતાના નક્ષત્રો ( અને ) **समृदु** મૃદુ સહિત **ध्रुवर्क्ष** ધ્રુવ નક્ષત્ર **चरभ** ચર નક્ષત્ર **क्षिप्रैः** ક્ષિપ્ર એ નક્ષત્રોમાં **माघयुगे** માઘ, ફાગણ **च** અને **राधयुगले** વૈશાખ જેઠમાં **व्याराह्नि** મંગળ રહિત દિવસમાં **पूर्वाह्णके** પૂર્વાન્હમાં **आचार्याः** આચાર્યો **सुरस्थापनम** દેવ પ્રતિષ્ઠા **प्रोचुः** કહે છે. ॥ ૧ ॥

**ભાવાર્થ—રાજ્યાભિષેકનું મુહૂર્ત**—જન્મલગ્નનો, જન્મરાશિનો, અને વર્તમાન દશાનો સ્વામી, શુભગ્રહ, મંગળ, અને સૂર્ય એ સર્વે બળવાન્ હોય, મૃદુ ક્ષિપ્ર જયેષ્ઠા તથા ધ્રુવ એ નક્ષત્રો હોય, તેમજ જન્મ રાશિ તથા જન્મ લગ્નથી ઉપચયવાળુ સ્થિર પુરૂષ લગ્ન હોય, અને મંગળવાર ન હોય ત્યારે **રાજ્યાભિષેક** કરવો શુભ છે. **દેવ સ્થાપનનું મુહૂર્ત** જે દેવની પ્રતિષ્ઠા કરવી હોય તે દેવનાં નક્ષત્ર, તેમજ *મૃદુ, ધ્રુવ, ચર, ક્ષિપ્ર, એ નક્ષત્ર, અને માઘ, ફાગણ, વૈશાખ, જેઠ, એ માસ તથા પૂર્વાન્હકાલ અને મંગળ શિવાયના વાર **દેવપ્રતિષ્ઠા**માં શુભ છે.

धार्यं वस्वदितीनपंचगुरुभाश्व्यंत्यध्रुवैर्ज्ञत्रये ज्ञोने क्षाल्यमिहाखुभक्षितमसन्मध्यत्रिभागेऽम्बरम् ॥ स्त्रीरक्तांबरभूषणेऽत्र बिभृयाद्द्वयादित्यपुष्यध्रुवे श्वेतेज्जोरुणरुक्मयोः कुजरवी कृष्णे शनिः शस्यते॥२॥

अन्वयः—**वस्वदितीनपंचगुरुभाश्व्यंत्यध्रुवैः ज्ञत्रये अम्बरम् धार्यम्, ज्ञोने इह अम्बरम् क्षाल्यम्, मध्यत्रिभागे आखु-**

---

* એ સર્વે નક્ષત્રો ૧૦ મે પાને છે.

**भक्षितम् अम्बरम् असत्स्यात्, न्यादित्यपुष्यध्रुवे अत्र स्त्री रक्ताम्बर भूषणे विभूयात्, श्वेते अब्जः शस्यते, कुजरवी अरुणरुक्मयोः शस्येते, कृष्णे शनिः शस्यते ॥ २ ॥**

अन्वयार्थः—**वसुः** ધનિષ્ઠા **अदितिः** પુનર્વસુ **इनपंचकम्** હસ્તથી પાંચ **गुरुभम्** પુષ્ય **अश्विः** અશ્વિની **अन्त्यम्** રેવતી **ध्रुवैः** ધ્રુવ એ નક્ષત્રોમાં **ज्ञत्रये** બુધથી ત્રણવારમાં **अम्बरम्** વસ્ત્ર **धार्यम्** ધારણ કરવું, **ज्ञोने** બુધવાર વિના **इह** વસ્ત્ર ધારણમાં કહેલા નક્ષત્રાદિમાં **अम्बरम्** વસ્ત્ર **क्षाल्यम्** ધોવું, **मध्यत्रिभागे** મધ્ય ત્રણ ભાગમાં **आखुभक्षितम्** ઉંદરે કરડેલું **अम्बरम्** વસ્ત્ર **असत्स्यात्** દુષ્ટ ફળ આપનાર છે, **न्यादित्यपुष्यध्रुवे** હસ્ત, પુષ્ય, ને ધ્રુવ તે શિવાયના **अत्र** વસ્ત્ર ધારણમાં કહેલા નક્ષત્રાદિકમાં **स्त्रीरक्ताम्बर भूषणे** સ્ત્રીને રાતું વસ્ત્ર અને સુવર્ણાદિ ભૂષણ **विभूयात्** ધારણ કરવું, **श्वेते** શ્વેત વસ્તુ ધારણ કરવામાં **अब्जः** સોમવાર **शस्यते** શભ છે, **कुजरवी** મંગળવાર અને રવિવાર **अरुणरुक्मयोः** લાલ અને પીળી વસ્તુ ધારણ કરવામાં **शस्येते** શુભ છે, **कृष्णेः** કાળી વસ્તુ ધારણ કરવામાં **शनिः** શનિવાર **शस्यते** શુભ છે. ॥ ૨ ॥

**ભાવાર્થ**—ધનિષ્ઠા, પુનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, અનુરાધા, પુષ્ય, અશ્વિની, રેવતી, રોહિણી, ત્રણઉત્તરા, એ નક્ષત્રોમાં અને બુધ, ગુરૂ, શુક્રના વારોમાં **વસ્ત્ર પહેરવું** શુભ છે. બુધવાર વિના ઉપર કહેલા નક્ષત્ર, વારોમાં **વસ્ત્ર ધોવું** શુભ છે. વસ્ત્રના ત્રણ ભાગ કરવા તેમાંનો **વચલો ભાગ** ઉંદરે કરડેલો હોય, બળી ગયો હોય, અથવા કાદવથી લીંપાએલો હોય કે ગાય વિગેરેના ચાવ્યામાં આવ્યો હોય તો, તે **વસ્ત્ર અશુભ જાણવું** હસ્ત, પુષ્ય, રોહિણી અને ત્રણ ઉત્તરા તે શિવાયનાં વસ્ત્ર પહેરવામાં કહેલાં નક્ષત્રો તથા વારમાં, રાતાં વસ્ત્ર અને સુવર્ણાદિ ભૂષણો **સ્ત્રીએ ધારણ કરવાં શુભ છે.** શ્વેત વસ્તુ ( રૂપુ મોતી વિગેરે ) ધારણ કરવામાં **સોમવાર**, લાલ અને પીળી વસ્તુ ધારણ કરવામાં **મંગલ** તથા **રવિવાર** અને કાળી વસ્તુ તથા કાળાં વસ્ત્ર વિગેરે ધારણ કરવામાં **શનિવાર** શુભ છે. ॥ ૨ ॥

**वस्रोक्तैर्व्यनिलद्वयाश्विभिरगेगे नुर्विभूषा हिता विप्राज्ञोत्सवलब्धिभूदितमनुक्तेऽपीष्टकृद्धारणम् ॥ मैत्रार्कानिलमूलदस्रहरिभैर्द्वीज्या-**

जपादोत्तरे पण्यानां क्रयविक्रयौ घटपरद्व्युंगे स्वशुद्धौ तनु ॥३॥

अन्वयः—व्यनिल द्वयाश्विभिः वस्त्रोक्तैः अगे अंगे नुः विभूषा हिता स्यात्, विप्राज्ञोत्सवलब्धिषु अनुक्ते अपि धारणम् इष्टकृत् उदितम्, मैत्रार्कानिलमूलदस्र हरिभेन्द्वी ज्याज पादोत्तरे घटपरद्व्युंगे स्वशुद्धौ सत्याम् पण्यानाम् क्रयविक्रयौ तनु. ॥ ३ ॥

अन्वयार्थः—**व्यनिलद्वयाश्विभिः** સ્વાતી વિશાખા ને અશ્વિની રહિત **वस्त्रोक्तैः** વસ્ત્ર ધારણમાં કહેલા નક્ષત્રાદિકમાં **अगे अंगे** સ્થિર લગ્નમાં **नुः** પુરૂષને **विभूषा** વસ્ત્ર ધારણ **हिता स्यात्** શુભ છે. **विप्राज्ञोत्सवलब्धिषु** બ્રાહ્મણની આજ્ઞાથી, વિવાહ આદિમાં, તથા લાભ મળે તે વખતે **अनुक्ते अपि** ઉકત સમય ન હોય તો પણ **धारणम्** વસ્ત્રાદિક ધારણ કરવાનું **इष्टकृत् उदितम्** શુભ કહ્યું છે, **मैत्रम्** અનુરાધા **अर्कः** હસ્ત **अनिलः** સ્વાતી **मूलम्** મૂલ **दस्रः** અશ્વિની **हरिभम्** શ્રવણ **इंदुः** મૃગશિર **इज्यः** પુષ્ય **अजपाद्** પૂર્વા ભાદ્રપદ **उत्तराः** ત્રણ ઉત્તરા એ નક્ષત્રોમાં ( તથા ) **घटपरद्व्युंगे** કુંભવિના ઉપચય લગ્નમાં અને **स्वशुद्धौसत्याम्** બીજા ભાવમાં પાપગ્રહ ન હોય ત્યારે **पण्यानाम्** વેચવાની વસ્તુઓની **क्रयविक्रयौ** લેવડ દેવડ **तनु** કર. ॥ ૩ ॥

**ભાવાર્થ**—સ્વાતી, વિશાખા અને અશ્વિની એ નક્ષત્ર શિવાય પ્રથમ વસ્ત્ર ધારણમાં કહેલા નક્ષત્રાદિકમાં અને સ્થિરલગ્ન હોય ત્યારે **પુરૂષે વસ્ત્ર તથા દાગીના** વિગેરે ધારણ કરવા. બ્રાહ્મણની આજ્ઞાથી, વિવાહ આદિમાં અને લાભ મળે તે વખતે **મુહૂર્ત વગર પણ** વસ્ત્ર તથા દાગીના વિગેરે પહેરવા શુભ છે. **દુકાન કરવાનું મુહૂર્ત**—અનુરાધા, હસ્ત, સ્વાતી, મૂલ, અશ્વિની, શ્રવણ, મૃગશિર, પુષ્ય, પૂર્વાભાદ્રપદ, ત્રણ ઉત્તરા એ નક્ષત્રોમાં, કુંભવિના ઉપચય લગ્નમાં અને બીજા ભાવમાં પાપગ્રહ ન હોય ત્યારે વેપારીઓએ વેચવાની વસ્તુઓની લેવડ દેવડ કરવી. ॥ ૩ ॥

प्रेतज्वालनशव्यकावितनने स्तंभोच्छ्रयं याम्यदिग्यानं काष्ठतृणोच्चयं परिहरेत्कुंभद्वयस्थे विधौ ॥ सेवेष्टाध्रुववारुणान्त्यवसुभैः खाये रवौ वा कुजे संन्यासः स्थिरभे खलैर्गतबलैः षष्ठांत्यगे भार्गवे ॥ ४ ॥

अन्वयः—कुंभद्वयस्थे विधौ सति प्रेतज्वालनशय्यका वितनने स्तंभोच्छ्रयम्, याम्यदिक् यानम्, काष्ठ तृणोच्चयम्, परिहरेत्, ध्रुववारुणांत्यवसुभैः, रवौ वा कुजे खायेसति सेवा इष्टा स्यात्, स्थिरभे, गतबलैः खलैः, षष्ठांत्यगे भार्गवे सति संन्यासः (इष्टः स्यात्) ॥ ४ ॥

अन्वयार्थः—कुंभद्वयस्थे विधौ सति કુંભ ને મીનનો ચંદ્ર હોય ત્યારે प्रेतज्वालन પ્રેતને અગ્નિદાહ, शय्यकावितनने શય્યાની રચના, स्तंभोच्छ्रयम् સ્તંભની પ્રતિષ્ઠા याम्यदिक्यानम्, દક્ષિણ દિશાનું પ્રયાણ અને काष्ठतृणोच्चयम् કાષ્ટ તૃણનો સંગ્રહ परिहरेत् ન કરતો ध्रुवम् ધ્રુવ वारुणम् શતભિષા अंत्यम् રેવતી वसुभम् ધનિષ્ટા ( एभिः ) એ નક્ષત્રોમાં, रवौ રવિ वा અથવા कुजे મંગળ खाये सति ૧૦ મે, ૧૧ મે, હોય તો सेवा સેવા इष्टा स्यात् શુભ છે, स्थिरभे સ્થિર નક્ષત્ર તથા સ્થિર લગ્ન હોય गतबलैः નિર્બળ એવા खलैः પાપગ્રહ હોય અને षष्ठांत्यगे ૬, ૧૨ સ્થાનમાં भार्गवेसति શુક્ર હોય ત્યારે संन्यासः સન્યાસ ( इष्टः स्यात् ) શુભ છે. ૪

ભાવાર્થ—કુંભ અને મીન રાશિમાં ચંદ્ર હોય ત્યારે, પ્રેત ( મડદા )ને અગ્નિદાહ, શય્યાની રચના, સ્તંભની પ્રતિષ્ઠા, દક્ષિણ દિશાનું પ્રયાણ, અને ઘાસ લાકડાંનો સંગ્રહ કરવો નહિ.

**નોકરીનું મુહૂર્ત**—ધ્રુવ, શતભિષા, રેવતી, ધનિષ્ટા, એ નક્ષત્રોમાં અને ૧૦—૧૧ એ સ્થાનોમાં સૂર્ય કે મંગળ હોય ત્યારે નોકરી કરવી શુભ છે.

**સંન્યાસનું મુહૂર્ત**—સ્થિર લગ્ન, અને સ્થિર નક્ષત્ર હોય, તથા પાપગ્રહ બલ વગરના હોય, અને ૬—૧૨ એ સ્થાનોમાં શુક્ર હોય ત્યારે સંન્યાસ શુભ છે.

उद्वाहर्क्षचरद्विपेन्द्र लघुभत्वाष्ट्रैः शुभास्या त्कृपिर्व्यार्किज्ञार खगान्हि युग्म झषगो कन्या त्रिलग्ने तिथौ ॥ व्यंकौजे सदिशि प्रणम्य खगभूमुख्यान् सिताच्छादनः स्वर्णोदृष्टहलं समुक्ष सुवृषैः सौमीं पदुस्त्रिर्नयेत् ॥ ५ ॥

अन्वयः—उद्वाहर्क्षचर द्विपेंद्र लघुभत्वाष्ट्रैः, व्यार्कि ज्ञार खगा-

न्हि, युग्म झषगो कन्या विलग्ने, व्यंकौजे खदिशि तिथौ कृषिः शुभास्यात् , पट्टुः खगभूमुख्यान् प्रणम्य सिताच्छादनः स्वर्णो दृघृष्ट हलम् , समुष्क सुवृषैः सौमीम् , त्रिर्नयेत् ॥ ५ ॥

अन्वयार्थः—**वृद्धाहर्क्षम्** , વિવાહ નક્ષત્ર **चरम्** , ચર **क्षिपम्** , વિશાખા **इंद्रः** જ્યેષ્ટા **लघुभम्** , લઘુ નક્ષત્ર **त्वाष्ट्रम्** ચિત્રા ( **एभिः** ) એ નક્ષત્રોમાં **व्यार्किज्ञारखगाह्नि** ( **विगतः** ગયા છે **आर्किः** શનિ **ज्ञः** બુધ **आरः** મંગળ એવા **खगाह्नि** ગ્રહના દિવસ ) શનિ બુધ ને મંગળવાર રહિત વારોમાં **युग्मः** મિથુન **झषः** મીન **गौः** વૃષભ **कन्या** કન્યા **विलग्ने** લગ્નમાં, **व्यंकौजे** નવમી રહિત વિષમ અને **खदिशि** દશમિ સહિત એવી **तिथौ** તિથિઓમાં **कृषिः** ખેતી **शुभा स्यात्** શુભ છે, **पट्टुः** હલ ચલાવનારે **खगभूमुख्यान्** ગ્રહ પૃથ્વી આદિને **प्रणम्य** નમસ્કાર કરી **सिताच्छादनः** શ્વેત વસ્ત્ર ધારણ કરી **स्वर्णोद्घृष्टहलम्** સોનાથી ઘસેલા હલના આગળના ભાગને **समुष्क** મુષ્ક સહિત એવા **सुवृषैः** શ્રેષ્ઠ બળદોથી **सौमीम्** ઉત્તર દિશામાં **त्रिर्नयेत्** ત્રણવાર લઇ જવું. ॥ ૫ ॥

**ભાવાર્થ—પ્રથમ જમીન ખેડવાનું મુહૂર્ત**—વિવાહના *નક્ષત્ર +ચર વિશાખા—જ્યેષ્ટા—લઘુ—ચિત્રા એ નક્ષત્રોમાં, શનિ, બુધ ને મંગળવાર શિવાય બીજા વારોમાં, મિથુન, મીન, વૃષભ, કન્યા, એ લગ્નોમાં અને ૧—૩—૫—૭—૧૦—૧૧—૧૩—૧૫ એ તિથિઓમાં જમીન ખેડવી શુભ છે.

**હળ ચલાવવા વાળાએ**—શ્વેત વસ્ત્ર પહેરવાં, અને હળના આગળના ભાગમાં સોનું ઘસીને ગ્રહ, પૃથ્વી તથા બ્રાહ્મણાદિકને નમસ્કાર કરીને અંડવાળા શ્રેષ્ટ બળદોથી, ઉત્તરમાં, ત્રણવાર હળને લેઇ જવું. ॥ ૫ ॥

त्रित्रित्रीष्वनलार्थरामहुतभुग्भेष्वर्कभुक्तादसत्सद्भूयः कृषिभैर्विवारुणहरींद्रैर्बीजवापः शुभः ॥ सूर्यर्क्षादितृतीयतोतिधृतितश्चाष्टाष्टभिः सत्फलः प्रोक्तोन्यैः फणिसप्तमाद्रविमितैस्तच्छेदनं वापभैः ॥ ६ ॥

अन्वयः—अर्कभुक्तात् त्रित्रित्रीष्वनलार्थरामहुतभुक् भेषु भूयः असत् सत् स्यात् , विवारुण हरींद्रैः कृषिभैः बीज वापः शुभः

* ૫૬ મે પાને છે. +ચર અને લઘુ ૧૦ મે પાને છે.

स्यात् , सूर्यर्क्षादि तृतीयतः अतिधृतितः अष्टाष्टभिः ( बीज वापः ) सत्फलः प्रोक्तः अन्यैः फणि सप्तमाद्रविमितैः (बीज वापः प्रोक्तः), तच्छेदनम् वापभैः प्रोक्तम् ॥ ६ ॥

अन्वयार्थः—**अर्कभूक्तात्** સૂર્યના ભૂકત નક્ષત્રથી **त्रि ३ त्रि ३ त्रि ३ इषु ५ अनल ३ अर्थ ५ राम ३ हुतभुक् ३ भेषु** એ નક્ષત્રોમાં **भूयः** વારંવાર **असत्** અશુભ **सत्** **स्यात्** શુભ છે, **विवारुणहरींद्रैः** શતભિષા શ્રવણ ને જ્યેષ્ઠા રહિત **कृषिभैः** ખેડવાના નક્ષત્રાદિકમાં **बीजवापः** બીજ વાવવું **शुभः स्यात्** શુભ છે **सूर्यर्क्षादि** સૂર્ય નક્ષત્રથી ગણતાં **तृतीयतः** ત્રીજા નક્ષત્રથી અને **अतिधृतितः** ૧૯ મા નક્ષત્રથી, **अष्टाष्टभिः** આઠ આઠ નક્ષત્રોમાં ( **बीजवापः** ) બીજ વાવવાનું **सत्फलः** શુભફળ **प्रोक्तः** કહ્યું છે. **अन्यैः** બીજા આચાર્યોએ **फणिसप्तमात्** રાહુના સાતમા નક્ષત્રથી **रविमितैः** ૧૨ નક્ષત્રોમાં ( **बीजवापः प्रोक्तः** ) બીજ વાવવાનું કહ્યું છે. **तच्छेदनम्** તેનું છેદન **वापभैः** બીજ વાવવાના નક્ષત્રોમાં ( **प्रोक्तः**) કહ્યું છે. ॥૬॥

**ભાવાર્થ—ખેડવાના સમયમાં જોવાનું હળચક્ર**—સૂર્યના ભુક્ત* નક્ષત્રથી અનુક્રમે ૩ નક્ષત્રો અશુભ, ૩ શુભ, ૩ અશુભ, ૫ શુભ, ૩ અશુભ, ૫ શુભ, ૩ અશુભ, અને ૩ નક્ષત્રો શુભ છે. **બીજ વાવવાનું મુહૂર્ત**—શતભિષા શ્રવણ ને જ્યેષ્ઠા એ નક્ષત્રો વિના ખેડવામાં કહેલા નક્ષત્રાદિકમાં બીજ વાવવું શુભ છે. **બીજ વાવતી વખતે જોવાનું ફણીચક્ર**—સૂર્યના નક્ષત્રથી ગણતાં ત્રીજુ નક્ષત્ર જે હોય, તે નક્ષત્રથી ૮ નક્ષત્રો, અને સૂર્યના નક્ષત્રથી ૧૯ મું નક્ષત્ર જે હોય તે નક્ષત્રથી ૮ નક્ષત્રો **બીજ વાવવામાં** શુભ કહ્યાં છે. **બીજો પ્રકાર**—બીજા આચાર્યો–રાહુના નક્ષત્રથી સાતમુ નક્ષત્ર જે હોય તે નક્ષત્રથી બાર નક્ષત્રોમાં બીજ વાવવાનું શુભ કહે છે. **અનાજ કાપવાનું મુહૂર્ત**—બીજ વાવવાના નક્ષત્રોમાં અનાજ કાપવાનું કહ્યું છે. ॥ ૬ ॥

मेथिं क्षीरतरो रुफानुरहितै रुद्राहभै रोपयेदन्न प्राशनवद्वसंत शरदोः प्रोक्तं नवान्नं बुधैः ॥ मैत्रार्कान्त्य वसूत्तरेज्यवरुणैः सेन्द्रैः शुभं नर्तनं लग्ने ज्ञे गुरु वीक्षिते हिबुकगैः सौम्यैश्च संगीतकम् ॥७॥

* સૂર્ય જે નક્ષત્ર ઉપર હોય તેની પહેલાંના નક્ષત્રથી.

अन्वयः—उफानु रहितैः उद्वाह भैः क्षीरतरोः मेथिरोपयेत्, वसंत शरदोः अन्न प्राशनवत् नवान्नकर्म बुधैः प्रोक्तम्, मैत्रार्कांत्यव सूत्तरेज्यवरुणैः सेंद्रैः लग्नेज्ञे गुरुवीक्षितेसति हिबुकगैः सौम्यैः संगीतकम्च नर्तनम् आरभेत ॥ ७ ॥

अन्वयार्थः—उफानुरहितैः ઉત્તરાફાલ્ગુની અને અનુરાધા રહિત उद्वाहभैः વિવાહ નક્ષત્રોમાં क्षीरतरोः દુધવાળા ઝાડની मेथिरोपयेत् મેથી રોપવી, वसंतशरदोः વસંત અને શરદ્ ઋતુમાં अन्नप्राशनवत् અન્નપ્રાશન પ્રમાણે नवान्नकर्म નવાન્ન કર્મ बुधैः પંડિતો એ प्रोक्तम् કહ્યું છે. मैत्रम् અનુરાધા अर्कः હસ્ત अंत्यम् રેવતી वसुः ધનિષ્ઠા उत्तराः ત્રણ ઉત્તરા इज्यः પુષ્ય वरुणः શતભિષા इंद्रः જ્યેષ્ઠા तैः તે નક્ષત્રોમાં, लग्नेज्ञे લગ્નમાં બુધ गुरुवीक्षितेसति ગુરૂથી જોવાતો હોય, અને हिबुकगैः सौम्यैः ચોથા સ્થાનમાં શુભગ્રહ હોય ત્યારે संगीतकम् સંગીત च અને नर्तनम् નૃત્યનો आरभेत આરંભ કરવો. ॥ ૭ ॥

ભાવાર્થ—ઉત્તરાફાલ્ગુની અને અનુરાધા વિના વિવાહના *નક્ષત્રોમાં વડ વિગેરે દુધવાળાં ઝાડની **મેથી**+ રોપવી. વસંત ઋતુમાં અને શરદ્ ઋતુમાં અન્ન પ્રાશનના× મુહૂર્તમાં **નવાન્નકર્મ કરવું**÷ અનુરાધા, હસ્ત, રેવતી, ધનિષ્ઠા, ત્રણ ઉત્તરા, પુષ્ય, શતભિષા, અને જ્યેષ્ઠા એ નક્ષત્રો હોય લગ્નમાં રહેલા બુધને ગુરૂ જોતો હોય, તેમજ ચોથા સ્થાનમાં શુભગ્રહ હોય ત્યારે **સંગીત** ( ગાયન ) તથા **નૃત્ય** ( નાચ )નો આરંભ કરવો શુભ છે. ॥ ૭ ॥

द्वीशार्केंद्वदितीज्यवासवशिवाश्व्यंत्याग्निपार्शींद्रभैः पूर्वाभिः शुभदा विसिंहभतनौ नानापशूनां क्रिया ॥ वारेष्वर्कचतुष्कोत्तरहरित्वाष्ट्रेष्वमारिक्तयोरष्टम्यां न हितोदिता स्वभगभे न स्याद्भदोषः किल ॥८॥

अन्वयः—द्वीसार्केंद्वदितीज्य वासव शिवाश्व्यं त्याग्नि पार्शींद्रभैः

* પૃષ્ટ ૫૬ માં છે. + અનાજ કાપ્યા પછી તેને જુદું પાડવા માટે ખળામાં વચ્ચે જે લાકડું રોપી બળદો જોડે છે, તે લાકડાનું નામ મેથી છે. × પૃષ્ટ ૨૭ માં છે. ÷ અગ્નિહોત્ર વાળાઓને નવાન્ન કર્મ વિના નવું અનાજ ખાવામાં દોષ છે, માટે આ મુહૂર્ત તેઓને માટે છે.

**पूर्वाभिः विसिंह भतनौ नाना पशूनाम्, क्रिया शुभदा ( उदिता ), अर्कचतुर्बुवारेषु कोत्तरहरित्वाष्ट्रेषु अमारिक्तयोः अष्टम्याम्, ( नाना पशूनां क्रिया ) हिता न ( उदिता ), स्वभगभे सति भदोषः किल न स्यात् ॥ ८ ॥**

અન્વયાર્થઃ—**द्वीशम्** વિશાખા **अर्कः** હસ્ત **इंदुः** મૃગશિર્ષ **अदितिः** પુનર્વસુ **इज्यः** પુષ્ય **वासवम्** ધનિષ્ટા **शिवः** આર્દ્રા **अश्विः** અશ્વિની **अंत्यम्** રેવતી **अग्निः** કૃતિકા **पाशी** શતતારકા **इंद्रः** જેષ્ટા **पूर्वाभिः** ત્રણ પૂર્વા **एभिः** એ નક્ષત્રોમાં **विसिंहभ** સિંહ રહિત રાશિઓના **तनौ** લગ્નમાં **नानापशूनाम्** નાના પ્રકારના પશુઓની **क्रिया** લેવડ દેવડ આદી ક્રિયા **शुभदा** ( **उदिता** ) શુભદાયક કહી છે, **अर्कचतुर्बुवारेषु** રવિથી ચાર વારોમાં **कः** રોહિણી **उत्तराः** ત્રણ ઉત્તરા **हरिः** શ્રવણ **त्वाष्ट्रम्**, ચિત્રા **एषु** એ નક્ષત્રોમાં **अमारिक्तयोः** અમાસ અને રિકતા ( તેમજ ) **अष्टम्याम्** આઠમ એ તિથિઓમાં ( **नाना पशूनां क्रिया** ) નાના પ્રકારના પશુઓની ક્રિયા **हितान** (**उदिता**) શુભ કહી નથી, **स्वभगभे सति** પોતાની યોનિનું નક્ષત્ર હોય તો **भदोषः** નક્ષત્રનો દોષ **किल** નિશ્ચય **न स्यात्** નથી. ॥ ૮ ॥

**ભાવાર્થ**—વિશાખા, હસ્ત, મૃગશિર્ષ, પુનર્વસુ, પુષ્ય, ધનિષ્ટા, આર્દ્રા, અશ્વિની, રેવતી, કૃતિકા શતભિષા, જ્યેષ્ટા અને ત્રણ પૂર્વા, એ નક્ષત્રોમાં સિંહ રાશિ વિના કોઈ પણ રાશિના લગ્નમાં, નાના પ્રકારના પશુઓની લેવડ દેવડ આદિ ક્રિયા શુભ છે. રવિ, સોમ, મંગળ, ને બુધ એ વારોમાં, રોહિણી, ત્રણ ઉત્તરા, શ્રવણ, ચિત્રા, એ નક્ષત્રોમાં અને અમાસ ( ૩૦ ) ૪-૯-૧૪-૮ એ તિથિઓમાં, નાના પ્રકારના પશુઓની ક્રિયા અશુભ છે. પશુઓની પોતાની યોનીનું નક્ષત્ર હોય તો, નક્ષત્રનો દોષ નથી. **જેમકે** ઉ૦ ભા૦ નક્ષત્ર અહિ અશુભ છે, પરંતુ તે નક્ષત્રની યોની ગાયની છે. તો તેમાં ગાય બળદની લેવડ દેવડ કરવામાં દોષ નથી કેમકે તે નક્ષત્ર પોતાની યોનીનું છે. ॥ ૮ ॥

**द्व्यादित्यद्विवसुस्थिराश्विभमृदुस्वात्यर्कमैत्रत्रयार्काराह्वीज्यभृगूदये द्विकभदेर्विदौ क्रियाश्वी हिता ॥ तत्राप्यर्कभतः क्रमात्तिथिमितैः पश्चात्रिभिः साभिजिज्झस्ता या नृसमा तदुक्तभमुखैः कार्या परैर्मिर्बुधैः ॥ ९ ॥**

अन्वयः—अग्यादित्यद्विवसुस्थिराश्विममृदुस्वात्यर्कभैः ज्ञत्रयार्कारान्हिइज्यभृगूदये द्विकमदेषु इंदौसति आश्वीक्रिया हिता स्यात्, तत्रापि अर्कभतः साभिजित् क्रमात् तिथिमितैः पश्चात्त्रिभिः ( आश्वीक्रिया ) शस्ता स्यात्, या नृसमा ( साक्रिया ) तदुक्तभमुखैः बुधैः कार्या, परा एभिः कार्या ॥ ९ ॥

अन्वयार्थः—अग्यादित्यम् પુનર્વસુ, પુષ્ય द्विवसु ધનિષ્ટા, શતભિષા स्थिरम् રોહિણી, ત્રણ ઉત્તરા अश्विमम् અશ્વિની मृदु મૃદુ स्वाती સ્વાતી अर्कः હસ્ત तैः તે નક્ષત્રમાં ज्ञत्रयम् બુધ, ગુરૂ, શુક્ર अर्कः રવિ आरः મંગલ एषाम् એઓના अन्हि દિવસમાં इज्यभृगूदये લગ્નમાં ગુરૂ, શુક્ર द्वि र कम् ४ मदः ७ एषु એ સ્થાનોમાં इंदौसति ચંદ્ર હોય ત્યારે आश्वीक्रिया ઘોડાઓ બાબતની ક્રિયા हिता स्यात् શુભ છે, तत्रापि તે નક્ષત્રોમાં પણ अर्कभतः સૂર્ય નક્ષત્રથી साभिजित् અભિજિત્ સહિત क्रमात् અનુક્રમે तिथिमितैः ૧૫ નક્ષત્રોમાં અને पश्चात् પાછળનાં त्रिभिः ત્રણ નક્ષત્રોમાં ( आश्वीक्रिया ) ઘોડાઓની ક્રિયા शस्ता स्यात् શુભ છે, या જે આશ્વિક્રિયા नृसमा મનુષ્ય સરખી હોય ( साक्रिया ) તે ક્રિયા तदुक्तभमुखैः મનુષ્યને માટે કહેલા નક્ષત્રાદિકમાં बुधैः બુદ્ધિમાને कार्या કરવી, परा જે ક્રિયા મનુષ્ય સમાન ન હોય તે एभिः ઉપર કહેલાં નક્ષત્રોમાં कार्या કરવી. ॥ ૯ ॥

ભાવાર્થ—પુનર્વસુ, પુષ્ય, ધનિષ્ટા, શતભિષા, રોહિણી, ત્રણ ઉત્તરા, અશ્વિની. અનુરાધા, રેવતી, મૃગશિર, ચિત્રા, સ્વાતી અને હસ્ત એ નક્ષત્ર, બુધ, ગુરૂ, શુક્ર, સૂર્ય, અને મંગળ એ વાર, લગ્નમાં ગુરૂ, શુક્ર, અને ૨, ૪, ૭ એ સ્થાનોમાં ચંદ્રમા હોય ત્યારે અશ્વ ક્રિયા (ઘોડાઓની લેવડ દેવડ વિગેરે ક્રિયા ) શુભ છે અશ્વચક્ર—ઉપર કહેલા નક્ષત્રોપણ સૂર્ય નક્ષત્રથી ૧૭ નક્ષત્રોમાં અને સૂર્યના પાછળના ૩ નક્ષત્રોમાં અશ્વ ક્રિયા શુભ છે એમાં અભિજિત ગણવું. જો અશ્વક્રિયા મનુષ્ય સરખી હોય તો, *મનુષ્ય માટે કહેલા નક્ષત્રાદિકમાં કરવી. જે ક્રિયા મનુષ્ય સ-

---

* અશ્વને ઘી, અન્ન, ચણા, દુધ, ઘાસ, મગ વિગેરે ખવરાવવામાં અન્નપ્રાશનમાં કહેલા નક્ષત્રાદિક, નવરાવવામાં શુભ મહતું લગ્ન, વાળ વિગેરે કાપવામાં ચૌલકર્મમાં કહેલાં નક્ષત્રાદિક, દવા ખવરાવવામાં ઔષધ લેવામાં

રખી ન હોય, તે ક્રિયા ઉપર કહેલા ( પુનર્વસુ, પુષ્ય, વિગેરે ) નક્ષત્રોમાં કરવી. ॥ ૯ ॥

**भद्रासंक्रमपातवैधृतिसितेज्यार्कारषष्ठ्यादिषु श्राद्धाहे प्रतिपद्द्वये परिहरेद्धेतुं विनाभ्यंजनम् ॥ मांगल्यं विजयोत्सवोऽब्दवदनं दीपावलीहेतवोऽभ्यंगस्यक्वथितादितैलमनसन्निंद्येऽह्नि नित्येऽखिलम् ॥१०॥**

**अन्वयः--भद्रासंक्रमपातवैधृतिसितेज्यार्कारषष्ठ्यादिषु श्राद्धाहे प्रतिपद्द्वये हेतुंविना, अभ्यंजनम् परिहरेत्, मांगल्यम्, विजयोत्सवः अब्द वदनम्, दीपावलिः, इमे अभ्यंगस्य हेतवः स्युः, क्वथितादि तैलम् निंद्ये अन्हि अनसत् स्यात्, नित्ये ( अभ्यंगेसति ) अखिलम् ( तैलम् ) ( अनसत् स्यात् ) ॥ १० ॥**

अन्वयार्थः—**भद्रा** ભદ્રા **संक्रमः** સંક્રાંતિ **पातः** વ્યતિપાત **वैधृतिः** વૈધૃતિ **सितः** શુક્રવાર **इज्यः** ગુરૂવાર **अर्कः** રવિવાર **आरः** મંગળવાર **षष्ठ्यादिषु** છઠ આદિ સર્વે તિથિઓ **श्राद्धाहे** શ્રાદ્ધદિવસ **प्रतिपद्द्वये** પડવે બીજ ઇત્યાદિ દિવસોમાં **हेतुंविना** કારણવિના **अभ्यंजनम्** અભ્યંગ **परिहरेत्** ન કરવું, **मांगल्यम्** વિવાહાદિક **विजयोत्सवः** વિજયાદશમી **अब्दवदनम्**, સંવત્સરની પ્રતિપદા **दीपावलिः** દીપાવલી **इमे** એ સર્વે **अभ्यंगस्य** અભ્યંગનાં **हेतवः स्युः** કારણો છે, **क्वथितादि तैलम्** ક્વથિતાદિતેલ **निंद्येन्हि** નિંદ્ય દિવસમાં **अनसत् स्यात्** શુભ છે, **नित्ये** ( **अभ्यंगेसति** ) નિત્ય અભ્યંગમાં **अखिलम्**, ( **तैलम्** ) સર્વે જાતનું તેલ ( **अनसत् स्यात्** ) શુભ છે. ॥ ૧૦ ॥

---

કહેલાં નક્ષત્રાદિક, મૈથુનમાં ગર્ભાધાનમાં કહેલાં નક્ષત્રાદિક, હયશાળા ( ઘોડાને બાંધવાની જગ્યા)માં ઘરના આરંભમાં કહેલાં નક્ષત્રાદિક. શિક્ષણ આપવામાં વિદ્યારંભમાં કહેલાં નક્ષત્રાદિક, શણગારવામાં ભૂષણ ધારણામાં કહેલાં નક્ષત્રાદિક અને ચર્મ કર્માદિક ( પાલણ વિગેરે )માં જય આપનાર એવુ શુભગ્રહનું લગ્ન લેવું એ પ્રકારે ગધેડા, ઉંટ, ઇત્યાદિક વાહનની પણ ક્રિયાઓ કરવી. તેમાં ૧૨ વાગ્યાની અંદરનો વખત લેવો.

ભાવાર્થ—વિષ્ટિ, સંક્રાંતિ, વ્યતિપાત, વૈધૃતિ, રવિ, મંગળ, ગુરૂ, અને શુક્રવાર, ૧, ૨, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૩૦ એ તિથિઓ અને શ્રાદ્ધ દિવસ એ સર્વેમાં કારણ વિના *અભ્યંગ કરવું નહિ.

વિવાહાદિક, દશહરા, સંવત્સરની પડવો અને દિવાળી ( આસો વદ ૩૦ )એ અભ્યંગનાં કારણો છે એમાં નિષિદ્ધ સમય હોય તો પણ અભ્યંગ કરવું શુભ છે, ક્વથિતાદિ ( અગ્નિથી તપાવેલા ) તેલથી અશુભ દિવસમાં પણ અભ્યંગ કરવું શુભ છે. અને નિત્ય અભ્યંગમાં સર્વ જાતનું તેલ શુભ છે, ॥ ૧૦ ॥

**दिग्विश्वाद्रिदृगंकदर्शतिथिषु स्नानं न धात्रीफलैः श्रीकामोऽथ बुधांबुपर्क्षपितृभाभ्यंगात्पतिघ्न्यंगना ॥ पुत्री सोमदिने प्रसूर्यमपितृत्वाष्ट्रेंद्र मिश्रां बुपक्रव्यादेश्वरभे कुपुत्र हरिजे स्नायान्निशास्येऽपि न ॥ ११ ॥**

अन्वयः—**श्रीकामः दिग्विश्वाद्रिदृगंकदर्शतिथिषु धात्रीफलैः स्नानम् न ( आचरेत् ), अथ अंगना, बुधां बुपर्क्ष पितृभाभ्यंगात् पतिघ्नी स्यात् , पुत्री सोमदिने ( नस्नायात् ), प्रसूः यमपितृत्वाष्ट्रेंद्र मिश्रांबुपक्रव्यादेश्वरभे कुपुत्रहरिजे निशास्येपि न स्नायात् ॥ ११ ॥**

अन्वयार्थः—**श्रीकामः** લક્ષ્મીની ઇચ્છાવાળાએ **दिक्** ૧૦ **विश्व** ૧૩ **अद्रि** ૭ **दृक्** ૨ **अंक** ૯ **दर्श** ૩૦ **तिथिषु** એ તિથિઓમાં **धात्रीफलैः** આમળાંના ફળથી **स्नानम्** સ્નાન **न ( आचरेत् )** ન કરવું, **अथ** અને **अंगना** સ્ત્રી, **बुधः** બુધવાર **अंबुपर्क्षम्** શતતારકા નક્ષત્ર **पितृभम्** મઘા નક્ષત્ર ( એમાં ) **अभ्यंगात्** અભ્યંગ કરવાથી **पतिघ्नी स्यात्** પતિને મારનારી થાય છે **पुत्री** પુત્રવાળાએ **सोमदिने** સોમવારે ( **न स्नायात्** ) તેલ ચોળીને નહાવું નહિ, **प्रसूः** સુવાવડી સ્ત્રીએ **यमः** ભરણી **पितृ** મઘા **त्वाष्ट्रम्** ચિત્રા **इंद्रः** જ્યેષ્ટા **मिश्र** મિશ્ર **अंबुपः** શતતારકા **क्रव्यादः** મૂલ **ईश्वरभम्** આર્દ્રા **एषु** એ નક્ષત્રોમાં, **कुपुत्रहरिजे** પાંચમાસ્થાનમાં પાપગ્રહ હોય

* અભ્યંગ એટલે તેલ ચોળીને નહાવું તે.

એવા લગ્નમાં અને **निशास्वेपि** સાયંકાલમાં **न स्नायात्** સ્નાન કરવું નહિ. ॥ ૧૧ ॥

**ભાવાર્થ**—૨, ૭, ૯, ૧૦, ૧૩, ૩૦ એ તિથિઓમાં લક્ષ્મિની ઈચ્છાવાળા **પુરૂષે આમળાંથી સ્નાન કરવું નહિ.** બુધવારમાં, શતભિષા તથા મઘા નક્ષત્રમાં જો સ્ત્રી તેલ ચોળીને નહાય તો **પતિનું** મૃત્યુ થાય છે, પુત્રવાળા પુરૂષે સોમવારે તેલ ચોળીને નહાવું નહિ, ભરણી, મઘા, ચિત્રા, જ્યેષ્ટા, કૃત્તિકા, વિશાખા, શતતારકા, મૂલ, આર્દ્રા એ નક્ષત્રો, સાયંકાલ અને લગ્નથી પાંચ સ્થાનમાં પાપગ્રહ હોય ત્યારે **સુવાવડી સ્ત્રીએ સ્નાન કરવું નહિ.** ॥ ૧૧ ॥

**मंदारान्यदिने मृदुध्रुवचरक्षिप्रैर्वलक्षे :सुधायोगे भेषजमाचरेत्सुमृतिकेंद्रारिव्ययांगे भिषक् ॥ तद्दद्यादिह :विध्रुवेंदुतनयप्रद्योतने- रोगिणेऽसृक्स्रावव्रणकर्म सूर्यकुजयोरह्नीह केंद्रस्थयोः ॥ १२ ॥**

अन्वयः—**भिषक्, मंदारान्यदिने मृदुध्रुव चरक्षिप्रैः वलक्षे सुधायोगे सुमृतिर्केद्रारि व्ययांगे भेषजम् आचरेत्, च विध्रु वेंदुतनय प्रद्योतने इह रोगिणे तत् दद्यात्, सूर्य कुजयोः अन्हि ( सूर्य कुजयोः ) केंद्रस्थयोः सतोः इह असृक्स्राव व्रण कर्म आचरेत् ॥ १२ ॥**

અન્વયાર્થઃ—**भिषक्** વૈદ્યે, **मंदः** શનિ **आरः** મંગલ તેઓથી **अन्यदिने** બીજાઓના દિવસમાં **मृदु** મૃદુ **ध्रुव** ધ્રુવ **चर** ચર **क्षिप्रैः** ક્ષિપ્ર એ નક્ષત્રોમાં **वलक्षे** શુકલપક્ષમાં **सुधायोगे** અમૃત યોગમાં **सु** પાપગ્રહ રહિત **मृति** ૮ મું **केंद्र** કેન્દ્ર **अरि** ૭ઠું **व्यय १२** મું સ્થાન હોય એવા **अंगे** લગ્નમાં **भेषजम्** ઔષધ **आचरेत्** બનાવવું **च** અને **विध्रुवेंदुतनयप्रद्योतने** ( **वि** રહિત **ध्रुव** ધ્રુવ **इंदुतनयः** બુધ **प्रद्योतनः** રવિ ) રહિત છે ધ્રુવ નક્ષત્ર તથા રવિ બુધના વાર **इह** એવા પૂર્વોકત સમયમાં **रोगिणे** રોગીને **तत्** ઔષધ **दद्यात्** આપવું. **सूर्यकुजयोः** રવિ મંગળનો **अन्हि** દિવસ અને ( **सूर्य कुजयोः** ) રવિ મંગળ **केन्द्रस्थयोः सतोः** કેન્દ્રમાં રહેલા હોય **इह** એવા સમયમાં **असृक्स्राव** રકતસ્રાવ ( તથા ) **व्रण कर्म** વ્રણ કર્મ **आचरेत्** કરવું. ॥ ૧૨ ॥

**ભાવાર્થ**—શનિ તથા મંગલ વિનાના બીજા વારો, મૃદુ, ધ્રુવ, ચર, અને ક્ષિપ્ર નક્ષત્રો, શુકલપક્ષ અને અમૃતયોગ હોય ત્યારે **વૈદ્યે ઔષધ બનાવવું**. તેમાં ૧, ૪, ૬, ૭, ૮, ૧૦, ૧૨ એ સ્થાનોમાં પાપગ્રહ ન હોય એવું લગ્ન લેવું, ધ્રુવ નક્ષત્ર, બુધવાર તથા રવિવાર વિનાના ઉપર કહેલા સમયમાં **રોગીને ઔષધ આપવું**. સૂર્ય, મંગલના દિવસમાં અને સૂર્ય મંગલ કેન્દ્રમાં હોય ત્યારે **વાઢકાપ** વિગેરે કરવું, તથા ભગંદર વિગેરે ( લોહીને પાસ વહે તેવા ) રોગો ઉપર ઔષધ આપવું. ॥ ૧૨ ॥

**याम्याहित्रयवायुमूलजलपोपांत्यैंद्रहस्तांबुभे शांत्याजद्विपयोर्नृपैर्नवदिनैरन्यत्र रुग्णो विरुक् ॥ आदित्याद्यनिलध्रुवांत्यपितृभे शुक्रेंदुवारे गदत्यक्तस्नानमनिष्टमिष्टमशुभे भादौ खलास्तस्थिरे ॥ १३ ॥**

**अन्वयः—याम्याहित्रयवायुमूलजलपोपांत्यैंद्रहस्तांबुभे रुग्णः शांत्या विरुक् स्यात्, अजद्विपयोः (रुग्णः) नृपैः दिनैः (विरुक् स्यात्), अन्यत्र ( रुग्णः ) नव दिनैः ( विरुक् स्यात् ), आदित्याद्यनिल ध्रुवांत्य पितृभे शुक्रेंदुवारे गदत्यक्तस्नानम् अनिष्टं स्यात्, अशुभे भादौ खलास्तस्थिरे ( गदत्यक्त स्नानम् ) इष्टं स्यात् ॥ १३ ॥**

**अन्वयार्थः—याम्यम्** ભરણી **अहित्रयम्** આશ્લેષાથી ત્રણ **वायुः** સ્વાતી **मूलम्** મૂલ **जलपः** શતતારકા **उपांत्यम्** ઉત્તરાભાદ્રપદ **इंद्रः** જ્યેષ્ટા **हस्तः** હસ્ત **अंबुभम्** પૂર્વાષાઢા **अस्मिन्** એ નક્ષત્રમાં **रुग्णः** રોગ યુક્ત થએલો **शांत्या** શાંતી કરવાથી **विरुक्स्यात्** રોગ મુક્ત થાય, **अजद्विपयोः** શ્રવણ ને વિશાખામાં ( **रुग्णः** ) રોગ યુક્ત થએલો **नृपैः दिनैः** ૧૬ દિવસે ( **विरुक् स्यात्** ) રોગ મુક્ત થાય **अन्यत्र** બાકીના નક્ષત્રોમાં ( **रुग्णः** ) રોગ યુક્ત થએલો **नवदिनैः** નવ દિવસે ( **विरुक् स्यात्** ) રોગ મુક્ત થાય. **आदित्यम्** પુનર્વસુ **अहिः** આશ્લેષા **अनिलम्** સ્વાતી **ध्रुवः** ધ્રુવ **अंत्यम्** રેવતી **पितृभम्** મઘા **अस्मिन्** એ નક્ષત્રમાં અને **शुक्रेंदुवारे** શુક્રવાર તથા સોમવારમાં **गदत्यक्त स्नानम्** રોગથી મુક્ત થએલાને સ્નાન કરવું **अनिष्टं स्यात्** અશુભ છે, **अशुभेभादौ** અશુભ નક્ષત્રાદિકમાં **खलास्तस्थिरे**

પાપગ્રહ ૭ મે હોય તેવું સ્થિર લગ્ન હોય ત્યારે ( **गदत्यक्त स्नानम्** ) રોગથી મુકત થએલાને સ્નાન કરવું **इष्टं स्यात्** શુભ છે. ॥ ૧૩ ॥

**ભાવાર્થ**—ભરણી, આશ્લેષા, મઘા, પૂ૦ ફા૦, સ્વાતી, મૂલ, શતતારકા, ઉ૦ ભા૦ જ્યેષ્ટા, હસ્ત, અને પૂ૦ ષા૦ એ નક્ષત્રોમાં રોગ થાય તો ***શાંતી કરવાથી**, શ્રવણ ને વિશાખામાં રોગ થયો હોય તો **૧૬ દિવસે**, અને બાકીના નક્ષત્રોમાં રોગ થયો હોય તો **૯ દિવસે** રોગનો નાશ થાય છે, પુનર્વસુ, આશ્લેષા, સ્વાતી, રોહિણી, ત્રણ ઉત્તરા, રેવતી અને મઘા એ નક્ષત્રોમાં તથા શુક્રવાર, સોમવારમાં રોગ મટી ગયા પછી **સ્નાન કરવું અશુભ છે**. અશુભ ×નક્ષત્રાદિકમાં, અને સ્થિર લગ્ન હોય તથા પાપગ્રહ ૭ મે હોય ત્યારે રોગ મુકત થયા પછી **સ્નાન કરવું શુભ છે**. ॥ ૧૩ ॥

**द्रव्यं संव्यवहारतो लघुचरैर्योज्यं चरांगे बुधे धर्माष्टात्मजगेऽथ तस्य हरणे हस्तो रविर्ज्ञः कुजः ॥ संक्रान्तिर्भरणी त्रिपुष्करयमौ कुंभांत्ययोश्चंद्रमा वृद्धिश्चेति शुभाविदून इह यत्कुर्याद्दणं तत्स्थिरम् ॥१४॥**

**अन्वयः—लघुचरैः चरांगे धर्माष्टात्मजगे बुधे सति द्रव्यं संव्यवहारतः योज्यं, अथ तस्य हरणे हस्तः रविः ज्ञः कुजः संक्रांतिः भरणी त्रिपुष्करयमौ कुंभांत्ययोः चंद्रमाः च वृद्धिः इति शुभाः स्युः, विदूने इह यत् ऋणं कुर्यात् तत् स्थिरं स्यात् ॥ १४ ॥**

अन्वयार्थः-**लघुचरैः** લઘુ અને ચર નક્ષત્રોમાં **चरांगे** ચર લગ્નમાં **धर्माष्टात्मजगे** ( **धर्म** ૯ **अष्ट** ૮ **आत्मज** ૫ ) ૯ મે ૮ મે ૫ મે રહેલો **बुधेसति** બુધ હોય ત્યારે **द्रव्यम्** દ્રવ્ય **संव्यवहारतः** વ્યાજવટાવના વહેવારથી **योज्यम्** આપવું, **अथ** અને **तस्यहरणे** પાછું લેવું હોય ત્યારે **हस्तः** હસ્ત **रविः** રવિવાર **ज्ञः** બુધવાર **कुजः** મંગલવાર **संक्रांतिः** સંક્રાંતિ **भरणी**

* એ નક્ષત્રોમાં કેટલાક ગ્રંથોમાં રોગયુકત થયેલાનું મૃત્યુ કહ્યું છે, તેમજ કેટલાક ગ્રંથોમાં બહુ કષ્ટથી ઘણા સમયે રોગી રોગથી મુકત થાય છે તેમ કહ્યું છે, તેમજ કેટલાક ગ્રંથોમાં બીજા પ્રકારનું ફળ બતાવ્યું છે, તેનું ગ્રંથ કર્તાએ અહિં શાંતી કરવાથી રોગ મટી જાય તેવું કહ્યું છે.

× અહિ અશુભ નક્ષત્રાદિકની પેઠે લગ્ન શુદ્ધિ અશુભ જોવી નહિ.

त्रिपुष्करः ત્રિપુષ્કરયોગ यमः યમલ યોગ कुंभांत्ययोः કુંભ મીનનો चंद्रमाः ચંદ્રમા च અને वृद्धिः વૃદ્ધિયોગ इति ઇત્યાદિક शुभाः स्युः શુભ છે, विदूने બુધવારવિના इह એ હસ્તાદિકમાં यत् જે ऋणंकुर्यात् ઋણ કરવું तत् તે स्थिरंस्यात् સ્થિર હોય. ॥ ૧૪ ॥

ભાવાર્થ—લઘુ અને ચર નક્ષત્રોમાં અને ચર ( ૧, ૪, ૭, ૧૦) લગ્નમાં, તથા બુધ ૯, ૮, ૫ એ સ્થાનોમાં હોય ત્યારે વ્યાજ વટાવના વ્હેવાર પ્રમાણે ધન આપવું શુભ છે હવે તે આપેલું ધન પાછું લેવાને માટે હસ્ત નક્ષત્ર, રવિવાર, બુધવાર, મંગળવાર, સંક્રાંતિ ( રવિ રાશિ બદલે તે દિવસ ), ભરણી, *ત્રિપુષ્કર યોગ, +યમલયોગ, પંચક ( કુંભ મીનનો ચંદ્રમા ), અને વૃદ્ધિયોગ એ સર્વે શુભ છે. બુધવાર વિના ઉપર કહેલા હસ્તાદિકમાં ઋણ ( કરજ ) કરે તો તે ઋણ જલદી પાછું વાળી શકાય નહિ. ॥ ૧૪ ॥

तीक्ष्णोग्रध्रुवमिश्रवायुषु धनं नष्टादिकं नैतिकाद्भेऽङ्घ्याप्ते त्रिखशेषयोर्नगतमेत्यंत्यांबुशुद्धौ क्षिपेत् ॥ विद्यां प्रोक्तवदिष्टदेवतिथिभेऽथद्वीशमूलध्रुवैर्मृद्वश्वीज्यकरांबुपैःसुजलखाङ्गांगेतरून्रोपयेत् ॥१५॥

अन्वयः—तीक्ष्णोग्रध्रुवमिश्रवायुषु नष्टादिकं धनम् न एति, कात् भे अङ्घ्याप्ते सति त्रिख शेषयोः सतोः गतम् (धनं न एति), अंत्यांबुशुद्धौ सत्याम् धनम् क्षिपेत्, प्रोक्तवत् इष्टदेव तिथिभे विद्याम् ( साधयेत् ), अथ द्वीशमूलध्रुवैः मृद्वश्वीज्यकरांबुपैः सु न ल खाङ्गांगे तरून् रोपयेत् ॥ १५ ॥

* મંગલ, ગુરૂ કે શનિ તેમાંનો કોઇપણ વાર, ૨, ૭, ૧૨ એમાંની કોઈ પણ તિથિ, તેમજ કૃત્તિકા, પુનર્વસુ, ઉ૦ ફા૦, વિશાખા, ઉ૦ષા૦ પૂ૦ ભા૦ એમાંનું કોઇપણ નક્ષત્ર, એવી રીતે વાર તિથિ અને નક્ષત્ર ત્રણે સાથે આવે ત્યારે ત્રિપુષ્કર યોગ થાય છે,

+ ત્રિપુષ્કરમાં કહેલા વારોમાંથી કોઇ પણ વાર, તેમાંની કોઇ પણ તિથિ, અને મૃગશિર, ચિત્રા, ધનિષ્ટા એમાંનું કોઇપણ નક્ષત્ર એમ ત્રણે જયારે સાથે આવે ત્યારે યમલ નામનો યોગ થાય છે.

**अन्वयार्थः—तीक्ष्णम्** તીક્ષ્ણ **उग्रम्** ઉગ્ર **ध्रुवम्** ધ્રુવ **मिश्र** મિશ્ર **वायुः** સ્વાતી **एषु** એ નક્ષત્રોમાં **नष्टादिकंधनम्** નષ્ટાદિક ધન **नएति** ન મળે, **कात्** રોહિણીથી ગણતાં જે ઇષ્ટ નક્ષત્રની સંખ્યાને **अब्ध्यप्तेसति** ૪ વડે ભાગવાથી **त्रिखशेषयोः सतोः** ૩ કે ૦ શેષ રહે તો **गतम्** ગયેલું ( **धनम्** ) ધન ( **नएति** ) ન મળે, **अंत्यांबुशुद्धौ सत्याम्** ૧૨ મા અને ૪ થા સ્થાનમાં પાપગ્રહ ન હોય ત્યારે **धनम्** ધન **क्षिपेत्** સોંપવું, **प्रोक्तवत्** વિદ્યારંભના મુહૂર્તમાં **इष्टदेव** જે દેવની સાધના કરવી હોય તે દેવના **तिथिभे** તિથિ, નક્ષત્રમાં **विद्याम्** મંત્ર વિદ્યાને ( **साधयेत्** ) સાધવી, **अथ** ત્યાર પછી **द्वीशम्** વિશાખા **मूलम्** મૂલ **ध्रुवैः** રોહિણી, ત્રણ ઉત્તરા **मृदु** મૃદુ **अश्विः** અશ્વિની **इज्यः** પુષ્ય **करः** હસ્ત **अंबुप** શતતારકા **एभिः** એ નક્ષત્રોમાં **सुजलखाब्जांगे** ( **सु** પાપગ્રહ રહિત **जलम्** ૪ થુ **खम्** ૧૦ મું સ્થાન, **अब्जः** ચંદ્ર વા જલચર રાશિ **अंगे** લગ્નમાં ) પાપગ્રહ રહિત ચોથુ અને ૧૦ મું સ્થાન તથા લગ્નમાં જલચર રાશિ કે ચંદ્ર હોય ત્યારે **तरून्** વૃક્ષોને **रोपयेत्** રોપવાં. ।। ૧૫ ।।

**ભાવાર્થ**—*તીક્ષ્ણ, ઉગ્ર, ધ્રુવ, મિશ્ર, સ્વાતી એ નક્ષત્રોમાં ખોવાયેલું, વ્યાજવટાવથી આપેલું તથા થાપણ મુકેલું **ધન મળે નહિ.** તેમજ રોહિણી નક્ષત્રથી જે નક્ષત્રમાં ધન ગયું છે ત્યાં સુધી ગણતાં જે નક્ષત્ર સંખ્યા થાય તેને ૪ વડે ભાગવાથી શેષ ૩ કે ૦ રહે તો ગએલું ધન મળે નહિ, ૪–૧૨ એ સ્થાનોમાં પાપગ્રહ ન હોય ત્યારે **ધનની થાપણ મુકવી** શુભ છે, [૧]વિદ્યારંભના મુહૂર્તમાં તથા જે દેવની સાધના કરવી હોય તે દેવના તિથિ, નક્ષત્રમાં **મંત્ર વિદ્યા સાધવી.** વિશાખા મૂલ, રોહિણી, ત્રણ ઉત્તરા, મૃદુ, અશ્વિની પુષ્ય, હસ્ત અને શતભિષા એ નક્ષત્રો પાપગ્રહ રહિત ૪, ૧૦ એ સ્થાનો, અને જલચર રાશિ કે ચંદ્રમા લગ્નમાં હોય ત્યારે **ઝાડ રોપવાં.** ।। ૧૫ ।।

**उद्वाहर्क्षहरित्रयादितिहयेज्यर्क्षैस्तडागादयो ज्ञेज्याब्जैस्तनुगैः सिते दशमगे सिध्यंति सद्वासरे ।। राजेक्षा श्रवणत्रयध्रुवमृदुक्षिप्रैः स्वकेंद्रायगैः सौम्यैः शांतिकपौष्टिके सचरभैरेतैः सुधर्मोदये ।। १६ ।।**

---

* તીક્ષ્ણ નક્ષત્ર પૃષ્ટ ૧૧ માં, ઉગ્ર, ધ્રુવ, મિશ્ર અને મૃદુ પૃષ્ટ ૧૦ માં છે. ૧ વિદ્યારંભનું મુહૂર્ત પૃષ્ટ ૩૫ માં છે.

**अन्वयः—उद्वाहर्क्षहरित्रयादितिहयेज्यर्क्षैः, तनुगैः ज्ञेज्याब्जैः, दशमगेसिते च सद्वासरे तडागादयः सिध्यंति. श्रवणत्रयध्रुवमृदुक्षिप्रैः स्वकेंद्रायगैः सौम्यैः राजेक्षा, सचरभैः एतैः सुधर्मोदयेसति शांतिकपौष्टिके स्याताम् ॥ १६ ॥**

अन्वयार्थः—**उद्वाहर्क्षाणि** વિવાહનાં નક્ષત્રો **हरित्रयम्** શ્રવણથી ત્રણ **अदितिः** પુનર્વસુ **हयः** અશ્વિની **इज्यः** પુષ્ય **ऋक्षैः** એ નક્ષત્રોમાં, **तनुगैः** લગ્નમાં **ज्ञेज्याब्जैः** ( **ज्ञः** બુધ **इज्यः** ગુરૂ **अब्जः** ચંદ્ર તથા જલચર રાશિ) બુધ, ગુરૂ, ચંદ્ર તથા જલચર રાશિ, **दशमगे** ૧૦ મે **सिते** શુક્ર **च** અને **सद्वासरे** શુભ ગ્રહનો વાર હોય ત્યારે **तडागादयः** તલાવ વિગેરે **सिध्यंति** સિદ્ધ થાય છે. **श्रवणत्रयम्** શ્રવણથી ત્રણ **ध्रुव** ધ્રુવ **मृदु** મૃદુ **क्षिप्रैः** ક્ષિપ્ર એ નક્ષત્રોમાં **स्वकेंद्रायगैः** ( **स्व** ૨ **केंद्र** **१, ४, ७, १०** **आय ११** ) ૨, ૧, ૪ ૭, ૧૦, ૧૧ એ સ્થાનોમાં **सौम्यैः** શુભ ગ્રહો હોય ત્યારે **राजेक्षा** રાજાને મળવું, **सचरभैः** ચર નક્ષત્ર સહિત **एतैः** શ્રવણાદિક નક્ષત્રોમાં **सुधर्मोदयेसति** પાપગ્રહ રહિત ૯ મું સ્થાન હોય, એવા લગ્નમાં **शांतिक पौष्टिके स्याताम्** શાંતિક અને પૌષ્ટિક કર્મ કરવાં. ॥ ૧૬ ॥

**ભાવાર્થ**—વિવાહનાં *નક્ષત્રો, શ્રવણ, ધનિષ્ટા, શતભિષા. પુનર્વસુ, અશ્વિની, પુષ્ય એ નક્ષત્રો, લગ્નમાં બુધ, ગુરૂ, ચંદ્ર અને જલચર રાશિ, ૧૦ મે શુક્ર, અને શુભગ્રહનો વાર હોય ત્યારે +**જલાશય** બાંધવાનો આરંભ કરવો શુભ છે.

શ્રવણ, ધનિષ્ટા, શતભિષા, ધ્રુવ. ×મૃદુ, ક્ષિપ્ર એ નક્ષત્રો તથા લગ્નથી ૨, ૧, ૪, ૭, ૧૦, ૧૧ એ સ્થાનોમાં શુભગ્રહ હોય ત્યારે **રાજાને મળવું** શુભ છે.

શ્રવણ, ધનિષ્ટા, શતભિષા, ધ્રુવ, મૃદુ, ક્ષિપ્ર અને ચર એ નક્ષત્રોમાં તેમજ પાપગ્રહ રહિત નવમું સ્થાન હોય એવા લગ્નમાં શાંતિક તથા પૌષ્ટિ કર્મ કરવાં શુભ છે. ॥ ૧૬ ॥

**दिग्वियं नैव मलिम्लुचे विधुसितेज्यास्ते रवावष्टमे मंदाराहि**

* વિવાહનાં નક્ષત્રો પૃષ્ટ ૫૬ માં છે. + કુવા, વાવ, તલાવ વિગેરે. × ધ્રુવ, મૃદુ, ક્ષિપ્ર તથા ચર એ નક્ષત્રો પૃષ્ટ ૧૦ માં છે.

खलोदये स्थिरतनौ कुर्यात्कृतेऽदोऽन्यथा ॥ श्रीशैलग्रहणायनेषु त्रिषुवे संकीर्णजातावुपाकृत्युत्सर्ग वधूप्रवेशनगया गोदासु नित्याह्निके१७

अन्वयः—मलिम्लुचे विधुसितेज्यास्ते अष्टमे रवौसति मंदाराह्नि खलोदये स्थिरतनौ दिव्यम् नैवकुर्यात्, अदः कृतेसति अन्यथा स्यात् श्रीशैलग्रहणायनेषु त्रिषुवे संकीर्णजातौ उपाकृत्युत्सर्गवधूप्रवेशनगयागोदासु नित्याह्निके ॥ १७ ॥

अन्वयार्थः— मलिम्लुचे મલમાસમાં विधुसितेज्यास्ते ચંદ્ર, શુક્ર ને ગુરૂના અસ્તમાં अष्टमेरवौसति ૮ મે રહેલા રવિમાં मंदाराह्नि શનિ, મંગળના દિવસમાં खलोदये લગ્નમાં પાપગ્રહ કે પાપગ્રહની રાશિના લગ્નમાં स्थिरतनौ સ્થિર લગ્નમાં दिव्यम् ઘુતારંભ नैवकुर्यात् ન કરવો, अदः कृतेसति જો એમાં ઘુતારંભ કરે તો अन्यथा स्यात् અસત્યવાદીનો જય થાય, श्रीशैलः શ્રી શૈલ ग्रहणम् ગ્રહણ अयनेषु અયનમાં त्रिषुवे મેષ અને તુલા સંક્રાંતિમાં संकीर्णजातौ હીન જાતિમાં उपाकृतिः ઉપાકર્મ उत्सर्गः ઉત્સર્ગ वधूप्रवेशनम् વધુ પ્રવેશ गया ગયા गोदासु ગોદાવરીમાં नित्याह्निके નિત્યાહ્નિક કર્મમાં. ॥ ૧૭ ॥

**ભાવાર્થ**—મલ ( અધિક ) માસ, *ચંદ્ર, ગુરૂ, અને શુક્રનો અસ્ત, ગોચરમાં ૮ મે સુર્ય, શનિ, મંગલનો વાર, પાપગ્રહની રાશિનું લગ્ન અથવા લગ્નમાં પાપગ્રહ, અને સ્થિર ( ૨, ૫, ૮, ૧૧ ) લગ્ન હોય ત્યારે +ઘુતારંભ કરવો નહિ, અને જો કરે તો તેમાં જુઠું બોલનારની જીત થાય. **ગુરૂ, શુક્રના અસ્તનો દોષ કયાં કયાં નથી તે બાબત**-×શ્રીશૈલ, સૂર્ય ચંદ્રનું ગ્રહણ, દક્ષિણાયન તથા ઉત્તરાયન બેસે તે સમય, મેષ, તુલાનો સંક્રમણ સમય, હીનજાતિ, ઉપાકર્મ, ઉત્સર્ગ, વધૂપ્રવેશ, ગયા, ગોદાવરી, =નિત્યાહ્નિક કર્મ અને—॥ ૧૭ ॥

---

* ચંદ્રમા કૃષ્ણપક્ષનો હોય તો અસ્તનો જાણવો.

+ હારજીતની શરત કરી પાસા વિગેરેથી જુગાર રમવો, તે ઘુતારંભ કહેવાય છે.

× જ્યાં મલિકાર્જુન નામે જ્યોતિર્લિંગ છે.

= દરવર્ષે જે કરવું તેને નિત્યાહ્નિક કહે છે, જેમકે નવરાત્રી વિ૦.

ईशानाहिबलौहरेः शयनपर्यावर्तने नैत्यके याने जीर्ण-
गृहेऽवरोहदमनारोपे पवित्रार्पणे ॥ चातुर्मास्यविधौ न जीवसितयो
र्मूढत्वदोषोऽष्टकासूत्साहांबरधारणेषु गदितो गर्भादि सप्तस्वपि ॥१८॥

अन्वयः--ईशानाहिबलौ हरेः शयनपर्यावर्तने नैत्यकेयाने जीर्णगृहे अवरोह दमनारोपे पवित्रार्पणम् चातुर्मास्यविधौ अष्टकासु उत्साहाः अंबरधारणेषु जीवसितयोः मूढत्वदोषः नस्यात्, गर्भादिसप्तसुअपि ( जीवसितयोः मूढत्वदोषः ) नगदितः ॥ १८ ॥

अन्वयार्थः—**ईशानाहिबलौ** ઇશાનબલિ તથા સર્પ બલિમાં **हरेः** વિષ્ણુના **शयनपर्यावर्तने** સુવાના તથા પાસુ ફેરવવાના દિવસમાં **नैत्यकेयाने** નિત્ય પ્રયાણુમાં **जीर्णगृहे** જુના ઘરમાં **अवरोहः** દેવોને હિંડોળાપર ઝુલાવવામાં **दमनारोपः** દમનારોપણુમાં **पवित्रार्पणे** પવિત્રાર્પણુમાં **चातुर्मास्यविधौ** ચાતુર્માસ વ્રતમાં **अष्टकासु** માગશર, પૌષ, માહા અને ફાગણુ માસની વદી ૮ માં **उत्साहाः** ઉત્સાહમાં **अंबर धारणेषु** વસ્ત્ર ધારણુમાં **जीवसितयोः** ગુરૂ શુક્રના **मूढत्वदोषः** અસ્તનો દોષ **नस्यात्** નથી **गर्भादिसप्तसुअपि** ગર્ભાધાનાદિ ૭ સંસ્કારોમાં પણુ ( **जीवसितयोः** ) ગુરૂ શુક્રના ( **मूढत्वदोषः** ) અસ્તનો દોષ **नगदितः** કહ્યો નથી. ॥ ૧૮ ॥

**ભાવાર્થ**--ઇશાનબલી, સર્પબલી, અશાડ શુદી ૧૨, ભાદરવા શુદી ૧૨, નિત્યપ્રયાણુ, જુના ઘરમાં પ્રવેશ, દેવોને હિંડોળાપર ઝુલાવવા, દમના રોપણુ, *પવિત્રાર્પણુ, ચાતુર્માસનું વ્રત, માગશર, પૌષ, માહા, અને ફાગણુ એ મહિનાઓની વદી ૮, ઉત્સાહ, વસ્ત્રધારણુ, અને ગર્ભાધાનાદિ ૭ સંસ્કારો એ **સર્વેમાં ગુરૂ શુક્રના અસ્તનો દોષ નથી.** ॥૧૮॥

शुक्रेज्यास्तमयेऽधिकक्षयजनुर्मासेषु जन्मर्क्षके नापूर्वामरतीर्थद-
र्शनमियाद्गोदागयाभ्यामृते ॥ एष्वाषाढसहस्यविष्णुशयनेष्वप्यंत
कर्म त्यजेच्चद्वर्षाधिकलंबितं भवति तद्गोदागयातोऽन्यतः ॥१९॥

इति मुहूर्त मार्तण्डे मिश्रप्रकरणम् ॥ ८ ॥

---

* દમના રોપણુ ચૈત્ર શુદી ૧૫ મે, અને પવિત્રાર્પણુ શ્રાવણુ શુદી ૧૫ મે.

अन्वयः—शुक्रेज्यास्तमयेअधिक क्षयजनुर्मासेषु जन्मर्क्षके अपूर्वामरतीर्थदर्शनम् गोदागयाभ्यामृते न इयात्, एषु आषाढ सहस्य विष्णु शयनेषु अपि यद्वर्षाधिक लंबितं अंतकर्म भवति तत् गोदा गया तोऽन्यतः त्यजेत् ॥ १९ ॥

अन्वयार्थः-शुक्रेज्ययोः શુક્ર ગુરૂના अस्तमये અસ્ત સમયમાં अधिकः અધિક માસ क्षयः ક્ષય માસ जनुर्मासः જન્મમાસ तेषु તે માસોમાં जन्मर्क्षके જન્મ નક્ષત્રમાં अपूर्वम् પ્રથમ अमरतीर्थदर्शनम् દેવ અને તીર્થના દર્શન નિમિત્તે गोदागयाभ्याम् ગોદા અને ગયા ऋते વિના न इयात् ન જવું, एषु ગુરૂ શુક્રનો અસ્ત વિગેરે જે ઉપર કહ્યું તેમાં ( તેમજ ) आषाढः આષાઢ सहस्यः પોષ विष्णुशयनम् અશાડ શુદી ૧૨ થી કારતક સુદી ૧૨ સુધીનો વખત तेषु अपि તેમાં પણ यत् જે वर्षाधिकलंबितम् ૧ વર્ષથી વધારે લંબાયેલું अंतकर्मभवति પ્રેત કર્મ હોય तत् તે गोदागयातः ગોદા અને ગયાથી अन्यतः બીજે સ્થળે त्यजेत् ત્યાગ કરવું. ૧૯

**ભાવાર્થ**—શુક્ર અને ગુરૂનો અસ્ત, અધિકમાસ, ક્ષયમાસ તથા જન્મમાસ અને જન્મ નક્ષત્ર હોય ત્યારે પ્રથમ **દેવદર્શન** તથા પ્રથમ **તીર્થયાત્રા** કરવી નહિ, પરંતુ ગોદાવરી અને ગયામાં દોષ નથી,

ગુરૂ શુક્રનો અસ્ત વિગેરે જે ઉપર કહ્યું છે તેમાં, તેમજ પોષ, અને અશાડ શુદી ૧ થી કારતક શુદી ૧૨ સુધીના સમયમાં, જો **મરનારની ઉત્તર ક્રીયા** એક વર્ષથી વધારે લંબાએલી હોય તો કરવી નહિ, પરંતુ ગોદાવરી અને ગયામાં દોષ નથી. ॥ ૨૯ ॥

इति श्रीमच्छगनात्मज गिरिजाशंकर विरचितायां मुहूर्त मार्तण्डस्य गुर्जरटीकायां मिश्रप्रकरणम् ॥ ८ ॥

## अथानध्याय प्रकरणम् ॥ ९ ॥

पर्वाग्रादियुगष्टमीतितिथयो मध्वादिपक्षद्वयेऽनध्यायाश्चरसंक्रमा अथ मधौ वह्निश्च शुक्रे यमः ॥ राधेऽग्निस्त्वसितो यमः शुचिदृगाश्चाकोश्चयोदश्यथो मार्गे कृष्णनगग्रहा विषदृगंकाशाग्नयः कीर्तिताः ॥१॥

अन्वयः—मध्वादिपक्षद्वये अग्रादियुक्पर्व अष्टमी इति तिथयः अथ चरसंक्रमाः मधौवह्निः शुक्रेयमः राधेऽग्निः तु असितः यमः, शुचिदृगा शार्काः त्रयोदशी अथः मार्गे कृष्ण नगग्रहौ इषदृगंकाशाग्नयः ( इति बुधैः ) अनध्यायाः कीर्तिताः ॥ १ ॥

अन्वयार्थः—मध्वादि ચૈત્રાદિ માસોના पक्षद्वये બેઉ પક્ષમાં अग्रादियुक् પાછળની અને પહેલાની તિથિઓથી યુક્ત पर्व પુનમ ને અમાસ अष्टमी આઠમ इतितिथयः એ તિથિઓ अथ ત્યાર પછી चरसंक्रमाः ચર રાશિઓનો સંક્રમણ मधौवन्हि ચૈત્ર શુદી ત્રીજ शुक्रेयमः જ્યેષ્ટ શુદી બીજ राधेऽग्निः વૈશાખ શુદી ત્રીજ तु પુન; असितः यमः વદી બીજ शुचेः આષાઢની दृक् બીજ आशा દશમ अर्कः બારશ त्रयोदशी તેરશ, अथः ત્યાર પછી मार्गे માર્ગશિર્ષમાં कृष्णनगग्रहौ વદી સાતમ તથા નોમ इषस्य આશ્વિનની दृक् બીજ अंक નોમ आशा દશમ अग्नि ત્રીજ [इति] એ પ્રમાણે बुधैः પંડિતોએ अनध्यायाः અનધ્યાયો कीर्तिताः કહ્યા છે. ૧

ભાવાર્થ—ચૈત્રથી ફાગણ સુધીના મહિનાઓની સુદીની તથા વદીની ૧૪, ૩૦, ૧૫. ૧, ૮ એ તિથિઓ, ચર ( ૧, ૪, ૭, ૧૦ ) રાશિઓના સંક્રમણ દિવસો, ચૈત્ર શુદી ૩, જેઠ શુદી ૨, વૈશાખ શુદી ૩ ને વદી ૨, અશાડ શુદી ૨, ૧૦, ૧૨, ૧૩ માગશર વદી ૭, ૯, આસો સુદી ૨, ૯, ૧૦, ૩ એ પ્રમાણે પંડિતોએ અનધ્યાયો કહ્યા છે. ॥૧॥

पौषेशस्त्वसिता दृगंकमुनयोऽन्त्ये कृष्णखेटाद्रिदृङ् माघेऽर्कांङ्घ्रि-दृगद्रयस्त्वसितजा बाह्वंक पृथ्वी धराः ॥ ऊर्जेऽङ्कंकरवीश्वरास्त्वसितजा दृग्विश्वमूर्या नभस्येऽग्निः कृष्णदृगद्रिविश्वनवमी चैत्र्यं यमोऽन्यः श्रवा ॥ २ ॥

अन्वयः—पौषेशस्त्वसितादृगंकमुनयः, अंत्ये कृष्णखेटाद्रिदृक् माघेर्कांङ्घ्रिदृगद्रयस्त्वसितजाः बाह्वंक पृथ्वी धराः ॥ ऊर्जेङ्कंकरवीश्वराः तु असितजाःदृग्विश्वमूर्या, नभस्येग्निः कृष्णदृगद्रिविश्वनवमी चैत्र्यम् यमोन्यः श्रवाः एते ( अनध्यायाः स्युः ) ॥ २ ॥

अन्वयार्थः—पौषस्यईशः પૌષની સુદી ૧૧ तु પુનઃ असित વદી दृक् ૨

अंकः ९ मुनिः ७ अंत्ये ફાલ્ગુનમાં कृष्ण વદી खेटः ९ अद्रिः ७ दृक् २ माघे માઘમાં अर्कः १२ अब्धिः ४ दृक् २ अद्रिः ७ तु पुनः असितजाः વદી बाहुः २ अंकः ९ पृथ्वीधराः ७, ऊर्जे કાર્તિકમાં द्विः २ अंकः ९ रविः १२ ईश्वरः ११ तु पुनः असितजाः વદી दृक् २ विश्व १३ सूर्यः १२, नभस्य ભાદ્રપદની સુદી अग्निः ३ कृष्ण વદી दृक् २ अद्रिः ७ विश्व १३ नवमी ९ पैत्र्यम् મઘા यमः ભરણી अन्यः श्रवाः શુકલ પક્ષમાં શ્રવણ ( एते ) એ સર્વ ( अनध्यायाः स्युः ) અનધ્યાયો છે. ॥ ૨ ॥

ભાવાર્થ—પોસ સુદી ૧૧ પોષ વદી ૨, ૯, ૭, ફાગણ વદી ૯, ૭, ૨ માહા સુદી ૧૨, ૪, ૨, ૭, માહા વદી ૨, ૯, ૭, કાર્તિક સુદી ૨, ૯, ૧૨, ૧૧, કાર્તિક વદી ૨, ૧૩, ૧૨, ભાદરવા સુદી ૩ તથા શ્રવણ નક્ષત્ર, ભાદરવા વદીમાં ૨, ૭, ૧૩, ૯ એ તિથિઓ તથા મઘા, ભરણી એ નક્ષત્ર, **એ સર્વે અનધ્યાયો છે.** ॥ ૨ ॥

**योऽनध्यायतिथिः सपूर्वदिवसोऽस्तात्प्राङ्मुहूर्तोन्मितोऽन्यस्मिन्वा दिवसे क्षणत्रयगतो ब्रह्मेह नैवाभ्यसेत् ॥ पर्वाग्रादियुगष्टमीति च तिथींस्त्यक्त्वैषु शास्त्रस्मृती वेदाङ्गानि समभ्यसेच्च निखिलेषुक्तं पठेन्नैत्यकम् ॥ ३ ॥**

अन्वयः—**यः अनध्यायतिथिः सः पूर्वदिवसः अस्तात् प्राक् मुहूर्तोन्मितः स्यात्, इह ब्रह्मनैवाभ्यसेत्, वा अन्यस्मिन् दिवसे क्षणत्रयगतोभवति ( अत्र ब्रह्म नो पठेत् ), अग्रादियुक् पर्व अष्टमी इति तिथीन् त्यक्त्वा ( अन्यअनध्यायेषु ) शास्त्रस्मृतीवेदांगानि समभ्यसेत्, च निखिलेषुक्तम् नैत्यकम् पठेत् ॥ ३ ॥**

अन्वयार्थः—यः જે **अनध्यायतिथिः** અનધ્યાય તિથિ सः તે **पूर्वदिवसः** પહેલા દિવસના **अस्तात् प्राक्** સૂર્યાસ્તથી પહેલાં **मुहूर्तोन्मितः स्यात्** મુહુર્ત માત્ર હોય **इह** એ દિવસમાં **ब्रह्म** વેદ **नैवाभ्यसेत्** નજ ભણવો, **वा** અથવા **अन्यस्मिन् दिवसे** બીજા દિવસે **क्षणत्रयगतोभवति** ત્રણ મુહૂર્ત હોય ( **अत्र** ) એ દિવસમાં ( **ब्रह्म नो पठेत्** ) વેદ ભણવો નહિ **अग्रादियुक् पर्व** ૧૪, ૧, ૧૫, ૩૦ **अष्टमी** ૮ **इति** એ **तिथीन्** તિથિઓ **त्यक्त्वा** ત્યાગ કરી ( **अन्येषु अनध्यायेषु** ) અન્ય અનધ્યાયોમાં **शास्त्रस्मृती** શાસ્ત્ર

અને સ્મૃતિ वेदांगानि વેદનાં અંગ समभ्यसेत् ભણવાં च અને निखिलेषु સર્વે અનધ્યાયોમાં उक्तम् ઉક્તકર્મ नैत्यकम् નિત્ય કર્મ पठेत् ભણવું. ૩

ભાવાર્થ—અનધ્યાયોનો નિર્ણય—જે દિવસે અનધ્યાય તિથિ હોય તેના પહેલા દિવસના સૂર્યાસ્તથી પહેલાં તે જો ૧ મુહૂર્ત* ભોગવાતી હોય તો તે દિવસે વેદ ભણવો નહિ, અથવા બીજે દિવસે ત્રણ મુહૂર્ત ભોગવાતી હોયતો તે દિવસે વેદ ભણવો નહિ ૧૪, ૧૫, ૩૦, ૧. : એ ચાર તિથિઓ વિનાના અનધ્યાયોમાં શાસ્ત્રસ્મૃતિ તથા વેદનાં અંગ ભણવાં, સર્વે અનધ્યાયોમાં ×ઉક્તકર્મ અને ÷નિત્યકર્મ ભણવું. ॥ ૩ ॥

**बभ्रोत्वेणखराग्न्यजांब्वहिगजाश्वोष्ट्रांत्यमूकोन्नता नो यानांतरिते त्र्यहं प्लवखगाद्यैर्नो च सज्योतिषम् ॥ स्त्रीगोस्थ्यंतरितेहरुत्सवनिशीथाशौचमार्गेषु च च्छायायां न कपित्थशाल्मलिमधुश्लेष्मातकादेः पठेत् ॥ ४ ॥**

**अन्वयः—बभ्रोत्वेणखराग्न्यजांब्वहिःगजाश्वोष्ट्रांत्यमूकोन्नतानोयानम् एभिः अंतरिते ( गुरौ सति ) त्र्यहम् प्लवखगाद्यैः (अंतरिते) सज्योतिषम् च स्त्रीगोस्थ्यंतरिते अहः (अनध्यायः), उत्सवःनिशीथम् आशौचम् मार्गः एषु, च कपित्थ शाल्मलिमधुश्लेष्मातकादेः च्छायायाम् ना न पठेत् ॥ ४ ॥**

अन्वयार्थः—बभ्रुः નકુલ ओतुः માર્જાર एणः હરણ खरः ખર अग्निः અગ્નિ अजः મેષ अंबु ઉદક अहिः સર્પ गजः હાથી अश्वः અશ્વ उष्ट्रः ઊંટ अंत्यः અંત્ય જાતિ मूकः મુંગો उन्नतः ઉન્મત્ત अनः શકટ यानम् પાલખી વિગેરે વાહન एभिः ઇત્યાદિકના अंतरिते અંતરથી त्र्यहम् ૩ દિવસ, प्लवखगाद्यैः મંડુક તથા પક્ષિ આદિના ( अंतरिते ) અંતરથી सज्योतिषम् અસ્ત ઉદય પર્યંત, च અને स्त्री સ્ત્રી गौः ગાય अस्थि હાડકું एभिः

---

* આશરે બે ઘડીનું ૧ મુહૂર્ત ગણાય છે.

× જે દિવસે જે કર્મ કરવાનું કહ્યું હોય તે દિવસે અનધ્યાય તિથિ આવતી હોય તો પણ તે કર્મના અંગે વેદ ભણવામાં દોષ નથી. જેમકે અમાસ અનધ્યાય તિથિ છે, પરંતુ તે દિવસે શ્રાદ્ધ અયન વિગેરેમાં વેદ ભણવામાં દોષ નથી.

÷ સંધ્યા, હોમ, બ્રહ્મયજ્ઞાદિક.

ઇત્યાદિકના **अंतरिते** અંતરથી **अहः** અહોરાત્ર ( **अनध्यायः** ) અનધ્યાય છે, **उत्सवः** વિવાહાદિક મોટો ઉત્સવ **निशीथम्** મધ્યરાત્રિ **आशौचम्** સૂતક **मार्गः** રસ્તો **एषु** એ સર્વમાં **च** અને **कपित्थः** કોઠી **शाल्मलिः** સીમડો **मधुः** મહુડો **श्लेष्मातकादेः** બહેડો વિગેરે વૃક્ષોની **छायायाम्** છાયામાં **ना** પુરૂષે **नपठेत्** ન ભણવું. ॥ ૪ ॥

**ભાવાર્થ—નૈમિત્તિક અનધ્યાયો**—નોળીઓ, બિલાડી, હરણ, ગધેડો અગ્નિ ( દેવતા ), બકરો, જલ, સાપ, હાથી, ઘોડો, ઉંટ, *અંત્યજાતિ, મુગો, ઉન્મત્ત, ગાડું, પાલખી વિગેરે વાહન, ઇત્યાદિકના ÷અંતરથી ૩ દિવસ, દેડકા તથા પક્ષિઆદિકના અંતરથી અસ્ત +ઉદય પર્યંત અને સ્ત્રી, ગાય, હાડકુ ઇત્યાદિકના અંતરથી ૧ દિવસ ભણવું નહિ, વિવાહાદિક મોટા ઉત્સવમાં, મધ્યરાત્રિમાં, સૂતકમાં અને રસ્તે ચાલતાં ભણવું નહિ, તેમજ કોઠી, સીમડો, મહુડો, અને બહેડો વિગેરે ઝાડોની છાયામાં ભણવું નહિ. ॥ ૪ ॥

**ग्रामांतः कुणपे श्वशूद्रनिकटे श्राद्धाशने वक्त्रगे तांबूले ग्रहणा-द्गुरुक्षितिपतिप्रांतादुपोत्सर्गतः॥ भूकंपाशनिपाततः पुरदहे विष्टावलोकात्र्यहं गर्जेऽनार्तवके त्र्यहं समयजे सज्योतिरंते सतः ॥ ५ ॥**

**अन्वयः---ग्रामांतः कुणपेसति, श्वशूद्रनिकटे, श्राद्धाशने ( जीर्णावधि ), च वक्त्रगे तांबूलेसति नपठेत्, ग्रहणात्, गुरुक्षितिपति प्रांतात्, उपोत्सर्गतः, भूकंपः, अशनिपाततः पुरदहात् विष्टावलोकात् च, अनार्तवकेगर्जेसति त्र्यहंनपठेत्, समयजे ( गर्जेसति ) सतः अंतेसतिसज्योतिर्नपठेत् ॥ ५ ॥**

**अन्वयार्थः—ग्रामांतः** ગામમાં **कुणपेसति** મડદુ હોય તો, **श्वशूद्रनिकटे** શ્વાન અને શૂદ્રના સમીપમાં, **श्राद्धाशने** શ્રાદ્ધ ભોજનમાં ( **जीर्णावधि** ) પચે ત્યાં સુધી, **च** અને **वक्त्रगे** મુખમાં **तांबुलेसति** પાન હોય તો **नपठेत्**

---

* પૃષ્ટ ૧૨૨ માં કહી છે તે.

÷ અંતર એટલે ગુરૂ અને શિષ્ય વચ્ચેથી તેઓનું જવું.

\+ દિવસે અંતર થાય તો સૂર્યાસ્ત સુધી અને રાત્રિએ થાય તો સૂર્યોદય સુધી.

ન ભણવું. **ग्रहणात्** ગ્રહણથી, **गुरुक्षितिपतिप्रांतात्** ગુરૂ અને રાજાના મરણથી. **उपोत्सर्गतः** ઉપાકર્મ તથા ઉત્સર્ગથી, **भूकंपः** ભૂમિકંપથી, **अशनिपाततः** વિદ્યુત્પાતથી, **पुरदहात्** પોતાને રહેવાનું ગામ બળવાથી **रिष्टावलोकात्** ગંધર્વ નગર તથા ભૂતાદિક જોવાથી, **च** અને **अनार्तवकेगर्जेसति** ઋતુ વગર મેઘની ગર્જનાથી **त्र्यहम्** ત્રણ દિવસ **नपठेत्** ન ભણવું **समयजे ( गर्जेसति )** ઋતુમાં મેઘની ગર્જનાથી અને **सतः** પોતાની શાખાના સત્પુરૂષનું **अंतेसति** **मरण** થવાથી **सज्योतिर्नपठेत्** અસ્ત ઉદય પર્યંત ન ભણવું. ॥ ૫ ॥

**ભાવાર્થ**—ગામમાં મડદું હોય ત્યાં સુધી, શુદ્રની પાસે, કૂતરાની પાસે, શ્રાદ્ધમાં ભોજન કરીને અન્ન પચે નહિ ત્યાં સુધી, અને મુખમાં પાન હોય ત્યારે **ન ભણવું**. ગ્રહણથી, રાજા અને ગુરૂના મરણથી, ઉપાકર્મથી, ઉત્સર્ગથી, ભૂમિકંપથી, વિજળી પડવાથી, પોતાને રહેવાનું ગામ બળી જવાથી, ગંધર્વ નગર તથા ભૂતાદિક જોવાથી, અને ઋતુ વગર મેઘની ગર્જનાથી **ત્રણ દિવસ સુધી** ભણવું **નહિ**. ઋતુમાં દિવસે મેઘ ગર્જે તો સૂર્યાસ્ત સુધી અને રાત્રે ગર્જે તો રાત્રિ પુરી થાય ત્યાં સુધી અને પોતાની શાખામાં સત્પુરૂષનું દિવસે મરણ થયું હોય તો સૂર્યાસ્ત સુધી, અને રાત્રિએ થયું હોય તો, રાત્રિ પુરી થાય ત્યાં સુધી **ન ભણવું**. ૫

**वाद्योलूकखरार्तजंबुकरवे साम्नां च वाते जले नीहारे पतिताभिशस्तनिकटे धावज्जनालोकने ॥ ग्रामांतेपितृकाननेप्यथसतानूनप्तिणीतेदिवं तद्वत्सद्व्रतिनित्र्यहंचनपठेद्भुक्त्वार्द्रपाणिर्न च ॥ ६ ॥**

**अन्वयः—वाद्ये लूकखरार्तजंबुकाःतेषाम् च साम्नाम् रवे, वाते जले नीहारे पतिताभिशस्तनिकटे धावज्जनालोकनेग्रामांते च पितृकानने न पठेत् अथ सतानूनप्तिणि दिवंइतेसति (त्र्यहंन पठेत् ), तद्वत्सद्व्रतिनि ( मृतेसति ) त्र्यहम् न पठेत् , भुक्त्वार्द्रपाणिः नपठेत् ॥ ६ ॥**

अन्वयार्थः—**वाद्यम्** વાજીંત્ર **उलूकः** ઘુવડ **खरः** ગધેડો **आर्त** દુઃખી **जंबूकः** શિયાળ **तेषाम्** તેઓનો **च** અને **साम्नाम्** સામવેદનો **रवे** શબ્દ સંભળાય ત્યારે, **वाते** ઘણા પવનમાં **जले** જલના મધ્યમાં **नीहारे** હીમ પડે ત્યારે **पतितः** જાતિભ્રષ્ટ અને **अभिशस्तः** ખોટો શ્રાપ આપનાર **तयोः**

તેઓની निकटे સમીપમાં. धावज्जनालोकने દોડતાં મનુષ્યોને જોતાં ग्रामांते ગામના સીમાડાની પાસે च અને पितृकानने સ્મશાનમાં नपठेत् ન ભણવું अथ ત્યાર પછી सतानूनप्त्रिणि યજ્ઞમાં ઘી હોમનાર ઋત્વિજ दिवंइते- सति મરણ પામે ત્યારે ( त्र्यहंनपठेत् ) ત્રણ દિવસ ન ભણવું. तद्वत् તેનીજ પેઠે सद्व्रतिनि વેદ વ્રતવાળો ( मृतेसति ) મરણ પામે ત્યારે त्र्यहम् ૩ દિવસ नपठेत् ન ભણવું, भुक्त्वा ભોજન કરીને आर्द्रपाणिः જ્યાં સુધી હાથ ભીના હોય ત્યાં સુધી नपठेत् ન ભણવું. ॥ ૬ ॥

ભાવાર્થ—વાજીંત્ર, ધુવડ, ગધેડા, દુંભી, શિયાળ, અને સામવેદ ઇત્યાદિકનો અવાજ સંભળાતાં, ઘણા પવનમાં, જલના મધ્યમાં, હોમ પડે તે સમયમાં, જાતિભ્રષ્ટ તથા ખોટો શ્રાપ આપનાર તેઓના સમીપમાં. દોડતા મનુષ્યોને જોતાં, ગામના સીમાડાના સમીપમાં, અને સ્મશાનમાં ન ભણવું. યજ્ઞમાં ઘી હોમનાર ઋત્વિજ તથા વેદ વ્રતવાળાનું મરણ થયું હોય તો ૩ દિવસ ન ભણવું, ભોજન કરીને જ્યાં સુધી હાથ ભીના હોય ત્યાં સુધી ન ભણવું. ॥ ૬ ॥

**रात्र्यर्धे मदनो मुनिर्दलयुते यामे चतुर्थ्याद्यके प्राग्रात्रौ पठनं ह्युपाकरणतो मासं निशः प्राग्दले ॥ श्वोऽनध्याय इतीह रात्रिपठनं वर्ज्यं सदा संध्ययो श्चोरोपद्रवयामकेत्रिदिवसं दुर्भुक्प्रतिग्राहयोः ॥७॥**

**इति मुहूर्त मार्तण्डे अनध्याय प्रकरम् ॥ ९ ॥**

अन्वयः—(यस्मिन्दिने) रात्र्यर्द्धे मदनः स्यात्, दलयुतेयामे मुनिः स्यात् आद्यके चतुर्थिः स्यात्, ( अत्रदिने ) प्राग्रात्रौ पठनम् वर्ज्यम्, उपाकरणतः मासम् निशः प्राग्दले ( पठनंवर्ज्यम् ) श्वः अनध्यायः इहरात्रि पठनम् वर्ज्यम्, सदासंध्ययोः ( पठनंवर्ज्यम्) चोरोपद्रवे यामके, दुर्भुक्प्रतिग्राहयोः त्रिदिवसम् पठनं वर्ज्यम् ॥ ७ ॥

अन्वयार्थः—( यस्मिन्दिने ) જે દિવસે रात्र्यर्द्धे મધ્યરાત્રિ સુધીમાં मदनः स्यात् તેરશ હોય, दलयुतेयामे દોઢ પ્રહર રત્રિ સુધીમાં मुनिः स्यात् સાતમ હોય, आद्यके એક પ્રહર રાત્રિ સુધીમાં चतुर्थिः स्यात् ચોથ હોય ( अत्रदिने ) એ દિવસે प्राग्रात्रौ પૂર્વ રાત્રિમાં पठनम् પઠન वर्ज्यम् વર્જવું, उपाकरणतः ઉપાકર્મથી मासम् એક માસ સુધી निशः રાત્રિના प्राग्दले પૂર્વાર્દ્ધમાં ( पठनंवर्ज्यम् ) પઠન વર્જવું श्वः अनध्यायः આવતે

દિવસે અનધ્યાય હોય તો **इह** ચાલુ દિવસની **रात्रि** રાત્રિમાં **पठनम्** પઠન **वर्ज्यम्** વર્જવું, **सदा** હમેશાં **संध्ययोः** બેઉ સંધ્યામાં ( **पठनंवर्ज्यम्** ) પઠન વર્જવું **चोरोपद्रवे** ચોરના ઉપદ્રવથી **यामके** એક પ્રહર સુધી અને **दुर्भु प्रतिग्राहयोः** દુષ્ટ ભોજન તથા દુષ્ટ પ્રતિગ્રહથી **त्रिदिवसम्** ત્રણ દિવસ **पठनंवर्ज्यम्** પઠન વર્જવું. ॥ ૭ ॥

**ભાવાર્થ—પ્રદોષ અનધ્યાયો**—જે દિવસ અર્દ્ધરાત્રિ સુધીમાં **તેરશ**, ૧॥ પ્રહર રાત્રિ સુધીમાં **સાતમ**, અને એક પ્રહર રાત્રિ સુધીમાં **ચોથ** હોય, એ દિવસ સૂર્યાસ્તથી રાત્રિના ૧૨ વાગ્યા સુધી ભણવું નહિ, **ઉપાકર્મથી** ૧ મહિના સુધી રાત્રિના પહેલા અડધા ભાગમા ન ભણવું, **અનધ્યાય** પહેલાના દિવસની રાત્રિમાં ન ભણવું, **બેઉ સંધ્યામાં** હમેશાં ન ભણવું, **ચોરના** ઉપદ્રવથી એક પ્રહર સુધી ન ભણવું, **દુષ્ટ** ( ખરાબ ) ભોજન કરીને, અને દુષ્ટદાન લેઈને ત્રણ દિવસ સુધી **ન** ભણવું. ॥૭॥

**इति श्रीमच्छगनात्मजगिरिजाशंकरविरचितायां मुहूर्तमार्तण्डस्यगुर्जरटीकायांअनध्याय प्रकरणम् ॥ ९ ॥**

## अथ पल्लीसरठयोः प्रकरणम् ॥ १० ॥

**दक्षांगोदरनाभिहृत्सु पतिता पल्ली वरांगे हनुं त्यक्त्वा नुः शुभदा स्त्रियाः फलमिदं वामेतरव्यत्ययात् ॥ इत्याहुः सरठप्ररोहणफलं पातेऽन्यथैके वृथापल्ल्यारोहणकेऽपि वस्त्रसहितः स्नात्वा चरेच्छांतिकम् ॥ १ ॥**

**इति मुहूर्तमार्तण्डे पल्लीसरठयोः प्रकरणम् ॥ १० ॥**

**अन्वयः—दक्षांगोदरनाभिहृत्सुपतिता च हनुम् त्यक्त्वावरांगेपतिता पल्लीनुःशुभदास्यात् , स्त्रियाःइदंफलम् वामेतरव्यत्ययतात् ज्ञेयम् , सरठप्ररोहणफलम् आचार्याः इतिआहुः, पातेअन्यथा आहुः, एके (पाते) वृथाफलम् आहुः, पल्यारोहणकेऽपि अन्यथा फलम् आहुः, एके रोहणे वृथाफलम् आहुः, अत्र वस्त्रसहितः स्नात्वाशान्तिकम् चरेत् ॥ १ ॥**

**अन्वयार्थः—दक्षांगम्** જમણું અંગ **उदरम्** પેટ **नाभिः** નાભિ તથા

**हृत्सु** હૃદયમાં **पतिता** પડેલી **च** અને **हनुम्** દાઢીને **त्यक्त्वा** છોડી દઇ **वरांगे** કંઠ ઉપરના ભાગમાં **पतिता** પડેલી **पल्ली** ગરોળી **नुः** પુરૂષને **शुभदा स्यात्** શુભ ફળ આપે છે, **स्त्रियाः** સ્ત્રીને **इदंफलम्** ઉપર કહ્યું તે ફળ **वामेतरव्यत्ययात्** ડાબા જમણાના ઉલટાપણાથી **ज्ञेयम्** જાણવું **सरठस्यप्ररोहणफलम्** કાચીડાના ચઢવાનું ફળ **आचार्योः** આચાર્યો **इति** એ પ્રકારે **आहुः** કહે છે, **पाते** કાચીડાના પડવામાં **अन्यथा** વિપરીત ફલ **आहुः** કહે છે. **एके** કેટલાક આચાર્યો ( **पाते** ) કાચીડાના પડવામાં **वृथाफलम्** મિથ્યા ફળ **आहुः** કહે છે. **पल्व्यारोहणकेऽपि** ગરોળીના ચઢવામાં પણ **अन्यथाफलम्** વિપરીત ફળ **आहुः** કહે છે, **एके** કેટલાક આચાર્યો **रोहणे** ગરોળીના ચડવામાં પણ **वृथाफलम्** મિથ્યા ફળ **आहुः** કહે છે **अत्र** એ સમયે **वस्त्रसहितः** વસ્ત્ર સાથે **स्नात्वा** સ્નાન કરી **शान्तिकम्** શાંતિ **चरेत्** કરવી. ॥ ૧ ॥

ભાવાર્થ—[૧]**પુરૂષના** જમણા અંગમાં, તેમજ પેટ નાભિ તથા હૃદયમાં, અને દાઢીનો ભાગ છોડી દઇ કંઠ ઉપરના ગમે તે ભાગમાં **ગરોળી પડે તો** શુભ અને **ચઢે તો** અશુભ ફળ આપે છે. **સ્ત્રીના** ડાબા અંગમાં તેમજ પેટ નાભિ તથા હૃદયમાં અને દાઢી છોડી દઇ કંઠ ઉપરના કોઇ પણ ભાગમાં **ગરોળી પડે તો** શુભ અને **ચડે તો** અશુભ ફળ આપે છે. સ્ત્રી પુરૂષના ઉપર કહેલા ભાગોમાં **કાચીડો ચઢે તો શુભ અને પડે તો અશુભ ફળ આપે છે. કેટલાએક આચાર્યો** ગરોળીના **ચઢવામાં** અને કાચીડાના **પડવામાં** શુભ કે અશુભ કશું પણ ફળ કહેતા નથી.

ગરોળી તેમજ **કાચીડાનો** સ્પર્શ થવાથી વસ્ત્ર સહિત સ્નાન કરી **શાંતી કરવી.** ॥ ૬ ॥

**इति श्रीमच्छगनात्मज गिरिजाशंकरविरचितायां मुहूर्तमार्तण्डस्य-गुर्जरटीकायां पल्लीसरठयोः प्रकरणम् ॥ १० ॥**

૧ અહિં જે જે અંગમાં શુભ કે અશુભ જે ફળ કહ્યું છે, તે ફળ તે શિવાયના અંગોમાં તેથી ઉલટું જાણવું.

# अथ गोचरप्रकरणम् ॥ ११ ॥

स्वर्क्षाच्चंद्रखलास्त्रिखारिषु शुभाः सप्ताद्यगोऽब्जः पुनश्चापुत्राद्व्यय-धर्ममृत्युषु कविः स्वास्तत्रिकोणे गुरुः ॥ सौम्यो व्यंत्यसमेऽखिला भवगताः शुक्ले नवेषुद्विगश्चंद्रोऽथो निजभाद्द्युभंनवहृतंत्र्यद्रीषुशेषं न सत् ॥ १ ॥

अन्वयः—स्वर्क्षात्त्रिखारिषु चंद्रखलाः, पुनः सप्ताद्यगः अब्जः, आपुत्राद्व्ययधर्ममृत्युषुकविः, स्वास्तत्रिकोणेगुरुः, व्यंत्यसमेसौम्यः, भवगताः अखिलाः, शुक्ले नवेषुद्विगः चंद्रः, एतेशुभाःस्युः अथ निजभात् द्युभम् नवहृतंसत् त्र्यद्रीषु शेषंसत् नसत् स्यात् ॥ १ ॥

अन्वयार्थः—**स्वर्क्षात्** પોતાની જન્મ રાશિથી **त्रि** ૩ **ख** ૧૦ **अरि** ૬ **एषु** એ સ્થાનોમાં **चंद्रखलाः** ચંદ્ર અને પાપગ્રહો, **पुनः** ફરીથી **सप्ताद्यगः** ૭ મે અને ૧ લે રહેલો **अब्जः** ચંદ્ર, **आपुत्रात्** ૧ થી ૫ **व्यय** ૧૨ **धर्म** ૯ **मृत्यु** ૮ **एषु** એ સ્થાનોમાં **कविः** શુક્ર, **स्व** ૨ **अस्त** ૭ **त्रिकोणे** ૯–૫ માં **गुरुः** ગુરૂ, **व्यंत्य** ૧૨ મા શિવાય **समे** સમસ્થાનમાં **सौम्यः** બુધ, **भवगताः** ૧૧ મે **अखिलाः** સર્વે ગ્રહો, **शुक्ले** શુક્લ પક્ષમાં **नवेषुद्विगः** ( **नव** ૯ **इषु** ૫ **द्वि** ૨ ) ૯–૫–૨ માં રહેલો **चंद्रः** ચંદ્ર **एते** એ સર્વે **शुभाः स्युः** શુભ છે, **अथ** ત્યાર પછી **निजभात्** પોતાના જન્મ નક્ષત્રથી **द्युभम्** દિવસ નક્ષત્ર સુધી ગણી **नवहृतंसत्** ૯ વડે ભાગવાથી **त्रि** ૩ **अद्रि** ૭ **इषु** ૫ **शेषंसत्** શેષ રહે તો **नसत् स्यात्** અશુભ છે. ॥ ૧ ॥

**ભાવાર્થ**—ગોચર *ગ્રહોનું ફળ—પોતાની જન્મ રાશિથી ૩, ૬, ૧૦, ૧૧ એ સ્થાનોમાં રવિ, ૩, ૬, ૧૧ એ સ્થાનોમાં મંગળ, શનિ, રાહુ અને કેતુ, ૧, ૩, ૬, ૭, ૧૦, ૧૧ એ સ્થાનોમાં ચંદ્રમા ૧, ૨, ૩, ૪, ૫, ૮, ૯, ૧૧, ૧૨ એ સ્થાનોમાં શુક્ર, ૨, ૫, ૭, ૯, ૧૧ એ સ્થાનોમાં ગુરૂ, ૨, ૪, ૬, ૮, ૧૦; ૧૧ એ સ્થાનોમાં બુધ,

* ચાલુ સમયના ગ્રહો,

અને ૯, ૫, ૨ એ સ્થાનોમાં શુક્લ પક્ષનો ચંદ્રમા હોય તો ×શુભ છે અર્થાત્ તે તે ગ્રહ તે તે સ્થાનો શિવાયના સ્થાનોમાં રહ્યા હોય તો અશુભ જાણવા. **તારાનું બલ**—પોતાના જન્મ નક્ષત્રથી દિવસના નક્ષત્ર સુધી ગણી ૯ વડે ભાગવાથી શેષ ૩-૭-૫ રહે તો અશુભ છે ૧, ૨, ૪, ૬, ૮, ૦ શેષ રહે તો શુભ છે તેને તારા કહે છે. ॥ ૧ ॥

**षष्ठांत्ये खजले सुतायभवने ऽयंके रवेः स्यान्मिथस्त्र्यंके जन्मसुते खके मृतिभवे व्यस्ते षडंत्ये विधोः ॥ त्र्यर्के लाभसुते सपत्नतपसोर्व्यर्काशुभानां व्यधोष्टाद्ये पुत्रधनेऽष्टखे कसहजेऽर्यके भवांत्ये विदः ॥ २ ॥**

**अन्वयः—षष्ठांत्येमिथःवेधः ( तद्वत् ) खजले सुतायभवनेत्र्यंके अयंरवेः त्र्यंके जन्मसुते खके मृतिभवे व्यस्ते षडंत्ये अयंविधोः त्र्यर्के- लाभ सुते सपत्नतपसो अयंव्यर्काशुभानाम्, अष्टाद्ये पुत्रधने अष्टखे कसहजे अर्यंके भवांत्ये अयमुविदः वेधःस्यात् ॥ २ ॥**

अन्वयार्थः—**षष्ठांत्ये** ૬, ૧૨ ને **मिथः** પરસ્પર **वेधः** વેધ છે (**तद्वत्**) તેનીજ પેઠે **खजले** ૧૦, ૪ ને **सुतायभवने** ૫, ૧૧ ને **त्र्यंके** ૩, ૯ ને **अयंरवेः** આ રવિનો, **त्र्यंके** ૩, ૯ ને **जन्मसुते** ૧, ૫ ને **खके** ૧૦, ૪ ને **मृतिभवे** ૮, ૧૧ ને **व्यस्ते** ૨, ૭ ને **षडंत्ये** ૬, ૧૨ ને **अयंविधोः** આ ચંદ્રનો, **त्र्यर्के** ૩, ૧૨ ને **लाभसुते** ૧૧, ૫ ને **सपत्नतपसो** ૬, ૯ ને **अयंव्यर्काशुभानाम्** આ રવિ રહિત પાપગ્રહોનો **अष्टाद्ये** ૮, ૧ ને **पुत्रधने** ૫, ૨ ને **अष्टखे** ૮, ૧૦ ને **कसहजे** ૪, ૩ ને **अर्यंके** ૬, ૯ ને **भवांत्ये** ૧૧, ૧૨ ને **अयम्** આ **विदः** બુધનો **वेधः स्यात्** વેધ છે. ॥ ૨ ॥

ભાવાર્થ—**ગ્રહોનો વેધ જોવા બાબત—સૂર્યનો વેધ**—૬-૧૨ ને, પરસ્પર વેધ છે તેનીજ પેઠે ૧૦-૪ ને, ૫-૧૧ ને, ૩-૯ ને, **ચંદ્રનો**—૩-૯ ને, ૧-૫ ને, ૧૦—૪ ને, ૮-૧૧ ને, ૨-૭ ને, ૬-૧૨ને, **મંગલ, શનિ, રાહુ તથા કેતુનો**—૩—૧૨ ને ૧૧-૫ ને, ૬-૯ ને,

× વેધ થયો હોય તો શુભસ્થાનમાં રહેલા ગ્રહો અશુભ અને અશુભ સ્થાનમાં રહેલા ગ્રહો શુભ જાણવા, વેધ કેમ જોવો ? તે હવે પછીના ૨ જા અને ૩ જા શ્લોકમાં છે.

બુધને—૮–૧ ને, ૫–૨ ને, ૮–૧૦ ને, ૪–૩ ને, ૬–૯ ને, અને ૧૧ ૧૨ ને પરસ્પર *વેધ છે. ॥ ૨ ॥

**व्यस्तेऽष्टादिमयोः खके नवसुते त्रीशेऽष्टपुत्रे त्रिकाद्येऽर्यंत्ये कभवे भृगोर्ज्ञशशिनोः शन्यर्कयोर्नो व्यधः । विद्धो व्यस्तफलो भवेद्विचरो हेमाद्रिविंध्यांतरे खेटर्क्षाद्व्यधखेचरं विगणयान्यत्रोभयं जन्मभात् ॥ ३ ॥**

**॥ इति मुहूर्त मार्तण्डे गोचरप्रकरणम् ॥ ११ ॥**

अन्वयः—द्व्यस्ते अष्टादिमयोः खके नवसुते त्रीशे अष्टपुत्रे त्रिकाद्ये अर्यंत्ये अंकभवे अयम् भृगोः वेधः स्यात्, ज्ञशशिनोः शन्यर्कयोः ( परस्परम् ) व्यधः नो स्यात्, विद्धः द्विचरः व्यस्तफलः भवेत्, हेमाद्रिविंध्यांतरे खेटर्क्षात् व्यधखेचरम् च अन्यत्र जन्मभात् उभयम् विगणय ॥ ३ ॥

अन्वयार्थः—**द्व्यस्ते** ૨, ૭ ને **अष्टादिमयोः** ૮, ૧ ને **खके** ૧૦, ૪ ને **नवसुते** ૯, ૫ ને **त्रीशे** ૩, ૧૧ ને **अष्टपुत्रे** ૮, ૫ ને **त्रिकाद्ये** ૩, ૧ ને **अर्यंत्ये** ૬, ૧૨ ને **अंकभवे** ૯, ૧૧ ને **अयम्** આ **भृगोः वेधः स्यात्** શુક્રનો વેધ છે. **ज्ञशशिनोः** બુધ અને ચંદ્રને **शन्यर्कयोः** શનિ અને સૂર્યને ( **परस्परम्** ) પરસ્પર **व्यधः नो स्यात्** વેધ નથી, **विद्धः** વેધાએલો **द्विचरः** ગ્રહ **व्यस्तफलः भवेत्** વિપરીત ફળ આપે છે, **हेमाद्रिविंध्यांतरे** હિમાલય અને વિંધ્યાચલ પર્વતના મધ્યમાં **खेटर्क्षात्** ગ્રહની રાશિથી **व्यधखेचरम्** વેધસ્થાન; **च** અને **अन्यत्र** બાકીના દેશોમાં **जन्मभात्** જન્મ રાશિથી **उभयम्** ગ્રહ તથા વેધસ્થાન **विगणय** ગણ્. ॥ ૩ ॥

ભાવાર્થ—શુક્રનો વેધ ૨–૭ ને, ૮–૧ ને, ૧૦—૪ ને, ૯–૫ ને, ૩—૧૧ ને, ૮–૫ ને, ૩–૧ ને, ૫–૧૨ ને, અને ૯—૧૧ ને. પરસ્પર વેધ છે, ચંદ્ર અને બુધને, તથા શનિ અને સૂર્યને પરસ્પર વેધ થતો નથી.

વેધાએલો ગ્રહ વિપરીત ફળ આપે છે. જેમકે રવિ શુભસ્થાનમાં છે, પણ તેની સાથેના વેધવાળા સ્થાનમાં જો શનિ શિવાયનો કોઈ પણ

* ગુરૂનો વેધ ૩૦ મે પાને છે.

ગ્રહ હોય તો તે રવિ અશુભ જાણવો તેવીજ રીતે રવિ અશુભસ્થાનમાં છે, પણ તેની સાથેના વેધવાળા સ્થાનમાં જો શનિ શિવાયનો કોઈ પણ ગ્રહ હોય તો તે રવિ શુભ જાણવો.

હિમાલય અને વિંધ્યાચળ પર્વતના મધ્ય દેશોમાં જન્મ રાશિથી ગ્રહ સ્થાન ગણવું, અને ગ્રહની રાશિથી વેધસ્થાન ગણવું, અને બાકીના દેશોમાં જન્મ રાશિથી ગ્રહ સ્થાન તથા વેધસ્થાન ગણવું, વેધસ્થાનમાં કોઇ ગ્રહ હોય તો જન્મ રાશિથી ગણેલો ગ્રહ વિદ્ધ જાણવો. ॥ ૩ ॥

**ઉદાહરણ**—પોતાની જન્મ રાશિ કુંભ છે, ચાલુ સમયમાં રવિ કર્ક રાશિમાં છે, તો જન્મ રાશિથી સૂર્યની રાશિ સુધી ગણતાં ૬ થયા જેથી છઠ્ઠા સ્થાનમાં રવિ છે તેથી તે શુભ થયો, હવે રવિની રાશિ કર્ક-થી વેધસ્થાન ૧૨ મા સુધી ગણતાં મિથુન થયું અને મિથુન રાશિ ઉપર રાહુ છે, તેથી રાહુથી રવિનો વેધ થયો, માટે તે છઠ્ઠા સ્થાનમાં રહેલો રવિ શુભ છે છતાં અશુભ જાણવો. **તેમજ** સૂર્ય મકર રાશિનો છે તો જન્મ રાશિ કુંભથી ગણતાં ૧૨ મો, તે **અશુભ** , પણ રવિની રાશિ મકરથી છઠ્ઠા સ્થાન ( મિથુન રાશિ )માં ગુરૂ છે તેથી તે રવિ શુભ થયો, એવી રીતે **હિમાલય અને વિંધ્યાચલ પર્વતના મધ્ય દેશોમાં ગણવું.**

**ઉદાહરણ** બીજુ—પોતાની જન્મ રાશિ કુંભથી ગોચરમાં રહેલા રવિની રાશિ કર્ક સુધી ગણતાં ૬ થયા જેથી છઠ્ઠા સ્થાનનો રવિ શુભ થયો, હવે જન્મ રાશિ કુંભથી વેધસ્થાન ૧૨ મા સુધી ગણતાં મકર થયું અને મકર રાશિમાં મંગલ છે, તો મંગલે રવિને વિંધ્યો તેથી છઠ્ઠા સ્થાનમાં રહેલો રવિ શુભ હોવા છતાં અશુભ જાણવો. **તેમજ** સૂર્ય મકર રાશિનો છે તો જન્મ રાશિ કુંભથી મકર સુધી ગણતાં ૧૨ મો, તે **અશુભ** પણ જન્મ રાશિ કુંભથી છઠ્ઠા સ્થાન ( કર્ક રાશિ )માં ગુરૂ છે. તેથી તે રવિ શુભ થયો. એવી રીતે **બાકીના દેશામાં ગણવું.**

**इति श्रीमच्छगनात्मज गिरिजाशंकर विरचितायां मुहूर्तमार्तण्डस्य गुर्जर टीकायां गोचर प्रकरणम् ॥ ११ ॥**

# अथ संक्रांति प्रकरणम् ॥ १२ ॥

ऊर्ध्वं द्व्यात्ममृगेऽर्क संक्रमणतः पूर्वं स्थिरे कर्कटे जूकाजोभयतः खरामघटिकाः पुण्या मृगे दिग्युताः ॥ कर्काजांत्यवृषैणसूर्यचलनं निश्यन्यभं सद्दिवा सूर्यार्किदिने तृतीयकरणे प्रांत्येऽष्टमे दुःखदम् ॥१॥

अन्वयः—द्व्यात्ममृगेऽर्क संक्रमणतःऊर्ध्वम् ( खरामघटिकाः ), स्थिरेकर्कटेपूर्वम् ( खरामघटिकाः ), जूकाजोभयतः खरामघटिकाः पुण्याः स्युः, मृगेदिग्युताः ( खरामघटिकाः ) पुण्याःस्युः, कर्काजांत्य वृषैण सूर्यचलनम् निशिसत्स्यात्, अन्यभम् ( सूर्यचलनम् ) दिवासत्स्यात्, सूर्यार्किदिने तृतीयेप्रांत्येऽष्टमेकरणे ( सर्वराशिसंक्रमणम् ) दुःखदं स्यात् ॥ १ ॥

अन्वयार्थः—द्व्यात्ममृगे દ્વિસ્વભાવ અને મકરમાં अर्कसंक्रमणतः સૂર્યના સંક્રમણ કાલથી ऊर्ध्वम् ઉપરની ( खरामघटिकाः ) ૩૦ ઘડીઓ, स्थिरेकर्कटे સ્થિર અને કર્ક રાશિમાં पूर्वम् પ્રથમની ( खरामघटिकाः ) ૩૦ ઘડીઓ, जुकः તુલા અને अजः મેષમાં उभयतः આગળ પાછળની મળી खरामघटिकाः ૩૦ ઘડીઓ पुण्याः स्युः પુણ્ય કાલની છે, मृगे મકરમાં दिग्युताः ૧૦ યુક્ત ( खरामघटिकाः ) ૩૦ ઘડીઓ ( ૪૦ ) पुण्याः स्युः પુણ્ય કાલની છે, कर्कः કર્ક अजः મેષ अंत्यः મીન वृषः વૃષભ एणः મકર एतान् એ રાશિઓ પ્રત્યે सूर्यचलनम् સૂર્યનું જવું निशि રાત્રિમાં सत्स्यात् શુભ છે, अन्यभम् અન્ય રાશિ પ્રત્યે ( सूर्यचलनम् ) સૂર્યનું જવું दिवा દિવસમાં सत्स्यात् શુભ છે, सूर्यः રવિ आरः મંગળ અને आर्किः શનિ एषाम् એઓના दिने દિવસમાં तृतीये ત્રીજા प्रांत्ये છેલ્લા અને अष्टमे આઠમા करणे કરણમાં ( सर्वराशिसंक्रमणम् ) બધી રાશિઓનું સંક્રમણ दुःखदं स्यात् દુઃખ આપે છે. ॥ ૧ ॥

**ભાવાર્થ**—૩, ૬, ૯, ૧૨ એ રાશિમાં સૂર્ય શરૂ થાય ત્યારે તે પછીની ૩૦ ઘડીઓ, ૨-૪-૫-૮-૧૧ એ રાશિમાં સૂર્ય શરૂ થાય ત્યારે તે પહેલાંની ૩૦ ઘડીઓ, ૧-૭ એ રાશિમાં સૂર્ય શરૂ થાય ત્યારે પહેલાની ૧૫ અને તે પછીની ૧૫ ઘડીઓ, અને મકરનો સૂર્ય શરૂ થાય

ત્યારે તે પછીની ૪૦ ઘડીઓ પુણ્યકાલની છે. ૧, ૨, ૪, ૧૦, ૧૨ એ રાશિઓમાં રાત્રિએ, અને ૩-૫-૬-૭, ૮, ૯, ૧૧ એ રાશિઓમાં દિવસે સૂર્યનો પ્રવેશ થાય તો શુભ છે. રવિ, મંગળ અને શનિ એ વારોમાં, તથા કૌલવ, કિંસ્તુઘ્ન અને શકુની એ કરણોમાં કોઇ પણ રાશિનો સૂર્ય શરૂ થાય તો દુઃખદાયક છે. ॥ ૧ ॥

**ब्रह्माद्यैरिनमंडलांत उदितश्चांद्रस्त्वमांतः परैर्मासोऽसंक्रमणो द्विसंक्रमणको ज्ञेयोऽधिकोऽथो क्षयः ॥ कर्माण्यन्यगतीनि नात्र तनुयाद्यज्जन्ममृत्यू क्षये तन्मासौ तिथिखंडयोश्चयमुखे भृत्येऽधिको गण्यते २**

अन्वयः--**ब्रह्माद्यैःइनमंडलांतः च परैःअमांतःचांद्रमासः उदितः, असंक्रमणःअधिकःज्ञेयः, द्विसंक्रमणकःक्षयःज्ञेयः, अत्रअन्यगतीनिकर्माणिनतनुयात्, यस्यजन्ममृत्यूक्षयेभवतःतस्यमासौ तिथिखंडयोःज्ञातव्यौ, चयमुखेभृत्येअधिकःगण्यते ॥ २ ॥**

अन्वयार्थः **ब्रह्माद्यैः** બ્રહ્માદિ સિદ્ધાંત કર્તાઓએ **इनमंडलांतः** સૂર્ય મંડલના અંત સુધી **च** અને **परैः** બીજા આચાર્યોએ **अमांतः** અમાસના અંત સુધી **चांद्रमासः** ચાંદ્રમાસ **उदितः** કહ્યો છે, **असंक्रमणः** સંક્રાંતિ રહિત **अधिकः** **ज्ञेयः** અધિક માસ જાણવો, **द्विसंक्रमणकः** બે સંક્રાંતિ યુકત **क्षयः** **ज्ञेयः** ક્ષય માસ જાણવો, **अत्र** એ માસોમાં **अन्यगतीनि** અન્ય સમયે થાય તેવાં **कर्माणि** કાર્યો **नतनुयात्** ન કરવાં, **यस्य** જેનું **जन्म मृत्यू** જન્મ મરણ **क्षयेभवतः** ક્ષય માસમાં થાય **तस्य** તેના **मासौ** માસ **तिथिखंडयोः** તિથિના ભાગપરથી **ज्ञातव्यौ** જાણવા, **चयमुखे** ગર્ભની વૃદ્ધિમાં **भृत्ये** નોકરને પગાર આપવામાં **अधिकः** અધિકમાસ **गण्यते** ગણાય છે. ॥ ૨ ॥

**ભાવાર્થ--બ્રહ્માદિક** સિદ્ધાંત કર્તાઓએ, એકમની ૬ ઘડી ગયા પછીથી તે અમાસ પછીની ૬ ઘડી સુધીના વખતને **ચાંદ્રમાસ** કહ્યોછે, **બીજા આચાર્યોએ** એકમથી અમાસ સુધીના વખતને **ચાંદ્રમાસ** કહ્યો **છે**, તેટલા વખતમાં સૂર્યની **સંક્રાંતિ** એક ઉતરીને બીજી બેસે નહિ **એટલે** આખા માસમાં સંક્રાંતિ બદલાય નહિ તે માસને ***અધિક માસ જા-**

* અધિકમાસ લગભગ ૫ વર્ષમાં બે આવે છે.

ણવો, અને જે માસમાં સૂર્યની સંક્રાંતિ બે વખત બદલાય તેને ×**ક્ષય માસ** જાણવો. એ માસોમાં જે કર્મનો કાલ વિતિ જતો હોય, તે શિવાયનાં કર્મ કરવાં નહિ. **ક્ષય માસમાં** તિથિના પહેલા અડધા ભાગમાં જન્મ થયો હોય તો પહેલો માસ, અને તિથિના બીજા અડધા ભાગમાં જન્મ થયો હોય તો બીજો માસ **જન્મ માસ** જાણવો, તેમજ જેનું મરણ ક્ષય માસમાં થયું હોય તેના **મરણનો માસ** જન્મ માસ પ્રમાણે જાણી લેવો. ગર્ભની વૃદ્ધિમાં તથા નોકરને પગાર આપવામાં **અધિક માસ** ગણવો. ॥ ૩ ॥

**इतिश्रीमच्छगनात्मज गिरिजाशंकर विरचितायां मुहूर्तमार्तण्डस्य गुर्जरटीकायांसंक्रांतिप्रकरणम् ॥ १२ ॥**

---

## ॥ अथ ग्रंथालंकारः ॥

**श्रीमत्कौशिकपावनो हरिपदद्वंद्वार्पितात्मा हरिस्तज्ज्ञोऽनंत इलासुरार्चितगुणो नारायणस्तत्सुतः ॥ ख्यातं देवगिरेः शिवालयमुदक् तस्मादुदक् टापरग्रामस्तद्वसतिर्मुहूर्तभवनं मार्तंडमत्राकरोत् ॥ १ ॥**

**अन्वयः**—**श्रीमत्कौशिकपावनः हरिपदद्वंद्वार्पितात्मा हरिःतज्ज्ञःइलासुरार्चितगुणःअनंतः, तत्सुतःदेवगिरेःउदक् ( यत् ) ख्यातम्शिवालयम्तस्मात्उदक् टापरग्रामःतद्वसतिःनारायणःअत्र मुहूर्तभवनम् मार्तण्डम् अकरोत् ॥ १ ॥**

**अन्वयार्थः**—**श्रीमत्कौशिक पावनः** શ્રીમાન કૌશિક ગોત્રમાં જન્મેલાઓને પવિત્ર કરનાર **हरिपदद्वंद्वार्पितात्मा** પરમાત્માના બેઉ ચરણમાં આત્માને અર્પણ કરનાર **हरिः** હરિનામે પંડિત થયા, **तज्ज्ञः** તેમના પુત્ર **इलासुरार्चितगुणः** બ્રાહ્મણોને પૂજ્યા લાયક ગુણવાળા **अनंतः** અનંત નામે થયા, **तत्सुतः** તેમના પુત્ર **देवगिरेः** દેવ ગિરિથી **उदक्** ઉત્તરમાં ( **यत्** ) જે **ख्यातम्** પ્રસિદ્ધ **शिवालयम्** શિવાલય છે **तस्मात्** ત્યાંથી **उदक्** ઉત્તર દિશામાં **टापरग्रामः** ટાપર નામનું ગામ છે **तद्वसतिः** તેમાં વસનાર **नारा-**

---

× ક્ષયમાસ લગભગ ૧૯ અથવા ૧૪૧ વર્ષે આવે છે, અને તે ઘણું ખરૂં કાર્તિક, માગસર, પૌષ, માસમાંજ આવે છે, અને જે વર્ષમાં ક્ષયમાસ આવે છે, તે વર્ષમાં અધિક માસ બે આવે છે.

યણ: નારાયણે **अत्र** ટાપર ગામમાં **मुहूर्त भवनम्** મુહૂર્તોનો ભંડાર **मार्तण्डम्** માર્તંડ નામનો ગ્રંથ **अकरोत्** કરેલો છે. ॥ ૧ ॥

**ભાવાર્થ**—શ્રીમાન કૌશિક ગોત્રમાં જન્મેલાઓને પવિત્ર કરનાર પરમાત્માના બેઉ ચરણમાં આત્માને અર્પણ કરનાર **હરિ** નામે પંડિત થયા, તેમના પુત્ર બ્રાહ્મણોને પૂજવા લાયક ગુણવાળા **અનંત** નામે થયા, તેમના પુત્ર દેવગિરિથી ઉત્તરમાં જે **ધૃષ્ણેશ** નામે જ્યોતિર્લિંગ છે ત્યાંથી ઉત્તર દિશામાં **ટાપર** નામના ગામમાં વસનારા **નારાયણ** દૈવજ્ઞે તેજ ગામમાં મુહૂર્તોનો ભંડાર **માર્તંડ** નામનો ગ્રંથ રચ્યો છે. ॥ ૧ ॥

**यः षष्ट्यायुतशतवृत्तबद्धमेनं मार्तंडं पठति नरः स विश्वपूज्यः॥ बह्वायुःसुखधनपुत्रमित्रभृत्यान्संप्राप्नोत्यविकलधीश्च तीर्थसिद्धिं ॥ २ ॥**

अन्वयः—**यः नरः षष्ट्यायुतशतवृत्तबद्धम् एनम् मार्तण्डम् पठति सः विश्वपूज्यः अविकलधीः बह्वायुः सुखधनपुत्रमित्र भृत्यान् च तीर्थ सिद्धिम् संप्राप्नोति ॥ २ ॥**

अन्वयार्थः—यः नरः જે પુરૂષ **षष्ट्यायुतशत** ૧૬૦ **वृत्तबद्धम्** વૃત્તથી બનેલા **एनम्** આ **मार्तण्डम्** માર્તણ્ડને **पठति** ભણે सः તે **विश्व पूज्यः** જગતને પૂજવા લાયક **अविकलधीः** શ્રેષ્ઠ બુદ્ધિવાળો **बह्वायुः** ઘણું આયુષ્ય **सुख** સુખ **धन** ધન **पुत्र** પુત્ર **मित्र** મિત્ર **भृत्यान्** નોકરો **च** અને **तीर्थ-सिद्धिम्** શાસ્ત્ર સિદ્ધિને **संप्राप्नोति** પામે છે. ॥ ૨ ॥

**ભાવાર્થ**—જે પુરૂષ ૧૬૦ વૃત્તથી બનાવેલા આ **મુહૂર્ત માર્તણ્ડ**ને ભણે, તે જગતને પૂજવા લાયક, શ્રેષ્ઠ બુદ્ધિવાળો, ઘણું આયુષ્ય, સુખ, ધન, મિત્ર, નોકરો, અને શાસ્ત્રની સિદ્ધિને મેળવે છે. ॥ ૨ ॥

**त्र्यंकेंद्रममिते वर्षे शालिवाहनजन्मतः॥ कृतस्तपसि मार्तंडोऽयमलं जयतूद्गतः ॥ ३ ॥**

अन्वयः—**शालिवाहनजन्मतः त्र्यंकेंद्रममिते वर्षे तपसि मार्तण्डः कृतः, उद्गतः अयम् अलम् जयतु ॥ ३ ॥**

अन्वयार्थः—**शालिवाहन जन्मतः** શાલિવાહનના જન્મથી **त्र्यंकेंद्रम-मितेवर्षे** ૧૪૯૩ મા વર્ષમાં **तपसि** માઘ માસમાં **मार्तण्डः** મુહૂર્ત માર્તણ્ડ **कृतः** કર્યો છે, **उद्गतः** ઉદય પામેલો **अयम्** આ ગ્રંથ **अलम्**- અતિશય **जयतु** જય પામો, ॥ ૩ ॥

ભાવાર્થ—શાલીવાહનના જન્મથી ૧૪૯૩ મા વર્ષના માઘ માસમાં મુહૂર્ત માર્તણ્ડ કર્યો છે. ઉદય પામેલો આ ગ્રંથ અતિશય જય પામો. ॥૩॥

**पूर्ववाक्यार्थमादाय ग्रंथोयं रचितो लघुः ॥ पठनार्थमशक्ताना-मंगीकार्यो बुधैर्मुदा ॥ ४ ॥ ॥ इतिग्रन्थालंकारः ॥**

अन्वयः—**अशक्तानांपठनार्थम् पूर्ववाक्यार्थम् आदाय लघु अयं-ग्रन्थः रचितः बुधैः मुदा अंगिकार्यः ॥ ४ ॥**

अन्वयार्थः—**अशक्तानांपठनार्थम्** ઘણા ગ્રંથો ભણવાની જેઓની શક્તિ નથી તેઓને ભણવા માટે **पूर्ववाक्यार्थम्** પૂર્વાચાર્યોના વાકયોને અર્થ **आदाय** ગ્રહણ કરી **लघु** ટુંકમાં **अयंग्रन्थः** આ ગ્રંથ **रचितः** રચ્યો છે. ( તેનો ) **बुधैः** પંડિતોએ **मुदा** હર્ષથી **अंगीकार्यः** અંગીકાર કરવો. ૪

ભાવાર્થ—ઘણા ગ્રંથો ભણવાની જેઓની શક્તિ નથી તેઓને ભણવા માટે પૂર્વાચાર્યોના અર્થ ગ્રહણ કરી ટુકમાં આ ગ્રંથ રચ્યો છે. તેનો પંડિતોએ હર્ષથી અંગિકાર કરવો. ॥ ૪ ॥

**॥ समाप्तोऽयंग्रन्थः ॥**

**शाकेऽद्रि वह्निवसु शीतमयुख तुल्ये माघेसिते शिवतिथौशशिवासरेच॥ टीकामयाव्यरचि गुर्जरवाङ्मयेयं क्षन्तव्यमत्रविबुधैः स्खलितंभवेद्यत्॥१॥**

અર્થ—એ પ્રમાણે મેં ( ગિરિજાશંકરે ) મુહૂર્ત માર્તણ્ડ નામના ગ્રન્થની ટીકા ગુજરાતી ભાષામાં રચી શકે ૧૮૩૭ ના મહા શુદી ૧૧ ને સોમવારે સંપૂર્ણ કરી છે. તેમાં જો કોઈ ઠેકાણે ભૂલ રહિ ગઈ હોય તો વિદ્વાનોએ ક્ષમા કરવી. ॥ ૬ ॥

**इतिश्रीमच्छगनात्मजगिरिजाशंकर विरचिता मुहूर्तमार्तण्डस्य गुर्जरटीका संपूर्णा. ॥**

---

ગ્રન્થ મળવાનું ઠેકાણું—

ભાષાન્તર કર્તા—**જોશી ગીરજાશંકર છગનલાલ.**

મુ○ ટીંટોઇ. ( મહિકાંઠા ), **A. P. K.**

( ઇલાકો મુંબાઇ, દેશ ગુજરાત, જીલ્લો અમદાવાદ. )

હાલ મુકામ મુંબાઇ—ઠે. ભુલેશ્વર—કબુતરખાના પાસે.

# શુદ્ધિપત્રક.

| પૃષ્ઠ. | પંક્તિ. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ४ | २३ | ग्रहणवम् | ग्रहणमम् |
| ४ | २४ | प्यर्णाणि | व्यक्षाणि |
| ५ | १९ | जन्शे | जन्मेशे |
| ६ | १५ | शोभनाति | शोभनानि |
| ૮ | ૨ | ઉરત્તાયન | ઉત્તરાયન |
| ૯ | ૬ | બ્રહ્માકબ્રહ્મા | કઃબ્રહ્મા |
| १० | २ | दोज्य | दीज्य |
| ૧૪ | ૧૮ | ૩૭ | ૩૦ |
| १४ | २४ | अभ्मम् | अल्पम् |
| १४ | २५ | कक्रम् | अक्रम् |
| १७ | १३ | रवर्क्षां | स्वर्क्षां |
| २० | २५ | एर्भिः | एभिः |
| ૨૧ | ટીપ | શ્લોકમાં | શ્લોકરમાં |
| २२ | २२ | वध्रु | ध्रुव |
| ૨૭ | મથાળે | ક્ષાર | ક્ષૌર |
| २८ | २० | सोम्यसंज्ञेभ-यनेअर्के | |
| ૨૯ | ૫ | ચાલ | ચૌલ |
| ३१ | १३ | धि | द्वि |
| ३२ | १५ | चर्चरः | खचरैः |
| ३२ | २१ | शुक्ले | शुक्रे |
| ૩૩ | ૨૦ | હોય તો | તે હોય તો અનુક્રમે ૧૨ ૪,૩,૧૦,૮ એસ્થાનોમાં રહેલાગુરૂનો |
| ૩૩ | ટીપ | શાંતી | ૧૧ મા |
| ३६ | १२ | ज्ये | ज्यशुक्रे |
| ૩૬ | ૨૦ | મંગળવારનો | મંગળનો |
| ३८ | १५ | रम्यज्जात् | रम्यज्जनात् |
| ३९ | १५ | वृषमुक् | वृषभुक् |
| ૪૨ | ૨૦ | ગુણબાબત | ગણબાબત |
| ૪૫ | ૧ | નક્ષત્રનોજ | નક્ષત્રનોજે |
| ४५ | ११ | स्वयोः | स्वयोः |
| ४६ | २० | पाइकयजै | पाइयजैक |
| ४७ | ४ | याम्मे | याम्ये |
| ૪૭ | ૮ | ભુભ છે | શુભ છે |
| ૪૯ | ટીપ | ચોરી | યોની |
| ४९ | २२ | शुभं | शुभं |
| ५० | १९ | दिवषतोः | द्विषतोः |
| ५१ | १९ | परीत्ये | द्वैपरीत्ये |
| ५१ | १९ | त्रैकको | रत्रैकको |
| ५२ | ४ | तद्धरीत्ये | तद्वैपरीत्ये |
| ૫૩ | ૧ | ગભથી | ગણથી |
| ૫૫ | ૧૯ | માસાદિક | +માસાદિક |
| ५५ | २१ | द्विनिल | द्वनिल |
| ५६ | ५-६ | पापत्यक्तम् | પાપ અહે ત્યાગ કરેલું |
| ६६ | १३ | द्विवसां | र्दिवसां |
| ૬૭ | ૨ | હોય તો | |
| ७२ | ४ | धृष्ट्ये | धृष्ये |
| ७४ | २१ | सर्वने | सर्वेगुने |
| ૭૫ | ૧૯ | ૮-૭ | ૮-૬ |
| ७५ | २१ | गेह | गेहग |
| ७८ | २१ | कुद्रघ्नः | कुद्रघ्नः |
| ૮૭ | મથાળે | હાર | હોરા |
| ८७ | १६ | होरशाः | होरेशाः |
| ९१ | ८ | ओजमे | ओजभे |

| પૃષ્ઠ. | પંક્તિ. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ९१ | २० | अकांशक: | अर्कांशक: |
| १०३ | १ | हन्ता | हन्या |
| ૧૦૪ | ૨૨ | ૩૬૫૬ | ૩૬૫૬ |
| ૧૦૭ | ९ | षिंडयुतम् | पिंडयुतम् |
| १0९ | १५ | हांति | हंति |
| १०९ | १९ | रवि: | रवि: रवि |
| ૧૧૪ | ૧૭ | નરપરણાવેલી | નપરણાવેલી |
| ૧૧૭ | ૫ | કરયું | કરવું |
| ११८ | ३ | जन्मर्क्षतंज्ञाम् | जन्मर्क्षज्ञातम् |
| ૧૦૮ | २३ | वकहा | वकहहा |
| ૧૧૯ | ૧૫ | અવહડ | અવકહડ |
| ૧૨૧ | ૨૮ | શ્લોકમાં | શ્લોકનો |
| १२२ | ५ | ३य | |
| १२२ | ६ | याद्गत: | याग्यत: |
| ૧૨૨ | २० | ગચ્છીમાર | મચ્છીમાર |
| ૧૨૩ | ૨૫ | ગામનો | નામનો |
| १२६ | १४ | हत् | हृत् |
| १३६ | २१ | कर्दभ: | कर्दम: |
| ૧૩૯ | ૧૬ | અહો | ધરો |
| १४० | १६ | तज्ज्ञत्वा | तज्ज्ञात्वा |
| १४१ | १६ | रव्य | क्य |
| ૧૪૮ | ૨૬ | લીટીથી શરૂ થતું લખાણ ટીપમાં શ્લોકના નીચે લેવાનું છે. | |
| १५१ | १० | दलूखलक: | उलूखल: |
| ૧૫૯ | ૧૬ | ભાવ | ભાગ |
| १६० | ९ | मागातम् | माग्गातम् |
| ૧૬૧ | १० | જો | તો |
| १६२ | ९ | प्रहम् | प्रहम् |

| પૃષ્ઠ. | પંક્તિ. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| १७६ | २७ | ह्यात् | हृयात् |
| १७७ | २५ | माघ | माघ |
| १७७ | २५ | पूर्वाह्न | पूर्वाह्ण |
| १७८ | ५ | सार्के: | सार्कै: |
| १७८ | १२ | पूर्वाह्नके | पूर्वाण्हके |
| १७९ | ९ | असस्यात् | असस्स्यात् |
| ૧૭૯ | ૧૨ | શભ | શુભ |
| १७९ | १४ | राश्येते | शस्येते |
| ૧૮૧ | ૯ | ન કરતો | નકરવો |
| ૧૮૨ | १ | खद्दिशि | सद्दिशि |
| १८६ | १० | द्विरे | द्वि २ |
| ૧૮૬ | ૨૩ | નક્ષત્રો | નક્ષત્રોમાં |
| ૧૮૭ | ૨૩ | ધારણામાં | ધારણુમાં |
| ૧૮૭ | ૨૪ | પાલણ | પલાણ |
| ૧૮૯ | ૮ | પાંચ | પાંચમા |
| १९० | १८ | हस्त: | हस्त: |
| १९३ | ३ | अदध्य | अदध्या |
| १९३ | १० | अंबुष | अंबुप |
| १९४ | ११ | स्वर | स्व २ |
| १९४ | २६ | दिर्व्यं | दिव्यं |
| १९८ | २२ | श्रवा | श्रवा: |
| १९९ | १४ | दिवसे: | दिवसे |
| २०० | १४ | ( गुरौसति ) | |
| ૨૦૩ | ૧૨ | યજ્ઞણાં | યજ્ઞમાં |
| ૨૦૩ | ૧૨ | ઋત્વિજ | ઋત્વિજનું |
| २०३ | १८ | प्रकरम् | प्रकरणम् |
| २०४ | ४ | दुर्भुग्निति | दुर्भुक्मति |
| २०४ | १८ | पल्लया | पल्लया |
| ૨૦૫ | ૧૦ | ચડવામાંપણ | ચઢવામાં |
| २०६ | २४ | २२ | १२ |